દૈનિક મુંબઈ સમાચાર
સૌરાષ્ટ્ર આવૃત્તિ
R.N.I. No. GUJ GUJ /2013/58486 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૩ ■ Volume 67 ■ Issue 98 ■ વિક્રમ સંવત ૨૦૮૦
■ ચૈત્ર વદ - ૨ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 25 April 2024, Thursday ■ REGD.No. MCS/058/2018-20
ગુરુવાર, ૨૫ એપ્રિલ ૨૦૨૪ (૧૪ પાનાં) કિંમત ₹ ૧૦.૦૦

લાડકી પૂર્તિ ૬ ૭ ૮ ૯
LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# મુંબઈમાં શુક્રવારથી ‘રાજકીય ગરમી’ વધશે

## થાણે, પાલઘર, ભીવંડી, કલ્યાણમાં પણ ઉમેદવારીપત્રક ભરવાનું શરૂ થશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ લોકસભાની ચૂંટણીના પાંચમા તબક્કામાં મુંબઈની છ બેઠકો દક્ષિણ મુંબઈ, દક્ષિણ-મધ્ય મુંબઈ, ઉત્તર-મધ્ય મુંબઈ, ઉત્તર-પૂર્વ મુંબઈ, ઉત્તર-પશ્ચિમ મુંબઈ અને ઉત્તર મુંબઈ ઉપરાંત થાણે, કલ્યાણ, ભીવંડી, પાલઘર, નાશિક, દિંડોરી, ધુળે મતદારસંઘ માટે ઉમેદવારી પત્રકો ભરવાનું શુક્રવારથી ચાલુ થશે. લોકસભાની ચૂંટણીના પ્રથમ તબક્કાનું મતદાન થઈ ગયું છે અને બીજા તબક્કાના મતદાનનો પ્રચાર પૂરો થવાનો છે ત્યારે પાંચમા તબક્કામાં મુંબઈ અને આસપાસની ૧૩ બેઠક પર મતદાન થવાનું છે તેની પ્રક્રિયા શુક્રવારથી શરૂ થતાં આ વિસ્તારની ‘રાજકીય ગરમી’ વધશે.

અત્યાર સુધી સત્તાધારી મહાયુતિ અને વિપક્ષી મહાવિકાસ આઘાડી દ્વારા મુંબઈની છ બેઠકો માટે વહેંચણીની ફોર્મ્યુલા અને ઉમેદવારોની જાહેરાત કરવામાં આવી નથી. ઉમેદવારીપત્રકો ભરવાનું ચાલુ થતાં જ મુંબઈ શહેર અને આસપાસના વિસ્તારોમાં પ્રચાર કાર્યમાં ગતિ આવશે અને ચૂંટણીનો રંગ જોવા મળશે. ત્રીજી મેના રોજ ઉમેદવારીપત્રકો ભરવાનો છેલ્લો દિવસ છે.

ચોથી મેના રોજ ઉમેદવારી પત્રકોની ચકાસણી કરવામાં આવશે અને ઉમેદવારી પાછી ખેંચવા માટે છઠ્ઠી મે સુધીનો સમય આપવામાં આવ્યો છે. ૨૦ મેના રોજ આ ૧૩ બેઠકો પર મતદાન થવાનું છે.

ચોથા તબક્કાનું મતદાન ૧૩ મેના રોજ રાજ્યના ૧૧ મતદારસંઘમાં થવાની છે, જેમાં પુણે-બીડ સહિતની મહત્ત્વની બેઠકોનો સમાવેશ થાય છે. આ બેઠકો માટે ઉમેદવારી પત્રકો ભરવાનું ૧૮ તારીખથી શરૂ થઈ ગયું છે અને ગુરુવાર ઉમેદવારી નોંધાવવાનો છેલ્લો દિવસ છે. ગુરુવારે આ બેઠકોનાં ઉમેદવારીપત્રકોની ચકાસણી થશે અને ૨૯ તારીખ સુધીમાં ઉમેદવારી પાછી ખેંચી શકાશે. ૧૩ મેના રોજ મતદાન થશે. ૧૩ તારીખે જ્યાં મતદાન છે તે મતદારસંઘોમાં પુણે, માવળ, શિરુર, અહમદનગર, શિરડી, બીડ, ઔરંગાબાદ, જાલના, રાવેર, જળગાંવ અને નંદુરબારનો સમાવેશ થાય છે.

દેશમાં બીજા તબક્કામાં કુલ ૧૩ રાજ્યોની ૮૯ લોકસભા બેઠકો પર ૨૬ એપ્રિલે મતદાન થવાનું છે. આ બેઠકો પરના પ્રચારના પડઘમ શાંત થઈ ગયા છે. આ રાજ્યોમાં આસામ, બિહાર, છત્તીસગઢ, કર્ણાટક, કેરળ, મધ્ય પ્રદેશ, મહારાષ્ટ્ર, મણિપુર, રાજસ્થાન, ત્રિપુરા, ઉત્તર પ્રદેશ, પશ્ચિમ બંગાળ અને જમ્મુ અને કાશ્મીરની બેઠકોનો સમાવેશ થાય છે. આ ૮૯ મતદારસંઘોમાં મહારાષ્ટ્રની બુલઢાણા, અકોલા, અમરાવતી, વર્ધા, યવતમાળ-વાશિમ, હિંગોલી, નાંદેડ અને પરભણી બેઠકનો સમાવેશ થાય છે. આચારસંહિતાના ભાગરૂપે ઉત્તર પ્રદેશના મેરઠ-મથુરા સહિત અનેક શહેરોમાં ડ્રાય ડે જાહેર કરવામાં આવ્યા છે. બુધવારે સાંજે પાંચ વાગ્યાથી ૪૮ કલાક માટે બધી જ બિયર શોપ અને મોડેલ શોપ બંધ રાખવામાં આવશે. મહારાષ્ટ્રમાં મુખ્ય પ્રધાન એકનાથ શિંદે, ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન ઉદ્ધવ ઠાકરે, નાયબ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ, એનસીપી સુપ્રીમો શરદ પવારની રેલીનું આયોજન બુધવારે કરવામાં આવ્યું હતું. ■



ચૂંટણીસભાઃ લોકસભાની બીજા તબક્કાની ચૂંટણી અગાઉ ભાગલપુરમાં યોજાયેલી એક જાહેરસભા દરમિયાન ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જે. પી. નડ્ડા, બિહારના મુખ્ય પ્રધાન સમ્રાટ ચૌધરી તેમ જ અન્યો. (એજન્સી)

## બધા મુસલમાનને કર્ણાટકમાં અનામતના લાભ આપતી કૉંગ્રેસ

બેંગલૂરુઃ સમાજના પછાત વર્ગો માટેના રાષ્ટ્રીય પંચ (આયોગ)એ જણાવ્યું હતું કે કર્ણાટકમાં (કૉંગ્રેસ સરકાર દ્વારા) બધા મુસ્લિમ સમુદાયને શૈક્ષણિક સંસ્થાઓ અને નોકરીઓમાં અનામતના લાભ મળી રહ્યા છે.

રાષ્ટ્રીય પછાત વર્ગ આયોગે કહ્યું હતું કે કર્ણાટક(ની કૉંગ્રેસ) સરકારના ડેટા મુજબ, કર્ણાટકના મુસ્લિમોની તમામ જાતિઓ અને સમુદાયોને રાજ્ય સરકાર હેઠળની નોકરીઓ અને શૈક્ષણિક સંસ્થાઓમાં અનામત માટે ઓબીસી (અન્ય પછાત જાતિ)ની સૂચિમાં સામેલ કરવામાં આવ્યા છે. કેટેગરી ૨-બી હેઠળ કર્ણાટક રાજ્યમાં તમામ મુસ્લિમોને ઓબીસી ગણવામાં આવે છે. કેટેગરી-૧માં ૧૭ મુસ્લિમ સમુદાયોને ઓબીસી ગણવામાં આવ્યા છે, જ્યારે કેટેગરી-૨એમાં ૧૯ મુસ્લિમ સમુદાયોને ઓબીસી ગણવામાં આવ્યા છે.

કેટેગરી ૧ ઓબીસી તરીકે ગણવામાં આવતા ૧૭ મુસ્લિમ સમુદાયોમાં નદાફ, પિંજર, દરવેશ, છપ્પરબંદ, કસાબ, ફુલમાલી (મુસ્લિમ), નલબંદ, કસાઈ, અથારી, શિક્કાલીગરા, સિક્કાલીગરા,

(જુઓ પાનું ૨) ▶▶

## કૉંગ્રેસ ધર્મના આધારે અનામતના લાભ આપવા માગે છેઃ મોદી

સાગર (મધ્ય પ્રદેશ): દેશનું બંધારણ પરવાનગી ન આપતું હોવા છતાં વૉટ બૅન્કની ભૂખી કૉંગ્રેસે ચૂંટણીઢંઢેરામાં ધર્મના આધારે અનામતના લાભ આપવાનું વચન આપ્યું હોવાનો દાવો કરી વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ બુધવારે કૉંગ્રેસ પર પ્રહાર કર્યા હતા.

મધ્ય પ્રદેશના સાગર ખાતે એક ચૂંટણીસભાને સંબોધન કરતા મોદીએ કહ્યું હતું કે વિપક્ષ તમારી સંપત્તિ છીનવી લેવા માગે છે. તમારા લૉકરમાં શું છે તે કૉંગ્રેસ એક્સ રે મારફતે શોધી કાઢશે.

ભારતનું બંધારણ ધર્મના આધારે અનામતના લાભની પરવાનગી નથી આપતું, પરંતુ કૉંગ્રેસે તેનાં ચૂંટણીઢંઢેરામાં એ વચન આપ્યું છે અને એમ કરીને એ લોકોએ ડૉ. બાબાસાહેબ આંબેડકરની પીઠમાં ખંજર ભોંક્યું છે, એમ મોદીએ કહ્યું હતું. કૉંગ્રેસના શાસનકાળ દરમિયાન મધ્ય પ્રદેશ બીમારુ રાજ્ય તરીકે જાણીતું હતું. ભાજપ સત્તા પર આવ્યો ત્યાર બાદ જ આ રાજ્યમાં વિકાસ થયો છે, એમ તેમણે કહ્યું હતું.

કૉંગ્રેસ દેશમાં વારસા પર કરવેરો

(જુઓ પાનું ૨) ▶▶

## રૂપાલાના વિરોધમાં ક્ષત્રિય આંદોલન પાર્ટ-૨નો પ્રારંભ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટ લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર પરષોત્તમ રૂપાલા સામે ક્ષત્રિય સમાજમાં રોષ યથાવત્ છે. જેમાં આજથી ક્ષત્રિય આંદોલન પાટ-૨નો પ્રારંભ થયો છે. તેમાં રાજકોટ અને કચ્છથી ધર્મરથનો પ્રારંભ થશે. કચ્છમાં માતાના મઢથી ધર્મરથની શરૂઆત થશે. તેમાં ક્ષત્રિય સમાજે ભાજપ વિરુદ્ધ પ્રચાર શરૂ કર્યો છે. ધર્મરથથી રાજકોટ, વાંકાનેર, જસદણમાં ભાજપ વિરુદ્ધ પ્રચાર કરવામાં આવશે.

રાજકોટ લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર પરષોત્તમ રૂપાલાને હટાવવાની માંગ સાથે ક્ષત્રિય સમાજ દ્વારા ભાજપ સામે શરૂ કરાયેલા રાજ્ય વ્યાપી આંદોલનના ભાગરૂપે રાજકોટ ખાતે આશાપુરા માતાજીના મંદિર ખાતેથી ક્ષત્રિય સમાજ દ્વારા ધર્મરથનું પ્રસ્થાન કરવામાં આવ્યું હતું. રાજ્યમાં કુલ સાત ધર્મરથ કાઢવાની ક્ષત્રિય સમાજે જાહેરાત કરી હતી. તેમાંથી સુરેન્દ્રનગર જિલ્લાના રથનું બે દિવસ પહેલા જ પ્રસ્થાન કરાવાયું હતું. જ્યારે આજે રાજકોટ અને કચ્છમાં ધર્મરથના પ્રસ્થાન કરવામાં આવ્યા હતા. આ ધર્મરથ વિવિધ વિસ્તારોમાં તા.૧ મે સુધી ફરશે અને ભાજપ વિરુદ્ધ પ્રચાર કરશે.

ભાજપ વિરુદ્ધ પ્રચાર કરવા માટે ક્ષત્રિય સમાજની સંકલન સમિતિ દ્વારા રાજકોટ સહિત સમગ્ર રાજ્યમાં ધર્મરથનું આયોજન કર્યું છે. રાજકોટના પેલેસ રોડ સ્થિત આશાપુરા મંદિર ખાતેથી આજે સવારે સાડા નવ વાગ્યે ક્ષત્રિય સમાજ દ્વારા ધર્મરથને પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું જેમાં મોટી સંખ્યામાં યુવાનો અને મહિલાઓ હાજર રહ્યાં હતાં.

ધર્મરથ વાંકાનેર તાલુકાના ગામડાઓમાં ફરશે. ત્યારબાદ ૨૫ એપ્રિલે મોરબી અને ટંકારા તાલુકામાં ફરશે. ૨૬ એપ્રિલે પડધરી તાલુકા, ૨૭ એપ્રિલે લોધિકા તાલુકા, ૨૮ એપ્રિલે કોટડાસાંગાણી તાલુકો, ૨૯ એપ્રિલે રાજકોટ તાલુકો અને ૩૦ એપ્રિલે જસદણ વિંછીયા તાલુકા અને ૧ મેએ રાજકોટ શહેરના વિસ્તારોમાં આ ધર્મરથ ફરશે.

દરમિયાન હવે રૂપાલા વિવાદની આગ માત્ર રાજકોટ પૂરતી ના રહેતા ગુજરાતના વિવિધ ભાગોમાં પહોંચી રહી છે. જે અંતર્ગત નાના-નાના ગામડાઓમાં ભાજપ નેતાઓને પ્રવેશબંધી ફરમાવી દેવામાં આવી છે. આ સાથે જ ભાજપ ઉમેદવારને મત ના આપવાના સંકલ્પ લેવામાં આવી રહ્યા છે. એવામાં ઉત્તર ગુજરાતના

(જુઓ પાનું ૨) ▶▶

## જાપાનની ફ્લાઈટમાં આગ

ટોક્યોઃ ઓલ નિપ્પોન એરવેઝનું વિમાન બુધવારે ઉત્તર જાપાનમાં શિન ચિટોઝ એરપોર્ટ પર સુરક્ષિત રીતે ઉતર્યું ત્યારે તેમાંથી ધુમાડો નીકળતો જોવા મળ્યો હતો. જાહેર પ્રસારણકર્તાએ આપેલા અહેવાલ પ્રમાણે ટોક્યોની આ ફ્લાઇટમાં લગભગ ૨૦૦ લોકો સવાર હતા અને કોઈને ઈજા થઈ ન હતી. વિંગ એરિયામાંથી આવતો ધુમાડો જ્યારે એન્જિન બંધ થયું ત્યારે શમી ગયો હતો.જાન્યુઆરીમાં, જાપાન એરલાઈન્સની ફ્લાઈટ અને કોસ્ટ ગાર્ડ પ્લેન ટોક્યોના હનેડા એરપોર્ટ પર અથડાયા અને આગમાં ભડકો થયો. JAL પ્લેનમાંથી તમામ ૩૭૯ મુસાફરો અને ક્રૂ મેમ્બર્સને બહાર કાઢવામાં આવ્યા હતા અને તેઓ બચી ગયા હતા. કોસ્ટ ગાર્ડ પ્લેનનો પાઇલટ ઘાયલ થયો હતો અને પાંચ ક્રૂ મેમ્બરના મોત થયા હતા. ■

## મહારાષ્ટ્રની આઠ બેઠક પરના પ્રચાર પડઘમ શાંત થયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ લોકસભાની ચૂંટણીના બીજા તબક્કામાં મહારાષ્ટ્રની આઠ બેઠક પર મતદાન થવાનું છે ત્યાં બુધવારે સાંજે પ્રચારના પડઘમ શાંત થયા હતા. શુક્રવારે જે આઠ બેઠક પર મતદાન થવાનું છે તેને માટે કુલ ૨૦૪ ઉમેદવાર મેદાનમાં છે.

પશ્ચિમ વિદર્ભની બુલઢાણા, અકોલા, અમરાવતી, વર્ધા, યવતમાળ-વાશિમ અને મરાઠવાડાની હિંગોલી, નાંદેડ અને પરભણી લોકસભા બેઠકો પર ૨૬ તારીખે ૧૬,૫૮૯ પોલિંગ સેન્ટર પર સવારે સાત વાગ્યાથી લઈને સાંજે છ વાગ્યા સુધી મતદાન થશે. કુલ ૧,૪૯,૨૫,૯૧૨ મતદારોમાં ૭૭,૨૧,૩૭૪ પુરુષ અને ૭૨,૦૪,૧૦૬ મહિલા અને ૪૩૨ થર્ડ જેન્ડરના મતદારો ૨૦૪ ઉમેદવારોનું ભાવિ નક્કી કરશે.

અમરાવતીમાં સૌથી વધુ ૩૭ ઉમેદવાર છે. ત્યાર પછી પરભણીમાં ૩૪, હિંગોલીમાં ૩૩, વર્ધામાં ૨૪, નાંદેડમાં ૨૩, બુલઢાણામાં ૨૧, યવતમાળ-વાશિમમાં ૧૭ અને અકોલામાં ૧૫ ઉમેદવાર મેદાનમાં છે.

બીજા તબક્કામાં મુખ્ય પ્રધાન એકનાથ શિંદે અને ઉદ્ધવ ઠાકરેની શિવસેના વચ્ચે બુલઢાણા, યવતમાળ-વાશિમ અને હિંગોલી બેઠક પર સીધી લડાઈ છે. બુલઢાણામાં શિવસેનાના વર્તમાન સાંસદ પ્રતાપરાવ જાધવ સામે શિવસેના (યુબીટી)ના નરેન્દ્ર ખેડેકર મેદાનમાં છે.

યવતમાળ-વાશિમમાં શિવસેનાએ વર્તમાન સાંસદ ભાવના ગવળીના સ્થાને રાજશ્રી પાટીલને ઉમેદવારી આપી છે, જ્યારે તેની સામે શિવસેના (યુબીટી)ના સંજય દેશમુખની સીધી લડાઈ છે. હિંગોલી બેઠક પરથી વર્તમાન સાંસદ હેમંત પાટીલને પડતા મુકીને શિવસેનાએ બાબુરાવ કોહલીકરને ઉમેદવારી આપી છે.

પરભણી બેઠક પર રાષ્ટ્રીય સમાજ પક્ષના મહાદેવ જાનકર રાજ્યની મહાયુતિના ઘટક પક્ષ તરીકે ચૂંટણી લડી રહ્યા છે, તેમની સામે શિવસેના (યુબીટી)ના વર્તમાન સાંસદ સંજય જાધવનો પડકાર છે.

ડૉ. બાબાસાહેબ આંબેડકરના પૌત્ર

(જુઓ પાનું ૨) ▶▶

## મહારાષ્ટ્રની કોણાર્ક બેઠક પર પ્રતિબંધ

નવી દિલ્હીઃ ભારતીય રિઝર્વ બેન્કે કોણાર્ક અર્બન કો-ઓપરેટિવ ઉલ્લાસનગર મહારાષ્ટ્ર વિરુદ્ધ મોટી કાર્યવાહી કરી હતી. આરબીઆઇએ બેન્ક વિરુદ્ધ રૂપિયા ઉપાડવાથી લઇને અનેક પ્રકારના પ્રતિબંધો લગાવ્યા હતા. મતલબ કે જો તમારું એકાઉન્ટ આ બેન્કમાં છે તો હવે તમે પૈસા ઉપાડી શકશો નહીં. ઉપરાંત, બેન્ક કોઈને લોન આપી શકશે નહીં અને કોઈપણ પ્રકારના વ્યવસાયમાં નાણાંનું રોકાણ કરી શકશે નહીં.

સહકારી બેન્કની ખરાબ નાણાકીય સ્થિતિને ધ્યાનમાં રાખીને આરબીઆઇ દ્વારા આ પ્રતિબંધ લાદવામાં આવ્યો છે. આરબીઆઈએ કહ્યું કે આ બેન્કની નાણાકીય સ્થિતિ ખૂબ જ ખરાબ છે. આવી સ્થિતિમાં તેને બચાવવા માટે આ નિયંત્રણો લાદવામાં આવ્યા છે. જો કે, પાત્ર થાપણદારો ડિપોઝિટ ઇન્સ્યોરન્સ એન્ડ ક્રેડિટ ગેરન્ટી કોર્પોરેશન પાસેથી તેમની થાપણોમાંથી ૫ લાખ રૂપિયા સુધીનો વીમો મેળવવા માટે હકદાર છે.

આરબીઆઈએ મંગળવારે કોણાર્ક અર્બન કો-ઓપરેટિવ ઉલ્હાસનગર મહારાષ્ટ્ર પર ઘણા નિયંત્રણો લાદી

(જુઓ પાનું ૨) ▶▶

## ગુજરાતમાં મોદી છ ચૂંટણી સભાઓ ગજવશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ દેશમાં સાત તબક્કામાં યોજાનાર લોકસભા ચૂંટણી ૨૦૨૪ના બીજા તબક્કાનું મતદાન પૂરું થતાં ભાજપના રાષ્ટ્રીય નેતાઓ ગુજરાતની ૨૬ પૈકી ૨૫ બેઠકો માટે ઝંઝાવાતી ચૂંટણી પ્રચાર શરુ કરશે. ગુજરાતના સ્થાપના દિનના દિવસે જ પોતાના કાર્પેટ બોમ્બિંગનો વડાપ્રધાન નરેન્દ્ર મોદી આરંભ કરે તેવી રીતે આયોજન કરાયું છે. વડાપ્રધાન ૧-૨ મે એમ બે દિવસમાં જ છ જાહેરાસભાઓ ગજવશે અને સંભવતઃ વડોદરામાં રોડ શો પણ કરી શકે છે. વડાપ્રધાનના પ્રવાસ પહેલા કેન્દ્રીય ગૃહપ્રધાન અમિત શાહ પણ ત્રણ દિવસ પોતાના હોમ સ્ટેટમાં ભાજપના પ્રચાર માટે આવવાના છે.

ગુજરાતમાં ત્રીજા તબક્કામાં એટલે કે તા.૭મી મેના રોજ મતદાન યોજાશે. તા.૫મી મેના રોજ પ્રચાર પડઘમ શાંત થાય એ પહેલાં ભાજપ પોતાના રાષ્ટ્રીય નેતાઓના પ્રચાર પ્રવાસનો ગોઠવીને લાંબા સમયથી પ્રવર્તતા નિરસ પ્રચારમાં ગરમી આણશે. આમ તો હાલ રાજ્યમાં ગરમીનો પ્રકોપ છે અને મોટાભાગના ઉમેદવારો સવારથી બપોર અને સાંજથી રાત સુધી નાની નાની સભાઓ, બેઠકો, સામાજિક બેઠકો યોજી પ્રચાર કરી રહ્યા છે. ભાજપમાંથી મળેલી જાણકારી મુજબ કેન્દ્રીય ગૃહપ્રધાન અમિત શાહ તા.૨૭થી ૨૯ એપ્રિલ દરમિયાન દાહોદ, પંચમહાલની એક સંયુક્ત સભા યોજશે. અમિત બારડોલીથી ૨૭મીએ

(જુઓ પાનું ૨) ▶▶




નિશાનઃ લોકસભાની ચૂંટણી અગાઉ છત્તીસગઢના સૂર્ગૂજા જિલ્લામાં બુધવારે યોજાયેલી એક જાહેરસભામાં ધનુષ્ય-બાણ સાથે વડા પ્રધાન નરેન્દ્ર મોદી. છત્તીસગઢના મુખ્ય પ્રધાન વિષ્ણુ દેવ સાંઈએ પણ આ જાહેરસભામાં હાજરી આપી હતી. (એજન્સી)

## અયોધ્યામાં ૮૪ કોસી પરિક્રમાનો પ્રારંભ

અયોધ્યાઃ ઉત્તર પ્રદેશના અયોધ્યામાં ૮૪ કોસી પરિક્રમાની શરૂઆત થઇ ગઇ છે. હનુમાન મંડળ કારસેવક પુરમ ખાતે ૮૪ કોસીની પરંપરાગત યાત્રા કાઢે છે. આ યાત્રાનું નેતૃત્વ હનુમાન મંડળના પ્રમુખ સુરેન્દ્ર સિંહ કરી રહ્યા છે. ૮૪ કોસી યાત્રા પાંચ જિલ્લામાંથી પસાર થઈને ૨૧ દિવસ સુધી ચાલશે. આ યાત્રા અંદાજે ૨૪૦ કિલોમીટર લાંબી છે, જેમાં ૨૧ સ્થળો પર આરામ કરવામાં આવશે.

આ સાથે બે એવી જગ્યાઓ પણ હશે જ્યાં બોટ મારફતે નદી પાર કરવી પડશે. આ વખતે ૮૪ કોસીની યાત્રાનો ઉત્સાહ બમણો છે. ભગવાન રામલલા એક ભવ્ય મંદિરમાં બિરાજમાન છે. આવી સ્થિતિમાં અયોધ્યાની શાસ્ત્રીય સરહદની પરિક્રમા કરવા માટે શ્રદ્ધાળુઓની ભીડ ઉમટી પડી છે. ૮૪ કોસી યાત્રામાં ૫૦૦ થી વધુ સંતો અને સ્થાનિક લોકો જોડાયા હતા.

પરિક્રમાર્થી સીતારામના નામના સંકીર્તન સાથે યાત્રાની શરૂઆત કરી રહી હતી. સરયૂ પૂજન સાથે યાત્રાનો પ્રારંભ થયો હતો. ઉપરાંત આ યાત્રા આંબેડકર નગર, સુલતાનપુર, બારાબંકી, ગોંડા જિલ્લા થઈને ૨૧ દિવસમાં અયોધ્યા પરત પહોંચશે, જ્યાં રામજન્મભૂમિની પરિક્રમા કર્યા બાદ ૮૪ કોસી પરિક્રમા પૂર્ણ થશે.

હનુમાન મંડળ દળના પ્રમુખ પરિક્રમાના આયોજક સુરેન્દ્ર સિંહે જણાવ્યું હતું કે આ યાત્રા લગભગ ૨૬૫ કિલોમીટર લાંબી છે, જે પાંચ જિલ્લામાંથી પૂર્ણ થશે. જેમાં રાજ્યમાં ૨૧ સ્થળોએ છૂટછાટ પણ જોવા મળશે. આ સાથે સુરેન્દ્ર સિંહે જણાવ્યું કે બે જગ્યાઓ છે જ્યાં બોટ દ્વારા પરિક્રમા પાર કરવામાં આવે છે. ૨૨ દિવસમાં યાત્રા ૮૪ કોસી પૂર્ણ કરીને અયોધ્યા પહોંચશે.

વિશ્વ હિન્દુ પરિષદના પ્રાંતિય મીડિયા પ્રભારી શરદ શર્માએ કહ્યું હતું કે ૮૪ કોસી એક પરંપરાગત યાત્રા છે. આ પરિક્રમા પાંચ જિલ્લાઓને જોડતી ૨૬૫ કિલોમીટર સુધી ચાલશે. આ પરિક્રમા ચૈત્ર પૂર્ણિમાના દિવસે શરૂ થશે. ભગવાન રામલલા એક ભવ્ય મંદિરમાં બિરાજમાન છે. આવી સ્થિતિમાં ભક્તોમાં ઉત્સાહ જોવા મળી રહ્યો છે. ■

## બેંગલોરમાં બુધવારે પડછાયાએ સાથ છોડ્યો

બેંગલોર : બેંગલોરમાં બુધવારે એક દુર્લભ ખગોળીય ઘટના જોવા મળી હતી અને આમાં માનવીનો પડછાયો તેનો સાથ છોડી દે છે. હા, આજે બેંગલોરમાં હતો ઝીરો શેડો ડે એટલે કે શૂન્ય છાયા દિન. બુધવારે આ શહેરના લોકોએ એવી પ્રતિતિ કરી જેમાં તેનો પડછાયો દેખાતો નથી. આ ઘટનાનો અહેસાસ બેંગલોરના સમાન અક્ષાંશ અને રેખાંશ ધરાવતા સ્થાનોમાં થયો. બપોરે ૧૨-૧૭ કલાકથી બપોરના ૧૨-૨૩ કલાક સુધી આ વિરલ અનુભવ લોકોને થયો. ધરતીના અનેક વિસ્તારોમાં વર્ષમાં બે વાર શૂન્ય છાયા દિન જોવા મળે છે. આ ત્યારે બને છે જ્યારે સૂર્ય આકાશમાં તેના સર્વોચ્ચ પોઈન્ટ એટલે કે ઝેનિથ પોઝિશનમાં પહોંચી જાય. આને લીધે વસ્તુઓનો પડછાયો જોવા મળતો નથી. આ ઘટના સામાન્ય રીતે ભૂમધ્ય રેખાની પાસેના ક્ષેત્રોમાં જોવા મળે છે. વત્તા ૨૩.૫ અને ઋણ ૨૩.૫ ડિગ્રી અક્ષાંશ વચ્ચે રહેતા લોકો આ અનુભવ કરી શકે. સૂર્ય મધ્યાહને બરાબર માથા પર હોય છે ત્યારે તેનો પડછાયો પડતો નથી. બેંગલોરમાં અગાઉ ગયા વર્ષે ૨૫ એપ્રિલ અને ૧૮ ઑગસ્ટે ઝીરો શેડો ડે જોવા મળ્યો હતો. ■

એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# વારસાઈ ટૅક્સની મોંકાણ, પિત્રોડાએ પેટ ચોળીને શૂળ ઊભું કર્યું

**કૉંગ્રેસના** નેતા પેટ ચોળીને શૂળ ઊભું કરવામાં માહિર છે ને તેનો તાજો દાખલો ઈન્ડિયન ઓવરસીઝ કૉંગ્રેસના અધ્યક્ષ સામે પિત્રોડાએ વારસાઈ ટૅક્સ અંગે કરેલું નિવેદન છે. સેમ પિત્રોડાએ ડહાપણ ડહોળેલું કે, અમેરિકામાં વારસામાં મળતી મિલકતો પર વારસાઈ ટૅક્સ લાગે છે અને આ ખૂબ જ રસપ્રદ કાયદો છે. ભારતમાં એવો કોઈ કાયદો નથી પણ મને લાગે છે કે આ મુદ્દે ચર્ચા થવી જોઈએ.

ભાજપે આ વાતને પકડી લીધી અને કૉંગ્રેસ હવે દેશમાં વારસાઈ ટૅક્સ લાવવા માગે છે એવું કોરસ શરૂ કરી દેતાં કૉંગ્રેસીઓ હાંફળાફાંફળા થઈને દોડતા થઈ ગયા છે. કૉંગ્રેસનો ઈરાદો વારસાઈ ટૅક્સ લાદવાનો છે જ નહીં એવા બચાવ કૉંગ્રેસીઓ કરી રહ્યા છે. ભાજપ રાજકીય ફાયદા માટે વાતનું વતેસર કરી રહ્યો છે ને પિત્રોડાની વાતને વિકૃત રીતે રજૂ કરી રહ્યો છે એવી ચોખવટો કૉંગ્રેસીઓ કરી રહ્યા છે.

કૉંગ્રેસની વાત સાચી છે કેમ કે પિત્રોડાએ કૉંગ્રેસ વારસાઈ ટૅક્સ લાવશે એવું કહ્યું નથી પણ ભાજપને તેની સાથે લેવાદેવા નથી. ભાજપને તો કૉંગ્રેસી નેતાના મોંમાંથી નીકળેલા શબ્દ સાથે લેવાદેવા છે કેમ કે એ શબ્દને આધારે લોકોને ભરમાવવામાં ભાજપ માહિર છે. ભાજપ એ જ કરી રહ્યો છે પણ તેનું કારણ સેમ પિત્રોડા છે. પિત્રોડા અત્યારે ચૂંટણીના સમયે ચૂપ રહ્યા હોત ને પોતાના જ્ઞાનનું પ્રદર્શન કરવા ના બેઠા હોત તો આ મોંકાણ જ ના મંડાઈ હોત. ભાજપને આ મુદ્દો ઊભો કરવાનો મોકો જ ના મળ્યો હોત.

પિત્રોડાએ જે મોંકાણ માંડી તેના મૂળમાં પાછા રાહુલ ગાંધી છે. રાહુલ ગાંધીએ હમણાં જ એક નિવેદન આપેલું કે, લોકસભાની ચૂંટણીમાં જીતીને કૉંગ્રેસ સરકાર સત્તામાં આવશે તો કોની પાસે કેટલી સંપત્તિ છે તેનો સર્વે કરવામાં આવશે અને બધી માહિતી મેળવવામાં આવશે.

સેમ પિત્રોડાને રાહુલના નિવેદન વિશે પૂછવામાં આવ્યું તો તેમણે અમેરિકાના વારસાઈ ટૅક્સનો ઉલ્લેખ કરીને જ્ઞાન પિરસ્યું કે, અમેરિકામાં વારસાઈ ટૅક્સ લાગે છે અને તેના કારણે સરકારને ફાયદો છે. આ કાયદા પ્રમાણે, કોઈ વ્યક્તિ પાસે ૧૦ કરોડ ડૉલરની સંપત્તિ હોય તો તેમના મૃત્યુ પછી ૪૫ ટકા મિલકત તેમના બાળકોને ટ્રાન્સફર કરવામાં આવે છે જ્યારે ૫૫ ટકા મિલકત સરકારની માલિકીની બની જાય છે.

પિત્રોડાએ એડિશનલ જ્ઞાન પિરસતાં કહ્યું કે, આ ખૂબ જ રસપ્રદ કાયદો છે. તમારા જીવનમાં ઘણી સંપત્તિ એકઠી કરી લીધી પણ મૃત્યુ પછી તમારે તમારી સંપત્તિ દેશનાં લોકો માટે છોડી દેવી જોઈએ એ આ કાયદાનો ઉદ્દેશ છે. જે સંપત્તિ દેશ માટે લેવાય છે એ પણ પૂરેપૂરી નહીં પણ અડધી હોય છે. આ કાયદો મને યોગ્ય લાગે છે પણ ભારતમાં એવો કોઈ કાયદો નથી. ભારતમાં કોઈની પાસે ૧૦ અબજ રૂપિયાની સંપત્તિ હોય તો તેના મૃત્યુ પછી તેનાં બાળકોને તેની બધી મિલકત મળી જાય છે અને જનતા માટે કંઈ જ બચતું નથી. મને લાગે છે કે લોકોએ આવા મુદ્દાઓ પર ચર્ચા કરવી જોઈએ. મને ખબર નથી કે આ ચર્ચાનું પરિણામ શું આવશે. અમે એવી નવી નીતિઓ અને નવા કાર્યક્રમો વિશે વાત કરી રહ્યા છીએ કે જે માત્ર અમીરોના હિતમાં નહીં પણ સામાન્ય લોકોના હિતમાં પણ હોવાં જોઈએ.

ભાજપ રાહુલની સંપત્તિના સર્વેની વાત તો કરતો જ હતો પણ પછી પિત્રોડાની વાત પણ પકડી લીધી. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ આ મુદ્દાને ચગાવીને કહ્યું કે, કૉંગ્રેસે માતા-પિતા પાસેથી મળેલી વારસાગત સંપત્તિ પર પણ ટૅક્સ લગાવશે એવું કહ્યું છે. તમે તમારી મહેનતથી જે સંપત્તિ ભેગી કરો છો તે તમારા બાળકોને નહીં મળે પણ કૉંગ્રેસના પંજા છીનવી લેશે.

મોદીના કહેવા પ્રમાણે તો, કૉંગ્રેસનો મંત્ર તમારી સંપત્તિ છિનવીને લૂંટવાનો છે. કૉંગ્રેસનો મંત્ર છે, જિંદગી કે સાથ ભી, જિંદગી કે બાદ ભી. જ્યાં સુધી તમે જીવો ત્યાં સુધી કૉંગ્રેસ તમને ભારે ટૅક્સ લાદીને મારશે ને મર્યા પછી તમારી સંપત્તિ લૂંટીને તમારાં સંતાનોને મારશે. આખી કૉંગ્રેસ પાર્ટીને પૈતૃક સંપત્તિ માનનારા અને પોતાના સંતાનોને કૉંગ્રેસ વારસામાં આપનારા નથી ઈચ્છતા કે સામાન્ય ભારતીયો તેમનાં બાળકોને પોતે એકઠી કરેલી સંપત્તિ પણ આપે. મોદીએ આ લોકોની લૂંટેલી સંપત્તિ ઘૂસણખોરોને આપી દેવાશે, કૉંગ્રેસ તમારાં મંગળસૂત્ર પણ છિનવી લેશે ને એવી બીજી પણ વાતો કરી છે કે જે વડા પ્રધાનના હોદ્દા પર બેસેલી વ્યક્તિને શોભે એવી નથી પણ તેનું કારણ કૉંગ્રેસે પૂરું પાડ્યું છે.

કૉંગ્રેસ પિત્રોડાનો બચાવ કરી રહી છે પણ એ બધું રાંડ્યા પછીનું ડહાપણ છે. કૉંગ્રેસ લોકશાહીની દુહાઈ આપી રહી છે. જયરામ રમેશે કહ્યું કે લોકશાહીમાં દરેક વ્યક્તિને પોતાના અંગત વિચારોની ચર્ચા કરવાની અને પોતાનો અભિપ્રાય વ્યક્ત કરવાની સ્વતંત્રતા છે પણ તેનો અર્થ એ નથી કે પિત્રોડાના વિચારો હંમેશા કૉંગ્રેસના વિચારો સાથે મેળ ખાતા હોય. આ વાત જ વાહિયાત છે. પિત્રોડાને અંગત અભિપ્રાય વ્યક્ત કરવા હોય તો ઘરે બેસીને કરે, કૉંગ્રેસના મંચ પરથી શું કરવા કરે છે?

આ ઘટના પછી કૉંગ્રેસે એક વાત સમજવાની જરૂર છે કે, કૉંગ્રેસે ફરી બેઠા થવું હોય તો પોતાના નેતાઓ માટે શું બોલવું ને શું ના બોલવું તેનો એક કોર્સ રાખવો જોઈએ કેમ કે કૉંગ્રેસની મોટાભાગની સમસ્યાઓના મૂળમાં કૉંગ્રેસીઓનો બફાટ છે. અલબત્ત આ કોર્સ કૉંગ્રેસમાં રહેવાના હોય એવા નેતાઓને જ કરાવવો જોઈએ કે જેથી મહેનત માથે ના પડે.

રાહુલ ગાંધીથી માંડીને સેમ પિત્રોડા સુધીના નેતા લવરીને છૂટી મૂકીને જે જીભે ચડે એ ફેંકી દે છે એ ના ચાલે. ભાજપ તેનો જ ફાયદો ઉઠાવે છે. કૉંગ્રેસીઓનાં નિવેદનોને તોડીમરોડીને રજૂ કરીને ભાજપે કૉંગ્રેસની ઈમેજની વાટ લગાવી દીધી છે છતાં કૉંગ્રેસીઓની સાન ઠેકાણે આવતી નથી. કૉંગ્રેસીઓને ભાન જ નથી કે હજુ બીજો મોટો ખતરો તો ઊભો જ છે. અત્યારે ટેકનોલોજીના જમાનામાં એડિટિંગ કરીને કે ડીપફેકની મદદથી આ લવારાઓને ગમે તે રૂપે રજૂ કરી દેવાય તો શું થાય એ કૉંગ્રેસે વિચારવા જેવું છે. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

(ઉત્તરાયણ સૌર ગ્રીષ્મઋતુ), ગુરુવાર, તા. ૨૫-૪-૨૦૨૪,વિંછુડો પ્રારંભ

- ભારતીય દિનાંક ૫, માહે વૈશાખ, શકે ૧૯૪૬
- વિક્રમ સંવત ૨૦૮૦, શા. શકે ૧૯૪૬, ચૈત્ર વદ-૧
- જૈન વીર સંવત ૨૫૫૦, માહે ચૈત્ર, તિથિ વદ-૧
- પારસી શહેનશાહી રોજ ૧૪મો ગોશ, માહે ૯મો આદર, સને ૧૩૯૩
- પારસી કદમી રોજ ૧૪મો ગોશં, માહે ૧૦મો દએ સને ૧૩૯૩
- પારસી ફસલી રોજ ૬ઠ્ઠો ખોરદાદ, માહે ૨જો અર્દીબહેશ્ત, સને ૧૩૯૩
- મુસ્લિમ રોજ ૧૫મો, માહે ૧૦મો શવ્વાલ, સને ૧૪૪૫
- મીસરી રોજ ૧૭મો, માહે ૧૦મો શવ્વાલ, સને ૧૪૪૫
- નક્ષત્ર વિશાખા મધ્યરાત્રિ પછી ક. ૨૬-૨૩ સુધી (તા. ૨૬મી) પછી અનુરાધા.
- ચંદ્ર તુલામાં રાત્રે ક. ૨૦-૦૦ સુધી, પછી વૃશ્ચિકમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ તુલા (ર, ત), વૃશ્ચિક (ન, ય)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૧૬, અમદાવાદ ક. ૦૬ મિ. ૧૧, સ્ટા. ટા.
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૫૮, અમદાવાદ ક. ૧૮ મિ. ૦૪, સ્ટા. ટા.

મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ

- ભરતી : બપોરે ક. ૧૩-૦૦, મધ્યરાત્રે ક. ૦૦-૪૭
- ઓટઃ સવારે ક. ૦૬-૧૬, સાંજે ક. ૧૮-૫૧
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૦, 'રાક્ષસ' નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૬, 'ક્રોધી' નામ સંવત્સર, ચૈત્ર કૃષ્ણ - પ્રતિપદા. વિંછુડો પ્રારંભ ક. ૨૦-૦૦.
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ કાર્ય વર્જ્ય છે.
- મુહૂર્ત વિશેષઃ ગુરુ ગ્રહદેવતાનું પૂજન, ઈન્દ્રદેવતાનું પૂજન, નવા વસ્રો, આભૂષણ, ધાન્ય ઘરે લાવવું, પશુ લે-વેચ, શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા, માનેલા સંત, ગુરુના સ્થાનકની મુલાકાત, દર્શન.
- આચમનઃ ચંદ્ર-હર્ષલ પ્રતિયુતિ નિર્ણયો લેવામાં અચોક્કસ, ચંદ્ર-ગુરુ પ્રતિયુતિ સટ્ટો કરવાનો સ્વભાવ, ચંદ્ર-મંગળ ત્રિકોણ સ્વતંત્ર રીતે નિર્ણયો લેવામાં સક્ષમ, ચંદ્ર-નેપ્ચૂન ત્રિકોણ સંગીતપ્રિય
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-હર્ષલ પ્રતિયુતિ, ચંદ્ર-ગુરુ પ્રતિયુતિ, ચંદ્ર-મંગળ ત્રિકોણ, ચંદ્ર-નેપ્ચૂન ત્રિકોણ
- ગ્રહગોચરઃ સૂર્ય-મેષ, મંગળ-કુંભ, માર્ગી બુધ-મીન, ગુરુ-મેષ (કૃત્તિકા-૧ ચરણ), શુક્ર-મીન, શનિ-કુંભ, રાહુ-મીન, કેતુ-કન્યા, હર્ષલ-મેષ, નેપ્ચૂન-મીન, પ્લુટો-મકર ■

મુખ્બિરે ઈસ્લામ

અનવર વલિયાણી
anwar.v@bombaysamachar.com

# ગુનાઓની ક્ષમા યાચો છો? માત્ર આ ચાર શરતોનું પાલન કરો

**ઈન્સાન** માત્ર ભૂલને પાત્ર કહેવતથી ભાગ્યે જ વાચક મિત્રો અજાણ હશે. ઘણીવાર આપણાથી જાણતા - અજાણતામાં ગુના થઈ જતા હોય છે પરંતુ ઈસ્લામ ધર્મની હિદાયત (ધર્મજ્ઞાન)માં મનુષ્યએ કરેલા ગુનાના પ્રાયશ્ચિત માટે તૌબા માગવાના કાર્યથી મોમિને કદીય વિમૂખ થવું જોઈએ નહીં.

* મૌત એવા સમયે આવે કે ઈન્સાન 'તાયબ' એટલે કે તૌબા (પ્રાયશ્ચિત) કરેલો જ હોય.

* આવો મુસલમાન જ એક સાચો મોમિન - અલ્લાહનો નેકદિલ બંદો કહેવાય.

* તૌબા તમામ નામે મુસલમાન માટે અલ્લાહે ફરજરૂપ ઠેરવી છે.

* જગતકર્તા પોતે જ ફરમાવે છે કે -

- હે ઈમાન (શ્રદ્ધા) વાળાઓ!

* તમે બધા જ અલ્લાહ સમક્ષ ખાલિસ તૌબા કરો.

* 'ખાલિસ' એટલે કેવી તૌબા?

* ખાલિસ તૌબા એટલે કરેલા ગુનાનો અહેસાસ - અનુભૂતિ થાય.

* પછી ગુનો કર્યો તેની શરમિંદગી થાય,

* પછી સંજોગો ગમે તેવા વિપરીત કેમ ન આવે, પરિસ્થિતિ ગમે તેવી કેમ ન સર્જાય.

* ભવિષ્યમાં-

- ગુનો નહીં કરવાનો દૃઢ સંકલ્પ થાય અને એ રીતે બારગાહે ઈલાહી (ઈશ્વરના દરબાર)માં આંસુ વહાવતો વહાવતો ગુનાઓની માફી માટે તૌબા કરી લે તો તેવી તૌબા 'ખાલિસ' એટલે સાચી અથવા શુદ્ધ તૌબા કહેવાય.

રબની રહેમત અને મહેરબાની તો જુઓ કે તેણે કેવી રીતે બંદાઓને તૌબાની તરફ બોલાવ્યા, તૌબાનો હુકમ આપ્યો અને બંદાએ ગુનો કબુલ કર્યો હતો છતાં તેનું નામ મોમિન (એક સાચો ઈમાનદાર મુસલમાન) રાખ્યું. ઉપરાંત તૌબા કરનારની તૌબા કબૂલ કર્યા બાદ, બંદાને જે ઈજ્જત અને નેઅમત મળશે, તેનું વર્ણન રબતઆલાએ પોતે કુરાને કરીમમાં આ પ્રમાણે કર્યું છે * 'અને તે લોકો જ્યારે કહે છે કોઈ બૂરું કામ અથવા પોતાના તરફથી બુરાઈ કરી બેસે છે, ત્યારે અલ્લાહને યાદ કરે છે અને પોતાના ગુનાઓની બક્ષિસ ચાહે છે અને કોણ બક્ષે છે રબ સિવાય? અને ઈરાદાપૂર્વક અડી રહેતા નથી, તે કાર્ય પર જે તેમણે કર્યું છે. તેમનો બદલો એ છે કે તેમના રબ તરફથી તેમની બક્ષિસ છે અને બાગ છે જેની નીચે નહેરો વહે છે અને તેમાં જ તે લોકો રહેશે. કામ કરનારાઓનું આ કેવું સરસ મહેનતાણું છે?'

...વળી, ખુદાવંદે કરીમે તો તૌબા કરનારા બંદાઓ માટે ત્યાં સુધી ફરમાવી દીધું છે કે - 'બેશક! અલ્લાહતઆલા તૌબા કરનારા અને પાક-પવિત્ર, સાફ-સુથરા લોકોની સાથે મહોબ્બત રાખે છે.' એવો પણ ઈર્શાદ થયો કે - 'બંદાઓ માટે તૌબાનું કૃત્ય, એ ગુનાઓની નજાત (છુટકારા) પછી મેળવેલી પવિત્રતા છે.' આ તમામ આયતે કરીમાથી સાબિત થયું કે, મોમિન માટે તૌબા કરવી જરૂરી છે.

* તૌબા માટે ચાર શરતો છે, તે પણ જાણી લેવી જરૂરી બની રહેવા પામે છે. જો તે ચાર પૈકી એક પણ શરત ઓછી હશે તો તૌબા બરાબર કબૂલ થશે નહીં. * પ્રથમ શરત એ છે કે, થઈ ગયેલા ગુનાઓ માટે દિલમાં શરમિંદા થવું, ગમગીન થવું, દર્દમન્દ થવું. * બીજી શરત એ છે કે, તાત્કાલિક ગુનાના કાર્યો છોડી દેવા. * ત્રીજી શરત એ છે કે, હવે એવો પાકો - મક્કમ ઈરાદો કરી લેવો કે ભવિષ્યમાં આવું કામ અથવા કાર્યો કદીય કરીશું નહીં અને * ચોથી શરત એ છે કે ઉપરોક્ત ત્રણે કૃત્યો રબના ખૌફ (ડર)ને લીધે હોવા જોઈએ. આ ચોથી શરત સમજાવવા માટે એક દાખલો તૌબાના પ્રાયશ્ચિતને સમજવા સરળ થઈ પડશેઃ-

- એક શરાબી માણસ શરાબ પીવાનું એટલા માટે છોડી દીધું કે શરાબ પીવાથી તેનું માથું દુખ્યા કરતું હતું. અથવા તેનું સ્વાસ્થ્ય જળવાતું નહોતું અથવા સગાં સંબંધી, દોસ્ત - બિરાદર, સમાજમાં તે વગોવાય છે, તો આવો શખસ તૌબાની માફીનો અધિકારી કહેવાશે નહીં. એજ પ્રમાણે બીજો દાખલો છે. * એક શખસ જીભથી વારંવાર 'અસ્તગફીરૂલ્લાહ' એટલે કે ઈશ્વર પાસે ક્ષમાની યાચના સંબંધી તસ્બીહ (તેના નામની માળા, રટણ) કરતો રહેતો હોવા છતાં તેનું દિલ તો ગુનાઓ કરવા તરફ ખેંચાતું રહે છે, તો તેની આ તૌબા સ્વીકારવાને પાત્ર રહેતી નથી. * રસૂલે કરીમ હઝરત મુહમ્મદ સલ્લલ્લાહો અલયહે વસલ્લમનું કથન છે કે * 'જીભથી તૌબા કરનારો અને દિલથી ગુનાઓ પર અડી રહેનારો શખસ એવો છે, જાણે તે અલ્લાહતઆલા સાથે મજાક કરી રહ્યો છે.'

માટે સાચા દિલથી તૌબા કરવી, ભવિષ્યમાં ગુનાના રસ્તે નહીં જવાનો દૃઢ ઈરાદો કરવો અને જે કાંઈ થઈ ગયું, તે માટે બારગાહે ખુદાવંદીમાં માફી માંગવી આ સાચી રીત છે. * ખુદાવંદેકરીમ ઘણો જ મોટો બક્ષનાર અને મહેરબાન છે. માનવી જ્યારે ગુના કરે છે અને પછી સાચા મનથી તૌબા (અર્થાત્) માફી આપવા માટેની ક્ષમાયાચના કરે છે તો તેની બક્ષિસ - ક્ષમાની યાચના કબૂલ થઈ જવાની પૂરી ઉમ્મીદ - આશા હોય છે.

### ધર્મસંદેશઃ

* હે મારા બંદાઓ!

* તમો રાત્રે પણ ગુનાઓ કરો છો અને દિવસે પણ ગુનાઓને અંજામ આપતા ફરો છો અને હું

* તમારા દરેકે દરેક ગુના માફ કરી દઈશ (ફરી પાછા કોઈપણ, નાના કે મોટા ગુના ન કરવાની બાંહેધરી - શરત સાથે) માફ કરી દઈશ. (કુરાન કરીમ)

* હે મારા બંદાઓ! તમો દરેકે દરેક ગુમરાહ (માર્ગ ભૂલેલા - ભટકેલા) છો, સિવાય તેના જેને હું હિદાયત (બોધ-જ્ઞાન) આપું!

* આથી તમો મારાથી હિદાયત (માર્ગદર્શન) માગો. હું તમોને હિદાયત આપીશ. (કુરાન કરીમ)

**- શમીમ એમ. પટેલ**

* * *

### સાપ્તાહિક સંદેશઃ

* એકબીજાને આમંત્રણ આપતા રહો અને
* આપસમાં ભેટ સોગાતો આપતા રહો.
* સારી સલાહ આપવામાં પહેલ કરો.
* મિત્રતાને ખજાનાની માફક જાળવો.
* એકબીજાના એબ ખોલવાથી રહો. ■

# ઈવીએમના ભાગોના ઉત્પાદકોનાં નામ જાહેર નહીં થાય

નવી દિલ્હી : ઈલેક્ટ્રોનિક્સ કોર્પોરેશન ઑફ ઈન્ડિયા લિમિટેડ (ઈસીઆઈએલ) અને ભારત ઈલેક્ટ્રોનિક્સ લિમીટેડ (બીઈએલ)એ માહિતી કાયદા હેઠળ ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીન (ઈવીએમ) અને વોટર વેરિફેબલ પેપર ઓડિટ ટ્રેલ (વીવીપીએટ)ના વિવિધ ભાગોના ઉત્પાદકો અને પુરવઠાકારોનાં નામો અને સંપર્ક માહિતી આપવાની ના પાડી હતી અને આ માટે 'વાણિજ્ય વિશ્વાસ'નું કારણ આપ્યું હતું.

એક્ટિવિસ્ટ વેંકટેશ નાયકે માહિતી ધારા હેઠળ એક સમાન અરજીઓ ઈસીઆઈએલ અને બીઈએલમાં કરી હતી. તેમણે ઈવીએમ અને વીવીપીએટનું એસેમ્બલિંગ કરતી વખતે ઉપયોગમાં લેવાતા ભાગોના ઉત્પાદકો અને પુરવઠાકારોની વિગત માગી હતી. વીવીપીએટ એક સ્વતંત્ર મત ચકાસણી સિસ્ટમ છે જેમાં મતદાતાઓ એ જોઈ શકે છે કે તેમનો મત બરાબર પડ્યો છે કે નહીં. ઈસીઆઈએલ અને બીઈએલ સંરક્ષણ મંત્રાલય હેઠળ જાહેર ક્ષેત્રની કંપનીઓ છે ને તે ચૂંટણી પંચ માટે ઈવીએમ અને વીવીપીએટનું ઉત્પાદન કરે છે.

નાયકે જાહેર ક્ષેત્રની બન્ને કંપની પાસેથી પર્ચેસ ઓર્ડરની પ્રત માગી હતી. બીઈએલએ જવાબમાં કહ્યું હતું કે મગાયેલી માહિતી વાણિજ્ય વિશ્વાસમાં આવે છે. આથી માહિતી આપી શકાય નહીં. આવો જ જવાબ આપતી ઈસીઆઈએલએ કહ્યું હતું કે આ માહિતી આપવાથી ઈસીઆઈએલની સ્પર્ધાત્મક સ્થિતિ પર માઠી અસર પડશે અને માટે આરટીઆઈ ધારા, ૨૦૦૫ની ૮(૧)ડી કલમ હેઠળ છૂટ મગાઈ છે. પર્ચેસ ઓર્ડરની પ્રતો આપવાની માગણીના જવાબમાં ઈસીઆઈએલએ કહ્યું હતું કે આ માહિતી દળદાર છે અને આને લીધે જાહેર ઓથોરિટીના સંસાધનો અયોગ્ય પ્રમાણમાં બીજે વાળવા પડશે. વધુમાં માહિતી આપવાથી ઈવીએમની ડિઝાઈનની માહિતી બહાર આવી જશે અને આનાથી ઉત્પાદિત મશીનો માટે જોખમ ઊભું થશે. (એજન્સી) ■

પહેલા પાનાનું ચાલુ

### મહારાષ્ટ્રની આઠ

પ્રકાશ આંબેડકરના નેતૃત્વ હેઠળની વંચિત બહુજન આઘાડીએ આ આઠમાંથી સાત બેઠકો પર પોતાના ઉમેદવારો ઊભા રાખ્યા હોવાથી રસાકસી જામવાની શક્યતા જોવાઈ રહી છે. પ્રકાશ આંબેડકર પોતે અકોલા બેઠક પરથી લડી રહ્યા છે. તેના ભાઈ આનંદરાજ આંબેડકર રિપબ્લિક સેનાના પ્રતિનિધિ તરીકે અમરાવતીથી ચૂંટણી લડી રહ્યા છે. અકોલામાં ભાજપના અનુપ ધોત્રે, કૉંગ્રેસના અભય પાટીલ અને પ્રકાશ આંબેડકર વચ્ચે ત્રિપાંખીયો જંગ થશે. અમરાવતીમાં અપક્ષ સંસદસભ્ય નવનીત રાણા હવે ભાજપના ઉમેદવાર તરીકે મેદાનમાં છે અને તેમની સામે કૉંગ્રેસના બળવંત વાનખેડે, પ્રહાર જનશક્તિ પાર્ટીના દિનેશ બુબ મેદાનમાં છે. વર્ધામાં વર્તમાન સાંસદ ભાજપના રામદાસ તડસની સામે એનસીપી (એસપી)ના ઉમેદવાર અમર કાળે વચ્ચે મુકાબલો થશે. નાંદેડમાં વર્તમાન સંસદસભ્ય ભાજપના પ્રતાપ ચીખલીકર સામે કૉંગ્રેસના ઉમેદવાર વસંત ચવ્હાણ મેદાનમાં છે. બીજા તબક્કાના મતદાન બાદ વિદર્ભની બધી જ બેઠકો પરની ચૂંટણી પૂરી થઈ જશે. ૧૯ એપ્રિલે વિદર્ભની પાંચ બેઠકો નાગપુર, રામટેક, ચંદ્રપુર, ભંડારા-ગોંદિયા અને ગઢચિરોલી-ચિમુર પર મતદાન થયું હતું અને ૬૩.૭૦ ટકા મતદાન નોંધાયું હતું. આ વખતે મતદાન વધારવાનો ચૂંટણી પંચનો પ્રયાસ રહેશે. ■

### મહારાષ્ટ્રની કોર્ણાક

દીધા છે, જેથી નાણાકીય સ્થિતિ સુધારી શકાય. આ પ્રતિબંધ બેન્કિંગ રેગ્યુલેશન એક્ટ ૧૯૪૯ની કલમ ૩૫-એ હેઠળ લાદવામાં આવ્યા છે. આરબીઆઇ દ્વારા લાદવામાં આવેલો આ પ્રતિબંધ ૨૩ એપ્રિલ ૨૦૨૪થી અમલમાં આવ્યો હતો.

આ સહકારી બેન્ક આરબીઆઈની મંજૂરી વિના કોઈપણ લોન અથવા એડવાન્સ રકમને મંજૂર અથવા રિન્યૂ કરી શકતી નથી. તેમજ રોકાણ કરી શકતી નથી. આ સિવાય વ્યક્તિ કોઈપણ રકમ ટ્રાન્સફર કરી શકતી નથી અથવા કોઈપણ સંપત્તિને વેચી શકતી નથી. આરબીઆઇએ કહ્યુ કે આ કાર્યવાહીને બેન્કનું લયઇસન્સ રદ કરવા જેવું ન ગણવું જોઈએ. ■

### રૂપાલાના વિરોધમાં

બનાસકાંઠામાં ધર્મરથની તારીખ સહિતનો રૂટ જાહેર કરવામાં આવ્યો છે. આ અંગે વિગતો આપતા ક્ષત્રિય સમાજના પ્રવક્તા કરણસિંહ ચાવડાએ જણાવ્યું કે, આગામી ૨૫ એપ્રિલના રોજ બનાસકાંઠા જિલ્લાના સુપ્રસિદ્ધ યાત્રાધામ અંબાજી ખાતે ક્ષત્રિય સમાજના આગેવાનો દ્વારા માતાજીને ધજા અર્પણ કરવામાં આવશે. જે બાદ ૧૦ વાગ્યે ધર્મરથનું પ્રસ્થાન કરવામાં આવશે. આ ધર્મરથ દાતા ખાતે રોકાણ કરશે, જ્યાં એક વિચારસભાનું આયોજન કરવામાં આવ્યું છે. જે બાદ આ રથ ફરતો-ફરતો પાલનપુર પહોંચશે, ત્યાં પણ જાહેરસભાનું આયોજન કરવામાં આવ્યું છે. 'લોકશાહી બચાવો, અસ્મિતા ટકાવો'ના સૂત્ર સાથે નીકળેલો આજ રથ પાટણ જિલ્લામાં પણ ફરશે. જે બાદ ક્ષત્રિય સમાજ દ્વારા બારડોલી ખાતે પણ એક મહત્ત્વનું આયોજન કરવામાં આવ્યું છે. રાજ્યમાં કુલ સાત ધર્મરથ કાઢવાની ક્ષત્રિય સમાજે જાહેરાત કરી હતી. કચ્છનો ધર્મરથ ભુજ, માંડવી, મુંદ્રા સહિતના તમામ તાલુકાઓમાં સાત દિવસ સુધી ફરશે અને ભાજપને હરાવવા માટે પ્રચાર કરશે. આ ધર્મરથમાં સર્વે સમાજનાં લોકોને જોડાવવા શ્રી રાજપૂત કરણી સેના કચ્છ, કચ્છ જિલ્લા રાજપૂત ક્ષત્રિય સભા અને રાજપૂત સંસ્થાઓની સંકલન સમિતિ દ્વારા આહવાન કરવામાં આવ્યું છે. લોકશાહી બચાવો અને અસ્તીત્વ ટકાવોના નારા સાથે ધર્મરથ વિવિધ તાલુકાઓમાં ફરશે.

### ગુજરાતમાં મોદી

પોતાનો પ્રચાર પ્રવાસ શરુ કરશે. સૌરાષ્ટ્ર, ઉત્તર ગુજરાત અને મધ્ય ગુજરાતમાં પણ અમિત શાહની સભાઓ ગોઠવાઇ રહી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગુજરાતના સ્થાપના દિને જૂનાગઢથી પ્રચાર પ્રવાસનો આરંભ કરે એવી રીતે આયોજન થયું છે. વડાપ્રધાન તા.૧લીએ બનાસકાંઠા અને આણંદમાં સભા ગજવશે. તા.૨જીએ સુરેન્દ્રનગર, બનાસકાંઠા, ભરુચમાં સભા ગજવી વડોદરામાં રોડ શો કરશે. વડાપ્રધાનનો પ્રવાસ દક્ષિણ ગુજરાતની બેઠકો સિવાય કચ્છ-સૌરાષ્ટ્ર, ઉત્તર ગુજરાત અને મધ્ય ગુજરાતને આવરી લેશે. જેમાં દરેક સભામાં આસપાસની ત્રણ-ચાર બેઠકોને આવરી લેવાશે. ■

### કૉંગ્રેસ ધર્મના આધારે

લાદી લોકોની મિલકત તેમ જ લોકો અને બાળકોના અધિકાર છીનવી લેવા માગે છે. અમુક પરિબળો કૉંગ્રેસના ગઠબંધનવાળી નબળી સરકાર સત્તા પર રહે એમ ઈચ્છે છે કેમ કે તેઓ એમ માને છે કે જો ભારત આત્મનિર્ભર બની જશે તો તેમની દુકાનો બંધ થઈ જશે.

દેશ સમક્ષ હું કૉંગ્રેસની મુસ્લિમ લીગ વિચારધારા રજૂ કરવા માગું છું એમ જણાવતાં મોદીએ કહ્યું હતું કે જે દિવસે કૉંગ્રેસનો ચૂંટણીઢંઢેરો જાહેર થયો હતો તે દિવસે મેં કહ્યું હતું અને આજે પણ કહી રહ્યો છું કે કૉંગ્રેસના ચૂંટણીઢંઢેરામાં મુસ્લિમ લીગની વિચારધારાની છાપ જોવા મળી રહી છે.

જ્યારે બંધારણની રચના કરવામાં આવી હતી ત્યારે ડૉ. બાબાસાહેબ આંબેડકરના વડપણ હેઠળના બૌદ્ધિકો અને મહાનુભવોએ નક્કી કર્યું હતું કે દેશાં ધર્મને આધારે અનામત નહીં હોય. જો અનામત હશે તો તે મારા દલિત અને આદિવાસી ભાઈબહેનો માટે હશે, પરંતુ વૉટ બૅન્કની ભૂખી કૉંગ્રેસે ક્યારેય આ મહાનુભવોના શબ્દોનો અને બંધારણની પવિત્રતાનો આદર નથી કર્યો. વરસો અગાઉ કૉંગ્રેસે આંધ્ર પ્રદેશમાં ધર્મને આધારે અનામતનો અમલ કરવાનો પ્રયાસ કર્યો હતો. કૉંગ્રેસની તત્કાલિન સરકારે સંપૂર્ણ દેશમાં તેનો અમલ કરવાની યોજના ઘડી કાઢી હતી. અનુસૂચિતજાતિ-જનજાતિ અને પછાતજાતિઓની અનામતમાં કાપ મૂકી ધર્મને આધારે ૧૫ ટકા અનામત આપવાનો વિચાર કર્યો હતો. વર્ષ ૨૦૦૯ અને વર્ષ ૨૦૧૪ના ચૂંટણીઢંઢેરામાં પણ કૉંગ્રેસે આ જ વિચારો વ્યક્ત કર્યા હતા. કૉંગ્રેસે સ્પષ્ટ જણાવ્યું હતું કે આ મુદ્દો તે ક્યારેય નહીં છોડે અને એ માટે અનુસૂચિતજાતિ-જનજાતિ અને પછાતજાતિઓની અનામતમાં કાપ મૂકવો પડશે તો એમ પણ કરશે, એમ મોદીએ કહ્યું હતું.

અગાઉ કૉંગ્રેસે કર્ણાટકમાં ધર્મને આધારે અનામતનો અમલ કર્યો હતો, પરંતુ ભાજપની સરકાર સત્તા પર આવ્યા બાદ એ નિર્ણય રદ કરવામાં આવ્યો હતો, એમ મોદીએ કહ્યું હતું. મુસ્લિમોની તમામ કોમનો ઓબીસી શ્રેણીમાં ઉમેરો કરી કર્ણાટકની કૉંગ્રેસ સરકારે વધુ એક પાપ કર્યું હોવાનું મોદીએ કહ્યું હતું. (એજન્સી) ■

### બધા મુસલમાનને

સાલાબંદ, લદાફ, થિકાનગર, બાઝીગારા, જોહારી અને પિંજારીનો સમાવેશ થાય છે. કર્ણાટકના મુસ્લિમોની તમામ જાતિઓ અને સમુદાયોને સરકારી નોકરીઓ અને શૈક્ષણિક સંસ્થાઓમાં અનામતના લાભ આપવામાં આવી રહ્યા છે.

જોકે આ મામલે કર્ણાટકની કૉંગ્રેસ સરકાર તરફથી રાષ્ટ્રીય પછાત આયોગને કોઇ સ્પષ્ટતા આપી નથી. બીજી તરફ ભાજપે આરોપ લગાવ્યો હતો કે કૉંગ્રેસનો પ્રયાસ છે કે તે એસસી, એસટી અને ઓબીસીના અધિકારો મુસ્લિમોને આપી દે.

લોકસભા ચૂંટણી વચ્ચે ભાજપ અનામતના મુદ્દે કૉંગ્રેસ પર સતત નિશાન સાધી રહ્યું છે.

રાષ્ટ્રીય પછાત વર્ગ આયોગના અધ્યક્ષ હંસરાજ આહિરે કહ્યું કે અમે આ મામલે કર્ણાટક સરકારને પૂછ્યું છે કે આ ક્વોટા કયા આધારે આપવામાં આવી રહ્યો છે. અમને આ બાબતે કોઈ સ્પષ્ટતા મળી નથી.

હંસરાજ ગંગારામ આહિરે જાહેર કરેલા નિવેદનમાં જણાવ્યું હતું કે કર્ણાટક સરકારના નિયંત્રણ હેઠળની શૈક્ષણિક સંસ્થાઓમાં પ્રવેશમા અનામત હેતું કર્ણાટકના તમામ મુસ્લિમોને ઓબીસીની રાજ્ય યાદીમાં સામેલ કરવામાં આવ્યા છે.

નિવેદનમાં આગળ વાંચવામાં આવ્યું છે કે, કર્ણાટક સરકારના પછાત વર્ગ વિભાગે રાષ્ટ્રીય પછાત વર્ગોને લેખિતમાં કહ્યું છે કે મુસ્લિમો અને ખ્રિસ્તીઓ જેવા સમુદાયો ના તો જાતિઓ છે કે ના તો ધર્મો છે. કર્ણાટકમાં મુસ્લિમ વસ્તી ૧૨.૯૨ ટકા છે. રાજ્યમાં મુસ્લિમોને ધાર્મિક લઘુમતિ ગણવામાં આવે છે.

એનસીબીસીએ અનામત હેતુઓ માટે મુસ્લિમ સમુદાયને પછાત જાતિ તરીકે વર્ગીકૃત કરવાના કૉંગ્રેસ સરકારના નિર્ણયની ટીકા કરી છે અને કહ્યું છે કે તેનાથી 'સામાજિક ન્યાયનો સિદ્ધાંત' નબળો પડ્યો છે. કમિશને કહ્યું કે આ પગલાથી રાજ્યમાં અન્ય પછાત વર્ગોના અધિકારોનું નુકસાન થયું છે. ■

# કચ્છમાં અંગ દઝાડતી ગરમીઃ ભુજમાં ૪૧ ડિગ્રી મહત્તમ તાપમાન

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ વૈશાખ મહિનાના પ્રારંભને હવે જયારે ગણતરીના દિવસો બાકી રહ્યા છે તેમજ અરબી સમુદ્રમાં હળવા દબાણો સર્જાવવાનું શરૂ થઇ ચૂક્યું છે એ વચ્ચે કચ્છ સહિત રાજ્યના કેટલાક વિસ્તારોમાં સમયાંતરે વરસી રહેલા કમોસમી વરસાદે વિરામ લેતાં ફરી પાછી કાળઝાળ ગરમી પડવાની શરૂઆત થઇ ચુકી છે. રણપ્રદેશ કચ્છમાં બળબળતા તાપે ફરી આક્રમણ શરૂ કરી દેતાં જનજીવન પ્રભાવિત થઇ રહ્યું છે.

કચ્છના મોટાભાગનાં મથકોમાં મહત્તમ તાપમાનનો આંક ૪૦ ડિગ્રીને વટાવી ગયો છે અને ૪૧ ડિગ્રી સે. તાપમાન સાથે ભુજ શહેરે રાજ્યના સૌથી ગરમ મથકોમાં પોતાનું સ્થાન જાળવી રાખ્યું છે. કાકા કાલેલકરે વર્ણવેલી ઉનાળાની બપોર જેમ સ્વચ્છ આકાશ વચ્ચે ધૂળ ઉડાડતા ઉના પવનની હાજરી વચ્ચે અકળાવનારી ગરમીની તીવ્રતા વધુ પ્રમાણમાં અનુભવાઈ રહી છે. કંડલા(એરપોર્ટ) ખાતે પણ ઉષ્ણતામાનનો પારો ૩૯ ડિગ્રીએ પહોંચતાં અંજાર-ગાંધીધામ વિસ્તાર પણ તાપમાં શેકાયા હતા.

આ ઉપરાંત અબડાસા તાલુકાના મુખ્યમથક નલિયામાં ૩૬ ડિગ્રીએ ગરમીમાં આંશિક રાહત અનુભવવા મળી હતી. લઘુતમ પારો પણ ઊંચકાઈને ૨૪થી ૨૬ ડિગ્રીએ પહોંચી જતાં સૂર્યાસ્ત બાદ ઉકળાટથી જનજીવન હાલ અકળાઈ રહ્યું છે. હવામાન વિભાગ દ્વારા સૌરાષ્ટ્ર-કચ્છના કેટલાક વિસ્તારોમાં આગામી સપ્તાહ દરમ્યાન મહત્તમ પારો ૪૦થી ૪૩ ડિગ્રીની આસપાસ રહેવાની આગાહી કરી છે. ■

# સુરતમાં એએસઆઇનો ભાઇ પાંચ લાખની લાંચ લેતા ઝડપાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરતમાં એસીબીએ છટકું ગોઠવી ઇકો સેલના એએસઆઈ વતી પાંચ લાખની લાંચ લેતા એએસઆઈના ભાઈને ઝડપી પાડ્યો હતો. વેપારી પાસે ૧૫ લાખની લાંચ માગવામાં આવી હતી દરમ્યાન પાંચ લાખ લેવા જતા એસીબીએ છટકું ગોઠવી તેના ભાઈને ઝડપી પાડ્યો હતો. એસીબીએ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર સુરત ઇકો સેલના એએસઆઈ સાગર પ્રધાને મુંબઈમાં નોંધાયેલા છેતરપિંડીના ગુનામાં સુરતના વેપારી અને તેના ભાગીદારને પકડી તેની ઓફિસમાંથી લેપટોપ, ડીવીઆર, કંપનીના દસ્તાવેજ અને ડાયમંડનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. વેપારીને મુંબઈ પોલીસને સોંપી દીધો હતો. દરમ્યાન વેપારીના ભાગીદારને છોડવાના તથા જપ્ત કરેલો સમાન છોડવાના અવેજ પેટે ૧૫ લાખની માગ કરવામાં આવી હતી જેમાં પાંચ લાખ આપવા જણાવ્યું હતું.

જો કે આ સમગ્ર મામલે એસીબીમાં ફરિયાદ થતા એસીબીએ છટકું ગોઠવ્યું હતું અને એસએસઆઈ વતી પાંચ લાખની લાંચ લેતા તેના ભાઈ ઉત્સવ પ્રધાનને કતારગામ અલકાપુરી બ્રીજ પાસેથી ઝડપી પાડ્યો હતો. એસીબીએ વધુ તપાસ હાથ ધરી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે, થોડા દિવસ પહેલા લાલગઢ પોલીસ સ્ટેશનમાં એસીબીની ટ્રેપમાં લાંચ લેતા પકડાયેલી મહિલા પીએસઆઈએ લાંચના રૂપિયા લેવા માટે પોતાના પુત્રને મોકલ્યો હતો અને તેને પણ એસીબીએ ઝડપી પાડ્યો હતો. ■

# કુંભાણી સામે હવે ટેકેદારોની ખોટી સહી અંગે કાર્યવાહી થશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતની સુરત લોકસભા બેઠક પર કૉંગ્રેસના ઉમેદવાર તરીકે ઉમેદવારીપત્ર ભર્યા બાદ નીલેશ કુંભાણીના ટેકેદારોએ સોગંદનામું કરીને તેમની સહી નહીં હોવાની રજૂઆત કરતા ફોર્મ કેન્સલ થયું હતું. આ આખા મામલામાં કુંભાણીની ભૂમિકા શંકાસ્પદ હોવાની કૉંગ્રેસના કાર્યકરો દ્વારા તેમના સામે મોરચો ખોલવામાં આવ્યો છે બીજી બાજુ ઉમેદવારીપત્રમાં ખોટી સહીઓ કરવાના મામલે હવે ચૂંટણી અધિકારી દ્વારા તેમની સામે કાર્યવાહી પણ શરૂ થશે.

રાજ્યના મુખ્ય ચૂંટણી અધિકારી પી. ભારતીએ કૉંગ્રેસના સુરતના ઉમેદવાર નીલેશ કુંભાણીના ત્રણ સમર્થકોએ પોતાની સહીઓ કુંભાણીના ઉમેદવારીપત્રમાં ખોટી દર્શાવાઈ હોવાનું એફિડેવિટ ઉપર જણાવ્યું છે ત્યારે નીલેશ કુંભાણી સામે ખોટી સહીઓ રજૂ કરવા બાબતે ફોર્જરીનો ગુનો બને છે, પણ આરઓ તરફથી કોઈ કાયદાકીય પગલાં લેવાયા નથી એ સંજોગોમાં ચૂંટણીપંચ આ બાબતે રિટર્નીંગ ઑફિસરનો ખુલાસો માગશે અને નીલેશ કુંભાણી સામે કાર્યવાહી પણ થશે, અલબત્ત આ કિસ્સામાં જે પણ કાર્યવાહી કરવાની થશે તે આરઓ દ્વારા જ થશે.

ભાજપના ઉમેદવાર મુકેશ દલાલને વિજયી ઘોષિત કરતાં પહેલાં નીલેશ કુંભાણી સામે કાર્યવાહી કરવાની જરૂર હતી તે કાર્યવાહી આરઓ દ્વારા થઈ નથી. પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું કે, દસ્તાવેજમાં ખોટી સહીના મામલામાં આઇપીસી ૪૬૫થી ૪૭૧ સુધી કલમોની જોગવાઈઓ મુજબ કાર્યવાહી કરવાની થાય છે. ■

# ગીર અભયારણ્યમાં સિંહોના મોતને મામલે હાઇ કોર્ટે તંત્રની ઝાટકણી કાઢીઃ તપાસના નિર્દેશ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગીર અભયારણ્ય વિસ્તારમાં સિંહોના અકાળે થતાં મૃત્યુના મામલે સુઓમોટો રિટ પિટિશનની સુનાવણીમાં હાઇ કોર્ટે રાજ્ય સરકાર અને રેલવે વિભાગની ઝાટકણી કાઢી હતી.

ચીફ જસ્ટિસ સુનિતા અગ્રવાલ અને જસ્ટિસ અનિરુદ્ધ પી. માયીની ખંડપીઠે એવી માર્મિક ટકોર કરી હતી કે, ત્રણ-ત્રણ સિંહો મૃત્યુ પામ્યા ત્યાં સુધી ઓથોરિટીએ કોઇ કાર્યવાહી જ કરી નહોતી, એ દર્શાવે છે કે તંત્ર ગાઢ નિદ્રામાં હતું. એટલું જ નહીં, સિંહોના મૃત્યુ અટકાવવા માટે તંત્રે વિવેકબુદ્ધિનો ઉપયોગ પણ કર્યો નથી.' હાઇ કોર્ટે આ મામલે ખાતાકીય તપાસ નહીં પરંતુ ઉચ્ચ સ્તરીય તપાસ કરવાના નિર્દેશ આપી રેલવે અને વન વિભાગના સેક્રેટરીને નિર્દેશ આપ્યા છે. આ કેસની વધુ સુનાવણી તા. ૨૬મી જૂનના રોજ મુકરર કરી છે.

કેસની સુનાવણીમાં હાઇ કોર્ટે સરકારને સવાલ કર્યો હતો કે, ત્રણ સિંહોના મૃત્યુના કેસમાં તમે ખાતાકીય તપાસ કરો છો એનો જવાબ અમને નથી જોઇતો, પરંતુ જે ઘટના બની એના માટેની ઉચ્ચ સ્તરીય તપાસ તમે ક્યાં કરી છે એ બતાવો. અમે તમારી ઉપર સીધેસીધો દોષ મૂકી રહ્યા છીએ કે તમારે જે તપાસ કરવી જોઇતી હતી, એ કરી નથી. તમે ઇનહાઉસ તપાસ કરી છે અને જે કર્મચારીની ભૂલ જણાઇ એની સામે પગલાં લઇ લીધાં છે, પરંતુ જે ઘટના બની એવી ઘટના ફરીથી ન બને એના માટે શું સુનિશ્ચિત કર્યું? શું કાર્યવાહી કરી?' ખંડપીઠે એવી ગંભીર ટકોર પણ કરી હતી કે, આજ સુધી કોઇ ઓથોરિટીએ સિંહોના મૃત્યુ અટકાવવા માટે પોતાની વિવેકબુદ્ધિનો ઉપયોગ જ કર્યો નથી. અધિકારીઓ પોતાના એસી ચેમ્બર્સમાં બેસીને નિર્ણયો કરી શકે નહીં.

એક નિશ્ચિત વિસ્તારમાં જ છેલ્લા કેટલાંક વર્ષોથી સિંહોના અકસ્માત થઇ રહ્યા છે અને આ વિસ્તાર ૭૦ કિમી જેટલો છે. તેમ છતાંય કોઇ અસરકારક કાર્યવાહી કરવામાં આવી નથી. રેલવે ડિવિઝનલ મેનેજર અને ચીફ કન્ઝર્વેટર ઓફિસરને તો કંઇ ખબર જ નહોતી કે તેમના વિસ્તારમાં કંઇ થયું છે. તેઓ જે-તે વિસ્તારના ઉચ્ચ અધિકારીઓ છે અને એમની જવાબદારી બને છે કે કોઇ ઘટના બને તો તેની તપાસ કરીને રિપોર્ટ તૈયાર કરે અને જવાબદારો સામે કાર્યવાહી કરે, પરંતુ હાઇ કોર્ટે કાર્યવાહી કરી ત્યાં સુધી તો તેમને ખબર જ નહોતી કે તેમના વિસ્તારમાં કોઇ દુર્ઘટના ઘટી છે.' હાઇ કોર્ટે હાલ પૂરતા મૌખિક નિર્દેશ આપતાં ત્રણ અકસ્માતો મામલે અમે ઉચ્ચ સ્તરીય તપાસના આદેશો આપ્યા છે અને સિંહોના મૃત્યુ છતાંય શા માટે રેલવે અને વન વિભાગ કાર્યવાહી કેમ કરી રહી નથી તેની સ્પષ્ટતા માગી છે.

ખંડપીઠે એવી ટકોર પણ કરી હતી કે, 'ત્રણ ઘટનાઓ બની છે અને રેલવે તથા વન વિભાગ એકબીજા ઉપર જવાબદારી નાખી રહ્યા છો. અમે સીધો અને સરળ સવાલ કરી રહ્યા છીએ. તમારી જવાબદારી હેઠળની કાળજી હેઠળ ત્રણ સિંહો મૃત્યુ પામ્યાં અને તમે શું કર્યું અને શું તમે રેલવે સાથે પરામર્શ કર્યો કે આ દુર્ઘટનાઓ કઇ રીતે રોકી શકાય?

રેલવે અને વન્ય વિભાગની કામગીરી કરવાની પદ્ધતિ સામે અમને સખત વાંધો છે અને હવે અમે તેમની સામે ઉચ્ચ સ્તરીય તપાસના આદેશો કરી રહ્યા છીએ. તમે તમારી જાતને બચાવવાનો લૂલો પ્રયત્ન માત્ર કરી રહ્યા છો. અમારા આદેશ બાદ જ તમે કામ કરી રહ્યા છો, તમે એની પહેલાં ચુપચાપ બેઠા રહ્યા છો. તમે જાગૃત જ નથી અને ત્રણ ત્રણ દુર્ઘટનાઓ બની ગઇ ત્રણ સિંહો મૃત્યુ પામ્યાં એ દર્શાવે છે કે તંત્ર ગાઢ નિંદ્રામાં હતું.' હાઇ કોર્ટ સમક્ષ રેલવે વિભાગે દલીલ કરી હતી કે 'થોડા દિવસ પહેલા રેલવે ટ્રેક પર એક સિંહ બેઠેલો જોવા મળ્યા હતો. એ સ્થળેથી ટ્રેન પસાર થઇ રહી હતી, પરંતુ તાત્કાલિક ટ્રેન રોકી દેવામાં આવી હતી અને એક સિંહને બચાવી લેવામાં આવ્યો હતો.

ચીફ જસ્ટિસ અત્યંત સૂચક ટકોર કરી હતી કે, તો આ માટે રેલવેને 'પદ્મશ્રી' એવોર્ડ આપવો જોઇએ. જ્યાં સુધી તમારા માથે તલવાર લટકતી રહેશે ત્યાં સુધી તમે કંઇ કરતાં રહેશો. જે વ્યક્તિ આ ઘટનાઓ માટે જવાબદાર છે એમની ઉપર કાર્યવાહીની તલવાર એકવાર પડવા દો. આ યોગ્ય નથી. તમારી જવાબદારી છે સિંહોનું રક્ષણ કરવાની.' ■

# અમદાવાદમાં એક રાતમાં બે હત્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરમાં એક જ રાતમાં બે હત્યાની ઘટના બની હતી. શહેરના પૂર્વ વિસ્તારમાં આવતા દાણીલીમડામાં અગાઉના ઝઘડાની અદાવત રાખીને યુવકની હત્યા કરી હતી, જ્યારે પશ્ચિમ અમદાવાદમાં દુકાનદાર સાથે ઘર્ષણ કરનાર સગીર યુવકને સમજાવવા જતા રીક્ષાચાલકની સગીરે હત્યા કરી હતી. પોલીસે ગુનો નોંધી આરોપીઓને ઝડપી પાડવા ચક્રોગતિમાન કર્યા હતા.

પ્રાપ્ત માહિતી અનુસાર અમદાવાદ શહેરમાં ગણતરીના કલાકોમાં જ એક જ રાતમાં હત્યાના બે બનાવો બન્યા હતા. શહેરના આશ્રમ રોડ ઉપર જીતુ ઉર્ફે જીતેન્દ્ર દંતાણી નામનો રીક્ષાચાલક રીક્ષા લઈને ઊભો હતો. તે દરમિયાન એક સગીર યુવક પોતાના નાના ભાઈ સાથે આવ્યો હતો અને દુકાનમાં હાજર કર્મી સાથે બોલાચાલી કરી રહ્યો હતો. તે દરમિયાન જીતુ દંતાણીએ તેને સમજાવવાનો પ્રયાસ કર્યો હતો, તે દરમિયાન સગીરે તેઓની પાસે રહેલી છરી મારી હતી, જેમા યુવકનું મોત નિપજ્યું હતું. પોલીસે સગીર વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી.

બીજો બનાવ શહેરના દાણીલીમડા વિસ્તારમાં જુબેર કુરેશી (ઉં.વ.૩૧) નામના યુવકની સૈયદ નામના આરોપીએ તીક્ષ્ણ હથિયારના ઘા મારી હત્યા કરી હતી. બંને વચ્ચે છેલ્લા પાંચ મહિનાથી બોલાચાલી અને અદાવત ચાલતી હતી. ઝુબેરની એકલતાનો લાભ લઈ યુસુફે તેના પર હુમલો કર્યો હતો. ગળાના અને છાતીના ભાગે જીવલેણ ઇજાઓ પહોંચાડતા સારવાર માટે હૉસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો, જ્યાં ફરજ પરના તબીબે તેને મૃત જાહેર કર્યો હતો. પોલીસે હત્યાનો ગુનો નોંધી ફરાર યુસુફની ધરપકડના ચક્રો ગતિમાન કર્યા હતા. ■

# અમદાવાદમાં ફૂડ વિભાગ દ્વારા ૧૧૫ એકમોમાં તપાસ : ૫૪ને નોટિસ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેર કોર્પોરેશનના ફૂડ વિભાગ દ્વારા ૧૧૫ જેટલા ખાદ્ય ધંધાકીય એકમોની તપાસ કરી ૫૪ જેટલી નોટિસ ઈશ્યૂ કરવામાં આવી હતી. ઉપરાંત તપાસ દરમિયાન ૭ જેટલા શંકાસ્પદ નમૂના જણાતા તપાસ માટે મોકલવામાં આવ્યા હતા. ફૂડ વિભાગ દ્વારા ઉનાળા દરમિયાન આઈસક્રીમ તથા જ્યૂસ સહિતના ખાદ્ય પદાર્થનું વેચાણ કરતા એકમોમાં સઘન ચેકિંગ કરવામાં આવશે. ઉપરાંત લાઈસન્સ વગર ધંધો કરતા એકમો સામે પણ તપાસ કરી કાર્યવાહી કરવાની ચીમકી ઉચ્ચારવામાં આવી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર અમદાવાદ મનપાના હેલ્થ વિભાગના ફૂડ ડિપાર્ટમેન્ટ દ્વારા અધિક આરોગ્ય અધિકારીના માર્ગદર્શન હેઠળ અમદાવાદ શહેરના સાતેય ઝોનમાં ડેપ્યુટી હેલ્થ ઓફિસરના સંકલનમાં રહી ફૂડ ડિસ્ટ્રિક્શન અંગેની કામગીરી હાથ ધરવામાં આવી હતી. જેમાં ફૂડ ડિપાર્ટમેન્ટ દ્વારા ૧૧૫ જેટલા ખાદ્ય ધંધાકીય એકમોની તપાસ કરવામાં આવી હતી. તપાસ દરમિયાન ૫૪ જેટલી નોટિસ ઈશ્યૂ કરવામાં આવી હતી. ઉપરાંત સાત જેટલા શંકાસ્પદ નમૂના તપાસ માટે લેવામાં આવ્યા હતા. ફૂડ વિભાગ દ્વારા ૯૬ કિ.ગ્રા. અને ૧૫૯ લિટર જેટલો બિન આરોગ્યપ્રદ ખાદ્ય પદાર્થનો નાશ કરવામાં આવ્યો હતો. જ્યારે રૂ. ૪૦ હજાર જેટલો વહીવટી ચાર્જ વસૂલ કરવામાં આવ્યો હતો. મનપાના ફૂડ વિભાગની ટીમ દ્વારા ઉનાળાના દિવસોમાં આઈસક્રીમ, વિવિધ પ્રકારના જ્યૂસ, ઠંડાંપીણાં, બરફના ગોળા, પાણીપૂરી, ફાસ્ટ ફૂડ તથા ખાદ્ય પદાર્થનું વેચાણ કરતા લારી- ગલ્લા અને ખાણી-પીણી બજારો વગેરે તેમજ અલગ અલગ વોર્ડ વાઈઝ સઘન ચેકિંગની કામગીરી કરવામાં આવશે. ઉપરાંત આવનારા દિવસોમાં લાઈસન્સ, રજિસ્ટ્રેશન વગર ધંધો કરતા એકમોનું પણ સઘન ચેકિંગ કરવામાં આવશે. ચેકિંગ દરમિયાન લાઈસન્સ, રજિસ્ટ્રેશન વગર ધંધો કરતા એકમો જણાશે તો સીલ સુધીના કડક પગલાં લેવામાં આવશે. ■

# ડભોઈ નજીક ઓરસંગ નદીમાં યુવાનને મગરે ફાડી ખાધો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વડોદરા જિલ્લાના ડભોઇ તાલુકાના ફૂલવાડી ગામે ઓરસંગ નદીમાં ટ્રકોમાં રેતી ભરવાની મજૂરી કામ કરતા યુવાનો મંગળવાર રાત્રિના સમયે નદીમાં નહાતા હતા. તે દરમિયાન એક યુવાનને મગર ખેંચી જતા મગરનો શિકાર બનેલા યુવાનનો મૃતદેહ બુધવારે મળી આવ્યો હતો. ઘટનાને પગલે લોકોમાં ભયનો મહોલ ફેલાયો હતો.

પ્રાપ્ત માહિતી અનુસાર ફૂલવાડી ગામે ઓરસંગ નદીમાં ચાર મિત્રો નહાવા પડ્યા હતા. તે દરમિયાન મગરે હુમલો કર્યો હતો. એક યુવાનને ખેંચી ગયો હતો. મગર નદીમાં ખેંચી જતા યુવાન લાપતા બન્યો હતો. જેનું નામ મેહુલ ભરવાડ (ઉંમર વર્ષ ૨૧ રહે. ગામ પીપળીયા, તા.જી. બોટાદ)નો જાણવા મળ્યું હતું. આ યુવાન ઓરસંગ નદીમાં ચાલતી લીઝમાં રેતી ભરવાની મજૂરી કરતો હતો. નદીમાં લાપતા યુવાનની મોડી સાંજ સુધી નેચર હેલ્પ ફાઉન્ડેશન તેમ જ વડોદરા અને ડભોઇના ફાયર ફાઇટરોએ શોધખોળ આદરી છતાં સફળતા મળી ન હતી.

બુધવારે યુવાનનો મૃતદેહ કિનારે તણાઇ આવતા પરિવારજનોએ પોલીસને જાણકારી આપતા યુવાનના મૃતદેને બહાર કાઢી પોલીસે પીએમ અર્થે ડભોઇ રેફરલ હૉસ્પિટલ ખસેડયો હતો. ■

# ભાજપના નેતાઓના મનામણાને ક્ષત્રિય સમાજ માનતો નથી

## ક્ષત્રિય આંદોલન પાર્ટ-૨નો પ્રારંભ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટ લોકસભા ભાજપના ઉમેદવાર પરષોત્તમ રૂપાલાની ટિપ્પણી પછી ઊભા થયેલા વિવાદમાં હવે ક્ષત્રિય સમાજ દ્વારા આંદોલન પાર્ટ-૨નો બુધવારથી આરંભ થયો હતો અને આ આંદોલનમાં સમાજ દ્વારા હવે ભાજપની પ્રચાર બેઠકો, સભાઓમાં પણ કેસરીયા ઝંડા સાથે વિરોધ પ્રદર્શન તથા ભાજપ વિરુદ્ધ મતદાન કરવા મતદાર જાગૃતિ, ધર્મ રથયાત્રાની શરૂઆત થવાની છે. આ આંદોલનની સામે ડેમેજ કન્ટ્રોલ માટે ભાજપ દ્વારા સઘન પ્રયાસો શરૂ કરવામાં આવ્યા છે. છેલ્લા કેટલાક દિવસોમાં રાજકોટ, જામનગર, ભાવનગર અને કચ્છમાં બેઠકો બાદ પ્રદેશ સંગઠન મહામંત્રી રત્નાકર તથા ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ ડીસા પહોંચી બનાસકાંઠા તથા પાટણના ક્ષત્રિય સમાજના આગેવનો તથા ભાજપના સંગઠનના આગેવાનો સાથે બંધબારણે બેઠક યોજી હતી.

ડીસાની એક હોટલ ખાતે પાટણના સાંસદ અને ઉમેદવાર ભરતસિંહ ડાભી, બનાસકાંઠાના સાંસદ પરબત પટેલ, બંને લોકસભાના ધારાસભ્યો, જિલ્લા-તાલુકાના આગેવાનો તથા ક્ષત્રિય સમાજના અગ્રણીઓ હાજર રહ્યા હતા. બંધબારણે યોજાયેલી બેઠકમાં ક્ષત્રિય સમાજના આગેવાનોને ભાજપ સાથે એક મંચ પર આવવા અને ક્ષત્રિય સમાજના રોષને શાંત પાડવા સાથે તમામને જવાબદારી આપી હોવાની ચર્ચા છે. એ જ રીતે ભાજપને ક્ષત્રિય સમાજથી ક્યાંય નુકસાન ન થાય તેની જવાબદારી સોંપવામાં આવી છે. ક્ષત્રિય સમાજે રૂપાલાની બે વખત માફી, પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલે માફી આપવાની વિનંતી તથા ભાજપના સમજાવટના પ્રસ્તાવને ફગાવી દીધો હતો અને આંદોલન પાર્ટ-૨ શરૂ કરવાની ઘોષણા કરી હતી. ક્ષત્રિય સમાજે રાજકોટમાં રૂપાલાને હરાવવા ઉપરાંત પ્રભાવી મતદાન કરી અન્ય આઠ બેઠકો પર ભાજપ વિરુદ્ધ મતદાન માટે કમિટીઓની રચના કરી છે. આ સંજોગોમાં ભાજપે ડેમેજ કન્ટ્રોલની પ્રક્રિયામાં ભાજપ સાથે સંકળાયેલા, શુભેચ્છક ક્ષત્રિય આગેવાનો અને સ્થાનિક સંગઠનના પદાધિકારીઓની બેઠકો યોજી છે. ભાજપની દલીલ છે કે દેશના વિકાસ માટે હાલ વડા પ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ત્રીજી વખત સરકાર બનાવવા દેશભરમાં એક હકારાત્મક વાતાવરણ છે ત્યારે ગુજરાતમાં પણ ભાજપ તમામ બેઠકો પર જીત હાંસલ કરે તે જરૂરી છે. આ સંજોગોમાં ક્ષત્રિય સમાજ પોતાની નારાજગી દૂર કરે અને રાષ્ટ્રના વિકાસમાં સહયોગી બને, ભાજપ સાથે જોડાયેલો રહે એવી અપીલ કરવામાં આવી છે. ■

# કચ્છના અંતરિયાળ વિસ્તારોમાં પીવાના પાણીની વિકટ સમસ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ આકરા ઉનાળાની શરૂઆત સાથે જ રણપ્રદેશ કચ્છના અંતરિયાળ વિસ્તારોમાં પીવાના પાણીની સમસ્યા વિકટ બની રહી છે. ખાસ કરીને પશુપાલનના વ્યવસાય સાથે સંકળાયેલાં ગામોમાં અત્યારથી જ પાણીની પારાયણ સર્જાતા ગામના લોકો પાણી માટે વલખાં મારી રહ્યા છે.

કચ્છનો ખાવડા અને બન્ની વિસ્તારનો મુખ્ય વ્યવસાય પશુપાલન છે. અહીં ઉનાળામાં ઘાસ અને પાણીની સમસ્યા કારણે માલધારીઓને હિજરત કરવાની નોબત આવવાની ભીતિ સેવાઈ રહી છે. આગામી દિવસોમાં પાણીની સમસ્યા વિકટ બને તેવું જુદા જુદા ડેમ-તળાવોની જળસપાટીને જોઈને અત્યારથી જ લાગી રહ્યું છે. ■

# ભરૂચમાં ૧૫ લાખના ગાંજાના છોડ અને એમડી ડ્રગ્સ સાથે ત્રણ પકડાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ભરૂચ જિલ્લાની પોલીસે ગાંજો અને એમડી ડ્રગ્સ સપ્લાય કરતા ત્રણ આરોપીઓને ઝડપી પાડ્યા હતા.

પોલીસે ગુનો નોધી ૩.૫૧૨ કિ.ગ્રામ ગાંજાનો જથ્થો જપ્ત કરી વધુ તપાસ હાથ ધરી હતી.

ભરૂચ પોલીસની ટીમે બાતમીના આધારે ભરૂચના પીરકાંઠી રોડ ઉપર આવેલ ગરીબ નવાઝ એપાર્ટમેન્ટ અબદલવાડ પાસેથી એમડી ડ્રગ્સનો જથ્થો વજન ૧૩૦.૦૭ કિ.ગ્રામ કિંમત રૂપિયા ૧૩,૦૭,૦૦૦ તથા ગાંજાનો જથ્થો વજન ૨૩૮.૮૭ કિ.ગ્રામની કિંમત ૨,૩૮૮ તથા રોકડા રૂપિયા ૪૫,૯૨૦ તેમ જ બે મોબાઈલ કિમત રૂપિયા ૧૦,૦૦૦ મળી કુલ ૧૩,૬૫,૫૦૮ નો મુદ્દામાલ જપ્ત કરી આરોપી અમીન ઉર્ફે જાવીદ હનીફ ઈબ્રાહીમ મલેક અને બુલબુલ દેવી સહિત ત્રણેય ઈસમોને ઝડપી પાડી ૧૫,૨૮,૯૨૮ નો મુદ્દામાલ જપ્ત કરી વધુ તપાસ હાથ ધરી હતી. ■

# નીલેશ કુંભાણી વેચાઈ ગયાની

## સુરતના પૂર્વ કોર્પોરેટર ફરિયાદ નોંધાવવા પહોંચ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરત લોકસભા બેઠક બિનહરિફ જાહેર થઈ છે. સમગ્ર નાટકીય ઘટનાક્રમમાં કૉંગ્રેસના ઉમેદવાર જવાબદાર હોવાનું બહાર આવી રહ્યું છે. નિલેશ કુંભાણીના ટેકેદારોએ ફોર્મમાં સહી ખોટી હોવાનું જાહેર કર્યું હતું. જેથી નિલેશ કુંભાણીએ સગાં સંબંધીઓ સાથે મળીને સમગ્ર ખેલ પાડ્યો હોવાની રાવ સાથે પૂર્વ કોર્પોરેટર વરાછા પોલીસમાં ફરિયાદ આપવા પહોંચ્યા હતાં. જોકે, પોલીસે ફરીયાદ ન લીધી હોવાનું જાણવા મળ્યુ હતું.

પ્રાપ્ત માહિતી અનુસાર નિલેશ કુંભાણી વેચાઈ ગયા હોવાની રાવ કરતાં કાયદેસરની ફરિયાદ નોંધવાની માગ સાથે પૂર્વ કોર્પોરેટર દિનેશ કાછડિયા પોલીસ મથકે પહોંચ્યા હતાં. જ્યાં તેમણે નિલેશ કુંભાણીની કરતૂતથી જનતા સાથે દ્રોહ થયો હોવાથી ગુનો નોંધવાની માગ કરી છે. આપના નેતા અને પૂર્વ કોંગી કોર્પોરેટર એવા દિનેશ કાછડિયા ફરિયાદ નોંધાવવા પહોંચ્યા હતા. જ્યાં તેમને પોલીસે ઈલેક્શન કમિશનમાં ફરિયાદ દાખલ કરવા કહ્યું હતું.

દિનેશ કાછડિયાએ કહ્યું હતું કે, મતનો અધિકાર સામાન્ય લોકોનો છીનવાયો છે. નિલેશ કુંભાણી અને તેમના ટેકેદારો વેચાઈ ગયા છે. ભાજપ પાસે બહુ બધા રૂપિયા છે. ઈલેક્ટોરલ બોન્ડના નામે કરોડો રૂપિયા ઉઘરાવ્યાં છે. જેથી મતનો અધિકાર શહેરીજનોનો છીનવનાર સામે ફરિયાદ દાખલ કરવા માગ કરી હતી. પરંતુ પોલીસે નથી લીધી. કોર્ટમાં જવાની પણ અમારી તૈયારી છે. ■

# રૂપાલાને દૂર ન કરવાનું પરિણામ ભાજપ ભોગવશેઃ પ્રજ્ઞાબા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃરાજકોટ બેઠક પરથી ચૂંટણી લડી રહેલા ભાજપના નેતા પરષોત્તમ રૂપાલા સામે ચાલી રહેલું ક્ષત્રિય સમાજનું આંદોલન આજથી સમગ્ર રાજ્યમાં પ્રસરાવા માટે ક્ષત્રિય સમાજ દ્વારા ધર્મ રથ યોજીને શરૂ કરવામાં આવ્યું છે.

આ ટાણે રૂપાલાને હટાવવા માટે ઉપવાસ પર બેઠેલા સમાજના મહિલા અગ્રણી પજ્ઞાબાએ જણાવ્યું હતું કે, રાજ્યભરમાં હવે ભાજપને રૂપાલાને નહીં હટાવવાનું પરિણામ ભોગવવું પડશે. આંદોલનકારી પ્રજ્ઞાબાએ જણાવ્યું છે કે અમે ભાજપ વિરોધી મતદાન કરીશું. પરષોત્તમ રૂપાલાને દૂર ન કરવાનું પરિણામ ભાજપ ભોગવશે. ધર્મરથની આજથી શરૂઆત થઈ છે. ઉપવાસ આંદોલન પણ યથાવત છે. ધર્મરથના માધ્યમથી ભાજપને જવાબ મળશે. ક્ષત્રિય આગેવાનોને તોડવાનો પ્રયત્ન ભાજપનો નિષ્ફળ રહ્યો છે. ક્ષત્રિયનું અપમાન કરનાર ભાજપને માન મળશે નહિ. ક્ષત્રિય સમાજ સાથે અન્ય સમાજે પણ સમર્થન આપ્યું છે. ધર્મરથથી અહિંસક લડત કરી રૂપાલા અને પક્ષ સામે મતદાન કરીશું. રાજકીય આગેવાનો આંદોલનકારીને તોડી શકશે નહિ. ■

# સુરેન્દ્રનગરમાં ભાજપનું મધ્યસ્થ કાર્યાલય ક્ષત્રિય સમાજે ખાલી કરાવ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટની લોકસભા બેઠકનાં ભાજપનાં ઉમેદવાર પરષોત્તમ રૂપાલાના વિવાદાસ્પદ વિધાનો સામેનું ક્ષત્રિય સમાજનું આંદોલન વધુ આક્રમક બનવા લાગ્યુ છે. ક્ષત્રિય સમાજે સુરેન્દ્રનગરમાં ભાજપનું મધ્યસ્થ કાર્યાલય ખાલી કરાવતાં રાજકીય સોંપો પડી ગયો છે. ભાજપનું મધ્યસ્થ કાર્યાલય ક્ષત્રિય સમાજની જગ્યામાં ખોલવામાં આવ્યું હતું.

રૂપાલા સામેનાં આંદોલનને ભાગરૂપે સમાજના યુવાનોએ ભાજપનું મધ્યસ્થ કાર્યાલય ખાલી કરવાનું અલ્ટીમેટમ આપતા ભાજપ દ્વારા રાતોરાત તે ખાલી કરી દેવામાં આવ્યું હતું. આ સ્થળની નજીકની ખાનગી શાળામાં મધ્યસ્થ કાર્યાલય ખોલવામાં આવ્યુ હતું. ભાજપના ઉમેદવાર ચંદુભાઈ શિહોરા તથા ભાજપનાં પ્રચારના હોર્ડીંગ્સ-બેનર ઉપરાંત પ્રચાર વ્યવસ્થા માટેના કન્ટ્રોલ રૂમની માળખાકીય સુવિધા પણ ખસેડી લેવામાં આવી હતી.

પરષોત્તમ રૂપાલાની ઉમેદવારી ભાજપે રદ નથી કરી અને પરષોત્તમ રૂપાલાના વાણી વિલાસ મુદ્દે ક્ષત્રિય સમાજ લાલઘુમ છે ત્યારે સુરેન્દ્રનગર જિલ્લામાં લોકસભાની બેઠક ઉપર પણ તેની અસર ભાજપ પર પડી છે. ખાસ કરીને સુરેન્દ્રનગરના ધાંગધ્રા રોડ ઉપર બનાવવામાં આવેલું ભાજપનું કાર્યાલય ખાલી કરવામાં આવ્યું છે ક્ષત્રિય સમાજની જગ્યામાં આ કાર્યાલય ઊભું કરવામાં આવ્યું હતું તે સમયે વિરોધ ન હતો અને કોઈપણ પ્રકારના વાણી વિલાસનો મુદ્દો પણ ન હતો તે સમયે આ કાર્યાલય ખોલવામાં આવ્યું હતું.

જે સ્થળે ભાજપનું મધ્યસ્થ કાર્યાલય બનાવવામાં આવ્યું હોય તે જગ્યા ક્ષત્રિય સમાજની હોવાના કારણે હાલની પરિસ્થિતિ મુજબ આ કાર્યાલય ખાલી કરવામાં આવ્યું છે. જો કે ક્ષત્રિય સમાજના યુવકો દ્વારા આ કાર્યાલય ખાલી કરાવવા મુદ્દે અલ્ટીમેટમ આપવામાં આવ્યું હતું. ત્યારબાદ આજે ભાજપ દ્વારા આ કાર્યાલય ખાલી કરી અને બાજુમાં આવેલી ખાનગી શાળામાં આ કાર્યાલય ખસેડવામાં આવ્યું છે.

પરષોત્તમ રૂપાલાના વાણી વિલાસના પગલે સુરેન્દ્રનગર જીલ્લા ભાજપની ચિંતામાં એક તરફ વધારો થયો છે કેટલાક ગામોમાં કાર્યક્રમમાં બદલવા પડી રહ્યા છે અને કેટલાક ગામોમાં હજુ સુધી ભાજપના આગેવાનો પ્રચાર માટે પણ ન જઈ શક્યા હોય તેવા પ્રકારના કિસ્સાઓ સામે આવ્યા છે. ■

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# ખાનગી મિલકત જનહિત માટે હસ્તગત કરી શકાય નહીં, એમ કહેવું ખતરનાક હશેઃ સુપ્રીમ કોર્ટ

નવી દિલ્હીઃ સુપ્રીમ કોર્ટે બુધવારે જણાવ્યું હતું કે બંધારણ સામાજિક પરિવર્તનની ભાવના લાવવાનો હેતુ ધરાવે છે અને એમ કહેવું ખતરનાક હશે કે વ્યક્તિની ખાનગી સંપત્તિને સમુદાયના ભૌતિક સંસાધનો તરીકે ગણી શકાય નહીં અને સામાન્ય સારા હેતુ માટે રાજ્ય સત્તાવાળાઓ દ્વારા કબજો લઈ શકાય નહીં.

ચીફ જસ્ટિસ ડી. વાય. ચંદ્રચુડની આગેવાની હેઠળની નવ ન્યાયાધીશોની ખંડપીઠ દ્વારા મુંબઈના પ્રોપર્ટી ઓનર્સ એસોસિએશન (પીઓએ) સહિતના પક્ષકારોના વકીલે જ્યારે ખાનગી માલિકીના સંસાધનોને સમુદાયના ભૌતિક સંસાધનો ગણી શકાય કે કેમ તે અંગે દલીલો હાથ ધરતાં બંધારણની કલમ ૩૯ (બી) અને ૩૧-સી ની બંધારણીય યોજનાઓની આડમાં ખાનગી મિલકતો રાજ્ય સત્તાવાળાઓ દ્વારા હસ્તગત કરી શકાતી નથી તેવી ઉગ્ર રજૂઆતો કરી ત્યારે આ અવલોકનો કરવામાં આવ્યા હતા.

રાજ્ય નીતિના નિર્દેશક સિદ્ધાંતો (ડીપીએસપી) નો ભાગ રહેલા બંધારણની કલમ ૩૯ (બી) હેઠળ ખાનગી મિલકતોને સમુદાયના ભૌતિક સંસાધનો તરીકે ગણી શકાય કે કેમ તે અંગે ઉદ્ભવતા જટિલ કાનૂની પ્રશ્ન પર બેંચ વિચારણા કરી રહી છે.

સમુદાયના ભૌતિક સંસાધનોનો અર્થ માત્ર જાહેર સંસાધનો છે અને કોઈ વ્યક્તિની ખાનગી માલિકીની મિલકતમાં તેને લાગુ કરી શકાય નહીં એવું સૂચન કરવું જોખમી ગણી શકાય, કેમ એના કારણો તમને આપું છું.

ખાણો અને ખાનગી જંગલો જેવી સાદી બાબતોને જ લઈ લો. દાખલા તરીકે, આપણે કહીએ કે કલમ ૩૯ (બ) હેઠળ ખાનગી જંગલોને સરકારી નીતિ લાગુ પડશે નહીં આથી અમારી મિલકતોમાં હસ્તક્ષેપ કરશો નહીં એમ કહેવું અત્યંત જોખમી હશે, એમ આ બેન્ચે જણાવ્યું હતું કે જેમાં ન્યાયમૂર્તિ હૃષિકેશ રોય, બી. વી. નાગરથના, સુધાંશુ ધૂલિયા, જે. બી. પારડીવાલા, મનોજ મિશ્રા, રાજેશ બિંદલ, સતીશ ચંદ્ર શર્મા અને ઓગસ્ટિન જ્યોર્જ મસીહનો સમાવેશ થાય છે.૧૯૫૦ ના દાયકામાં જ્યારે બંધારણ ઘડવામાં આવ્યું ત્યારે સામાજિક અને અન્ય પ્રવર્તમાન પરિસ્થિતિઓનો ઉલ્લેખ કરતા બેન્ચે કહ્યું હતું કે, બંધારણનો હેતુ સામાજિક પરિવર્તન લાવવાનો હતો અને અમે એમ ન કહી શકીએ કે એકવાર મિલકત ખાનગી જાહેર કરી દેવામાં આવે પછી કલમ ૩૯ (બી) લાગુ પડતી નથી. તેમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે મહારાષ્ટ્રમાં જર્જરિત ઈમારતોનો કબજો લેવાની સત્તા આપતો આપતો કાયદો યોગ્ય છે કે નહીં તે સંપૂર્ણપણે અલગ મુદ્દો છે અને તેના પર સ્વતંત્ર રીતે નિર્ણય લેવામાં આવશે.

સીઆઈઆઈ એ જમીનદારી ધારાની નાબૂદી અને મિલકતની સંપૂર્ણ મૂડીવાદી વિચારધારાનો પણ ઉલ્લેખ કર્યો હતો અને કહ્યું હતું કે તે મિલકતને વિશિષ્ટતાની ભાવનાને આભારી છે.

બેન્ચે એવું પણ અવલોકન કર્યું હતું કે ખાનગી મિલકતોના વિતરણની કોઈ જરૂર નથી, જેને સમુદાયના ભૌતિક સંસાધનો તરીકે ગણવામાં આવે છે અને ખાનગી સંપત્તિના રાષ્ટ્રીયકરણનો દાખલો આપ્યો છે. દલીલો અનિર્ણિત રહી હતી અને ગુરુવારે ફરી દલીલો શરૂ થશે. (પીટીઆઈ)

# સીસીટીવી ફૂટેજમાં નજરે પડેલા શ્વાનને શોધી કાઢી પોલીસે હત્યા કેસ ઉકેલ્યો

મુંબઈઃ સીસીટીવી કૅમેરાનાં ફૂટેજમાં નજરે પડેલા શ્વાનને શોધી કાઢી નવી મુંબઈ પોલીસે કચરો વીણનારા શખસની હત્યાનો કેસ ઉકેલ્યો હતો.

નેરુળ પોલીસ સ્ટેશનના એપીઆઈ સચિન ધાગેએ જણાવ્યું હતું કે ૧૩ એપ્રિલની વહેલી સવારે નેરુળ પરિસરમાંથી લોહીના ખાબોચિયામાં પડેલા ૪૫ વર્ષના શખસનો મૃતદેહ મળી આવ્યો હતો. આ પ્રકરણે અજાણ્યા શખસ વિરુદ્ધ હત્યાનો ગુનો નોંધી તપાસ હાથ ધરવામાં આવી હતી. બે દિવસમાં જ ૧૫ એપ્રિલે આરોપી પોલીસની પકડમાં આવી ગયો હતો.

પોલીસના જણાવ્યા મુજબ ઘટનાસ્થળ આસપાસના પરિસરમાં લાગેલા સીસીટીવી કૅમેરાનાં ફૂટેજ તપાસવામાં આવ્યાં હતાં. મૃતકના માથા પર આરોપીએ ભારે વસ્તુ ફટકારી હતી. બેભાન થઈ મૃતક રસ્તા પર ઢળી પડ્યા પછી આરોપી ત્યાંથી પસાર થઈ ગયો હોવાનું ફૂટેજમાં નજરે પડ્યું હતું. જોકે ફૂટેજમાં આરોપીનો ચહેરો આંશિક રીતે નજરે પડતો હતો અને આસપાસ કોઈ હાજર નહોતું. બીજા કૅમેરાનાં ફૂટેજમાં ઘટનાસ્થળે કાળો શ્વાન નજરે પડતો હતો. શ્વાનના પેટ પર સફેદ પટ્ટો હોવાનું દેખાતું હતું. વળી, હુમલો થયા છતાં શ્વાન ભસ્યો ન હોવાનું એપીઆઈ ધાગેએ નોંધ્યું હતું.

પોલીસને શંકા હતી કે શ્વાન આરોપીને ઓળખતો હશે એટલે તે આરોપીને જોઈ ભસતો નહોતો. પરિણામે પોલીસે શ્વાનને શોધવાની કવાયત હાથ ધરી હતી. આખરે પોલીસને નેરુળ ફ્લાયઓવર નીચેથી ફૂટેજમાં નજરે પડેલો રખડતો શ્વાન મળી આવ્યો હતો. બ્રિજ પાસે હાજર એક વ્યક્તિએ પોલીસને માહિતી આપી હતી કે એ શ્વાન હંમેશાં નભુર્યાથ નામના શખસ સાથે ફરતો હોય છે. પોલીસે બ્રિજથી થોડે જ અંતરે સૂતેલા ભુર્યા ઉર્ફે મનોજ પ્રજાપતિને તાબામાં લીધો હતો.

પૂછપરછમાં ભુર્યાએ કબૂલાત કરી હતી કે તે મૃતકની સાથે જ બ્રિજ નીચે રહેતો હતો. ઘણી વાર મૃતક ભુર્યાની સાથે મારપીટ કરી તેના રૂપિયા ઝૂંટવી લેતો હતો. આ વાતે રોષે ભરાઈ તેણે જ હત્યા કરી હતી. પોલીસે મૃતકની ઓળખ મેળવવાના પ્રયાસ હાથ ધર્યા હતા. (પીટીઆઈ)

# મુંબઈની વીજ કંપનીઓની ભાગદોડ વધી

મુંબઈઃ ઉનાળાની ગરમી પોતાનો પરચો દેખાડી રહી છે ત્યારે શહેરની વીજળીની માગમાં ઉછાળો આવે એ સ્વાભાવિક છે. આ જરૂરિયાતને પહોંચી વળવા વીજ કંપનીઓ બહારથી મોંઘા ભાવની વીજળી ખરીદી રહી છે અથવા કોઈ કંપની કે વ્યવસ્થા સાથે ટૂંકા ગાળાના કરાર કરી રહી છે.

એપ્રિલ અને મે મહિના દરમિયાન ૫૦થી ૧૫૦ મેગાવોટ વધારે વીજળીનો ખપ પડશે એવું અનુમાન ટાટા પાવરનું હતું. આ અછતને પહોંચી વળવા કંપની ટૂંકી મુદતના ખરીદ કરાર કરી રહી છે. કંપનીને મહારાષ્ટ્ર ઇલેક્ટ્રિસિટી રેગ્યુલેટરી કમિશન (મર્ક - એમઈઆરસી) તરફથી ૨૦ એપ્રિલે અનુમતિ મળી ગઈ છે.

ટાટા પાવરના ૭,૫૦,૦૦૦ વીજ ગ્રાહકો છે અને તેને દરરોજ ઓછામાં ઓછી ૨૫ મેગાવોટ વીજળી દરરોજ જોઈશે અને સાંજના ૪થી રાતના ૧૦ દરમિયાન ૧૦૦ - ૧૫૦ મેગાવોટ વીજળીનો ખપ પડશે.

ટાટા પાવર ૪૭૨ મેગાવોટ વીજળીનો પુરવઠો 'બેસ્ટ' (બૃહદ મુંબઇ ઇલેક્ટ્રિસિટી સપ્લાય એન્ડ ટ્રાન્સપોર્ટ) અન્ડરટેકિંગને પણ કરે છે. 'બેસ્ટ' પાસે ૭૩૨ મેગાવોટ વીજળી મેળવવાનો કરાર છે અને એની જરૂર ૮૫૦ મેગાવોટની છે.

અદાણી ઇલેક્ટ્રિસિટી પાસે ૨૭ લાખ ગ્રાહકો છે અને એની મહત્તમ જરૂરિયાત ૨૧૦૦ મેગાવોટની હોય છે. કંપનીએ વીજ ખરીદીના કરાર કરી લીધા છે. કંપનીને ૫૪.૫ કરોડ રૂપિયા ફ્યુઅલ એડજસ્ટમેન્ટ ચાર્જ પેટે વસૂલ કરવાની પરવાનગી આપવામાં આવી છે. પરિણામે મે, જૂન, જુલાઈ અને ઑગસ્ટમાં રહેણાંક ઘરના ગ્રાહકોએ ૭૦ પૈસાથી ૧.૭૦ યુનિટ દીઠ ભરવા પડશે. હાલમાં ગરમીમાં વધારો થવાને કારણે પંખો, એસીના વપરાશમાં વધારો થયો છે જેને કારણે વીજળીની માગમાં પણ વધારો જોવા મળી રહ્યો છે.

ગયા વર્ષની સરખામણીમાં આ વર્ષે ગરમી વધતા વીજળીની માગણીમાં પણ વધારો થયો છે. તેથી વીજળી પુરવઠો પૂરી પાડતી કંપનીઓને અન્ય કંપનીઓ પાસેથી વીજળી ખરીદવાનો વારો આવ્યો છે.

# પાંચ વખત સર્વશ્રેષ્ઠ સાંસદનો પુરસ્કાર મેળવનારા નેતાએ ૫૮મા વર્ષે ૧૦મું પાસ કર્યું

મુંબઈઃ 'એજ ઇઝ જસ્ટ અ નમ્બર' એટલે કે ઉંમર એ માત્ર એક આંકડો છે એવી કહેવત આપણે સાંભળી છે અને શીખવાની કે ભણવાની કોઇ ઉંમર નથી હોતી એ પણ આપણે સાંભળ્યું છે. જોકે, આ ઉક્તિને મહારાષ્ટ્રના એક સાંસદે સાર્થક કરી બતાવી છે. મહારાષ્ટ્રના પુણેની માવળ લોકસભા બેઠક પરથી ૨૦૧૪ અને ૨૦૧૯માં આમ બે વખત સાંસદ તરીકે ચૂંટાઇ આવેલા શ્રીરંગ બારણેએ ૫૮મા વર્ષે દસમા ધોરણની એટલે કે એસએસસીની પરિક્ષા આપી અને તેમાં પાસ પણ થયા છે. આમ કરીને બારણે ઉંમર વીતી જવા છતાં પોતાનું શિક્ષણ પૂરું કરવા ઇચ્છતા અનેક લોકો માટે પ્રેરણાસ્રોત બન્યા છે. શ્રીરંગ બારણે બે વખત સાંસદ તરીકે તો ચૂંટાઇ આવ્યા અને પાંચ વખત તેમણે સર્વશ્રેષ્ઠ સાંસદનો પુરસ્કાર પણ પોતાના નામે કર્યો. જોકે સફળ રાજકીય કારકિર્દી હોવા છતાં તેમને એક વસવસો હંમેશા રહેતો કે તે દસમા ધોરણમાં નાપાસ થયા હતા અને તેમાં પાસ ન થઇ શક્યા. જોકે, તેમણે મક્કમ રહીને કોરોનાકાળ દરમિયાન દસમા ધોરણની પરિક્ષાની તૈયારી કરી અને અભ્યાસ કરીને પરિક્ષા આપી. તેમણે કરેલી મહેનત તેમને ફળી અને તે દસમા ધોરણમાં પાસ થયા. હાલ ૬૦ વર્ષના થયેલા બારણેએ સોમવારે ફરી એક વખત એટલે કે ત્રીજી વખત સાંસદ બનવા માટે ઉમેદવારી નોંધાવી હતી. જોકે, આ વખતે તેમણે ગર્વથી પોતાના ઉમેદવારીપત્રમાં પોતે દસમી પાસ હોવાનું જણાવ્યું હતું. દર વખતે ઉમેદવારીપત્ર ભરતા વખતે શૈક્ષણિક લાયકાતની કોલમમાં તેમણે દસમી નાપાસ લખવું પડતું હતું.

# મુંબઈમાં સોનાની દાણચોરીના રૅકેટનો પર્દાફાશ

## ₹ ૧૦.૪૮ કરોડની મતા સાથે બે વિદેશી સહિત ચારની ધરપકડ

મુંબઈઃ ડિરેક્ટોરેટ ઓફ રેવન્યુ ઇન્ટેલિજન્સ (ડીઆરઆઇ)ની ટીમે મુંબઈમાં સોનાની દાણચોરીના રૅકેટનો પર્દાફાશ કર્યો હતો અને કીમતી ધાતુ, રોકડ સહિત રૂ. ૧૦.૪૮ લાખની મતા જપ્ત કરી હતી, એમ અધિકારીએ જણાવ્યું હતું. દક્ષિણ મુંબઈમાં સોનું પિગાળવાના કારખાનામાં સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યા બાદ ચાર જણની ધરપકડ કરાઇ હતી, જેમાં આફ્રિકાના બે નાગરિકનો સમાવેશ છે. આફ્રિકાથી દાણચોરીથી મુંબઈના છત્રપતિ શિવાજી મહારાજ ઇન્ટરનેશનલ એરપોર્ટ પર લાવવામાં આવેલું સોનું દક્ષિણ મુંબઈના ઝવેરી બજાર ખાતે સોનું પિગાળવાના કારખાનામાં લઇ જવાયું હતું, જ્યાં સોનું પિગાળીને તેની પરનું વિદેશી નિશાન દૂર કરીને તેને સ્થાનિક બજારમાં વાળવામાં આવી રહ્યું હતું. આ અંગે માહિતી મળ્યા બાદ ડીઆરઆઇના અધિકારીઓએ ઝવેરી બજારના એકમમાં સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું. ડીઆરઆઇની ટીમે ત્યાંથી વિદેશી મૂળ સહિત વિવિધ સ્વરૂપમાં ૯.૩૧ કિલો સોનું, ૧૬.૬૬ કિલો ચાંદી જપ્ત કરી હતી. આ પ્રકરણે એકમના સંચાલક અને કેરિયરોની વ્યવસ્થા કરનારા રિક્રૂટરની ધરપકડ કરવામાં આવી હતી. કેરિયરે આફ્રિકન નાગરિકો પાસેથી સોનું લઇને તેને પિગાળવા અને વધુ પ્રક્રિયા માટે મોકલ્યું હતું. રિક્રૂટર આ સિન્ડિકેટનો મુખ્ય સૂત્રધાર છે અને તે આફ્રિકાન નાગરિક એવા કેરિયરો પાસેથી સોનું મેળવતો હતો. બાદમાં ઝવેરી બજારમાં લાવીને પિગાળતો અને નજીકના ખરીદદારોને સોંપતો હતો. આરોપીઓની પૂછપરછ બાદ રિક્રૂટરની ઓફિસના પરિસરમાં રેઇડ પાડવામાં આવી હતી, જ્યાંથી ૧,૯૦,૦૦૦ યુએસ ડોલર જપ્ત કરાયા હતા.

# અનંત અંબાણી અને રાધિકાના લંડનમાં લગ્ન કેન્સલ

## હવે ભારતમાં જ વાગશે લગ્નની શરણાઈઓ

મુંબઈઃ લંડનની રાણીના એક સમયના ભવ્ય નિવાસસ્થાન ખાતે રિલાયન્સ ગ્રૂપના ચેરમેન મુકેશ અંબાણીની દીકરા અનંત તેમ જ રાધિકા મર્ચન્ટના એક્સ્ટ્રાવેગન્ટ લગ્ન યોજાશે, તેવા અહેવાલ બે-ત્રણ દિવસ પહેલા વહેતા થયા હતા. જોકે, હવે અનંત અને રાધિકાના લગ્ન લંડનમાં નહીં, પરંતુ ભારતમાં જ યોજવામાં આવશે, એમ સૂત્રોએ જણાવ્યું હતું.

ગુજરાતના જામનગરમાં ત્રણ દિવસ સુધી અનંત અને રાધિકાની ભવ્યાતિભવ્ય પ્રિ-વેડિંગ સેરેમની યોજવામાં આવી તેની ઝાકમઝાળથી ભલભલા અંજાઇ ગયા હતા અને લોકોના મનમાં એ તાલાવેલી છે કે જો પ્રિ-વેડિંગ સેરેમની આટલી ભવ્ય હતી તો પછી લગ્નમાં કેવી જાહોજલાલી જોવા મળશે? પ્રિ-વેડિંગ સેરેમનીમાં જ બોલીવૂડના મોટા સિતારાઓ અને દેશ-વિદેશના રાજકારણીઓ, ઉદ્યોગપતિ અને અન્ય સેલેબ્રિટીસ ઉમટ્યા હતા ત્યારે લગ્નમાં કોને કોને આમંત્રણ અપાશે અને ક્યા માંધાતાઓ તેમાં હાજરી આપશે તેના પર પણ બધાની નજર છે. અનંત અને રાધિકાના લગ્ન આગામી ૧૨ જુલાઇના રોજ યોજાવાના છે.

સૂત્રો પાસેથી મળેલી માહિતી અનુસાર તેમના લગ્ન મુંબઇમાં જ યોજવામાં આવશે. આ પહેલા એક ટોચના અખબાર જૂથ દ્વારા તેમના લગ્ન લંડનમાં યોજાવાના હોવાના અહેવાલ છાપવામાં આવ્યા હતા.

લંડનના સ્ટોક પાર્ક એસ્ટેટમાં આ લગ્ન થવાના હોવાનું તે અહેવાલમાં જણાવવામાં આવ્યું હતું. જોકે, આ અહેવાલ ખોટા હોવાનું કહેવામાં આવી રહ્યું છે. આ ઉપરાંત ક્યા મહેમાનોને લગ્નમાં આમંત્રણ આપવામાં આવશે તે વિશે પણ વાતો થઇ રહી છે. જોકે સત્તાવાર રીતે હજી સુધી કોઇપણ ગેસ્ટ લિસ્ટ બહાર પાડવામાં આવી હોવાના કોઇ અહેવાલ નથી. જોકે બિઝનેસ વર્લ્ડ, સિનેમા, ક્રિકેટ, રાજકારણ આ તમામ ક્ષેત્રની ટોચની હસ્તીઓને આમંત્રણ આપવામાં આવશે તે વાત ચોક્કસ છે. બીજી બાજુ લગ્નની કંકોત્રી તૈયારી થઇ ગઇ હોવાનું અને અમુક ખાસ મહેમાનોને આ કંકોત્રી મોકલી દેવામાં આવી હોવાનું પણ જાણવા મળ્યું છે.

મળેલી માહિતી મુજબ લગ્નની કંકોત્રી લગભગ નવ પાનાંની છે. પ્રિ-વેડીંગ સેરેમેનીની વાત કરીએ તો એ કાર્યક્રમ લગભગ ૧,૨૫૦ કરોડ રૂપિયાના ખર્ચે યોજવામાં આવ્યો હોવાનું કહેવામાં આવે છે. આ ઇવેન્ટમાં ફેસબુકના સંસ્થાપક માર્ક ઝકરબર્ગ, માઇક્રોસોફટના કો-ફાઉન્ડર બિલ ગેટ્સ, અમેરિકાના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિના પુત્રી ઇવાન્કા ટ્રમ્પ જેવી હસતીઓ સામેલ થઇ હતી.

# મલાડમાં સેપ્ટિક ટેન્કમાં પડેલા બે મજૂરનાં મોત

મુંબઈઃ મલાડ વિસ્તારમાં નિર્માણાધીન ઇમારત ખાતે ૪૦ ફૂટ ઊંડી સેપ્ટિક ટેન્કમાં પડેલા બે મજૂરનાં મોત થયાં હતાં, જ્યારે અન્ય એકની હાલત ગંભીર છે.

પાલિકાના અધિકારીના કહેવા મુજબ મલાડના રાણી સતિ માર્ગ પર પિંપરીપાડા ખાતે બુધવારે બપોરે ૩.૫૦ વાગ્યાની આસપાસ આ ઘટના બની હતી. પ્રાથમિક માહિતી અનુસાર ત્રણથી ચાર મજૂર અંડરગ્રાઉન્ડ સેપ્ટિક ટેન્કમાં પડ્યા હતા.

બનાવની જાણ થતાં અગ્નિશમન દળના જવાનો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને ત્રણ મજૂરને બહાર કાઢ્યા હતા. ત્રણેય જણને સારવાર માટે જોગેશ્વરીની હોસ્પિટલમાં લઇ જવાયા હતા, જ્યાં ડોક્ટરોએ બે મજૂરને મૃત જાહેર કર્યા હતા. ત્રીજા મજૂરને સારવાર આપવામાં આવી રહી હોઇ તેની હાલત નાજુક હોવાનું અધિકારીએ જણાવ્યું હતું.

## હિન્દુ મરણ

**શિહોર સંપ્રદાય અગિયારસે બ્રાહ્મણ**

કમળેજ નિવાસી હાલ અંધેરી ગં.સ્વ. વિજયાબેન મગનલાલ હાવાલાલ પંડ્યા (ઉં.વ. ૯૬) તા. ૨૧/૪/૨૪ના કૈલાશવાસી થયા છે. દયાળ નિવાસી સ્વ. હીરાલાલ મહેતાના પુત્રી. પ્રતાપભાઈ, ચંદ્રકાંતભાઈ, સ્વ. નીરુબેન, સ્વ. ગીતાબેન, સ્વ. વીણાબેન, યેશ્મિતાબેનના માતુશ્રી. સ્વ. હેમલતાગૌરી, રંજનગૌરી, સ્વ. પ્રવીણ જોશી, સ્વ. ભરત જોશી, કમલેશ જાનીના સાસુ. મનીષ, રિતેશ , તુષાર, આરતી આનંદકુમાર, જય, મહેક, વૃંદાના દાદી. રીટા, જ્યોત્સ્ના, પ્રીતિના વડસાસુ. હિતેશ, પ્રિયાંશુ, કશ્યપ, રાજ, નૂપુરના નાની. સંયુક્ત પ્રાર્થનાસભા તા. ૨૫/૪/૨૪ના ગુરુવારે ૪થી ૬, સાંઈ દત્ત કો ઓપ હા સોસાયટી, કામેશ્વર મહાદેવ મંદિર, એન. એસ, ફડકે માર્ગ, સુબા ગેલેક્સી હોટેલની બાજુમાં, સાંઈવાડી, તેલીગલી, અંધેરી ઈસ્ટ.

**કચ્છી લોહાણા**

કચ્છ ગામ વાકુ હાલ મુલુંડ ચેકનાકા નિવાસી ગં. સ્વ. સીતાબેન લક્ષ્મીદાસ રૂપારેલ (ઉં. વ. ૭૮) તે કમલેશ, વિજય રૂપારેલ, રેણુકા મોહનલાલ ભગદે, સ્વ. અલ્પાબેનનાં માતુશ્રી. નીતાબેન, સ્વ. રક્ષાબેનનાં સાસુ. મનાલી કનૈયાલાલ ભાનુશાલીનાં દાદી. પ્રિયંકા મેહુલ, વિરલનાં નાનીમા. તે સ્વ. દિલીપ, અરવિંદ, સ્વ. હરેશભાઈ તથા સ્વ. મણીબેન, સ્વ. લક્ષ્મીબેન, સ્વ. ચંદ્રબાળાનાં ભાભી. તે સ્વ. ખેતબાઈ ખીમજી કતીરા (કો. મહાદેવપુરી)નાં સુપુત્રી તા. ૨૩-૪-૨૪ મંગળવારે શ્રી રામશરણ પામેલ છે. તેમની બન્ને પક્ષની પ્રાર્થનાસભા ગુરૂવાર, તા. ૨૫-૪-૨૪ના ૫:૩૦ થી ૭:૦૦. પ્રાર્થના સ્થળઃ સારસ્વત વાડી, ગ્રાઉન્ડ ફલોર, ઝવેર રોડ, મુલુંડ (વે.). લૌકિક વ્યવહાર બંધ છે. બહેનોએ એજ દિવસે આવી જવું.

**વૈષ્ણવ દશા પોરવાડ**

લુણાવડા નિવાસી હાલ મુંબઈ સ્વ. જશોદાબેન વાડીલાલ મહેતાના સુપુત્ર શ્રી પ્રકાશભાઈ (ઉં. વ. ૭૩) તે રેખાબેનના પતિ તથા કોમલ જયેશ દેસાઈ તથા લજજાબેનના પિતા. તે મંગળવાર તા. ૨૩-૪-૨૪ના શ્રીજીચરણ પામ્યા છે. તે સ્વ. કનુભાઈ, સ્વ. સનતભાઈ, સ્વ. શીરીષભાઈ, સ્વ. પંકજભાઈ, બાલુભાઈ, દેવેનભાઈ તથા સ્વ. પદમાબેન તલાટી, સ્વ. શારદાબેન શાહના ભાઈ. તેમની પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કપોળ**

જાફરાબાદવાળા હાલ મુંબઈ સ્વ. શાન્તાબેન દ્વારકાદાસ સંઘવીના પુત્ર સતીશભાઈ સંઘવી (ઉં. વ. ૮૦) સોમવાર, તા. ૨૨-૦૪-૨૪ના શ્રીજીચરણ પામેલ છે. તે દેવયાનીબેનના પતિ. તેજલ સુનીલ પટેલ તથા પરાગના પિતા. પ્રકાશભાઈ, નીતા વિક્રમ સંઘવીના મોટાભાઈ. આર્યા, પાર્થ, નિવાનના દાદા, સ્વ. જયાલક્ષ્મી શાંતિલાલ કોઠારીના જમાઈ. એમની પ્રાર્થના સભા શુક્રવાર તા. ૨૬-૪-૨૪ના ઈન્ડિયાબુલ સ્કાઈ બિલ્ડિંગ, સેનાપતી બાપટ માર્ગ, લોઅર પરેલ, ૧૪મે માળે, ૫ થી ૭. લૌકિક પ્રથા બંધ છે.

**સોરઠીયા બ્રહ્મક્ષત્રિય**

ધોરાજી નિવાસી, હાલ મલાડ હરકિશન તારાચંદ મણિયાર (ઉં.વ. ૮૧) તા. ૨૩/૪/૨૪ના મંગળવાર શ્રીજીચરણ પામેલ છે. સ્વ. જસવંતીબેનના પતિ. સ્વ. ડાયાલાલ મકનજી બોસમિયાના જમાઈ. અશોક, નીતિન, છાયા પરેશ નિર્મળ, ડિમ્પલ અમિત નિર્મળના પિતાશ્રી. વીણા પારુલના સસરા. દીવેશ દિશાંત શ્રીયા સાચીના દાદા. સ્વ. દિનેશભાઈ, સ્વ. મનસુખભાઈ, નટુભાઈ, સ્વ. જેસુખભાઈ, સ્વ. ભારતભાઈના ભાઈ પ્રાર્થનાસભા તા. ૨૫/૪/૨૪ ગુરુવારના ૪ થી ૬. લોહાણા મહાજન વાડી, પેહલે માળે, એસ. વી. રોડ, શંકર મંદિર પાસે, કાંદિવલી વેસ્ટ.

**ઘોઘારી દશાશ્રીમાળી વૈષ્ણવ વણિક**

ગામ ભાવનગર, હાલ વિલેપાર્લે નિવાસી ગં.સ્વ. હસુબેન મોદી (ઉં.વ. ૯૪), સોમવાર, તા. ૨૨-૪-૨૪ના શ્રીજીચરણ પામ્યા છે. સ્વ. ઈશ્વરલાલ વૃજલાલ મોદીનાં ધર્મપત્ની. તુષાર, અજય, પરાગનાં માતૃશ્રી. કલ્પના, પ્રફુલ્લા, માલતીનાં સાસુમા. અફાશિષ, કાનન, નિકીતા, વિરાજ, દેવાંશીનાં દાદીમાં. મહુવા નિવાસી સ્વ. પ્રભુદાસ દુર્લભદાસ સરવૈયા (મહેતા)નાં દીકરી. સ્વ. પદમાબેન બિહારીલાલ, સ્વ. સરલાબેન ગુણવંતરાય, સ્વ. મનહરલાલ પ્રભુદાસનાં બેન.

## પારસી મરણ

ઓ. કોબાદ નવરોઝ રાયમલવાલા તે મરહુમ નવરોઝ તથા મરહુમ ખોરશેદ રાયમલવાલાના દીકરા. તે એ. મહેરનોશ, એ. ડો. અસ્પી, એ. ડો. ફરામરોઝ તથા ઓ. રોશનના ભાઇ. તે ડો. ફેની અસ્પી રાયમલવાલા તથા આરમઇતી ફરામરોઝ રાયમલવાલાના દેર. તે ઓ. નાઝનીનના કાકા. તે એ. નીલુફર નોઝર લાહેર તથા એ. બુરઝીન સરોષ દસ્તુરના મામા. તે સરોષ નોશીર દસ્તુરના સાળા. (ઉં. વ. ૬૮) રે. ઠે. ૨૭/સી-૧ કોન્ટ્રેક્ટર બાગ, મોરી રોડ, માહીમ, મુંબઇ-૪૦૦૦૧૬. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૨૪-૪-૨૪ના બપોરે ૩-૪૦ કલાકે, મુંબઇ ડુંગરવાડી પર બેનેટ બંગલી નં.૬માં.

સાયરસ ફરેદુન કેરમાની તે રોશન સાયરસ કેરમાનીના ખાવીંદ. તે મરહુમો બાનુબાઇ તથા ફરેદુન કેરમાનીના દીકરા. તે પેરીન ને નેવીલના પપ્પા. તે માહરૂખ એન. કેરમાની તથા મરહુમ શાહરૂખ ડી. ઇરાનીના સસરા. તે મરહુમો અદી, બોમી, થ્રીટી ને કેકીના ભાઇ. તે સારમીન ને શાહવીરના મમાવાજી. (ઉં. વ. ૯૩) રે. ઠે. એલ-૩, ભરૂચા બાગ, એસ. વી. રોડ, અંધેરી (વેસ્ટ), મુંબઇ-૪૦૦૦૫૮. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૨૪-૪-૨૪ને બપોરે ૩.૪૦ કલાકે, મુંબઇ ડુંગરવાડી, ભાભા બંગલી નં.૧માં.

મીઠું ખુશરૂ કુરલાવાલા તે મરહુમ ખુશરૂ રૂસ્તમ કુરલાવાલાના વિધવા. તે મરહુમો જરૂ તથા નાદીરશાહ બી. ચીનોયના દીકરી. તે અશા કુરલાવાલા ને શેરેના આર. ખાનના મમ્મી. તે રોની કે. ખાનના સાસુજી. (ઉં. વ. ૧૦૬) રે. ઠે. ૨૦૧, ડેસલીયા, ૧૭-એ, માઉન્ટ પ્લેસન્ટ રોડ, મલબાર હીલ, મુંબઇ-૪૦૦૦૦૬. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૨૫-૪-૨૪ને બપોરે ૩.૪૦ કલાકે મુંબઇ ડુંગરવાડી પર ઉપરની હોડીવાલા બંગલીમાં.

**સિકંદરાબાદ**

સિલૂ નોશિરવાન દસ્તૂર, તે મરહૂમ નોશિરવાન દસ્તૂરના પત્ની, તે મહેરદાદ, અને હોમ્યાર દસ્તુરના માતા, તે ફિરોઝ, મરહૂમ બોમી ઊનવાલા, મરહૂમબાનૂ ભાથેલા અને ડોલી સિધવાના બહેન, તે રોશના. એમ. દસ્તૂર અને જેનિફર. એચ દસ્તૂરના મધર ઈન લૉ, તે નાશવાન, કિયાન, અને યાઝેદાન એચ. દસ્તૂરના ગ્રાન્ડમધર. (ઉં.વ.૯૧).

પ્રાર્થનાસભા અને લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દંઢાવ્ય ઔદિચ્ય સહસ્ત્ર છોતેર બ્રાહ્મણ**

આખજ નિવાસી હાલ કાંદિવલી શ્રી સુરેશભાઈ સોમનાથભાઈ રાવલ (ઉં.વ. ૭૧) તે ૨૩/૪/૨૪ના કૈલાશવાસી થયેલ છે. તે પારૂલબેનના પતિ. તન્મય તથા સીમાના પિતા. લલિતકુમાર શાહ તથા નેહા રાવલના સસરા. સ્વ. જયાબેન હીરાલાલ શાસ્ત્રીના જમાઈ. અરવિંદભાઈ રાવલના મોટાભાઈ. તેમની પ્રાર્થનાસભા ૨૬/૪/૨૪ના ૫ થી ૭. હાલાઇ લોહાણા મહાજનવાડી, એસ વિ રોડ, કાંદિવલી વેસ્ટ.

**કપોળ**

અમરેલીવાળા હાલ માટુંગા સ્વ. લક્ષ્મીબેન તથા સ્વ. ચંદુલાલ જેઠાલાલ મહેતાના પુત્રવધૂ. સ્વ. ભરતભાઈ મહેતાના ધર્મપત્ની ગં.સ્વ. ઉષાબેન મહેતા (ઉં.વ. ૭૫) તે ૧૬/૪/૨૪ના અમરેલી મુકામે શ્રીજીશરણ પામેલ છે. તે પિયરપક્ષે સ્વ. ત્રિવેણીબેન નાનાલાલ કોઠારીના દીકરી. પ્રાર્થનાસભા તથા સર્વ લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે

**પરજીયા સોની**

મૂળગામ રાજુલા હાલ ભાયંદર સ્વ. મંજુલાબેન તથા સ્વ. પ્રભુદાસ મોહનલાલ જગડા (સોની)ના પુત્ર મુકેશભાઈ જગડા (સોની) (ઉં.વ. ૫૮) તે ૨૧/૪/૨૪ના શ્રીજીશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**નવગામ વિશા દિશાવાળ**

બાલીસણા (હાલ મલાડ) નિવાસી મહેશભાઈ ચંદુલાલ ત્રિકમદાસ શાહ (ઉં.વ. ૬૯) તે કનકબેનના પતિ. રાહુલ તથા હેમાબેનના પિતાશ્રી. ઉષાબેન જીતેન્દ્રકુમાર, વર્ષાબેન નીતીનકુમાર, મુકેશભાઇ, પ્રિયાબેન રાજેશકુમારના ભાઇ. શીતલબેન, કિંજનકુમાર પ્રવિણભાઈના સસરા. મુકેશભાઇ જયંતિલાલ શાહ (કોલવડા)ના જમાઇ રવિવાર, તા. ૨૧/૪/૨૪ના શ્રીજીચરણ પામેલ છે. બન્ને પક્ષનું બેસણુ ગુરૂવાર, તા. ૨૫/૪/૨૪ના ૪ થી ૬. અક્ષરધામ કોમ્પ્લેક્ષ, એસ.વી. રોડ, ગોરસ વાડીની બાજુમાં, મિલાપ સિનેમા પાસે, મલાડ (વેસ્ટ). લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી લોહાણા**

સ્વ. પ્રભાબેન ધનજી ખટાઉ ભીંડેના સુપુત્ર અશ્વિન ભીંડે (ઉં.વ. ૬૦) કચ્છ ગામ વાગોપધર હાલે મુલુંડ, મંગળવાર, તા. ૨૩-૪ -૨૪ના રામશરણ પામેલ છે, તે મધુરીબેનના પતિ. આશિષ અને સ્વ. નિશીતના પિતાશ્રી. મનસ્વીના સસરાજી. તે હેમાબેન તરુણકુમાર કોટક, અરવિંદ તથા રાજેશના ભાઈ. તે સ્વ. ભાણજી વેલજી પલણ કચ્છ ગામ નખત્રાણાવાળાના જમાઈ. બન્ને પક્ષની પ્રાર્થનાસભા ગુરૂવાર, તા. ૨૫-૪-૨૪ના ૫:૩૦ થી ૭:૦૦. સ્થળઃ કવિ કાલિદાસ ઓડિટોરીયમ, પી. કે. રોડ, મુલુન્ડ (પશ્ચિમ). લૌકિક વહેવાર સદંતર બંધ છે.

**ગુર્જર સુતાર**

મુળ ગામ કલાણા હાલ કાંદિવલી નિવાસી સ્વ. અનીતા સંચાણીયા (ઉં.વ. ૪૭) ગોવિંદભાઈ રામજીભાઈ સંચાણીયાના ધર્મપત્ની. મોનિકા અનુજના માતોશ્રી. ધર્મેશકુમાર સેરશિયાના સાસુ. સતીશ, જયેશ, કુંદનના ભાભી. અ. સ્વ. હર્ષાબેન, કમલેશભાઇ, અલ્પા, જીગ્નેશભાઈના બેન. સ્વ. છોટાલાલ જીવનભાઈ જોલાપરા, સ્વ. કંચનબેન છોટાલાલ જોલાપરાની સુપુત્રી. તા. ૨૨/૪/૨૪ના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા. ૨૫/૪/૨૪ ગુરુવારના ૪:૩૦ થી ૬:૦૦, શ્રી ગુર્જર સુથાર વિશ્વકર્મા બાગ, ૩૬/૩૭, બજાજ રોડ, પાર્લે (વેસ્ટ), પિયર પક્ષની પ્રાર્થનાસભા સાથે રાખેલ છે.

**દશા સોરઠિયા વણિક**

મદ્રાસ નિવાસી શશીકાંત જસાપરા (ઉં.વ. ૭૯) ૧૬-૪-૨૪ મંગળવારના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. પ્રભુદાસભાઇ નંદલાલ જસાપરાના પુત્ર. કલ્પનાબેનના પતિ. પ્રજ્ઞેશના પિતા. દીપાબેનના સસરા. સ્વ. નવીનભાઈ, ચંદુભાઈ, દિલીપભાઈ, કિરીટભાઈ, સ્વ. રાજુભાઈ, નરેન્દ્રભાઇના ભાઈ. સ્વ. મનુભાઈ પ્રેમચંદ મલકાણ (ઘાસવાળા)ના જમાઈ. લૌકીક ક્રિયા અને વ્યવહાર બંધ રાખેલ છે.

**લુહાર સુતાર**

ગામ વલસાડ, હાલ કાંદિવલી ગંગા સ્વરૂપ હસુમતીબેન પંચાલ (ઉં.વ. ૯૦) સ્વ. રતિલાલ છગનલાલ પંચાલના પત્ની. રોહિત, બીનાબેન મિસ્ત્રીના માતા. વંદિતાબેન, પિયુષભાઈ મિસ્ત્રીના સાસુ. પ્રિયાંક, રૂત્વીના દાદી. મીનલ મારુના નાની. કવિતા, દીપક એને ભાર્ગવના વડસાસુ. ૨૪/૪/૨૪ સ્વર્ગવાસ પામ્યા છે. પ્રાર્થનાસભા ૨૮/૪/૨૪ના ૫ થી ૭, કોમ્યુનિટી હોલ, વિશ્વમિલન સી. એચ. એસ., ગોખલે રોડ, કેપ્ટન સમીર ચંદરવાકર લેન, દહાણુકરવાડી, કાંદિવલી વેસ્ટ, લૌકિક વ્યવહાર બંધ છે.

## જૈન મરણ

**ઝાલાવાડી દશા શ્રીમાળી મૂર્તિપૂજક જૈન**

ચુડા નિવાસી - હાલ જુહુ સ્કીમ, શ્રી રાજેશભાઈ શેઠ ચુડાવાળા (ઉં. વ. ૬૫) તા. ૧૭-૪-૨૪ના રોજ અરિહંતશરણ પામેલ છે. તેઓ સ્વ. શેઠશ્રી તારાચંદભાઈ પોપટલાલ શેઠ તથા સ્વ. લલીતાબેન શેઠના પુત્ર, સુજાતાબેનના પતિ. ક્રીશાંગ અને કવીશના પિતાશ્રી. શ્રી વિનોદભાઈ શેઠ. શ્રી હસમુખભાઈ શેઠ. સ્વ. અશ્વીનભાઈ શેઠ, ભારતીબેન, જ્યોતિબેન, સુધાબેન, સરોજબેનના ભાઈ. સ્વ નિર્મળાબેન જીનદાસભાઈ રતિલાલ ગાંધી (વડોદરાવાળા)ના જમાઈ. બન્ને પક્ષની પ્રાર્થના સભા ગુરૂવાર, તા. ૨૫-૪-૨૪ સમયઃ સાંજે ૪.૩૦ થી ૬.૩૦ સ્થળઃ જલારામ હોલ, જુહુ સ્કીમ, રોડ નં. ૬, જોગર્સ પાર્ક સામે, મુંબઈ.

**વાગડ વિ.ઓ.જૈન**

ગામ ગાગોદરના સ્વ. શીવજીભાઈ શાહ (ઉં.વ.૭૫) તા.૨૦-૪-૨૪ના અવસાન પામેલ છે. તે માતુશ્રી રખુબેન રામજી હેમરાજ શાહના સુપુત્ર. સ્વ. અમૃતબેન, મણીબેનના પતિ, વસંત, સ્વ. દિનેશ, ચંદ્રેશ, સ્વ. તારામતી, બીનાના પિતાશ્રી. સીમા, દિપ્તી, ભાવેશ ગાલાના સસરા. સ્વ. જીવરાજ, સ્વ.કુંવરજી, સ્વ. ભગવાનજી, શાંતીલાલ, રેવંતી, દમંયતીના ભાઈ. સ્વ. કેશરબેન પોપટલાલ દેવરાજ નંદુના જમાઈ. પ્રાર્થના ૨૫-૪-૨૪ના યોગી સભાગૃહ, દાદર-ઈસ્ટ, ટા.૩.૦૦થી ૪.૩૦.

ગામ ભચાઉ સ્વ. શાંતિબેન વિસરીયા (ઉં.વ ૬૮) મુંબઈ મુકામે તા. ૨૨-૪-૨૪ના અરિહંત શરણ પામેલ છે. શાંતાબેન ઉમરશી નાંયાના પુત્રવધૂ. લક્ષ્મીચંદ વિસરીયાના ધર્મપત્ની. સ્વ. ભચુ નાઈયા ભમીબેન, વીરાબેનના ભત્રીજા વહુ. ગં.સ્વ. રેશ્મા, મયૂરી, વૈશાલીના માતુશ્રી, સ્વ. અજય માલપેકર, પરેશ ગાલા, વિપુલ ગાલાના સાસુમાં. સાહિલ, આંશી, પલક, જોયલના નાનીમાં. પ્રાર્થના તા. ૨૫-૪-૨૪, ટા. ૪ થી ૫.૩૦. સ્થળ. કરશન લઘુ નિસર હોલ, દાદર- વેસ્ટ.

ગામ સામખીયારીના હાલે ઘાટકોપર સ્વ. મણીબેન છેડા (ઉં.વ.૬૭) સોમવાર તા.૨૨-૪-૨૪ના મુંબઈ મધ્યે અવસાન પામેલ છે. સ્વ. ગોમતીબેન માલશી છેડાના પુત્રવધૂ. સ્વ. નેમચંદના ધર્મપત્ની, કલ્પેશ, લીના, કાજલના માતુશ્રી. કાજલ, વિરલ, સતિષના સાસુ. વીરીકાના દાદી. આધોઈના સ્વ. મુરઈબેન પોપટલાલ ગડાની દીકરી. પ્રાર્થના રાખેલ નથી. નિવાસ સ્થાન. કલ્પેશ છેડા રૂમ નં ૫, જલારામ નગર નં.૩, જનતા મસાલાની સામે, વલ્લભ ભાગ લેન, ઘાટકોપર- ઈસ્ટ.

**જામનગર વિશાશ્રીમાળી જૈન**

દમંયતીબહેન પ્રફુલભાઈ શેઠ (ઉં.વ ૭૭) શનિવાર, એપ્રીલ ૨૦, ૨૦૨૪ના અરિહંત શરણ થયેલ છે. તે હીમાંશુ અને અમીતના માતુશ્રી. તે સીમા અને અમીષાના સાસુ. તે શૈવી, રોહીત અને પ્રિશાના દાદી તે ઈશ્વરલાલ, વિનોદભાઈ, નરેન્દ્રભાઈ, ડૉ. રાજેશભાઈ, પુષ્પાબહેન અને રમાબહેનના ભાભી. તે વિનોદભાઈ, અનિલભાઈ, લલીતભાઈ, કમલેશભાઈ, ભારતીબહેનના બેન. તેમની ભાવયાત્રા- ગુરૂવાર/ એપ્રિલ ૨૫, ૨૦૨૪ના સેલીબ્રેશન ક્લબ, લોખંડવાલા કોમ્પલેક્ષ, ગ્રીન એકર્સની પાસે, અંધેરી (વેસ્ટ). ૪.૩૦ થી ૬.૦૦.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

રામાણીયાના માતૃશ્રી કસ્તુરબેન મગનલાલ (મેઘજી) રાંભીયા (ઉં.વ. ૯૦) તા. ૨૨-૪-૨૪ના અવસાન પામેલ છે. લધીબાઇ પુનશી ભવાનજી રાંભીયાના પુત્રવધૂ. મગનલાલના ધર્મપત્ની. હેમલતા, કુસુમ, જ્યોતિ, વનિતા, વર્ષા, અજયના માતુશ્રી. બેરાજાના સોનબાઇ ખીમજી હીરજી ધનાણીના સુપુત્રી. ઝવેર, વસનજી, જયંતી, હરીલાલના બેન. પ્રા. શ્રી વ.સ્થા. જૈન સં.સં. કરસન લઘુ નિસર હોલ, દાદર. ટા. ૨ થી ૩.૩૦. ઠે. અજય મગનલાલ, ૫ ભાલેરાવ બીલ્ડીંગ, ડો. આંબેડકર રોડ, મુલુંડ (વે.).

મોટી વરંડી હાલે હૈદ્રાબાદના અ.સૌ. ભાવના (ભાનુ) રમણીક નાગડા (ઉં.વ. ૭૨) તા. ૨૨-૪-૨૪ના અવસાન પામેલ છે. રાજબાઇ લીલાધરના પુત્રવધૂ. રમણીકના ધર્મપત્ની. કમલ, સોનલ, લીનાના માતુશ્રી. નાનબાઇ મેઘજી પાસડના સુપુત્રી. મુલચંદ, લક્ષ્મીચંદ, હરખચંદ, ખુશાલ, ચંચલના બેન. પ્રા. કચ્છી ભુવન, રામકોટ, હૈદ્રાબાદ-૦૧. ટા. ૪ થી ૪.૩૦. નિ. રમણીક શાહ, ફ્લેટ નં. ૫૦૮, મહાવીર એપા., કીંગ કોઠી, હૈદ્રાબાદ-૦૧.

**સોરઠ વિસા શ્રીમાળી જૈન**

કોલકી નિવાસી હાલ મલાડ રાજેન્દ્રભાઈ શાહ (ઉં.વ. ૬૫) તા. ૧૯/૪/૨૪ને શુક્રવારના અરિહંતશરણ પામેલ છે. સ્વ. ધનલક્ષ્મીબેન ભોગીલાલ ત્રિભોવનદાસ શાહના સુપુત્ર. હિતાબેનના પતિ. ચિરાગ યશ્વીના પિતા. હીરના સસરા. જયેશભાઈ, નલિની યોગેશભાઈ, પ્રજ્ઞા પરેશભાઈ, પ્રતિમાબેનના ભાઈ. ઉમરગામ નિવાસી સૌભાગ્યચંદ કેશવજી સોલાણીના જમાઈ. ભાવયાત્રા તા. ૨૭/૪/૨૪ના શનિવારે ૯:૩૦. શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન શ્રાવક સંઘ (મોટો ઉપાશ્રય), પારેખ લેન કોર્નર, એસ.વી. રોડ, કાંદીવલી વેસ્ટ.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

ખંઢેરા નિવાસી હાલ બોરીવલી સ્વ. કંચનબેન પરસોત્તમદાસ શાહના સુપુત્ર બાબુલાલ (ઉં.વ. ૮૧) તે ૨૨/૪/૨૪ના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. વિદ્યાબેનના પતિ. સ્વ. વ્રજલાલ, સ્વ. જયંતીલાલ, સ્વ. ખાંતીલાલના નાનાભાઈ. સુરેશ, મેહુલ, કલ્પના, પીનલ, રિંકુના પિતા. નિમીષા, હિરલ, કિર્તીકુમાર દોશી, જયમીનકુમાર વોરા, યાત્રિકકુમાર સલોતના સસરા. એ/૪૦૫, રોકડીયા એપાર્ટમેન્ટ, રોકડીયા લેન, નિયર ગોકુલ હોટલ, બોરીવલી વેસ્ટ. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઝાલાવાડી સ્થાનકવાસી દશા શ્રીમાળી જૈન**

મુળી નિવાસી હાલ મલાડ સ્વ. સુરેશભાઇ વાડીલાલ શાહના ધર્મપત્ની ધર્મિષઠાબેન (ઉં.વ. ૭૭) નેહા મેહુલ ઘેલાણી અને કુશલના માતા. તે સ્વ. રસિકભાઇ, સ્વ. ભૂપેન્દ્રભાઇ, સ્વ. પ્રવિણભાઈ, નરેન્દ્રભાઈ, સ્વ. લતાબેન પ્રતાપરાય, જ્યોતિબેન મનસુખલાલ કામદારના ભાઈના પત્ની. જોરાવરનગર નિવાસી સ્વ. પ્રવિણભાઈ, સ્વ. ઇંદુભાઈ, સ્વ. શારદાબેન, સ્વ. મંજુલાબેન, વિરબાળાબેન, સ્વ. કુમુદબેનના બેન. અનિલાબેન જયકાંતભાઇ ઘેલાણીના વેવાણ. તા. ૨૧/૪/૨૪ના અરિહંતશરણ પામ્યા છે. પ્રાર્થના સભા તા. ૨૫/૪/૨૪ ગુરુવારના ૪:૦૦ થી ૫.૩૦. વર્ધમાન સ્થાનકવાસી જૈન શ્રાવક સંઘ, એસ.વી. રોડ, પારેખ લેન કોર્નર, કાંદિવલી (વેસ્ટ).

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

પાલીતાણા નિવાસી હાલ અંધેરી (ઈસ્ટ) ભાઈચંદભાઈ દુર્લભજી શાહના સુપુત્ર કીર્તિભાઈ (ઉં.વ. ૭૦) તા. ૨૧-૪-૨૪ના અવસાન પામેલ છે. તે સ્વ. ખાંતિભાઈ, સ્વ. છોટાલાલ તે હસુભાઈના ભત્રીજા. સ્વ. હર્ષદભાઈના ભાઈ. તે છાયાબેનના પતિ. સાસરા પક્ષે ઉમરાળાવાળા કનૈયાલાલ રૂપચંદ મહેતાના જમાઈ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે. ઍડ્રેસઃ ભાઈચંદ દુર્લભજી શાહ, બંગાળી ચાલ રૂમ નં. ૩૮, કોલ ડુંગરી સહાર રોડ, અંધેરી (ઈ.).

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

આ તો બધા ખેડૂત પુત્રોનું અપમાન

# ઉદ્ધવ ઠાકરેના ‘નીચ’ વાળા નિવેદન પર એકનાથ શિંદેનો જવાબ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન એકનાથ શિંદે અને મહારાષ્ટ્રના ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન વચ્ચે હવે શાબ્દિક યુદ્ધ છેડાઈ ગયું છે. ઉદ્ધવ ઠાકરે દ્વારા નીચ તરીકે કરવામાં આવેલા ઉલ્લેખનો જવાબ આપતાં એકનાથ શિંદેએ કહ્યું હતું કે તેઓ મને નીચ કહીને ગાળો આપી રહ્યા છે. જો એક ખેડૂતનો દીકરો, એક સામાન્ય મજૂર માણસ મુખ્ય પ્રધાન બને એ બાબત આ લોકો પચાવી શકતા નથી અને તેથી આવી ભાષાનો ઉપયોગ કરી રહ્યા છે. લોકસભાની ચૂંટણીના પ્રચારમાં અત્યારે શિવસેના (યુબીટી)ના પ્રમુખ ઉદ્ધવ ઠાકરે અને શિવસેનાના મુખ્ય નેતા એકનાથ શિંદે વચ્ચે જે શાબ્દિક યુદ્ધ થઈ રહ્યું છે તેનો અદ્યતન અંક બુધવારે બુલઢાણામાં જોવા મળ્યો હતો. શિંદેએ ઉદ્ધવ ઠાકરેની ‘નીચ’ ટિપ્પણી પર અત્યંત આક્રમક જવાબ આપતાં કહ્યું હતું કે તેઓ હવે મને નીચ કહીને ગાળો આપી રહ્યા છે. વાસ્તવમાં એક ખેડૂતનો દીકરો, એક સામાન્ય મજૂર મુખ્ય પ્રધાન બન્યો તે આ લોકોને ગમ્યું નથી. તેઓ આ વાતને પચાવી શક્યા નથી.

એકનાથ શિંદેએ એમ પણ કહ્યું હતું કે ‘ગઈકાલે તેમણે (ઉદ્ધવ ઠાકરે)એ કહ્યું કે એકનાથ શિંદે નીચ છે. તમે મને નીચ કહીને ગાળો આપી રહ્યા છો. તમે જુઓ તો એમણે મારું અપમાન કર્યું નથી, આ તો બધા જ ખેડૂત પુત્રોનું અપમાન છે. આ ગરીબોની માતાઓ અને બહેનોનું અપમાન છે. જે સમાજમાંથી હું આવું છું તે સમાજના લોકો ૨૬ એપ્રિલે મતદાન દ્વારા આનો જવાબ ચોક્કસ આપશે એની મને ખાતરી છે.

ઉદ્ધવ ઠાકરેએ ભાજપના સિનિયર નેતાઓની ધરપકડની યોજના બનાવી હતી એવું અગાઉ કહી ચૂકેલા એકનાથ શિંદેએ કહ્યું હતું કે ઉદ્ધવ ઠાકરેની સરકાર દેવેન્દ્ર ફડણવીસ સહિત અન્ય કેટલાક ભાજપના નેતાઓની ધરપકડની યોજના ઘડી રહી હતી. જૂન-૨૦૨૨માં (ઉદ્ધવની સરકારના પતન પહેલાં) આશિષ શેલાર, ગિરીશ મહાજન, પ્રવીણ દરેકર અને ફડણવીસની ધરપકડનું કાવતરું ઘડવામાં આવ્યું હતું. એમવીએ સરકારે ભાજપના વિધાનસભ્યોને ફોડવાની તૈયારીઓ કરી હતી અને ફડણવીસ સહિતના નેતા જેલમાં જાય તો આ શક્ય થવાનું હતું.

અહીં ઉલ્લેખનીય છે કે જૂન-૨૦૨૨માં જ એકનાથ શિંદેએ બળવો કરીને ઉદ્ધવ સરકારનું પતન કરાવ્યું હતું.

શિંદેએ અગાઉના બે વર્ષની ઘટનાઓ યાદ કરતાં કહ્યું હતું કે ઉદ્ધવ ઠાકરેનું સપનું મુખ્ય પ્રધાન બનવાનું હતું. મહાવિકાસ આઘાડીનું ગઠન એક પૂર્વ નિયોજિત પગલું હતું. પોતાના પિતાના પગલે ચાલીને કિંગમેકર બનવાને બદલે ઉદ્ધવ પોતે રાજા બનવા માગતા હતા. ■

## મિલિંદ નાર્વેકર જ્યાં છે ત્યાં ખુશ રહેવા દો

### શિંદે સેનામાં જોડાવાની અટકળો પર મૂક્યું પૂર્ણવિરામ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ શિવસેના (યુબીટી) પાર્ટીના સેક્રેટરી મિલિંદ નાર્વેકરને એકનાથ શિંદેની શિવસેના દ્વારા કરવામાં આવેલી ઑફર ફરી એકવાર ચર્ચામાં આવી છે. એવી અટકળો લાગી રહી હતી કે મિલિંદ નાર્વેકરને દક્ષિણ મુંબઈની લોકસભા બેઠક પરથી ચૂંટણી લડવાનો પ્રસ્તાવ આપવામાં આવ્યો છે. મિલિંદ નાર્વેકરે આ અંગે ટિપ્પણી કરવાનો ઇનકાર કર્યો હતો, પરંતુ હવે ખુદ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ આ અટકળોને બુધવારે નકારી કાઢી હતી.

એક મરાઠી ન્યૂઝ ચેનલને આપેલા ઈન્ટરવ્યૂમાં મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ મિલિંદ નાર્વેકરની કથિત ઓફર પર બોલતાં કહ્યું હતું કે મિલિંદ નાર્વેકરને કોઈ ઓફર કરવામાં આવી નથી. મારો તેમની સાથે કોઈ સંપર્ક નથી. તેઓ ઉબાઠા (શિવસેના યુબીટી) પક્ષમાં છે. તેમને ત્યાં સુખેથી રહેવા દો. તેમને મારી શુભેચ્છાઓ છે.

મિલિંદ નાર્વેકર ઉદ્ધવ ઠાકરેની અત્યંત નજીકના ગણાય છે. તેઓ ઘણા વર્ષોથી ઠાકરેના વફાદાર તરીકે જાણીતા છે. જો નાર્વેકરે પાર્ટી છોડવાનો નિર્ણય લીધો હોત તો તેને મોટો આંચકો ગણવામાં આવ્યો હોત.

મહાયુતિએ હજુ સુધી દક્ષિણ મુંબઈમાં પોતાનો ઉમેદવાર નક્કી કર્યો નથી. કયો પક્ષ આ બેઠક પર ચૂંટણી લડશે તે પણ હજી સુધી સ્પષ્ટ નથી. ભાજપ પણ આ બેઠક માટે ઇચ્છુક હોવાનું કહેવાઈ રહ્યું છે અને દેવેન્દ્ર ફડણવીસના સાગર બંગલો પર ભાજપના નેતાઓની બેઠક પણ યોજાઈ હતી. ભાજપના મંગલપ્રભાત લોઢા, રાહુલ નાર્વેકર અને શિવસેનાના યશવંત જાધવ ચૂંટણી લડવા આતુર છે. તો હવે જોવાનું એ રહેશે કે આ સીટ પર ભાજપનો ઉમેદવાર રહેશે કે શિવસેનામાંથી ઉમેદવાર ઉતારવામાં આવશે. મહાવિકાસ આઘાડીએ દક્ષિણ મુંબઈની બેઠક પરથી શિવસેના (યુબીટી)ના વર્તમાન સાંસદ અરવિંદ સાવંતને મેદાનમાં ઉતાર્યા છે. જેથી તેમની સામે કોણ ઉમેદવાર હશે તે જોવાનું રહેશે. ■

# મતદાનને લાગશે ગરમીનું ગ્રહણઃ અનેક રાજ્યોમાં હીટવેવ

## હવામાન ખાતાએ કરેલી આગાહી મુજબ મતદારોને તાપ પજવશે

મુંબઈઃ દેશમાં લોકસભાની ચૂંટણીના કારણ રાજકારણ તો ગરમાયુ છે જ પણ તે સાથે જ કપરા ઉનાળાના કારણે વધતા તાપમાને પણ લોકોને રંજાડ્યા છે. જોકે, લોકસભાની ચૂંટણીના બીજા તબક્કાના મતદાન દરમિયાન ગરમીનો પારો વધશે, તેવી આગાહી હવામાન ખાતા દ્વારા કરવામાં આવી છે અને સંબંધિત રાજ્યોમાં એલર્ટ પણ જાહેર કર્યો છે. હવામાન ખાતા દ્વારા અમુક બેઠકો પર યલો એલર્ટ તો અમુક બેઠકો પર ઓરેન્જ એલર્ટ જાહેર કર્યો છે.

### ૧૩માંથી ૬ રાજ્યમાં એલર્ટ જાહેર

૨૬ એપ્રિલના રોજ ચૂંટણીના બીજા તબક્કામાં દેશમાં તેર રાજ્યોની ૮૯ લોકસભા બેઠકો માટે મતદાન યોજાવાનું છે અને આમાંથી છ રાજ્યોમાં હીટ વેવની ચેતવણી આપી હવામાન ખાતાએ એલર્ટ જાહેર કર્યો છે. જે છ રાજ્યો માટે એલર્ટ જાહેર કરવામાં આવ્યો છે તે રાજ્યોમાં કુલ ૫૮ બેઠકો માટે મતદાન યોજાવાનું છે.

### આ રાજ્યોમાં હીટ વેવની ચેતવણી

| રાજ્ય | બેઠકો |
|---|---|
| મહારાષ્ટ્ર | ૮ |
| ઉત્તર પ્રદેશ | ૮ |
| બિહાર | ૫ |
| પ.બંગાળ | ૩ |
| કર્ણાટક | ૧૪ |
| કેરળ | ૨૦ |

### ક્યાંક તાપ, ક્યાંક વર્ષા

છેલ્લાં અમુક દિવસોથી દેશમાં વિચિત્ર તાપમાન જણાઇ રહ્યું છે. અમુક જગ્યાએ સખત ગરમી, તાપ, લૂ બફારો અનુભવાઇ રહ્યો છે ત્યારે અમુક વિસ્તારોમાં વાદળછાયું વાતાવરણ, વરસાદ અને તોફાની પવનો ફૂંકાઇ રહ્યા હોવાનો માહોલ છે. હવે મતદાન વખતે મોસમનો મિજાજ કેવો રહેશે તેના પર બધાની નજર છે.

### આ રાજ્યોમાં હીટવેવ નહીં, પણ તાપમાન ઊંચું

તેરમાંથી છ રાજ્યોમાં હીટ વેવ બદલ એલર્ટ જાહેર કરવામાં આવ્યો છે જ્યારે બાકીના પાંચ રાજ્યોમાં મતદાન દરમિયાન હીટ વેવ તો નહીં હોય, પરંતુ તાપમાન ઊંચુ રહેશે, તેવી આગાહી હવામાન ખાતાએ કરી છે. આ બાકીના સાત રાજ્યોમાં મધ્ય પ્રદેશ (સાત બેઠકો), રાજસ્થાન(૧૩ બેઠક), છત્તીસગઢ (ત્રણ બેઠક), આસામ(પાંચ બેઠક)નો સમાવેશ થાય છે. ■

# એમએસસીબી બૅંક કૌભાંડમાં અજિત અને સુનેત્રા પવારને ક્લિનચીટ

મુંબઈઃ ૨૫ હજાર કરોડના એમએસસીબી બૅંક કૌભાંડમાં મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન અજિત પવાર અને તેમનાં પત્ની સુનેત્રા પવારને ક્લીનચીટ આપી છે. મુંબઈ પોલીસના ઈઓડબ્લ્યુએ તેના ક્લોઝર રિપોર્ટમાં કહ્યું છે કે આ કેસમાં તપાસ દરમિયાન તેમને કોઈ ગુનાહિત કૃત્ય જેવું દેખાયું નથી. તેથી અમે આ મામલે નાયબ મુખ્ય પ્રધાન અજિત પવાર, તેમના પત્ની સુનેત્રા પવાર અને અન્યને ક્લીનચીટ આપી રહ્યા છે.

ઈઓડબ્લ્યુએ તેના ક્લોઝર રિપોર્ટમાં એમ પણ કહ્યું છે કે સુગર મિલને વેચવાની પ્રક્રિયામાં લોન આપનારી બૅંકને કોઈ નુકસાન થયું નથી. મુંબઈ પોલીસે જણાવ્યું કે સુનેત્રા પવારે વર્ષ ૨૦૦૮માં જય એગ્રોટેકના ડિરેક્ટર પદ પરથી રાજીનામું આપી દીધું હતું. બે વર્ષ બાદ જય એગ્રોટેકે જરાંદેશ્વર સુગર મિલને ૨૦.૨૫ કરોડ રૂપિયા આપ્યા હતા.

આ પછી ગુરુ કોમોડિટીએ હરાજીમાં ૬૫.૭૫ કરોડ રૂપિયામાં જરાંદેશ્વર સામેની સુગર મિલ ખરીદી. આ પછી, ગુરુ કોમોડિટીએ તેને લીઝ પર આપી હતી, જેના ડિરેક્ટર રાજેન્દ્ર ઘડગે અને અજિત પવારના સંબંધીઓ હતા, ગુરુ કોમોડિટીને ૬૫.૫૩ કરોડનું ભાડું આપ્યું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે અજિત પવાર હવે ભાજપ સાથે છે અને તેમના પત્ની સુનેત્રા પવાર બારામતીના લોકસભાના ઉમેદવાર છે. કાકા શરદ પવાર સાથે છેડો ફાડી અજિત પવાર જ્યારે ભાજપ સાથે જોડાયા ત્યારથી શરદચંદ્ર પવારની એનસીપી, ઉદ્ધવ ઠાકરેની શિવસેના અને કૉંગ્રેસ આક્ષેપો કરી રહ્યા છે કે અજિત પવાર પરના કથિત ભ્રષ્ટાચારના કેસમાંથી પવારને છૂટકારો મળે તે માટે જ પવારે ભાજપમાં પ્રવેશ મેળવ્યો છે. ■

# પત્રા ચાલ કૌભાંડઃ ઇડી દ્વારા પ્રવીણ રાઉતની ₹ ૭૩ કરોડની સંપત્તિ જપ્ત

મુંબઈઃ પત્રા ચાલ રિડેવલપમેન્ટ કેસમાં ઇડી(એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ) દ્વારા મોટી કાર્યવાહી કરી અને આશરે રૂપિયા ૭૩.૬૨ કરોડ રૂપિયાની સ્થાવર મિલકતોને ટાંચમાં લેવામાં આવી છે. આ મિલકતો આ કેસના મુખ્ય આરોપી પ્રવીણ રાઉત અને તેના સાથીદારોની હોવાનું જાણવા મળ્યું છે. ઉલ્લેખનીય છે કે પ્રવીણ રાઉત તે ઉદ્ધવ ઠાકરે જૂથની શિવસેનાના સાંસદ સંજય રાઉતના નજીકના માનવામાં આવે છે.

ઇડી દ્વારા પ્રિવેન્શન ઑફ મનીલૉન્ડરિંગ ઍક્ટ (પીએમએલએ), ૨૦૦૨ આ કાયદા અંતર્ગત આ કાર્યવાહી કરવામાં આવી હતી. એમ/એસ ગુરુ આશિષ કન્સ્ટ્રક્શન્સ પ્રાઇવેટ લિમિટેડ(જીએસીપીએલ) કંપની દ્વારા ગોરેગાંવમાં આવેલી પત્રા ચાલના રિડેવલપમેન્ટ એટલે કે પુનર્વિકાસમાં ગેરરીતિ આચરવા સંબંધિત આ કેસ છે.

મ્હાડા(મહારાષ્ટ્ર હાઉસિંગ ઍન્ડ એરિયા ડેવલપમેન્ટ)ના એન્જિનિયર એક્ઝિક્યુટિવ એન્જિનિયર દ્વારા દાખલ કરવામાં આવેલી ફરિયાદના આધારે મુંબઈની આર્થિક ગુના શાખા(ઇકોનોમિક ઓફેન્સિસ વિંગ-ઇઓડબલ્યુ)એ નોંધેલા ગુનાના આધારે ઇડીએ પોતાની તપાસ આ કેસમાં શરૂ કરી હતી. આઇપીસી(ભારતીય દંડ સંહિતા)ની કલમ ૧૮૬૦ અંતર્ગત ઉક્ત કંપનીના સારંગ કુમાર વાધવાન, રાકેશ કુમાર વાધવાન અને અન્યો વિરુદ્ધ આ સૌપ્રથમ ઇઓડબલ્યુ દ્વારા એફઆઇઆર નોંધવામાં આવી હતી.

ઇડીએ કરેલી તપાસમાં જણાયું હતું કે ૬૭૨ રહેવાસીઓના પુનર્વસન માટેના આ પ્રોજેક્ટમાં મોટેપાયે આર્થિક ગેરરીતી આચરવામાં આવી હતી. ઉક્ત ડેવલપર દ્વારા ૬૭૨ રહેવાસીઓ માટે મકાન ઉપલબ્ધ કરાવ્યા અને મ્હાડા માટે ફ્લેટ તૈયાર કર્યા બાદ બાકીના એરિયામાં વેચાણ માટે ફ્લેટ તૈયાર કરવાના કરાર કરવામાં આવ્યા હતા. જોકે જીએસીપીએલ દ્વારા મ્હાડાને ગેરમાર્ગે દોરીને નવ ડેવલપરોને એફએસઆઇ(ફ્લોર સ્પેસ ઇન્ડેક્સ) ૯૦૧.૭૯ કરોડ રૂપિયામાં વેંચીને ગેરરીતિ આચરવામાં આવી હોવાનું તપાસમાં જણાયું હતું. તેમાં પણ ૬૭૨ રહેવાસીઓ માટે ફ્લેટ ઉપરાંત મ્હાડા માટે ફ્લેટ બાંધવાનો કરાર તો પૂરો કરવામાં આવ્યો હતો જ નહીં.

આ કેસમાં પહેલા પણ ઇડીએ સંજય રાઉત, પ્રવીણ રાઉત તેમ જ ડેવલપરોની મિલકતો ટાંચમાં લીધેલી છે. જોકે ઇડી ઊંડાણપૂર્વક તપાસ કરી રહી હોવાના કારણે હવે આ કેસના આરોપીઓ સામે ગાળિયો વધુને વધુ કસાતો જતો હોવાનું અને તેમની મુશ્કેલી વધી રહી હોવાનું જણાઇ રહ્યું છે. ■

### સંજય રાઉતની મિલકત પણ લેવાઇ છે ટાંચમાં

આ કેસમાં ઇડી દ્વારા આ પૂર્વે ઉદ્ધવ ઠાકરેની શિવસેનાના સાંસદ સંજય રાઉત અને તેના ખૂબ જ નજીકના મનાતા પ્રવીણ રાઉતની ૧૧૫ કરોડ રૂપિયાની મિલકત પણ ટાંચમાં લીધી હતી. ગોવા ખાતેની સારંગ વાધવાન અને રાકેશ વાધવાનની ૩૧.૫૦ કરોડ રૂપિયાની મિલકતો પણ ઇડી દ્વારા આ પહેલા ટાંચમાં લેવામાં આવી છે.

# ભાજપ હવે બોગસ જનતા પાર્ટી બની ગઇ છે

## ભાજપની ટીકાનો ઉદ્ધવ ઠાકરેનો જવાબ

મુંબઈઃ લોકસભાની ચૂંટણીના બીજા તબક્કા પહેલા સત્તાધારી પક્ષ અને વિપક્ષ દ્વારા એકબીજા પર આરોપ-પ્રત્યારોપનો સિલસિલો પણ વધુ ઉગ્ર બન્યો છે. હજી થોડા દિવસ પહેલા જ ભાજપ દ્વારા ઉદ્ધવ ઠાકરેની શિવસેનાને નકલી શિવસેના ગણાવવામાં આવી હતી, જેનો જવાબ આપતા ઉદ્ધવ ઠાકરેએ ભાજપને બોગસ ભારતીય જનતા પાર્ટી કહી હતી.

મરાઠવાડામાં મહાવિકાસ આઘાડીના ઉમેદવારો માટે પ્રચાર કરતી વખતે ઉદ્ધવે જણાવ્યું હતું કે સત્તાધારી પક્ષ પણ હવે કરોડોના આદર્શ હાઉસિંગ સોસાયટી કૌભાંડનો ભાગ બની ચૂક્યો છે. આમ કહી ઉદ્ધવે કૉંગ્રેસ છોડીને ભાજપમાં સામેલ થનારા ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન અશોક ચવ્હાણ પર નિશાન સાધ્યું હતું.

હિંગોલી ખાતે મહાવિકાસ આઘાડીના ઉમેદવાર નાગેશ આશિતકર માટે પ્રચાર રેલીને સંબોધતા ઉદ્ધવે પોતાની વિરુદ્ધ બળવો કરી શિંદે જૂથમાં જોડાનારા વિધાનસભ્યો વિશે જણાવ્યું હતું કે ચોરોએ ખરી શિવસેના છીનવી લીધી છે. જોકે, જ્યાં સુધી આ હિસાબ સર નહીં કરી લે ત્યાં સુધી અમે ચૂપ નહીં બેસીએ. હિંગોલી બેઠક પર મહાવિકાસ આઘાડીના ઉમેદવાર આશિતકર વિરુદ્ધ એકનાથ શિંદે જૂથની શિવસેનાના ઉમેદવાર બાબુરાવ કદમ કોહાલીકર છે.

વડા પ્રધાન નરેન્દ્ર મોદી ઉપર નિશાન સાધતા ઉદ્ધવે કહ્યું હતું કે મોદી કહે છે કે અમારી શિવસેના નકલી છે, પરંતુ મોદી નથી જાણતા કે ભાજપ હવે બોગસ જનતા પાર્ટી બની ગઇ છે.

ખેડૂતોને લોન માફી અંગે વાત કરતા ઉદ્ધવ કહ્યું હતું કે જો મારી સાથે દગો ન થયો હોત તો પાંચ વર્ષના કાર્યકાળ દરમિયાન મેં ખેડૂતોની લોન માફ કરી દીધી હોત. ■



**ક્લિન-અપ ટાઈમઃ** બુધવારે ચર્ચગેટના હુતાત્મા ચોકના ફ્લોરા ફાઉન્ટનની આવેલી શિલ્પાકૃતિને સ્વચ્છ કરતો સરકારી કર્મચારી કચકડે કંડેરાઇ ગયો હતો. (જયપ્રકાશ કેળકર)

# લોકલ ટ્રેનોમાં પોલીસના બદલે સીસીટીવી અને ટોકબેક સિસ્ટમ વધારવાની મહિલાઓની માગણી

મુંબઈઃ મુંબઈ જેવા મહાનગરમાં દરરોજ મુસાફરો લોકલ ટ્રેન દ્વારા સફર કરે છે. તેમાં મહિલા મુસાફરોની સંખ્યા લગભગ ૩૦ ટકા જેટલી છે. લોકલમાં મહિલા મુસાફરો માટે કોચ અનામત રાખવામાં આવે છે. સવારની પહેલી લોકલથી લઈને રાતની છેલ્લી લોકલ સુધી મહિલાઓ ટ્રેનમાં મુસાફરી કરતી જોવા મળે છે.

રેલવે બૉર્ડે લોકલ ટ્રેનોમા કોચમાં મહિલાઓની છેડતી અને અન્ય ગુનાઓને અંકુશમાં લેવા માટે મહત્ત્વપૂર્ણ નિર્ણય લીધો છે, જેમાં જૂનના અંત સુધીમાં તમામ મહિલા કોચમાં સીસીટીવી અને ટોક બેક સિસ્ટમ લગાવવામાં આવશે, તેથી હવે દરેક ડબ્બામાં મહિલાઓની સુરક્ષા માટે કડક જોગવાઈ રહેશે. રેલવેમાં મહિલાઓની મુસાફરી હવે જૂન પછી આધુનિક સુરક્ષા હેઠળ થશે.

રેલવેએ ટૂંક સમય પહેલા મહિલા મુસાફરોનો સર્વે હાથ ધર્યો હતો. સર્વેક્ષણમાં ભાગ લેનાર લગભગ ૬૦ ટકા મહિલાઓએ ખાખી યુનિફોર્મમાં રેલવે પોલીસને ગોઠવવાની પરંપરાગત પદ્ધતિને બદલે સીસીટીવી અને ટોકબેક સિસ્ટમ દાખલ કરીને આધુનિક સુરક્ષાની જરૂરિયાત વ્યક્ત કરી હતી, જેથી મહિલાઓની છેડતી અને અન્ય ગુનાઓ અંકુશમાં લઈ શકાય. હવે રેલવે બૉર્ડે મધ્ય રેલવે અને પશ્ચિમ રેલવેના તમામ મહિલા કોચમાં સીસીટીવી અને ટોક બેક સિસ્ટમ સ્થાપિત કરવાનો નિર્દેશ આપ્યો છે. ■

# ભાષણ આપતી વખતે નીતિન ગડકરી બેભાન થયા

મુંબઈઃ લોકસભાની ચૂંટણી માટે મતદાનના બીજા તબક્કા માટે મહારાષ્ટ્રમાં જોરદાર ચૂંટણી પ્રચાર થઇ રહ્યો છે અને કેન્દ્રીય પ્રધાન નીતિન ગડકરી પણ ઠેરઠેર પ્રચારસભાઓ ગજાવી રહ્યા છે. જોકે, યવતમાળમાં પ્રચાર સભાને સંબોધતી વખતે ગડકરી અચાનક બેભાન થઇ જતા ત્યાં હાજર મહાયુતિના નેતાઓ ચિંતિત થઇ ગયા હતા તથા તેમને તાત્કાલિક સારવાર માટે લઇ જવાયા હતા. હાલ મહારાષ્ટ્રમાં રાજકારણ અને તાપમાન બંનેનો માહોલ ગરમ છે અને ગરમી અને તાપના કારણે પણ ગડકરીની તબિયત ખરાબ થઇ હોવાનું કહેવાય છે.

યવતમાળમાં એક સભાને સંબોધતા ગડકરી ભાષણ આપી રહ્યા હતા અને અચાનક જ તેમની તબિયત બગડી હતી અને તે સ્ટેજ પર બેભાન થઇ ગયા હતા. એ દરમિયાન સ્ટેજ પર હાજર લોકોએ તેમને સંભાળ્યા હતા અને તાત્કાલિક સારવાર માટે લઇ ગયા હતા.

ઉલ્લેખનીય છે કે ગડકરી મહાયુતિમાં ભાજપ તરફથી નાગપુર બેઠકના ઉમેદવાર છે. નાગપુર બેઠક પર પહેલા તબક્કામાં જ મતદાન થઇ ગયું છે અને અહીં તેમના હરીફ કૉંગ્રેસના અમિત ઠાકરે સાથે છે. જોકે, પોતાની બેઠક માટે મતદાન થઇ ગયું હોવા છતાં ગડકરી મહાયુતિના અન્ય ઉમેદવારો માટે પ્રચાર રેલીમાં ભાગ લઇ રહ્યા છે અને સાથી ઉમેદવારોનો પ્રચાર કરી રહ્યા છે.

આ પહેલા પણ ગડકરીની તબિયત લથડતા તે સ્ટેજ ઉપર બેભાન થઇ ગયા હોવાની ઘટના બની હતી. ૨૦૧૮માં અહમદનગર ખાતે લોકોને સંબોધતા સમયે તેમને ચક્કર આવી જતા તે બેભાન થઇ ગયા હતા. એ વખતે તે વખતના મહારાષ્ટ્રના રાજ્યપાલ સી.વિદ્યાસાગર રાવ પણ તેમની સાથે સ્ટેજ પર હાજર હતા અને તેમણે ગડકરીને સંભાળ્યા હતા. એ વખતે શુગર લેવલ ઘટી જવાના કારણે તેમને ચક્કર આવ્યા હોવાનું જણાતા તેમને તરજ જ પાણી પીવડાવવામાં આવ્યું હતું અને પેંડો ખવડાવવામાં આવ્યો હતો, જ્યારબાદ તેમની હાલત સુધરી હતી. ગડકરીની તબિયત તે પહેલા પણ એક વખત ખરાબ થઇ હતી. ગડકરી પોતાનું વજન ઓછું કરવા માટે ઓપરેશન પણ કરાવી ચૂક્યા છે. ■




# ‘ઈન્ડિયા’ જોડાણ કરોડો લખપતિઓને જન્મ આપશેઃ રાહુલ ગાંધી

અમરાવતીઃ કૉંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ બુધવારે દાવો કર્યો હતો કે મહાલક્ષ્મી યોજના તેમજ હુન્નર શીખવા તાલીમ આપવાની પક્ષની ખાતરી એ બંનેના સમન્વયને કારણે ગરીબ મહિલાઓ અને યુવા વર્ગનો વિકાસ થશે અને કરોડો ‘લખપતિ’ અસ્તિત્વમાં આવતા દેશનો ચહેરો બદલાઈ જશે.

મહારાષ્ટ્રના અમરાવતીમાં સભાને સંબોધતા ગાંધીએ વધુમાં જણાવ્યું હતું કે દુનિયાની કોઈ તાકાત ભારતનું બંધારણ નહીં બદલી શકે.

લોકસભાની ચૂંટણીમાં ‘ઈન્ડિયા’ જોડાણ વિરોધ પક્ષનો મુખ્ય ચહેરો છે અને કૉંગ્રેસ એનો એક ઘટક છે. આગામી લોકસભા ચૂંટણીના ઉપલક્ષ્યમાં પક્ષના જાહેરનામામાં આપવામાં આવેલા વિવિધ વચનોમાં મહાલક્ષ્મી યોજના તેમજ તાલીમ મેળવવાનો હકનો સમાવેશ છે.

રાહુલ ગાંધીએ દાવો કર્યો હતો કે વડા પ્રધાન નરેન્દ્ર મોદીના ૧૦ વર્ષના શાસનકાળમાં ૨૨ - ૨૫ અબજપતિ થયા જ્યારે ‘ઈન્ડિયા’ જોડાણ જો સત્તા પર આવશે તો કરોડો ‘લખપતિ’ અસ્તિત્વમાં આવશે. પછાત, આદિવાસી, દલિત અને લઘુમતી કોમની કુલ ૯૦ ટકા વસ્તીને પોતાની ક્ષમતાનો એહસાસ ન થાય એ માટે ભાજપ બંધારણ બદલવા માગતો હતો.

જોકે, વિશ્વની કોઈ તાકાત ભારતનું બંધારણ નહીં બદલી શકે એમ પણ તેમણે જણાવ્યું હતું. (પીટીઆઈ)■

# ‘ઝીરો વેઈટિંગ લિસ્ટ’ માટે રેલવે સજ્જઃ વધુ ચાર ટર્મિનસ બનાવવાની યોજના

મુંબઈઃ સામાન્ય નાગરિકોનો રેલવેપ્રવાસ આરામદાયી બની રહે એ માટે હાલના કેન્દ્રીય બજેટમાં જાહેર કરવામાં આવેલી શૂન્ય પ્રતીક્ષા યાદી (ઝીરો વેઈટિંગ લિસ્ટ)નો ઉદ્દેશ સાધવા માટે ભારતીય રેલવેએ પગલાં લીધાં છે. મધ્ય રેલવેમાં ચાર જગ્યાએ મેગા ટર્મિનસ ઊભાં કરવાનો નિર્ણય રેલવેએ લીધો છે. આ માટે મુંબઈમાં છ ઠેકાણે જગ્યાની શોધ ચાલી રહી હોઇ શહેરમાં જગ્યાના અભાવના સંજોગોમાં વિકાસશીલ શહેરોનો વિકલ્પ પણ ખુલ્લો રાખવામાં આવ્યો છે.

ભારતીય રેલવે બોર્ડના મુખ્ય અધિકારીની હાજરીમાં દેશના તમામ ઝોનલ રેલવેના મુખ્ય વરિષ્ઠ અધિકારીઓની બેઠક પાર પડી હતી. આ બેઠકમાં હાલની ઉનાળાની રજામાં પ્રવાસીની થતી ગિરદી બાબતે દીર્ઘકાલીન ઉપાય કરવા અંગે ચર્ચા થઇ હતી. મુંબઈમાં પ્રવાસીઓની માગણી વધી રહી છે. આને કારણે મુંબઈમાં હાલનાં રેલવે ટર્મિનસ ઉપરાંત અન્ય ચાર નવાં મેગા ટર્મિનસ ઊભાં કરવા માટે પનવેલ, કલ્યાણ, કલંબોલી, ડોંબિવલી, થાણે અને પરેલ સંભવિત ઠેકાણાંની જગ્યાનું પરીક્ષણ હાથ ધરવામાં આવ્યું છે. જોકે હજી સુધી કોઇ જગ્યા ઉપલબ્ધ થઇ શકી નથી.

મુંબઈમાં ઉપયોગમાં લેવામાં આવતાં રેલવે ટર્મિનસમાં પૂરી ક્ષમતાથી રેલવે ટ્રેનો ચલાવવામાં આવે છે. આને કારણે મલ્ટી મૉડેલ કનેક્ટિવિટી ધરાવતાં મેગા ટર્મિનસ ઊભાં કરવામાં આવશે. મેગા ટર્મિનસમાં ૪૦ (અપ-ડાઉન) નવી ટ્રેનો દોડાવવામાં આવશે. આને કારણે પ્રવાસીઓની પરિવહનની ક્ષમતામાં ૫૦ ટકાનો વધારો અપેક્ષિત છે, એવું રેલવે અધિકારીએ જણાવ્યું હતું. મેગા ટર્મિનસ વિસ્તારમાં પ્રવાસીઓનાં વાહનો માટે ભવ્ય પાર્કિંગ અને અન્ય સુવિધાઓ પણ ઉપલબ્ધ કરી આપવામાં આવશે.

ટર્મિનસમાં રેલવેલાઈન ઊભી કરવા માટે સળંગ જગ્યાની જરૂર છે. પરીક્ષણ ચાલી રહેલાં ઠેકાણાંમાં મોટા પ્રમાણમાં રેસિડેન્શિયલ બાંધકામો છે. છ ઠેકાણાંમાં હાલ જમીનસંપાદનના કરવામાં મોટો પડકાર છે. આને કારણે વિકસિત થઇ રહેલાં શહેરો એટલે કે પનવેલ, બદલાપુર, ટિટવાલા કે પછી તેની નજીકનાં શહેરોનો વિકલ્પ ખુલ્લો રાખવામાં આવ્યો છે. જગ્યા નક્કી થયા બાદ જમીનસંપાદન અનુસાર પ્રોજેક્ટ ખર્ચ નક્કી કરવામાં આવશે, એવું વરિષ્ઠ રેલવે અધિકારીએ જણાવ્યું હતું. ■

# ફન વર્લ્ડ

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી શુક્રવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

## ભાષા વૈભવ...

મરાઠી - ગુજરાતી સમાનાર્થી શબ્દોની જોડી બનાવો

| A | B |
|---|---|
| संगनमत | ઉછેર |
| संगोपन | ભાળ, પત્તો |
| सांगड | ઢોળવું |
| सांडणे | મસલત |
| सुगावा | તરાપો |

## ઓળખાણ પડી?



હાલ કેનેડામાં રમાઈ રહેલી ચેસની કેન્ડીડેટ્સ ટુર્નામેન્ટમાં હિસ્સો લેનારી મહિલા ખેલાડીની ઓળખાણ પડી? આ સ્પર્ધામાં તેનો ભાઈ પણ રમી રહ્યો છે.

અ) હમ્પી કોનેરુ બ) આર. વૈશાલી ક) તાનિયા સચદેવ ડ) દિવ્યા દેશમુખ

## ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ ઢાં | ૨ ક | ૩ પિ | છો | ડો | | ૪ સ | ર્વ | ૫ શ્રે | ષ્ઠ |
| ૬ ક | સ | ર | | | ૭ છા | પ | | ય | |
| ણી | | મ | | ૮ વા | ન | ર | | | ૯ પૂ |
| | ૧૦ જં | જી | ૧૧ ર | | ૧૨ ગ | મા | ૧૩ ર | | ર |
| ૧૪ રા | ગ | | ૧૫ સા | ૧૬ ર | પ | | ૧૭ સ | કં | જો |
| ૧૮ મ | લ | ૧૯ ય | | ૨૦ મ | તિ | ભ્ર | મ | | શ |
| ન | | ૨૧ મ | ળ | તિ | યાં | | | ૨૨ જ | |
| ૨૩ વ | ૨૪ જ | ન | | યા | | ૨૫ વા | ૨૬ હ | વા | ૨૭ હી |
| ૨૮ મી | ન | | ૨૯ વા | ળ | | | ૩૦ વ | હ | ન |
| | ૩૧ મ | ર | દ | | ૩૨ અ | ગ્રે | સ | ર | |

## શબ્દલાલિત્ય

સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | ૩ | | ૪ | ૫ | ૬ | | |
| ૭ | | | ૮ | ૯ | | ૧૦ | | | ૧૧ |
| | | | ૧૨ | | | | ૧૩ | | |
| ૧૪ | ૧૫ | ૧૬ | | | | ૧૭ | | | |
| | ૧૮ | | ૧૯ | | | ૨૦ | | ૨૧ | |
| ૨૨ | | | | | ૨૩ | | | | |
| | | | | ૨૪ | | | ૨૫ | | ૨૬ |
| ૨૭ | | | ૨૮ | | | ૨૯ | | ૩૦ | |
| | | | | | | ૩૧ | ૩૨ | | |
| | ૩૩ | | | | | ૩૪ | | | |

### આડી ચાવી

૧. ગતિશીલ, ચંચળ, ચપળ (૪)
૪. પ્રમાણે, મુજબ (૪)
૭. પાણી (૨)
૮. પદ્ધતિ (૨)
૧૦. રક્ષણ કરવું તે (૨)
૧૨. ઘોરખોદિયું (૩)
૧૩. પાણીની લહર, કલ્પના (૩)
૧૪. વિશ્વ, દુનિયા, જમાનો (૩)
૧૮. ગળ્યો સ્વાદ (૪)
૨૦. રાજસભા, કચેરી (૪)
૨૨. ગ્રામીણ વિસ્તારનો ઘટક (૪)
૨૩. આબરૂ, પ્રતિષ્ઠા (૨)
૨૪. સાધુ, સજ્જન વ્યક્તિ (૨)
૨૫. કાંઈ પણ (૩)
૨૭. દશનો ઘડિયો - ૧X૧૦=૧૦ (૨)
૨૮. સ્થાપના કરનાર (૪)
૩૦. ઉકેલ (૨)
૩૧. હરાયાં ઢોર પૂરવાનો વાડો (૨)
૩૩. પાછું સોંપવું તે (૪)
૩૪. કંપાસનું સાધન (૪)

### ઊભી ચાવી

૧. હાથીઓનો રાજ (૪)
૨. તલ (૨)
૩. દરદી, બીમાર (૩)
૫. ભાડું (માલ લાવવાનું) (જો.છૂ.) (૨)
૬. સામસામે, મુખોમુખ (૩)
૯. ---- કરવી એટલે પક્ષ લેવો (૪)
૧૧. હિંમત, તાકાત (૪)
૧૫. આકાશ, આભ (૩)
૧૬. સ્થાનિક, દેશી (૪)
૧૭. કામદેવ (૩)
૧૯. હોદ્દો (૨)
૨૧. ગુલામ, બેગમ, ---- (૪)
૨૨. એક સુકો મેવો (૪)
૨૩. તાપ (૩)
૨૪. મંડળ, તંત્ર, સંસ્થાન (૨)
૨૬. પૈસા (૪)
૨૮. ---- છે, ચાલ્યા કરે (૩)
૨૯. ધાક, રૂઆબ (૩)
૩૨. ગૂણ, ગાંસડી (૨)

## ગુજરાત મોરી મોરી રે

અટપટી રીતે સમજાવતા સંબંધને ઓળખી કાઢો. પુરુષના ભાણેજની પત્નીની સાસુ પુરુષને સંબંધમાં શું થાય એ દિમાગ દોડાવી જણાવો જોઉં.

અ) સાળી બ) મામી ક) ભાણેજ ડ) બહેન

## જાણવા જેવું

દેવોના શિલ્પીનું વિશ્વકર્મા એવું સાધારણ નામ છે, તેવી રીતે અસુરોના શિલ્પીને મય કહેતા હતા. ખાંડવ વન અર્જુને અગ્નિને ભક્ષ કરવા આપ્યું હતું, તેમાંથી આ મળી આવ્યો હતો. તે વેળાએ અર્જુને મયનું રક્ષણ કર્યું હતું. એ ઉપકારના બદલામાં અર્જુનને એક મહેલ નિર્માણ કરી આપ્યો. તેમાં કોઈ કોઈ ઠેકાણે સ્થળને સ્થાને જળ અને જળને સ્થાને સ્થળ હોય એવો ભાસ થાય એવું ચાતુર્ય કર્યું હતું.

## સુડોકુ-૫૦૭૧

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | ૯ | | ૮ | | | |
| ૧ | | ૭ | ૩ | | ૬ | ૫ | | ૯ |
| ૨ | ૩ | | | ૧ | | | ૪ | ૬ |
| ૫ | ૪ | | | | | | ૭ | ૨ |
| | | ૮ | | | | ૬ | | |
| ૯ | ૬ | | | | | | ૮ | ૪ |
| ૩ | ૯ | | | ૭ | | | ૬ | ૮ |
| ૮ | | ૬ | ૧ | | ૪ | ૨ | | ૩ |
| | | | ૮ | | ૩ | | | |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

## સુડોકુ-૫૦૭૦

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૮ | ૧ | ૯ | ૨ | ૩ | ૭ | ૫ | ૪ | ૬ |
| ૫ | ૬ | ૭ | ૧ | ૮ | ૪ | ૨ | ૩ | ૯ |
| ૪ | ૨ | ૩ | ૫ | ૯ | ૬ | ૧ | ૮ | ૭ |
| ૬ | ૯ | ૨ | ૮ | ૧ | ૫ | ૩ | ૭ | ૪ |
| ૧ | ૪ | ૮ | ૬ | ૭ | ૩ | ૯ | ૨ | ૫ |
| ૩ | ૭ | ૫ | ૪ | ૨ | ૯ | ૮ | ૬ | ૧ |
| ૭ | ૩ | ૪ | ૯ | ૫ | ૮ | ૬ | ૧ | ૨ |
| ૨ | ૫ | ૬ | ૩ | ૪ | ૧ | ૭ | ૯ | ૮ |
| ૯ | ૮ | ૧ | ૭ | ૬ | ૨ | ૪ | ૫ | ૩ |

## ચતુર આપો જવાબ — માથું ખંજવાળો

આપેલા વાક્યમાં દારૂ - મદિરાનો પર્યાય સંતાઈને બેઠો છે એ શોધી કાઢો જોઉં.

સંગાથમાં પાણીની જેમ વહેતો સમય હવે થીજી ગયો છે.

## નોંધી રાખો

દુન્યવી સંબંધોમાં અનેક ઠેકાણે સ્વાર્થ જોવા મળે છે. ઘોડો જ્યાં સુધી રેસમાં વિજય મેળવતો હોય છે ત્યાં સુધી એને ખવડાવવા પડતા ચણા માલિકને મોંઘા નથી લાગતા.

## માઈન્ડ ગેમ

૧૯૬૨થી ૧૯૬૭ દરમિયાન આરોગ્ય પ્રધાનનો હોદ્દો સંભાળનારી મહિલાનું નામ જણાવો. તેમના ભાઈ પ્યારેલાલ ગાંધીજીના અંગત સચિવ હતા.

અ) ઉમાશંકર દીક્ષિત ૨) સરોજિની નાયડુ ૩) સુશીલા નાયર ૪) મોહસીના કિડવાઈ

## ગયા ગુરુવારના જવાબ

**ભાષા વૈભવ**

| A | B |
|---|---|
| कंगवा | દાંતિયો |
| कावीळ | કમળો |
| कांडी | દીવાસળી |
| कारागृह | કેદખાનું |
| कालवड | વાછરડી |

**ગુજરાત મોરી મોરી રે**
ભાભી

**ઓળખાણ પડી?**
સુમિત્રા મહાજન

**માઈન્ડ ગેમ**
ગણેશ માવળંકર

**ચતુર આપો જવાબ માથું ખંજવાળો**
છળ

## ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) સુભાષ મોમાયા (૨) મૂળરાજ કપૂર (૩) કિશોરકુમાર જીવણદાસ વેદ (૪) શીરીન ઔરંગાબાદવાલા (૫) પ્રતિમા પામાણી (૫) તાહેર ઔરંગાબાદવાલા (૬) અબદુલ્લા એફ. મુનીમ (૭) પ્રતિમા પમાણી (૮) ધીરેન્દ્ર ઉદ્દેશી (૯) નીતા દેસાઈ (૧૦) શ્રદ્ધા આશર (૧૧) ડો. પ્રકાશ કટકિયા (૧૨) ભારતી પ્રકાશ કટકિયા (૧૩) ખુશરૂ કાપડિયા (૧૪) ભારતી બુચ (૧૫) નિખિલ બંગાળી (૧૬) અમીશી બંગાળી (૧૭) પુષ્પા પટેલ (૧૮) વિભા મહેશ્વરી (૧૯) નંદકિશોર સંજાણવાળા (૨૦) મીનળ કાપડિયા (૨૧) પ્રવીણ વોરા (૨૨) જ્યોતિ ખાંડવાલા (૨૩) લજિતા ખોના (૨૪) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૨૫) મનીષા શેઠ (૨૬) ફાલ્ગુની શેઠ (૨૭) ભાવના કર્વે (૨૮) મહેન્દ્ર લોઢાવિયા (૨૯) કલ્પના આશર (૩૦) હર્ષા મહેતા (૩૧) મહેશ દોશી (૩૨) વિણા સંપટ (૩૩) દેવેન્દ્ર સંપટ (૩૪) રજનીકાંત પટવા (૩૫) સુનીતા પટવા (૩૬) પુષ્પા ખોના (૩૭) અંજુ ટોલિયા (૩૮) અલકા વાણી (૩૯) દિલીપ પરીખ (૪૦) સુરેખા દેસાઈ (૪૧) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૪૨) નિતીન બજરિયા (૪૩) અરવિંદ કામદાર (૪૪) નયના ગિરીશ મિસ્ત્રી (૪૫) જ્યોત્સના ગાંધી (૪૬) હિના દલાલ (૪૭) ઈનાક્ષી દલાલ (૪૮) રમેશ દલાલ (૪૯) હેમા હિરીશ ભટ્ટ

## કથા કોલાજ (સાતમા પાનાનું ચાલુ)

વર્ષો પછી રાજ ખોસલાએ મને ફિલ્મ ઓફર કરી, 'મૈં તુલસી તેરે આંગન કી' ફિલ્મ ખૂબ સારી ચાલી અને ત્યારે ખોસલા સાહેબે કહ્યું, 'ખરેખર! સમજાતું નથી, પ્રેક્ષકને શું જોઈએ છે.'

એ જ ગાળામાં શક્તિ સામંત નામના એક દિગ્દર્શક સુંદર ફિલ્મો લઈને આવ્યા. એ વર્ષે મારી ફિલ્મ 'ચિરાગ' રિલીઝ થઈ હતી. શર્મિલા ટાગોર 'આરાધના' માટે અને હું 'ચિરાગ' માટે નોમિનેટ થયાં હતાં, પરંતુ શર્મિલાજીને એવોર્ડ મળ્યો. નવાઈની વાત એ છે કે, શક્તિ સામંતે એના પછીની ફિલ્મ મને ઓફર કરી, 'કટી પતંગ' જેને માટે મને ફિલ્મફેર એવોર્ડ મળ્યો. જિંદગીનો પ્રવાસ એમ જ ચાલતો રહ્યો. 'કટી પતંગ', 'ચિરાગ' જેવી ફિલ્મો પછી મને સાદા અને ઊંડાણવાળા રોલ ઓફર થવા લાગ્યા અને પછી એક ફિલ્મ આવી 'બહારોં કે સપનેં' (૧૯૬૭). જેમાં મને સુંદર કામ કરવાનો ચાન્સ મળ્યો...

સૌથી આનંદની વાત એ છે કે, છેક શમ્મી કપૂરથી શરૂ કરીને સુનીલ દત્ત, દેવ આનંદ, ધર્મેન્દ્ર, સંજીવ કુમાર, વિનોદ ખન્ના, મનોજ કુમાર, શશી કપૂર, રાજેશ ખન્ના અને જિતેન્દ્રજી સુધીના અભિનેતાઓ સાથે મેં કામ કર્યું. અભિનેતાઓની ત્રણ પેઢી (લગભગ) કહી શકાય એ રીતે ફિલ્મી દુનિયાનો મારો પ્રવાસ ખૂબ રસપ્રદ અને સફળ રહ્યો.

એ દરમિયાન ગુજરાતી ફિલ્મો પણ કરી. 'માનાં આંસુ', 'કુળવધૂ', 'અખંડ સૌભાગ્યવતી' જેવી અનેક ફિલ્મો ગુજરાતીમાં કરવાનું મને સદભાગ્ય મળ્યું અને સાચું પૂછો તો એક ગુજરાતી તરીકે એ ફિલ્મોએ મને ખૂબ ગૌરવ પણ અપાવ્યું.

હિન્દી ફિલ્મોમાં ગુજરાતી છોકરીઓને હજી સુધી જોઈએ તેવી સફળતા મળી નથી. મળી શકે એમ છે, પરંતુ કોઈક કારણસર ગુજરાતી છોકરીઓ હિન્દી ફિલ્મોમાં એવું કાઠું કાઢી શકી નથી ત્યારે એક ગુજરાતી તરીકે ૧૯૫૨થી ૧૯૯૦ સુધી મેં ફિલ્મો કરી. છેક બિમલ રોયથી શરૂ કરીને સાજિદ નડિયાદવાલા સુધીના નિર્માતા અને દિગ્દર્શકો સાથે મેં કામ કર્યું. પદ્મશ્રી મેળવ્યો. લાઈફ ટાઈમ અચિવમેન્ટ એવોર્ડ (ફિલ્મફેર) મને એનાયત કરવામાં આવ્યો.

આજે મારા માતા-પિતાની સ્મૃતિમાં આશા પારેખ હોસ્પિટલ પૂરી નિષ્ઠાથી કામ કરી રહી છે. મેં લગ્ન નથી કર્યા, પરંતુ માતા-પિતા સાથે ખરીદેલા એ બંગલામાં ખૂબ સારી રીતે અને મજાથી જીવું છું. વહીદાજી, હેલનજી, શમ્મીજી અને હું બેસ્ટ મિત્રો રહ્યાં છીએ. શમ્મીજી હવે આપણી વચ્ચે નથી, પરંતુ મારી સ્કૂલની બહેનપણીઓ પણ હજી મારી સાથે સંપર્ક રાખે છે. જીવને મને ખૂબ આપ્યું અને જે કંઈ મળ્યું છે એનાથી હું સંતુષ્ટ છું. લોકો માટે જે કરી શકાય છે તે કરું છું. ફિલ્મ વર્કર્સના વેલફેર માટે ખૂબ કામ કરું છું. પ્રવાસ કરું છું. વાંચું છું અને ઘણી સ્વસ્થ છું એ વાતે ઈશ્વરનો આભાર માનું છું. મને લાગે છે કે, કોઈ એક વ્યક્તિને જીવનમાં મળી શકે એનાથી ઘણું વધારે મને મળ્યું છે. મારા માતા-પિતા અને વડીલોના આશીર્વાદ સાથે મેં જીવનમાં જે કંઈ મેળવ્યું છે એને માણીને હવે શાંત અને સુખી જીવી રહી છું.

જાણીતા લેખક ખાલિદ મહોમ્મદે મારી ઓટોબાયોગ્રાફી લખી છે. જેનું નામ છે 'ધ હીટ ગર્લ'. સલમાન ખાન, સંજય લીલા ભણસાલી અને સાંઈ પરાંજપે જેવા લોકોએ એમાં પોતાની શુભેચ્છા લખી છે. (સમાપ્ત) ■

## ભારતની વીરાંગનાઓ (સાતમા પાનાનું ચાલુ)

પોતે પોતાના જ વિક્રમ તોડવાનો હતો. તોડ્યો પણ ખરો. ૪ ઓગસ્ટ ૨૦૧૭ના રોજ પલ્લવી દુનિયાના નવા ખૂલેલા સૌથી ઊંચા ૫૮૦૩ મીટર કે ૧૯૩૦૩ ફૂટ પર આવેલા મોટરયોગ્ય પર્વતીય માર્ગ ઉમલિંગ લા ઘાટની સવારી કરનાર પ્રથમ મોટરસાઈકલ સવાર બની. ૨૬ જુલાઈ ૨૦૧૭ના પલ્લવીએ પોતાની પ્યારી બોનવિલા બાઇક પર સફર શરૂ કરેલી. પંદર દિવસમાં ૫૧૧૪ મીટર ઊંચા થિટ જારબો લા, ૫૦૦૮ મીટર ઊંચા બોનિ લા, ૫૨૧૫ મીટર ઊંચા સાલસાલ લા અને ૫૫૨૬ મીટર ઊંચા ફોટો લા ઘાટથી પસાર થઈ. યાત્રા દરમિયાન જંગલી જાનવરો, સડકો પરના ખાડાટેકરા, ઊબડખાબડ રસ્તાઓ, ભૂસ્ખલન અને બર્ફીલી હવાઓએ માર્ગ રોકવાનો પ્રયાસ કર્યો, પણ તમામ મુશ્કેલીઓને હાથતાળી આપીને પલ્લવી ચાર હજાર કિલોમીટરનું અંતર કાપીને ઉમલિંગ લા પહોંચી ગઈ. દુર્ગમ પહાડો વીંધીને પલ્લવી મંઝિલ સુધી પહોંચી, એટલું જ નહીં, એણે ૫૦૦૮ મીટરની ઊંચાઈ પર એક અનામી ઘાટ પણ શોધી કાઢ્યો. પલ્લવીના પ્રવાસ પછી એ ઘાટ અનામી ન રહ્યો. પલ્લવીએ પોતાની બાઈકના નામે એ ઘાટનું બોનવિલા એવું નામકરણ કર્યું છે. પર્વતીય માર્ગો ફતેહ કરનાર પલ્લવી પોતે એક પ્રેરણામૂર્તિ બની ગઈ છે, પણ પોતાની પ્રેરણા કોણ છે એ અંગે એણે જણાવેલું કે, 'કોઈ પણ વ્યક્તિની પ્રેરણા એની અંદર જ રહેલી હોય છે. કારણ કે પોતાના રસ્તા પોતે જ કંડારવાના હોય છે. છતાં મારા માતાપિતાને હું જરૂર શ્રેય આપીશ. હું જે કાંઈ છું, એ એમને કારણે જ છું.' પલ્લવી સમાજમાં હંમેશાંથી સમાજમાં પરિવર્તન લાવવા ઈચ્છુક હતી. એ એવું વિચારતી કે પોતે કાંઈક એવું જરૂર કરશે જે દુનિયા માટે મિસાલ બનશે.

મિસાલ બની ગયેલી પલ્લવી ઉમેરે છે કે, મિસાલ બનવું જેટલું મહત્ત્વનું છે એટલું જ મહત્ત્વ ખુશ રહેવાનું પણ છે. આપણે કાયમ ખુશ રહેવા માગીએ છીએ અને એ માટે પ્રયત્નશીલ રહીએ છીએ. હું કહું છું કે જે હાંસલ કરો એમાં ખુશ રહો અથવા જે એ હાંસલ કરો જેમાં તમને ખુશી મળે ! ■

## ઉડાન (સાતમા પાનાનું ચાલુ)

પણ ઘણી વખત કંઈ ના કરવું એ પણ ઘણું કર્યા સમાન હોય છે એ ભૂલવું નહીં. ક્યારેક કડવું સત્ય બોલ્યા બાદ જરૂર પડ્યે ચૂપ રહેવું આવશ્યક હોય છે.

બીજું, આજકાલ સોશ્યલ મીડિયા પર જે રીતે ચારેકોર નફરતનું ઝેર ઓકાય રહ્યું છે ત્યારે તેની સામે અવાજ ઉઠાવવાની હિંમત કરવી એ પણ એક પ્રકારે સામાજિક સત્કાર્ય જ ગણાય એટલે તું કોઈ વાતે ખોટી નથી....'

આશાની વાતો હળવે હળવે શચીના દિમાગમાં ઊતરતી હોય એમ એ શાંતિથી એને સાંભળી રહી. 'તારી વાત સાચી તો છે, મમ્મા.. હું આવી નેગેટિવ કમેન્ટ્સને ધ્યાન પર ના લઉં તો ઈન્ટરનેટની દૂનિયમાંથી કશુંક શીખી અન્યોને શીખવાડી શકું એ નક્કી. આમ પણ મારે જિંદગીમાં ઘણું કરવાનું છે. આ જો, હમણાં મારા બે-ચાર દિવસ તો આવી બિનજરૂરી ભેજામારીમાં જતા રહ્યા, પણ મમ્મા, આજ પછી જાતને આવા સાયબર બુલિંગનો શિકાર નહીં બનવા દઉં. હું સોશિયલ અવેરનેસ પોસ્ટ લખવાનું મુકીશ નહીં. હું લખીશ પણ આવા લોકોથી મારી જાતને હેરાન નહીં થવા દઉં. હું મારા વિચારો થકી પોઝિટીવ બદલાવ લાવવાનો પ્રયત્ન કરીશ. લોકોની માન્યતાઓને ખોટી સાબિત કરવાના વ્યર્થ પ્રયત્નો આજથી બંધ....!' આટલું બોલી શચી આશાને વળગી પડી ત્યારે એની પીઠ પસવારતી આશા સંતોષના શ્વાસ સાથે મલકાય ઊઠી. ■

## સ્પોર્ટ્સમેન (નવમા પાનાનું ચાલુ)

પદ્માએ પત્રકારોને કહ્યું, 'મારો દીકરો વિદેશથી ફોન પર સામાન્ય રીતે ફોન પરની વાતચીતમાં ગંભીર રહેતો હોય છે, પણ આ વખતે તેના અવાજમાં જે આનંદ અને રોમાંચ હતા એ હું શબ્દોમાં વ્યક્ત કરી શકું એમ નથી. તેનો ફોન આવ્યો ત્યારે હું થોડી કામમાં હતી એટલે તેની સાથે બહુ ઓછી વાતચીત કરી શકી હતી.'

ગુકેશના પપ્પા રજનીકાંત પણ પુત્રની સિદ્ધિથી બેહદ ખુશ હતા. તેમણે ૧૦ વર્ષ પહેલાં જ ગુકેશને ચેસમાં કરીઅર બનાવવા માટે માર્ગદર્શન આપવાના હેતુથી પોતાનો તબીબી વ્યાવસાય છોડી દીધો હતો.

વિશ્વમાં છઠ્ઠી રૅન્ક ધરાવતા ગુકેશનું ફિડે રેટિંગ ૨૭૬૩ છે. પાંચ વખત વર્લ્ડ ચૅમ્પિયન બનેલા વિશ્વનાથન આનંદે તેના પર અભિનંદનની વર્ષા વરસાવી છે. ખુદ વિશ્વનાથન ચેન્નઈનો છે અને હવે કૅન્ડિડેટ્સના વિજેતા ગુકેશે પણ ચેન્નઈનું નામ રોશન કર્યું છે.

વિશ્વનાથન તેના સમયમાં (દોઢેક દાયકા પહેલાં) ચેસમાં સર્વોપરિ બન્યો એને પગલે ભારતમાં ચેસના કલ્ચરમાં મોટું પરિવર્તન આવ્યું જેને પરિણામે ભારતને નવા-નવા ચેસ સ્ટાર મળી રહ્યા છે. રશિયાના ચેસ-લેજન્ડ અને ભૂતપૂર્વ વર્લ્ડ નંબર-વન ગૅરી કાસ્પારોવે ગુકેશને અભિનંદન આપવાની સાથે વિશ્વનાથન આનંદના યોગદાનને પણ બિરદાવતા સોશિયલ મીડિયામાં લખ્યું છે, ભારતીય ચેસમાં હવે 'વિશી આનંદના બાળકો' (ચેસમાં વારસો આગળ ધપાવી રહેલા નવયુવાન ખેલાડીઓ) ચેસ જગતમાં ધૂમ મચાવી રહ્યા છે. ■

## મેલ મેટર્સ (નવમા પાનાનું ચાલુ)

આખરે આપણી આજની તકલીફ તો એ છે કે આપણે વર્તમાનમાં છીએ જ નહીં. આપણે ક્યાં તો ભૂતકાળના ભારથી લદાયેલા છીએ અથવા તો મનમાં જ કશુંક ધારીને જીવતા રહેતા હોઈએ છીએ, જે ઘટી જ નથી કે જે ઘટવાની જ નથી. એ બધા વિશે પણ આપણે એટલો બધો વિચાર કરીએ છીએ કે આપણી એ વૃત્તિ આપણને અંતે માનસિક અને શારિરીક રીતે અત્યંત કમજોર કરી દે છે. આપણી આ વૃત્તિને કારણે આપણો કોન્ફિડન્સ પણ અત્યંત ઘટી જાય છે અને તેના કારણે આપણી નિર્ણયશક્તિ કે મક્કમતા પણ ડગી જાય છે.

- તો આના મૂળ ક્યાં છે? તો કે એના મૂળ માત્ર ને માત્ર આપણા વધુ પડતા સોશિયલ મીડિયાના વપરાશમાં છે. આવા સમયે જો આપણે ઉપરોક્ત કહેલાં વાક્યને અનુસરીએ તો? ચેટિંગ છોડીને ચેન્ટિંગ પર ધ્યાન આપીએ તો? તો આપણા જીવનના નેવું ટકા પ્રશ્ન હલ થઈ જશે અને આપણે અત્યંત સુખથી, અત્યંત સંતોષથી અને અત્યંત શાંતિથી જીવી શકીશું ફોર સ્યોર! ■

## મૅન્સ-ફેશન (નવમા પાનાનું ચાલુ)

### ફોર્મલ પેન્ટ

ફોર્મલ પેન્ટ તો બધા પાસે હોય જ છે, પરંતુ એક અથવા ૨ ડાર્ક શેડના ફોર્મલ સ્લિમ ફિટ પેન્ટ અલગથી રાખવા કે જમે કોઈ ઈમ્પોર્ટન્ટ મિટિંગમાં પહેરી શકો. અલગથી વસાવવાનું કારણ એ કે, મિટિંગમાં તમારુ પેન્ટ નવું હોવાને કારણે તમારો લુક ફ્રેશ લાગે છે. જો તમે બ્લેક અથવા બ્લુ જેવા પેન્ટ નવા રાખશો તો શર્ટ મિક્સ મેચ કરવા સેહલા પડશે. સ્લિમ ફિટ ફોર્મલ પેન્ટ સાથે તમે પ્લેન શર્ટ અથવા સ્ટ્રાઈપ વાળા શર્ટ પહેરી શકો. આ લુક સાથે તમે ફોર્મલ શૂઝ પહેરી શકો.

### વાઈટ લિનન પેન્ટ્સ

વાઈટ લિનન બોટમ વસાવવું કે નહિ એ તમારી પર્સનલ ચોઈસ છે. વાઈટ લિનન બોટમ ખુબ જ સ્માર્ટ અને અલગ લુક આપે છે.. આ બોટમાં સાથે તમે કોલર વાળા ટી શર્ટ અથવા પ્રિન્ટેડ શર્ટ પહેરી એક અલગ લુક આપી શકો. આ લુક સાથે તમે લોફર્સ અથવા કોઈ ફ્લેટ ચપ્પલ પહેરી શકો. ■

## ક્લોઝ અપ (નવમા પાનાનું ચાલુ)

લાંબી આવરદાએ મેરી ક્વાંટે બે વર્ષ પહેલાં છેલ્લાં શ્વાસ લીધાં એ પહેલાં બ્રિટિશ સરકારે એની પોસ્ટલ સ્ટેમ્પ સહિત અનેક પ્રતિષ્ઠિત માન-અકરામ એને એનાયત કર્યા હતા. મજાની વાત એ છે કે મેરી કવાંટના મિની સ્કર્ટે જગતભરના આર્થિક ક્ષેત્રે અનેક 'પરાક્રમ' પણ કર્યા છે. ઉદાહરણ તરીકે, 'તમને કોઈ પૂછે કે ટૂંકા સ્કર્ટને શેરબજાર સાથે શું લાગેવળગે?!' તો તમને આ સવાલ અચરજભર્યો લાગશે, પણ કેટલાંક જ્ઞાની અર્થશાસ્ત્રીઓએ યુવતીના એ મોડર્ન ડ્રેસ અને શુષ્ક શેરમાર્કેટ વચ્ચે રંગીલો સંબંધ શોધી કાઢ્યો છે!

આજે કોરોના પહેલાં અને કોરોના દરમિયાનનો આર્થિક સિનારિયો જોયા પછી ઘણા અર્થશાસ્ત્રીઓ આજે ફ્લેશબેકમાં જઈને છેક ૧૯૨૦નો દાયકો યાદ કરે છે.

એ સમયે જાણીતા ઈકોનોમિસ્ટ જ્યોર્જ ટેલરે એક વિચિત્ર થિયરી વહેતી કરી હતી કે યુવતીના સ્કર્ટની લંબાઈ- ટૂંકાઈ પર શેરમાર્કેટની મંદી-તેજીનો આધાર હોય છે!

જ્યોર્જ ટેલરની આ 'હેમલાઈન ઈન્ડેક્સ' થિયરીએ ત્યારે આર્થિક જગતમાં તહેલકો મચાવી દીધો હતો.. આ ટેલર (ઉર્ફે દરજી!) સાહેબે સાવ આડેધડ કેંચી ચલાવીને સાવ ઊંધું વેંતરી નહોતું નાખ્યું. એ વખતે એમની 'ગાંડી' ગણાતી આ થિયરીમાં કંઈક તો શાણપણ હતું.

એમનાં સંશોધન કે નિરીક્ષણ અનુસાર હેમલાઈન એટલે સ્કર્ટની ઓટેલી કિનાર જેટલી લાંબી એટલું શેરબજાર નબળું-મંદું અને હેમલાઈન જેટલી ટૂંકી એટલી શેરમાર્કેટ તેજીમાં..!

એ અનુસાર ૧૯૨૦-૨૧માં યુવતી-મહિલાઓ લાંબાં સ્કર્ટ પહેરતી હતી ત્યારે માર્કેટમાં મંદી હતી અને પછીના ગાળામાં તેજી આવી ત્યારે યોગાનુયોગ યુવતીઓમાં ટૂંકા -શોર્ટ કે મિની સ્કર્ટની ધૂમ ફેશન ચાલતી હતી..!

બીજી તરફ, કોરોનાની મહામારીને લીધે જગતભરનું આર્થિક માળખું અસ્તવ્યસ્ત થઈને લગભગ પડી ભાંગ્યું ,છતાં બધાના આશ્ચર્ય વચ્ચે શેરમાર્કેટ અડીખમ ખડું છે ત્યારે આપણને સહેજે જિજ્ઞાસા એ જાગે કે તો પછી વૈશ્વિક ફેશન બજારમાં અત્યારે આ મિની સ્કર્ટના હાલચાલ શું છે ?

વેલ, લેટેસ્ટ ફેશનના સમાચાર માટે વિખ્યાત મેગેઝિન 'વોગ' અનુસાર વીતી ગયેલા વર્ષ-૨૦૨૩માં પણ મિની સ્કર્ટનો અગાઉ જેટલો જ દબદબો રહ્યો. એટલું જ નહીં, આગામી વર્ષોમાં તો સ્કર્ટની લંબાઈ મિડી નહીં-મિની પણ નહીં, પણ માઈક્રો સુધી ઘટી જવાના વાવડ છે!

આ ઉત્તેજક સમાચારથી ફેશન શોખીન જુવાન હૈયાંઓ તો ઝૂમી ઊઠશે અને એની સાથે શેરબજારના ખાંટી ખેલાડીઓ પણ નવા નવા ખેલ માટે ખુશી ખુશી તૈયાર થઈ જશે..

મિની સ્કર્ટની સર્જક -ડિઝાઈનર મેરી ક્વાંટ પછી હવે આપણે વાત કરીએ એવી મહિલાની,જેને એક હત્યા માટે સજા પણ થઈ હતી અને કારાવાસ ભોગવ્યા પછી એણે મર્ડર - મિસ્ટ્રી-સસ્પેન્સની કુશળ લેખિકા તરીકે અણધારી નામના પણ મેળવી હતી.

ગયા વર્ષે- ૨૦૨૩ના લોસ એન્જિલસમાં ૮૪ વર્ષની વયે જેનાં છેલ્લા શ્વાસ ખૂટ્યાં એ લેખિકા એની પેરીનું આમ તો મૂળ - સાચું નામ હતું જુલિયટ હુલ્મ. એ બ્રિટનમાં જન્મેલી,પણ પોતાની એક સહેલીની માતાની હત્યાના આરોપસર સહેલી સાથે એને પણ પાંચ વર્ષની સજા થઈ હતી. હત્યા વખતે એ અને સહેલી બન્ને તરુણાવસ્થામાં હોવાથી એમણે લાંબી સજા ન ભોગવવી પડી.

કારાવાસમાંથી નીકળીને જુલિયટે થોડો સમય ઍર હોસ્ટેસની જોબ કરી એ દરમિયાન વાચવાની શોખીન જુલિયટે વાર્તાઓ લખવાની શરૂ કરી અને લેખિકા તરીકે પોતાનું ઉપનામ નામ રાખ્યું 'એની પેરી'.

૧૯૭૯માં પ્રગટ થયેલી એની પહેલી નવલકથા 'કાર્ટર સ્ટ્રીટ હેંગમેન'ને જબરી સફળતા મળી. મર્ડર-સસ્પેન્સ કથાઓ પર એની અચ્છી હથોટી હતી. એનાં બે ડિટેક્ટિવ પાત્ર થોમસ પીટ અને વિલિયમ મોન્કની કથાઓ બહુ લોકપ્રિય નીવડી. આ બે મુખ્ય પાત્ર ધરાવતી એની નોવેલ્સની અઢી કરોડથી વધુ નકલ વેંચાઈ હતી.

થોડાં વર્ષ અગાઉ લંડનના 'ટાઈમ્સ' દૈનિક દ્વારા આ સદીના 'હન્ડ્રેડ માસ્ટર્સ ઑફ ક્રાઈમ્સ'ની એક યાદી પ્રગટ કરી એમાં જાસૂસ શેરલોક હોમ્સના સર્જક આર્થર ડોનલ કોયલ અને ડિટેક્ટિવ પોયરોના સર્જક આગાથા ક્રિસ્ટી જેવા મશહૂર સસ્પેન્સ - ક્રાઈમ લેખકોની હરોળમાં એની પેરીનું પણ નામ હતું ! એની પેરી લેખિકા તરીક આટલી બધી જાણીતી થઈ ગઈ,પણ ભાગ્યે જ સામાન્ય લોકો કે એના લાખો ચાહકોને જાણ હતી કે એની ઉર્ફે જ્યુલિયટે એક હત્યા માટે જેલની સજા પણ ભોગવી છે!

પાછળથી અમેરિકા વસી ગયેલી એનીની એક નવલકથા પરથી ૧૯૯૪માં એક ફિલ્મ બની રહી હતી. આ ફિલ્મ 'હેવનલી ક્રિચર્સ'માં કેટ વિન્સેટ ('ટાઈટેનિક' ફેમ ) મુખ્ય ભૂમિકામાં હતી. એનું શૂટિંગ ચાલુ થયું ત્યારે બધાને જાણ થઈ કે એ ફિલ્મની કથા તો હત્યારી તરીકે સજા ભોગવી ચૂકવેલી ખુદ લેખિકા એની પેરીના બદનામ ભૂતકાળની છે.!

ક્યારેક લોકપ્રિયતા માટે એની પેરી જેવા હત્યા- રહસ્યના સર્જકે પણ પોતાના આસપાસ આવો ગેબી માહોલ ઊભો કરવો પડતો હોય છે..! ■

# લાડકી

કાજલ ઓઝા-વૈદ્ય
feedback.ladki@bombaysamachar.com

કથા કોલાજ

# ધ હીટ ગર્લ










(ભાગ: ૫)
નામ: આશા પારેખ
સ્થળ: જુહુ, મુંબઈ
સમય: ૨૦૨૪
ઉંમર: ૮૧ વર્ષ


હિન્દી સિનેમાના બે દાયકા અત્યંત સફળતાપૂર્વક જીવ્યા પછી પણ એક ગ્લેમર ગર્લનું જે સ્ટીકર મારા પર લાગ્યું હતું એ ચિપકેલું જ રહ્યું. વૃક્ષની આસપાસ ફરવું, હીરો સાથે ગીતો ગાવા, લોજિક ન હોય એવી વાતમાં સમર્પણ કરવું, જુઠ્ઠું બોલીને હીરોને પોતાનાથી દૂર કરવો અને પછી પીડામાં-વિરહમાં તડપવું... આ બધી કથાઓ એ વખતે સુપરહીટ હતી અને હું એનો હિસ્સો હતી. એ વખતે ઋષિકેશ મુખર્જી મારી પાસે એક ફિલ્મ લઈને આવ્યા. 'મેરી સુરત તેરી આંખે' ઋષિકેશ મુખર્જીની અનેક ફિલ્મો સફળ થઈ હતી. એમની વાર્તામાં સાદગી હતી અને એમનાં પાત્રો રિયાલિટીની નજીક હતા. મેં ફિલ્મ કરવાની હા પાડી. એક પૈસાવાળી છોકરી એક કવિના પ્રેમમાં પડે છે. ફિલ્મ તો સારી બની જ, પરંતુ એ ફિલ્મનાં ગીતો પણ હીટ થયાં. સેટ ઉપર હું 'મિલ્સ એન્ડ બુન'નાં પુસ્તકો વાંચતી. સાદી-રોમેન્ટિક વાર્તાઓ જેને સત્ય સાથે કંઈ લેવાદેવા ન હોય. ઋષિદાએ મને કહ્યું, 'કંઈ સારું વાંચતા શીખ.' ભારત ભૂષણજીએ મને સૂચવેલાં પુસ્તકો કરતાં એમણે વધુ રસ પડે એવાં પુસ્તકો મને સૂચવ્યાં. મારા વાંચનનો શોખ ત્યાંથી શરૂ થયો. ત્યાંથી મારામાં એક જુદી અને ગંભીર સ્ત્રી ઉમેરાઈ. ઋષિકેશ મુખર્જીની ફિલ્મ પછી મને પ્રમોદ ચક્રવર્તીએ 'ઝિદ્દી' ઓફર કરી. જેમાં મેં રાની નામની હાથણી અને એક વાંદરા સાથે કામ કર્યું. કામ ખૂબ અઘરું હતું, પરંતુ પ્રાણીઓથી ડરતી હું એ પછી એનિમલ લવર થઈ ગઈ. એ ફિલ્મમાં જોય મુખર્જી હતા. શશધર મુખર્જીના દીકરા. જોયને અભિનય કરવામાં કંઈ ખાસ રસ નહોતો! ફિલ્મ તો હીટ થઈ ગઈ, પણ એ ફિલ્મના સેટ પર એક ગંભીર ઘટના બની. જોય મુખર્જીએ મને ઉપાડીને એક જગ્યાએ ફેંકવાની હતી. એમણે એટલા જોરથી ફેંકી એનાથી મારી કમરમાં ક્રેક આવી ગયું. થોડા દિવસ શૂટિંગ બંધ રાખવું પડ્યું.

એ પછી એમણે મને 'લવ ઈન ટોક્યો' માટે સાઈન કરી, ત્યારે ફરી એકવાર જોય મુખર્જી સાથે એક એક્સિડેન્ટ થયો. હાથમાં ઉપાડીને એમણે મને છોડી દેવાની હતી, એમણે જે રીતે છોડી એનાથી મારી ભાંગેલી કમરમાં ફરી એક જર્ક આવ્યો... આજ સુધી શિયાળામાં ક્યારેક મારી બેક બહુ દુખે છે. જી.પી. સિપ્પીના પ્રોડક્શનમાં 'મેરે સનમ' બની જેનાં ગીતો સુપરહીટ થયાં. એ ફિલ્મ એટલી હીટ થઈ કે મને મારા મહેનતાણા કરતાં ૪૦ હજાર રૂપિયા વધુ મળ્યા (બોનસ સ્વરૂપે).

એ એવો સમય હતો જ્યારે ફિલ્મી દુનિયા બદલાઈ રહી હતી. નવા વિચારો, નવા અભિનેતા અને નવા દિગ્દર્શકો પ્રવેશી રહ્યા હતા. જૂની પુરાણી એ જ ત્યાગ-બલિદાનની વાર્તાઓને બદલે હવે નવી વાર્તાઓની શોધ શરૂ થઈ હતી. દેવ આનંદના પ્રોડક્શનમાં એમના ભાઈ વિજય આનંદ દિગ્દર્શિત 'તીસરી મંજિલ'ની જાહેરાત થઈ. ફિલ્મમાં હું હતી અને શમ્મીજી. આજે જે લેખક તરીકે ખૂબ સુપ્રસિદ્ધ છે એ, સલમાનના પિતા સલીમ ખાન એ ફિલ્મમાં 'ડ્રમર'ના રોલમાં હતા. હેલનજી અને સલીમ ખાન ત્યાં જ મળ્યાં! ફિલ્મની જાહેરાત તો થઈ ગઈ, પરંતુ અછબડાના રોગને કારણે ગીતા બાલીનું મૃત્યુ થયું. શમ્મીજી ત્રણ મહિના ભયાનક ડિપ્રેશનમાં જતા રહ્યા. કોઈને મળતા નહીં, ફોન ઉપાડતા નહીં. ફિલ્મ ઠેલાઈ ગઈ. વિજય આનંદ માટે આ ગંભીર મુશ્કેલી હતી. આર.ડી. બર્મન માટે પણ આ પહેલી ફિલ્મ હતી (ભૂત બંગલા પછી). ધીમે ધીમે શમ્મીજીએ કામ પર પાછા ફરવાનો નિર્ણય કર્યો અને શૂટિંગ શરૂ થયું. ફિલ્મ એટલી તો સુપરહીટ થઈ કે હિન્દી સિનેમામાં ઈતિહાસ પુરવાર થયો. અહીંથી હિન્દી સિનેમાની વાર્તાઓમાં બદલાવ આવ્યો, સંગીતમાં નવા પ્રયોગો થવાના શરૂ થયા અને ખાસ કરીને, દિગ્દર્શન ક્ષેત્રે ટેક્નોલોજીનો બદલાવ અહીંથી આવ્યો એમ કહીએ તો ખોટું નથી.


રાજ ખોસલાએ મને એક ફિલ્મ ઓફર કરી, 'દો બદન'. સૌને લાગ્યું કે, હું એ ફિલ્મ માટે ફીટ નહોતી કારણ કે, ફિલ્મમાં કોઈ ગ્લેમર નહોતું, ડાન્સ નહોતા અને વિષય ગંભીર હતો. ઈચ્છા વિરુદ્ધ એક અમીર માણસ સાથે એક છોકરીના લગન કરાવી દેવામાં આવે છે, પરંતુ એ પોતાના પ્રેમીને ભૂલી શકતી નથી. અંતે, એની આંખો જતી રહે છે અને એનું મૃત્યુ થાય છે. એ ફિલ્મમાં મનોજકુમાર અને પ્રાણ હતા. મનોજકુમારે આગ્રહ રાખ્યો કે, ફિલ્મના અંતમાં બંને પ્રેમીઓ સાથે મૃત્યુ પામે... મેં થોડો વિરોધ કર્યો, પરંતુ અંતે મનોજકુમારનું સજેશન માન્ય રાખવામાં આવ્યું અને જે ફિલ્મ સુપરહીટ પુરવાર થયું. ગીતો પણ સુપરહીટ થયાં. પહેલીવાર ટાઈમ્સ ઓફ ઈન્ડિયાના વિક્રમસિંઘે મારા અભિનયના વખાણ કર્યા અને લખ્યું, 'આશા પારેખને અભિનય પણ આવડે છે, પહેલીવાર ખબર પડી.' જોકે, એ ફિલ્મમાં સિમી ગરેવાલનો રોલ મેં કપાવ્યો એવી એણે ફરિયાદ કરી. મને નવાઈ લાગી. હું તો એક સામાન્ય અભિનેત્રી હતી. દિગ્દર્શક કે એડિટર મારું શું કામ સાંભળે, પરંતુ એણે પ્રેસ કોન્ફરન્સ કરીને આ ફરિયાદ રજૂ કરી. મેં સામે કોઈ જવાબ ન આપ્યો. એ પછી અરુણા ઈરાની અને લક્ષ્મી છાયાએ પણ આવી જ ફરિયાદ કરી. લક્ષ્મી છાયાને 'મેરા ગાંવ મેરા દેશ'માં ઉત્તમ ગીતો મળ્યાં અને એનો રોલ પણ રસપ્રદ હતો તેમ છતાં એણે કહ્યું કે, મેં એનો રોલ કપાવ્યો. ખેર, હું આજે પણ માનું છું કે, દરેકને પોતપોતાનું કામ પૂરી નિષ્ઠાથી કરવાનો હક અને ફરજ છે. હું આજે પણ એમ જ કરું છું. એ પહેલાં એક ફિલ્મ જે મારી ખૂબ ગમતી ફિલ્મ છે 'ચિરાગ'. ફિલ્મ ખૂબ સારી હતી, પણ ચાલી નહીં. રાજ ખોસલા અને સુનીલ દત્ત બંને એ ફિલ્મની નિષ્ફળતાથી ખૂબ દુઃખી થયા. હું પણ થોડી દુઃખી થઈ, પરંતુ સત્ય તો એ જ છે કે, ફિલ્મી દુનિયામાં ફિલ્મની સફળતા અને નિષ્ફળતા ઉપર આપણો અધિકાર નથી હોતો.

(જુઓ પાનું ૬) ▶▶












# મોટરસાઈકલ પર હિમાલયના સૌથી ઊંચા ઘાટ ફતેહ કરનાર પ્રથમ મહિલા

# પલ્લવી ફોજદાર

ટીના દોશી
feedback.ladki@bombaysamachar.com

ભારતની વીરાંગનાઓ

પાસનો અર્થ આમ તો પરીક્ષામાં ઉત્તીર્ણ થવું એવો થાય, પણ અહીં જે પાસની વાત છે એનો અર્થ પહાડો વચ્ચેની જગ્યા અથવા પહાડો વચ્ચેથી અવરજવર કરવા માટેના સાંકડા પ્રાકૃતિક માર્ગ થાય. પાસને પર્વતીય રસ્તો કે ઘાટ પણ કહેવાય... ઊંચાઈ પર આ ઘાટ અત્યંત ખતરનાક હોય છે. જેમ ઊંચાઈ વધે એમ જોખમ વધે. પર્વત જો હિમાલય હોય તો સૌથી જોખમી ઘાટ જોવા મળે. એક ભૂલ અને જીવન પર મૃત્યુનું પૂર્ણવિરામ મુકાઈ જાય...

પરાક્રમી પલ્લવી ફોજદાર આ પ્રકારના અનેક જોખમી પર્વતીય રસ્તાઓ પસાર કરીને હિમાલયના સૌથી ઊંચા ઘાટ પર બાઈકસવારી કરીને પહોંચી છે. જાન હથેળી પર લઈને મોટરસાઈકલ પર હિમાલયના સૌથી ઊંચા ઘાટ ફતેહ કરનાર પ્રથમ ભારતીય મહિલા છે પલ્લવી ફોજદાર... પરાક્રમનો પર્યાય છે પલ્લવી. સાહસ એની નસનસમાં લોહી બનીને વહે છે !

સાહસિક પલ્લવી સાથે કેટલાંયે 'પ્રથમ' જોડાયેલાં છે. એની સિદ્ધિઓ પર એક નજર : ૧૮ જુલાઈ ૨૦૧૫ના રોજ લદાખ ખાતે પાંચ હજાર મીટરથી ઉપરની ઊંચાઈએ આઠ પર્વતીય માર્ગ-ઘાટ પર મોટરસાઈકલથી સવારી, ૨૪ સપ્ટેમ્બર ૨૦૧૫ના ઉત્તરાખંડ ખાતે ૫૪૭૧ મીટર કે ૧૭૯૫૦ ફૂટ પર આવેલા સૌથી ઊંચા મીઠા પાણીનાં ઝરણાં, દેવતાલ ઝીલની સવારી કરનાર પહેલી મોટરસાઈકલ સવાર, ૨૪ ડિસેમ્બર ૨૦૧૫ના ૫૬૩૮ મીટર કે ૧૮૭૭૪ ફૂટની ઊંચાઈ પર સ્થિત માના ઘાટ સુધી યાત્રા કરનારી પ્રથમ મહિલા બાઈકર, ૪ ઓગસ્ટ ૨૦૧૭ના રોજ ૫૮૦૩ મીટર કે ૧૯૩૦૩ ફૂટ પર આવેલા દુનિયાના નવા ખૂલેલા સૌથી ઊંચા મોટર યોગ્ય પર્વતીય માર્ગ ઉમલિંગ લા ઘાટની સવારી કરનાર પ્રથમ મોટરસાઈકલ સવાર... અસીમ સાહસને પગલે પલ્લવીનું નામ લિમ્કા બુક ઓફ રેકોર્ડ્સમાં ચાર વાર નોંધાયું છે.

સરકારે પણ પલ્લવીની સિદ્ધિની નોંધ લઈને એને બિરદાવી છે. ૩૦ એપ્રિલ ૨૦૧૬ના રોજ ઉત્તર પ્રદેશ સરકાર દ્વારા ઉત્કૃષ્ટ વૈશ્વિક મહિલા સન્માન, ૮ માર્ચ ૨૦૧૭ના રોજ ભારત સરકાર દ્વારા નારી શક્તિ પુરસ્કાર અને ૨૬ માર્ચ ૨૦૧૮ના રોજ ઉત્તર પ્રદેશ સરકાર દ્વારા રાણી લક્ષ્મીબાઈ વીરતા પુરસ્કારથી એને નવાજવામાં આવી છે.

આ પલ્લવી ફોજદારનો જન્મ ઉત્તર પ્રદેશના આગ્રામાં ૨૦ ડિસેમ્બર ૧૯૭૯ના થયેલો. પિતા અશોક ફોજદાર સેવાનિવૃત્ત ઈલેક્ટ્રિકલ એન્જિનિયર. એમની પાસે મોટરસાઈકલ હતી. પલ્લવી પિતાને મોટરસાઈકલ ચલાવતાં જોતી. ૧૪ વર્ષની ઉંમરે મોટરસાઈકલ ચલાવવામાં રસ પડ્યો.. પિતા અશોકે ત્યારે એના શોખને પ્રોત્સાહન આપ્યું.

પિયરમાં પિતાએ પ્રોત્સાહિત કરી અને સાસરિયે પતિએ પીઠબળ પૂરું પાડ્યું. લખનઊના આર્મી ઓફિસર પરીક્ષિત સાથે પલ્લવીનાં લગ્ન થયેલાં. પરીક્ષિતે પલ્લવીને પલ્લવિત થવાની મોકળાશ આપી. પલ્લવી પરીક્ષિતની બુલેટ ચલાવતી થઈ. પારંગતતા પ્રાપ્ત કર્યા પછી પહાડો પર પણ બાઈક ચલાવતી થઈ.

૨૦૧૫માં પલ્લવીએ બે વિશ્વ વિક્રમ સર્જ્યા. પહેલી સોલો રાઈડ લેહ લદાખની હતી. ૧૮ જુલાઈ ૨૦૧૫ના રોજ પલ્લવી સોળ પર્વતીય રસ્તા કે ઘાટમાંથી પસાર થયેલી, જેમાં આઠ ઘાટ પાંચ હજાર મીટરથી ઊંચા હતા. ત્યાર બાદ ૨૪ સપ્ટેમ્બર ૨૦૧૫ના પલ્લવી ઉત્તરાખંડમાં ૫૪૭૧ મીટર કે ૧૭૯૫૦ ફૂટની ઊંચાઈએ આવેલા દેવતાલ સુધી બાઈક પર પહોંચીને વિક્રમ સર્જ્યો.

બન્ને વિક્રમ બદલ પલ્લવીએ લિમ્કા બુકમાં નામ અંકિત કર્યું.

પલ્લવી મોટરસાઈકલની મહારથી બની ગઈ, પણ મિત્રોએ મોટરમાર્ગે જઈ શકાય એવા વિશ્વના સૌથી ઊંચાઈએ આવેલા ઘાટ પર બાઇકથી પહોંચવાની શરત લગાવી. પલ્લવીએ પડકાર ઝીલી લીધો. પરિણામે ૨૪ ડિસેમ્બર ૨૦૧૫ના ૫૬૩૮ મીટર કે ૧૮૭૭૪ ફૂટની ઊંચાઈ પર સ્થિત એ સમયના સૌથી ઊંચા માના ઘાટ સુધી યાત્રા કરનારી પ્રથમ મહિલા મોટરસાઈકલ સવાર બની. એક મુલાકાતમાં પલ્લવીએ જણાવેલું કે, એ વિસ્તારમાં જવું અત્યંત ખર્ચાળ હતું.

લેહથી આગળ પેટ્રોલની કિંમત પાંચસો રૂપિયે લિટર સુધી પહોંચી જાય છે. કારણ કે ત્યાં પેટ્રોલપંપ મળવા જ મુશ્કેલ હોય છે. અમુક અંતર કાપ્યા પછી મોબાઈલ અને ઈન્ટરનેટ પણ બંધ થઈ જાય છે. આ બાબતોને ધ્યાને લઈને હું હાથે બનાવેલો નકશો લઇ ગયેલી. એક હાઈ ટેક કેમેરા પણ સાથે લઇ ગયેલી. સુરક્ષા માટે પેપર સ્પ્રે પણ લઇ ગયેલી.'

સંપૂર્ણ સજ્જતા સાથે પલ્લવીએ માના ઘાટ પહોંચવા માટેનો પ્રવાસ શરૂ કર્યો. રસ્તામાં ભૂસ્ખલન, મૂશળધાર વરસાદ અને પથરાળ રસ્તાઓને કારણે ખાસ્સી મુશ્કેલીઓ વેઠવી પડી.

ઓક્સિજનની ઊણપને કારણે ગૂંગળામણ થતી. બરફને કારણે બાઈકનું સંતુલન જાળવવામાં તકલીફ પડતી. એક વાર તો બાઈક લપસીય ખરી, પણ પલ્લવીએ પોતાને બચાવી લીધી. રસ્તો એટલો ખતરનાક હતો કે જરાક ચૂકે તો હજારો ફૂટ ઊંડી ખીણમાં ગબડી પડે એમ હતી. પણ તમામ અવરોધ પાર કરીને છ કલાકમાં છેલ્લા પંચાવન કિલોમીટર કાપીને પલ્લવી માના ઘાટ પહોંચી. વિશ્વના સૌથી ઊંચા ઘાટ પર ત્રિરંગો ફરકાવનારી પહેલી ભારતીય મહિલા તરીકે લિમ્કા બુકે ફરી પલ્લવીની સિદ્ધિની નોંધ લીધી. પલ્લવી ત્યાં પહોંચી તો ખરી, પણ અઢાર હજાર ફૂટની ઊંચાઈએ પહોંચ્યા પછી એને થયેલું કે પોતે ત્યાં જ મરી જશે.

મરી નહીં, જીવી પલ્લવી. કારણ કે એણે

(જુઓ પાનું ૬) ▶▶



શ્વેતા જોષી-અંતાણી
feedback.ladki@bombaysamachar.com

ઉડાન મુગ્ધાવસ્થાથી મધ્યાવસ્થા સુધી

# ટીનએજર્સ કેમ બને છે સાયબર બુલિંગનો સરળ શિકાર?

## આવી ઓનલાઈન ગુંડાગીરીનો સામનો કરવાના પણ ઉપાય છે




'શચી, શું થયું છે, બેટા?'

'કંઈ નહિ.'

'રોજ તો ઘેર આવતાવેંત કેવા ઉધામા કરતી હોય છે.હમણાં બે-ચાર દિવસથી જોઉં છું તું શાંત રહે છે. મને તારી ચિંતા થાય છે.'

'મમ્મી, દરેક વાત માટે હું તારી પાસે ના આવી શકું. મને મારી રીતે જીવવા દે.'

'સારું, મારી કંઈ જરૂર હોય તો કહેજે' એટલું કહી આશા પોતાના કામમાં પોરવાઈ ગઈ. હકીકતમાં શચીએ સોશિયલ મીડિયા પર મૂકેલી એક પોસ્ટ પર લોકો જાતજાતની ટિપ્પણીઓ કરી રહ્યા હતા. શચીએ સ્ત્રીઓને વર્કપ્લેસ પર થતી જાતીય સતામણીના અનુસંધાને પોતાના વિચારો વ્યક્ત કરેલા. એને સ્વપ્નેય ખ્યાલ નહોતો કે, આવાં કૃત્ય કરનારા અજાણી વ્યક્તિઓની વકીલાત પણ લોકો સરળતાથી કરી શકતા હશે.

છેલ્લા બે દિવસથી સખ્ત નારાજગી હોવા છતા શચી શાંતચિત્તે શાબ્દિક લડાઈ લડી રહી હતી. એ દરેક અભદ્ર ટિપ્પણી સામે સચોટ તર્ક અને તથ્યો રજૂ કરતી, પણ એનું મગજ ભયંકર ગોથે ચડ્યું હતું, કારણ કે ધીમે ધીમે વિરોધીઓનો આખો મોરચો પોસ્ટના બદલે હવે શચી તરફ ફંટાયો હતો. અમુક વ્યક્તિગત અપમાન અને ચારિત્ર્યહનન પર ઊતરી આવેલા ત્યારે મનફાવે એવા શબ્દપ્રયોગ અને ઉશ્કેરણીજનક મેસેજિસનો શું જવાબ આપવો એમ વિચારી મોબાઈલમાં એકીનજરે તાકી રહેલી શચીની આંખોમાંથી આંસુઓ છલકાય રહ્યા. હવે આશાથી ના રહેવાયું. એને હળવેથી શચીના ખભ્ભે હાથ મૂકી કહ્યું, 'શચી, કંઈક તો થયું જ છે તારી સાથે. મને તારી મદદ કરવા દે બેટા, પ્લીઝ....' આટલું સાંભળતા જ શચી આશાના ખોળામાં ફસડાય પડી.

'મમ્મા, આ દુનિયા બહુ ખરાબ છે' કહી શચીએ મોબાઈલ એના હાથમાં મૂકી દીધો.

શચીની પોસ્ટ જોઈ આશાને એના પર માન થઈ આવ્યું. દીકરી કેટલી સમજદાર છે. શચીના વિચારોની સ્પષ્ટતા અને તેને અભિવ્યક્ત કરવાની આવડત જોઈ એ ઓવારી ગઈ, પણ, નીચે કમેન્ટ બોક્સ તરફ ધ્યાન પડતાં જ છળી ઉઠી. શચીએ મુકેલી પોસ્ટ નીચે અજાણ્યા લોકોના ગુસ્સો, ધાક-ધમકી, નફરતભર્યા જવાબ - શચી વિશે લખેલી ખરાબ-ખોટી ટિપ્પણીઓ -એલફેલ શબ્દો, મનફાવે એવા ઈમોજીસથી કમેન્ટ બોક્સ છલકાય રહ્યું હતું. બસ, એનાથી આગળ એ જોઈ ના શકી. એકીઝાટકે સ્ક્રીન બંધ કરતી એ શચીને ભેટી પડી.

થોડીવાર બાદ સ્વસ્થ થયે એ શચીના માથે હાથ ફેરવતાં બોલી, 'બેટા, આનો કોઈ અંત નથી. અમુક લોકો બીજાના મનમાં ઉદ્વેગ ઊભો કરી મજા લેવાના આદી હોય છે. તું આખો દિવસ આમાં બગાડીશ, વિચારીને દરેકને જવાબ આપીશ છતાં પણ સામે તને હીનતાભર્યું વલણ જ જોવા મળશે... પછી શું કરીશ?'

આશાના આ પ્રશ્ને રુચિ એકધારી મા સામે જોઈ રહી :

'તો મારે હવે શું કરવું? જે મને સતત નિશાન બનાવી રહ્યા છે એને જીતી જવા દઉં? ઝઘડાખોરો સામે ઝૂકી જઉં?'

ના ઝૂકવાનું નથી. તું બહુ સ્પષ્ટતાપૂર્વક જે માને છે એ મુજબ જવાબ આપી શકે, પણ, એક વખત તારો પોઇન્ટ રજૂ કરી દીધા બાદ દર વખતે સામે જવાબ આપવાની દરકાર કરવી નહીં. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર તું લોકોને તારી વાત સમજાવી શકે, પણ એમની વિચારસરણી બદલી નહીં શકે. જો કોઈ તારી સાથે સહમત ના થાય તો તું તારા વિચારો માત્ર વહેંચી શકે છે. તેને કોઈ ઉપર થોપી નહીં શકે, ભલે એ ગમે તેટલા સાચા કે સારા કેમ ના હોય.' આશાએ ભારપૂર્વક કહ્યું.

'પણ મમ્મી, અમુક વસ્તુ બદલાવવી જોઈએ અને હું નહિ બોલું તો એનો મતલબ એવો થશે કે લોકો જે કહે છે એની સાથે હું સહમત છું.'

ના બેટા, ગુસ્સાને પાંખો આપવી ખૂબ સહેલી છે. કદાચ એવું પણ બને કે તારા દ્વારા અપાતા આવેશપૂર્ણ જવાબો જોઈ વધુ લોકો આ ચર્ચામાં જોડાય. અત્યારે તો તું એકાદ-બે વ્યક્તિ સાથે લડી રહી છો. પછી કદાચ એવું બને કે તારી સામે રણસંગ્રામ ઊભું થઈ જાય!'

'અચ્છા, તો તું એવું કહે છે કે, હું શાંત રહીને મારી હિંમત બતાવું? આ કઈ રીતે શક્ય છે જરા મને કહીશ?' શચી થોડી ચિડાય.


'જો, તેં તારો મુદ્દો શિષ્ટતાપૂર્વક રજૂ કરી દીધો. હવે એના પર લોકોના જે વિચારો આવે એની સાથે તારે શી લેવાદેવા? તું અન્યોના વિચારોથી અપસેટ થઈ તારી ઉપર સાયબર બુલિંગ થાય એવી સ્થિતિ ઊભી જ શા માટે કરે છે? બીજું, દરેક વખતે જવાબ આપીશ તો આવા લોકોને અટેન્શન મળશે. એ લખે છે એની તારા પર અસર થાય છે એ ખ્યાલ આવતાં જ એમને મજા પડશે. સાયબર બુલિંગ કરનારાઓને આ જ જોઈતું હોય છે. એને સમાજમાં કોઈ બદલાવ નથી જોઈતો, કોઈ વાત પર ગંભીર વિચાર કરવો નથી. બસ, અન્યોને નબળા પાડી વિકૃત આનંદ લેવો હોય છે. આવા લોકો પેરાસાઇટ જેવા હોય છે. તમારી પોસ્ટનો ઉપયોગ કરી ઝેર ફેલાવે, જીતવાનો ખોટો આનંદ લે, તમારી પર વારંવાર ઓનલાઈન એટેક કરે, પોતાના ફોલોઅર્સ વધારે અને સાથોસાથ તમને માનસિક ઇજાઓ પહોંચાડતા જાય. આવા લોકો સામે સોશિયલ મીડિયા ટુલ્સનો ઉપયોગ શરૂ કર. અમુક તોફાની તત્ત્વોને બ્લોક કે રિસ્ટ્રીક્ટ કરી શકે. હું એમ નથી કહેતી કે અન્યાય તેમજ અરાજકતા ફેલાવતા લોકોનો વિરોધ ના કરવો,

(જુઓ પાનું ૬) ▶▶

સુમંત રાવલ
feedback.ladki@bombaysamachar.com

ટૂંકી વાર્તા

# પગલી



તે હજુ સ્કૂટરને કીક મારવા જતો હતો, ત્યાં રઘુકાકાએ તેના નામની બૂમ મારી...

'રવિ... એક મિનિટ' એમ કહેતા રઘુકાકા હાંફળા ફાંફળા તેની પાસે દોડી આવ્યા.

'મારે તારું ખાસ કામ છે.'

'બોલો કાકા શું કામ છે?' રઘુએ વિવેકથી પૂછ્યું.

'તારે રેખાને બસમાં રાજપર સુધી લઈ જવાની છે...'

'રેખાને?' રઘુ ભડકી ગયો... અને રઘુકાકાના મોં સામે તાકી રહ્યો.

- રઘુકાકાને ત્રણ દીકરીઓ હતી. ત્રણેય જવાન હતી. ગયા વરસે પત્નીના અવસાન પછી રઘુકાકા પર ઘરની સઘળી જવાબદારી આવી પડી હતી. ત્રણ દીકરીઓમાં રેખા સૌથી નાની હતી, પંદર- સોળ વરસની હતી, પણ તે અડધી ગાંડી હતી. સંસ્કાર સોસાયટીમાં બધાં તેને 'રેખાગાંડી' તરીકે ઓળખતા હતાં, ગાંડપણના કારણે તે અલમસ્ત બની ગઈ હતી, ફ્રોક પહેરીને સોસાયટીમાં ભટકતી રહેતી હતી, ફ્રોકમાં ઊપસેલી છાતી બહાર દેખાતી હતી, એટલે બધાં તેની સામે ધારીધારીને જોઈ રહેતા, પણ રેખાને તેની લગીરે ચિંતા નહોતી. મોટા ભાગે તે સોસાયટીના સાર્વજનિક પ્લોટમાં બાકડે બેસી રહેતી હતી, ક્યારેક જવાનિયા સાથે પક્કડ દાવની રમત રમતી હતી, મોટેથી ખડખડાટ હસતી હતી. એકલી એકલી હવા સાથે વાતો કરતી હતી!

આવી ગાંડીને બે કલાક બસની મુસાફરીમાં સાથે રાખીને છેક રાજપર સુધી પહોંચાડવામાં મોટું જોખમ હતું. એટલે રવિ વિચારમાં પડી ગયો.

'જો રવિ- તું મારા દીકરા જેવો છે. મને તારા પર ભરોસો છે, નહીંતર સોસાયટીમાં બીજા ઘણા છે. પણ તારી સાથે મારી જવાન દીકરી વધુ સલામત રહેશે એની મને ખાતરી છે...'

બોલતા બોલતા તે ફરીથી હાંફવા લાગ્યા, મોં દયામણું થઈ ગયું, 'આ પહેલા પણ તું રાજપર અનેકવાર રેખાને લેવા મૂકવા ગયો છે...'

રવિને કહેવાનું મન થયું કે ત્યારે વાત જુદી હતી, હવે રેખા જવાન હતી. અને ગાંડપણને લીધે બેશરમ પણ હતી. આગ સાથે ખેલવાની વાત હતી! રઘુકાકા તરસી આંખે રવિને તાકી રહ્યા હતા. 'જો ભાઈ... મારે ઘરમાં બે જવાન દીકરી છે, એ બન્નેને જોવા માટે એક પાર્ટી આવવાની છે. પાર્ટી જોવા આવે અને રેખા કૈક બખેડો કરે તો પ્રસંગ બગડી જાય...' રઘુકાકાએ પોતાની ચિંતાની જાણ કરી.

'એ લોકો આવીને જતા રહે ત્યાં સુધી રેખાને હું સાચવીશ. તેને મારી પત્ની સાથે સારું બને છે.' રવિએ વચળાગાળાનો રસ્તો કાઢ્યો, ત્યાં રઘુકાકા એકદમ આક્રોશમાં બોલી ઊઠ્યા...'ના...ના હવે મારે રેખાને અહીં રાખવી નથી.'

'કેમ એમ?'

'તને ખબર નથી રવિ! તું ભોળો છે અને તારી ઓફિસના કામમાંથી નવરો પડતો નથી, એટલે તને ખબર પણ ન હોય. આપણી સોસાયટીના છોકરા સારા નથી. એ કોઈને કોઈ બહાને રેખાના શરીર સાથે અડપલા કરી લે છે. ન કરે નારાયણ અને ગાંડીનો ગેરલાભ લઈ લે તો મારે તો મરવાનું થાય' વાત કરતા થોડીવાર અટકી ગયા, શ્વાસ ધીમો પડ્યો એટલે ફરી શરૂ થઈ ગયા. 'શાંતા હતી ત્યારે તેની ચોકી કરતી, પણ હવે શાંતા નથી રહી, હું ક્યાંક કામે બહાર ગયો હોઉં અને વિધુર બાપનું ધ્યાન પણ કેટલું રહે!' રઘુકાકાના મોં પર લાચારીના ભાવ આવી ગયા.

'તમે જ મૂકી આવોને? એ રીતે તમે તમારા માબાપને મળી પણ આવો' રવિએ છટકવા માટે કહ્યું.

' મારે અઠવાડિયા સુધી દોડધામ છે, મારી બેય દીકરીઓનું ગોઠવવાનું છે.' લગભગ કરગરતી આંખે તે રવિ સામે જોઈ રહ્યા હતા, જાણે રવિ સિવાય બીજો કોઈ ભરોસાપાત્ર માણસ જ ન હોય!

છેવટે રવિએ નમતું જોખ્યું. 'ભલે કાકા, કાલે રવિવારની રજા છે, કાલે દાસની બસમાં મૂકી આવીશ, તમે રેખાને તૈયાર કરીને તેના સામાન સાથે બસસ્ટેશને લઈ આવજો, હું એ જ બસમાં રેખાને રાજપર મૂકીને પાછો ફરીશ.'

'તારો મોટો ઉપકાર ભૈલા.' બે હાથ જોડી, ટોપીવાળું માથું નમાવતા રઘુકાકાએ કહ્યું. 'માત્ર એક દિવસનું કામ છે. ભૈલા!'

'એમાં હાથ જોડવાના ન હોય, કાકા તમે મારા વડીલ છો. અને છોકરાની ફરજ છે કે વડીલનું કામ કરે.'

'કોણે એવું માને છે! ભલે તો કાલે દસ વાગે હું રેખાને લઈને બસસ્ટેશન પહોંચી જઈશ..'

'ફાઈનલ!' મેં કહ્યું અને સ્કૂટરને ફરીથી કીક મારી, ઘરઘરાટી સાથે તે ચાલુ થઈ ગયું. ઓફિસના રસ્તે સ્કૂટર દોડાવતા હું વિચારી રહ્યો હતો. રાજપર ખાસ દૂર નહોતું, બે કલાકનો માર્ગ હતો. બસ રાજપર થઈને આગળ જતી અને એક કલાકમાં જ પાછી ફરતી હતી. એ ઘણી વાર રેખાને લઈને જતો ત્યારે રેખાનાં દાદા-દાદી સાથે ગપ્પા મારવામાં સરળતાથી કલાક પસાર થઈ જતો હતો. ચા-નાસ્તો થતાં, વાતો થતી અને કલાક પસાર થઈ જતો, વળી બસસ્ટેશન તેમના ઘરની સામે જ હતું, એટલે બહુ દોડધામ પણ થતી નહોતી. વળતી બસે એ પાછો પોતાના ગામ આવી જતો!

-બીજે દિવસ રવિવારે તૈયાર થઈને નીકળતી વખતે તેણે શીલાને કહ્યું, 'સાંજે પાછો આવી જઈશ.' 'જો...જો હોં એ ગાંડીથી ચેતજો. ઉંમરની સાથે તેનું ગાંડપણ વધતું જાય છે.'

'તારા કરતાં ઓછું.' તેણે મજાક કરી એટલે પત્ની ગંભીર થઈ ગઈ. તે બસસ્ટેશને પહોંચ્યો ત્યાં રઘુકાકા રેખાની સાથે ઊભા હતા, રઘુકાકાના હાથમાં બેગ હતી, જે રવિએ પોતાના હાથમાં લેતા કહ્યું, 'લાવો કાકા, તમારો ભાર ઓછો કરો...'

'ભાર ક્યારેય ઓછો ના થાય દીકરા...' તેમણે કહ્યું તે વખતે રવિએ રેખા સામે જોયું તો જોતો જ રહી ગયો ફ્રોકને બદલે તેણે સાડી ધારણ કરી હતી, ગંભીર મોં કરીને સન્નારી જેમ તે ઊભી હતી, જોનારને ડાહીડમરી લાગે તે રીતે બન્ને હાથની અદબ બીડી ઊભી હતી, ગ્રીન કલરની સાડીમાં તેની લાંબી કાયા વધુ આકર્ષક લાગતી હતી. કપાળમાં બિંદી, કાનમાં ચમકતી બૂટી, અને અંબોડામાં ઘુંસાડેલું નકલી ફૂલ, કદાચ તેની મોટી બહેને તૈયાર કરી હતી. કાજળ ઘેરી આંખે તેણે રવિ સામે જોયું. કેવી ધારદાર ઈષ્ટ! રવિ નીચું જોઈ ગયો, ત્યાં બસ સ્ટેન્ડ પર આવી. બે જણની ખાલી સીટ શોધીને રેખા બારી પાસે બેસી ગઈ, તે બાજુમાં લગોલગ બેસી ગયો, બેગ તેણે બર્થ પર ગોઠવી દીધી. રઘુકાકાએ એક પરબીડિયું રવિને સોંપતા કહ્યું:

'આ કાગળ મારા બાપાને હાથોહાથ આપજે. 'જરૂર કાકા હવે. તમે ચિંતા ન કરો.' 'નિરાંતે ઘેર સીધાવો!' રવિએ સાંત્વના આપતા કહ્યું.

બસ ઊપડી. રઘુકાકા હાથ હલાવતા હતા, જવાબમાં રેખા બારીમાંથી હાથ બહાર કાઢી જોરજોરથી હલાવવા લાગી અને મોટેથી કહેવા લાગી. ' આવજો બાપુ. આવજો બાપુ.' બસમાં બેઠેલા મુસાફરો જોઈ રહ્યા. પોતાના ગાંડપણનો પહેલો પુરાવો તેણે આપી દીધો હતો - રવિ સાવધ થઈ ગયો. બારી ખુલ્લી હતી, પવનની લહેર આવતી અને રેખાના ચહેરા પર છાંટેલા પાવડરની સરસ સુગંધ આવતી હતી.

એક ગામડાના પાટીયે બસ અટકી, ગામ દૂર હતું, નાનકડા શેડ નીચે મુસાફરો ઊભા હતા, એક બાઈ કાખમાં છોકરું તેડીને ઊભી હતી. રેખા તેના તરફ જોઈ રહી અને બારીમાંથી એ બાળક સામે બાલીશ હરકતો કરવા લાગી. બન્ને હાથ લાંબા કરીને કાલીભાષામાં બકવા લાગી. આવ મારી બીટુ... આવ... આવ તને તારા ખોળામાં બેસાડી રાઉકલી કરું! હોઠ ઉઘાડબંધ કરી હવામાં બુચકારી કરવા લાગી, રવિને અણગમો થવા લાગ્યો, છતાં ખામોશ રહ્યો, રેખાને નીચે ન ઊતરવા માટેની કડક ચેતવણી આપી, પોતે બસમાંથી નીચે ઊતર્યો, નીચે ચા પાણીનો ગલ્લો હતો, જ્યાં ફૂડપેકેટ મળતાં હતાં, સીંગચણાનું પેકેટ લઈ તરત બસમાં ચડી ગયો. પેકેટ તેણે રેખાને આપ્યું, રેખાએ તે દાંત વડે તોડ્યું અને કચ કચ અવાજ કરતી સીંગચણા ચાવવા લાગી.

બસ ઊપડી એટલે ખુલ્લી બારીમાંથી પવન અંદર ધસી આવ્યો, પવનમાં તેની સાડીનો પાલવ ઊડી જતો હતો અને છાતીનો ઉભાર બહાર દેખાઈ જતો હતો, રવિથી જાણ્યે- અજાણ્યે એ તરફ જોવાઈ જતું હતું. તેને પોતાની જાત પર શરમ થતી હતી, પરિણીત હતો- બે દીકરાનો બાપ હતો, ઉંમરમાં પણ મોટો હતો. છતાં પોતાની જાત પર કાબૂ રાખી શકતો નહોતો અને પૂરઝડપે દોડતી હતી.

'રવિભાઈ. તમને હું ગાંડી લાગું છું?' એકાએક રેખાએ પૂછ્યું.

'તું તો ડાહીડમરી છો, કેવી શાંત બેઠી છો. તને ગાંડી કહેનારા જ ગાંડા છે.' રવિએ કહ્યું, એટલે રેખા રાજી થઈ ગઈ, સીંગચણાનું ખાલી પેકેટ બહાર ફેંક્યું પણ પવનમાં ઊડીને અંદર આવી તેની છાતી સાથે ચીટકી ગયું એટલે તે ખડખડાટ હસવાનો અવાજ સાંભળી આગળની સીટ પર બેઠેલા મુસાફરો ડોક ઘુમાવીને તેની સામે જોવા લાગ્યા. રવિ ગભરાઈ ગયો. રેખાએ પોતાનું પોત પ્રકાશવાનું શરૂ કરી દીધું હતું!

'રવિભાઈ. મારા 'લગન' ક્યારે થશે? '

તેણે બીજો પ્રશ્ન કર્યો જે રવિના લમણામાં પથરાની જેમ વાગ્યો, માથું તમતમી ગયું. આ બલા જાતજાતના પ્રશ્નો કરી રાજપર આવતા સુધીમાં તેને ગાંડો કરી મૂકશે!

' તું મોટી થઈશ ત્યારે...'

'હું મોટી ક્યારે થઈશ...'

'તારા દાદાને ત્યાં એક વરસ રહીશ ને. પછી તું મોટી થઈ જઈશ...' તે ખીખી કરતી હસી પડી.

બપોર ચડી ગઈ હતી, બહાર તડકો તીખો થયો હતો, બારીમાંથી ગરમ પવન અંદર આવતો હતો, રવિએ બારી બંધ કરી દીધી. લૂ લાગી જશે! રેખાને પણ ઘેન ચડતું હતું ઝોલા ખાતી હતી, એકાએક તેણે રવિના ખોળામાં માથું મૂકી દીધું. રવિ ગભરાઈ ગયો. પણ પછી સમજી ગયો. જાગતા કરતા સૂતી ભલી! રસ્તા પર ઘેટાબકરાંનું ટોળું આવી ગયું, એટલે બસ ધીમી પડી ગઈ, ડ્રાઈવર જોરજોરથી હોર્ન વગાડવા લાગ્યો. ભરવાડનો છોકરો હાથમાં લાકડી લઈને દોડાદોડી કરતો હતો અને મોં વડે હુસસસ...હુસસસસ જેવો સાંકેતિક અવાજ કાઢી ઘેટા બકરા હટાવતો હતો.

રસ્તો ખાડા ખડિયા વાળો હતો, બસ હાલક ડોલક થતી હતી. રવિના શરીર સાથે જાણે અડપલાં કરતું હતું, રવિ બહેંકી ગયો, તેણે આસ્તેથી પોતાના એક હાથની હથેળી રેખાની છાતી નીચે સરકાવી, ત્યાં સડક કરતી રેખા બેઠી થઈ ગઈ, ક્ષણવારમાં તેની ઊંઘ ઊડી ગઈ. તે શંકાભરી નજરે રવિ સામે જોઈ રહી, રવિ પણ છોભીલો પડી ગયો, બસ સડસડાટ દોડતી રહી. રેખા આંખો ચાંપતી હતી, તેની આંખોનું કાજલ પાંપણો પરે રેળાઈ ગયું. આંખો ફરતી કાળાશ વધી ગઈ. વાળ વીખરાઈ ગયા. અસલ ગાંડી લાગતી હતી.

છેવટે રાજપર આવી ગયું. એક હાથે રેખાનું કાંડુ અને બીજા હાથમાં રેખાની બેગ લઈ તે ધીમે ધીમે બસમાંથી નીચે ઊતરી ગયો, બસસ્ટેશનની સામે જ રેખાના દાદાનું ઘર હતું, બંધ બારણાની સાંકળ ખખડાવી, ખુદ દાદાજીએ જ બારણું ખોલ્યું, રવિ સામે જોતા મોં મલકાવ્યું, 'ઓ રવિ..' ત્યાં રેખા તરફ નજર પડી...'બાકી દીકરી...' હજુ વાક્ય પૂરું થાય તે પહેલા તો રેખા દાદાને બાઝી પડી. અને બરાડવા લાગી. મારા દાદા! મારા દાદા! દાદી પણ ઓરડામાંથી બહાર આવી ગયાં. એટલે તે દાદાને છોડીને દાદીને બાઝી પડી. મારી દાદી!

રવિએ ચિઠ્ઠી આપી. દાદાએ તે ચશ્મા ચડાવીને વાંચી, પછી જવાબ લખી આપ્યો અને કવર સોંપતા કહ્યું, 'રઘુને કે' જે કે રેખાની ચિંતા ના કરે.' ચા- નાસ્તો પતાવી, થોડી ઈધરઉધરની વાતો કરી, ત્યાં બસનો ટાઈમ થઈ ગયો. દાદા વળાવવા બસ સ્ટેશન સુધી આવ્યા, બસ આવી , રવિને બારી પાસે જગ્યા મળી ગઈ. તે બેઠો, બારી બહાર જોયું પણ રેખા દેખાતી નહોતી, કદાચ દાદી સાથે મોજમજા કરતી હશે! ત્યાં એકાએક બારણામાંથી રેખા દોડતી આવતી હતી. રવિએ હાથ બહાર કાઢી હાથ હલાવતા મોટેથી કહ્યું. રેખા! સાચવીને રહેજે- આવજે. બસ ઊપડી અને રેખાએ એક પળ રવિ સામે જોયું, બીજી પળે નીચે પડેલો પથરો ઉપાડ્યો રવિ હેબતાઈ ગયો. તે કંઈ સમજે વિચારે તે પહેલા તો રેખાએ જોરથી રવિ સામે પથરો ફેંક્યો, પથરો બસની બારીના કાચ પર અથડાયો. 'ખડીંગ્' અવાજ સાંભાળી ડ્રાઈવરે બસ રોકતા, પીઠ ઘુમાવીને પૂછ્યું 'શું થયું?' કંડકટર પણ બારણું ખોલી રહ્યો હતો, પણ રવિએ પરિસ્થિતિ સંભાળી લીધી, તેણે સીટ પરથી ઊભા થતા એકી શ્વાસે કહ્યુંઃ બસ રોકશો નહીં, એ છોકરી ગાંડી છે એટલે પથરાં ફેંકે છે.

ડ્રાઈવરે ઝડપથી બસ દોડાવી મૂકી એટલે રવિએ રાહતનો લાંબો શ્વાસ ખેંચ્યો! ■

ખુશ્બુ મુલાણી ઠક્કર
feedback.ladki@bombaysamachar.com

ફેશન વર્લ્ડ

# નેટના ડ્રેસ, સાડી કે ગાઉન?

લગ્નગાળામાં સબ ફંક્શનમાં હેવી ડ્રેસ પહેરવા પણ છે અને વધારે હેવી ડ્રેસમાં ખર્ચો પણ નથી કરવો. એવા મલ્ટી પર્પઝ ડ્રેસ વસાવવા છે કે, લગ્ન કે પછી કોઈ બીજા ફંક્શનમાં પણ પહેરી શકાય. વેડિંગ અથવા સબ વેડિંગ કલેક્શન જ્યારે પેસ્ટલ શેડમાં આવે છે ત્યારે એક સોબર અને એલિગન્ટ લુક આપે છે. પેસ્ટલ શેડમાં હંમેશાં એક રીચનેસ હોય છે. નેટ ફેબ્રિકમાં પેસ્ટલ શેડ ખુબ જ ડેલિકસી આપે છે. ડેડ રોઝ પિન્ક, લાઈટ લેવેન્ડર, સી ગ્રીન, લાઈટ ગોલ્ડ, બેજ, પર્લ વાઈટ, ડસ્કી પિન્ક વગેરે કલર સાથે હેન્ડ વર્ક કરવામાં આવે છે. હેન્ડ વર્ક હંમેશાં સેલ્ફ ટુ સેલ્ફ એટલે કે સેમ કલર ફેબ્રિક પર એ જ કલરનું વર્ક અથવા તો, કોઈ પણ કલરના ફેબ્રિક પર કોન્ટ્રાસ્ટ કલરનું વર્ક.



હેન્ડ વર્ક એટલે ટાઈની સિકવન્સ, કટ દાણા, પોત, ડાયમન્ડ, સ્ટોન્સ, મોતી, રેશમ વગેરેનો સમાવેશ થાય છે. આ બધા મટિરિયલ નો ડિઝાઇન વાઇસ મિક્સ એન્ડ મેચ કરવામાં આવે છે. નેટ ફેબ્રિકમાંથી બનાવેલા હેન્ડ વર્કવાળા ડ્રેસ ખાસ કરીને યન્ગ ગર્લ્ઝ માટે હોય છે. અથવા તો એમ કહી શકાય કે, જેમનું શરીર સુડોળ હોય તે જ આ ડ્રેસ પહેરી શકે.

ડ્રેસ - નેટના હેન્ડ વર્કના ડ્રેસ પેસ્ટલ શેડમાં હોય છે બ્રાઇટ શેડમાં પણ હોય છે પરંતુ કલર કોમ્બિનેશન સીઝનલ હોય છે. આવા ડ્રેસની લંબાઈ મેક્સિમમ ૪૮ ઇંચની હોય છે.એકદમ સિમ્પલ નેકલાઇન જેમકે યુ અથવા સ્વીટહાર્ટ શેપ. નેકલાઇન સાથે કુર્તા પટ્ટી હોય છે.

નેટના ડ્રેસની સ્લીવ્ઝ વેરિએશન વાળી હોય છે. જેમકે બેલ સ્લીવ્ઝ કે ફલેરી સ્લીવ્ઝ. અથવા તો થ્રિ ફોર્થ સ્લીવ્સ.નેટના ડ્રેસ હંમેશાં ફિટિંગમાં હોય છે. નેટ ખુબ જ સોફ્ટ ફેબ્રિક છે. નેટ સાથે શિમર લાઇનિંગ અથવા સાટીન અથવા સેન્ડયુન ફેબ્રિકનો લાઇનિંગ તરીકે ઉપયોગ થાય છે. જયારે આ ડ્રેસ પહેરીએ એટલે આખા શરીરનો શેપ બરાબર દેખાય. તેથી જ આ ડ્રેસ પાતળી યુવતીઓ પર વધારે સારા લાગશે.



જો તમને હેવી લુક જોઈતો હોય તો નેટના હેન્ડ વર્કના ડ્રેસ સાથે બોટમમાં સિક્વન્સ વાળા ફેબ્રિકનું પ્લાઝો અથવા પેન્ટ સારું લાગી શકે.

નેટના ડ્રેસમાં જો તમને રેગ્યુલર હેમલાઇન ન જોઈતી હોય તો તમે ઇવેન્ટને અનુરૂપ એસિમેટ્રિક હેમલાઇન કરાવી શકો. આવા ડ્રેસ સાથે હિલ્સ અનિવાર્ય છે તો જ ગ્રેસફુલ લુક આવશે. જો તમને ક્રાઉડમાં સ્ટેન્ડ આઉટ થવું હોય તો, ટોપ સાથે તમે કોન્ટ્રાસ્ટ કલરનું બોટમ પણ પહેરી શકો.

ડ્રેસ લાઈટ અથવા હેવી વર્ક વાળો લેવો છે તે તમે તમારા પ્રસંગને અનુરૂપ નક્કી કરી શકો. તમે ફ્રન્ટ સાડી હેવી વર્ક અને બેકમાં લાઈટ વર્ક વાળો ડ્રેસ પણ પહેરી શકો. સાડી - નેટની સાડી ખુબ જ ડેલિકેટ અને અટ્રેક્ટિવ લુક આપે છે.

જો તમારે નેટની સાડી પહેરવી હોય તો તમારું શરીર સુડોળ હોવું જ જોઈએ. નેટની સાડી ટ્રાન્સપેરન્ટ હોવાથી તમારે સાટીન અથવા શિમર ફેબ્રિકનો જ પેટીકોટ પહેરવો પડે. જેથી કરી નેટના ફેબ્રિકને એક સ્ટ્રોંગ બેઝ મળે અને નેટની સાડી પર થયેલું હેન્ડ વર્ક ઉઠીને આવે.નેટની સાડી સાથે મેચિંગ બ્લાઉઝ પેહરવાથી એક સોબર લુક મળે છે અને નેટની સાડી સાથે કોન્ટ્રાસ્ટ કલરનું બ્લાઉઝ પહેરવાથી એક અટ્રેકટીવ લુક આવે છે. નેટની સાડી સાથે શિમર ફેબ્રિકનું બ્લાઉઝ પણ પહેરી શકાય. નેટની સાડીને અલગ લુક આપવા માટે સેમ કલરનો પેટીકોટ ન પહેરતા, કોન્ટ્રાસ્ટ કલરનો પેટીકોટ પહેરી શકાય અને તેજ કોન્ટ્રાસ્ટ કલરનું બ્લાઉઝ પહેરી એક અલગ અને બેલેન્સ લુક ક્રિએટ કરી શકાય.

ગાઉન - નેટ ફેબ્રિકમાંથી ઘણી વેરાઈટીના ગાઉન બનાવવામાં આવે છે જેમકે, બોડી હગિંગ, ફલેરી, લેયર વાળા, યોક સાથે વગેરે. જેમનું શરીર સુડોળ છે તેઓ બધી જ સ્ટાઇલના નેટના ગાઉન પહેરી શકે. જેમનું શરીર ભરેલું છે તેઓ નેટના ફલેરી ગાઉન પહેરી શકે. નેટના ગાઉનની સ્લીવ્ઝ મોટે ભાગે ટ્રાંસપેરન્ટ જ હોય છે તેથી જો તમારા હાથ જો ભરાવદાર હશે તો ખુબ જ ખરાબ લાગશે.

નેટના ગાઉનમાં ઘણી બધી વેરાઈટી આવતી હોવાથી કલર ઓપશન પણ ઘણા સારા મળે છે. જો તમારી પ્લસ સાઈઝ હોય તો તમે ડાર્ક શેડના ગાઉન પહેરી શકો. ■

પ્રજ્ઞા વશી
feedback.ladki@bombaysamachar.com

લાફ્ટર આફ્ટર

# શું તમે ખાઉધરા તો નથી ને?

'અધધધ લાડુ ખાનારાઓથી તો ભગવાન જ બચાવે!' પોતે સારું એવું ઝાપટી શકે છે એમ માની કોલર ઊંચો કરનારાઓનો એક જમાનો હતો. પણ આજના આ મોંઘવારીના જમાનામાં વધારે ખાનારા, અર્થાત્ ખાઉધરા મહાશયો બ્લેક લિસ્ટમાં મુકાઈ જતા હોય છે.

અમારા ગામમાં સૌથી વધુ લાડુ ખાનારાઓનું સન્માન થતું અને એવા યુવાનો તેમજ મોટી વયના મહાશયો ગામમાં છાતી કાઢીને ફરતા. સામૂહિક જમણવાર અને સોંઘવારીના જમાનામાં એવા પ્રયોગો અને સ્પર્ધા કારગત નીવડેલી. પણ મોંઘવારીના આ યુગમાં આવી લાડુની સ્પર્ધામાં જીતનારાઓને કોઈ ભૂલેચૂકે પણ જમવાનું આમંત્રણ ના આપે.

આજની આધુનિક યુવતીઓ આવા ખાઉધરા યુવકની લગ્ન માટે ઑફર આવી હોય, તો તરત જ ના કહીને મ્હોં મચકોડે. મેગી, પિઝા, બર્ગર બહારથી મંગાવીને ખાનારી, જીમ, યોગા કરનારી અને બોડી મેન્ટેઇન કરનારી યુવતીઓ ભલા કઈ રીતે લસલસતાં ઘીના લાડવા બનાવવા બેસવાની?

કેટલાક મહારથીઓ તો માત્ર ખાવા માટે જ જન્મ લીધો હોય, એમ આખો દિવસ સવાર, બપોર, સાંજ અને કદાચ રાત્રે ભૂખ લાગે તો રાત્રે શું ફાકવું, એનું આખા અઠવાડિયાનું લિસ્ટ બનાવીને પત્નીને થમાવી દે છે અને એ લિસ્ટની બે-ત્રણ ઝેરોક્ષ કઢાવી રસોડામાં, ડાઇનિંગ ટેબલ પર તેમજ બેડરૂમમાં સુદ્ધાં ચોંટાડી રાખે છે. આવા મહાશયો ઊઠતાંની સાથે 'ૐ નમઃ શિવાય' કે પછી 'ગાયત્રી મંત્ર' કે 'મૃત્યુંજયના જપ' કરતા નથી, પણ આજના લિસ્ટમાં જે જે લખ્યું છે, એ એ ખાવાનું બનાવવાનું પત્ની ચૂકી તો નથી ગઈ ને? એ વારે વારે પેલા લિસ્ટમાં જોઈને ચેક કરતા રહે છે.



અમારા પડોશી જમનાદાસ તો ખુલ્લમખુલ્લા લોકોને કહેતા ફરે છે કે, ''મારે તો જીવન એટલે સારામાં સારું સ્વાદિષ્ટ ખાવું, પીવું તેમજ નિરાંતે ઊંઘી જવું! માનવજીવન એક જ વાર આપણને મળે છે, તો ખાઈ પીને મરવાનું! ખાવા-પીવામાં હું કોઈ બાંધછોડ કરતો નથી.''

જમનાદાસની પત્ની જમનાદાસના ગયા પછી પ્રલાપે છે, ''ભૂલેચૂકે પણ આવા ખાઉધરા પુરુષનો પનારો પડ્યો, તો તોબા તોબા! એથી જ અમે દીકરી માટે જે છોકરો પસંદ કરેલો, એનો પ્રથમ ઇન્ટરવ્યૂ મેં લીધેલો અને ખોરાક અંગે દસ પ્રશ્નો પૂછેલા.''

જમનાદાસની પત્ની અલકાબેન રાંધી રાંધીને અને પતિદેવને પીરસી પીરસીને સાવ હલકાં (સુકાઈ ગયાં) થઈ ગયાં છે. જમનાદાસ લગ્ન બાદ પહેલીવાર સાસરે ગયેલા, એ વાત અલકાબેને (હલકાં થયા પછી) લગભગ દર અઠવાડિયે યાદ કરાવી હશે. એ પુરાણ કંઈક આ મુજબ છેઃ

''લગ્ન બાદ હું અને મારા એ (પતિ) મારાં પિયર ગયેલાં. મારી બાને નહોતી ખબર કે જમાઈનો જઠરાગ્નિ ખૂબ જ પ્રદિપ્ત છે! જમાઈરાજે જમણવાર શરુ થતાં જ લાડુ ખુટાડ્યા, પછી ભજિયાં ખુટાડ્યાં અને એના ઉપર છેલ્લે વાડકે વાડકે દાળ પણ એવી પીધી કે મારી બાએ તાત્કાલિક કૂકર ચઢાવેલું. એ પછી મારી બાએ જમાઈને સાસરે પધારવાનો આગ્રહ ક્યારેય કર્યો નથી.''


કંઈ કેટલા તો પુષ્કળ પ્રમાણમાં ખાધા પછી પણ શરીરે એકવડા જ રહે છે. એટલે એવા એકવડા શરીરવાળા મહાશયો તો ગર્વથી કહેતા ફરે છે કે, ખાધા પછી પચાવતાં આવડે, એનું શરીર જ માપમાં રહે. બાકી બધા ફૂલીને ફુગ્ગો થઈ જાય છે. (અવગુણને ગુણમાં ફેરવવાનો કેવો સરસ ગુણ!)

કેટલીક લોજમાં તો રીતસર લખવું પડે છે કે, 'અનાજ પારકું છે, પણ તમારું પેટ પારકું નથી.' તો કેટલીક લોજમાં મોટા અક્ષરે લખવું પડે છે કે, 'વધારે રોટલી કે ફરસાણ, મીઠાઈ માંગીને અમને શરમમાં પાડશો નહીં. વધારે ખાશો તો એનો ચાર્જ અલગથી આપવાનો રહેશે.' આવા ખોરાકપ્રિય માણસો મફત ખાવાનું હોય ત્યાં ખૂબ જ બેકાબૂ બની જાય છે. એમાં પણ જો કોઈ પૈસાદાર પાર્ટીનાં લગ્નમાં ભવ્ય જમણવાર હોય, તો તો એકે એક વાનગીને ભરપેટ ન્યાય આપી, છેલ્લે બધા મુખવાસ, આઇસક્રીમ અને બાળકો સાથે છેલ્લે 'બુઢ્ઢી કા બાલ' ખાવાનું પણ ચૂકતા નથી! અને જો ચૂકી ગયા હોય તો મુખવાસ ખાધા પછી પણ જે જે વાનગી બાકી હોય, તે તે વાનગી ઝાપટી આવવાનું પરમ કર્તવ્ય નિભાવી આવે છે. એક પણ વાનગીને કે લગ્નમાં બોલાવનાર પાર્ટીને ખોટું લાગે, તો ભલા કેમ પોસાય?

બસ, પછી આખે રસ્તે એની સાથે કારમાં ઘરે જનારને કાં તો એમના કાન ફાડી નાખે એવા ઓડકાર, અથવા તો ચાલુ કારના હિલોળે નસકોરાંની સંગતનો તાલ અન્ય કુટુંબીજનોએ સહન કરવો પડે છે.

આવા ખોરાક પ્રિય મુરબ્બીઓને જોઈને રસ્તો બદલનારા કે પછી એવાઓને દૂરથી જ નમસ્કાર કરવામાં ભલું છે, એવું માનનારાઓની સંખ્યા વધી રહી છે. જોજો, તમને જોઈને તો કોઈ રસ્તો બદલતું નથી ને? ■

# પુરુષ




# વાત બે નોખી-અનોખી નારીની



મિની સ્કર્ટ સર્જક મેરી કવાંટ અને અપરાધી લેખિકા એની પેરી

**ક્લોઝ અપ**
ભરત ઘેલાણી
feedback@bombaysamachar.com

આજની આ ‘પુરુષ’ પૂર્તિમાં આપણે બે નારીની વાત કરવી છે. ક્યારેક અમુક નારીની વિશિષ્ટતા માત્ર એક-બે પુરુષનું જ નહીં, સમગ્ર પુરુષજગતનું ધ્યાન દોરતું હોય છે.

આ બન્ને નારીએ લગભગ એક જ સમયગાળામાં પોતાના ક્ષેત્રમાં પોતાની કુશળતા દેખાડી - પોતાની આગવી આવડતથી ખ્યાતિ મેળવી ને બે વર્ષ પહેલાં આ દુનિયાને અલવિદા કહીને વિદાય લીધી.

ઘણા ખરા લોકો એમેને જાણતા નથી અને જે એમને નામથી પણ જાણતા-ઓળખતા હતા એમણે પેલી બન્ને નારીના પ્રદાનને યાદ કરીને મનોમન વિદાય આપી છે. એ બન્નેએ પોતાના જીવનકાળ દરમિયાન એવું તો કંઈક યાદગાર કામ કર્યું હતું કે દુનિયાના ઘણાં અખબાર-ટીવી ચેનલો અને ડિજિટલ મીડિયાએ પણ એમની વિદાયની નોંધ લઈને એમની સ્મૃતિને પણ તાજી કરી હતી.

આ બે નારીમાંથી એક હતી ફેશન-ગ્લેમરની દુનિયા ગજાવનાર સેક્સી મિની સ્કર્ટની અલ્લડ ફેશન ડિઝાઈનર મેરી કવાંટ અને બીજી હતી ખુદ હત્યાની સજા ભોગવી ચૂક્યા પછી બનેલી મર્ડર - મિસ્ટ્રી કથાની મહારાણી એવી લેખિકા એની પેરી.

વાતની શરૂઆત આપણે મેરી કવાંટથી કરીએ.આજનું ફેશનજગત પણ મેરીને યાદ કરે છે મિની સ્કર્ટના ડિઝાઈનર તરીકે..‘મધર ઑફ મિની સ્કર્ટ’ તરીકે ઓળખાતી આ ડિઝાઈનરે શોર્ટ સ્કર્ટની સ્ટાઈલ માર્કેટમાં મૂકીને ફેશનની દુનિયામાં રીતસરનો તહેલકો મચાવી દીધો હતો.

નારીનું પ્રત્યેક અંગ લોકોની નજરથી ઢંકાયેલું રહેવું જોઈએ એવી માન્યતા-મર્યાદાના વિક્ટોરિયન યુગના એ જમાનાના રૂઢિચુસ્ત પુરુષો વિરુદ્ધ જાણે એ બળવો હતો. તનબદન ઢંકાઈ રહે એવાં લૉંગ ડ્રેસ - ગાઉન ત્યારે ફેશન ગણાતા. અરે,ત્યારે તો ગોઠણ સુધીના સ્કર્ટ પહેરવાં પણ ‘ક્રાન્તિકારી’ ગણાતા. મિની સ્કર્ટના આગમન પછી પુરુષોને ‘ખબર’ પડી કે સ્ત્રી નમણાં-નાજૂક બે સેકસી પગ પણ ધરાવે છે...!

જગતની અમુક ઘટના સાવ અનાયાસ જ થતી હોય છે.આ મિની સ્કર્ટના આગમન પાછળ પણ એક તસવીર કારણભૂત હતી. કહે છે કે ૧૯૫૦ની આસપાસ એક જર્મન ફોટોગ્રાફરે પેરિસની અવાવરુ સ્ટ્રીટમાં જેકેટ ધારણ કરેલી એક યુવતીની તસવીર ઝડપી હતી. એ અલ્લડ યુવતીએ ગોઠણથી પણ ઘણું ઊંચું સ્કર્ટ પહેર્યું હતું . એ જમાનામાં આવી કોઈ ફેશન કે ટ્રેન્ડ પણ નહોતો,પણ પેલીએ આવો ડ્રેસ એ વખતે કેમ પહેરેલો એ પણ કોઈને ખબર નહોતી. એ વખતે આજના જેવું સોશિયલ મીડિયા પણ નહોતું કે પેલી તસવીર ઝડપથી વાઈરલ થાય,છતાં અનાયાસ ઝડપાયેલી એ તસવીરે ઘણાનું ધ્યાન ખેંચ્યું હતું.

સમય જતા આ તસવીર પ્રત્યક્ષ નહીં તો પરોક્ષ રીતે ૬૦ના દાયકામાં આવનારી મિની ડ્રેસ ફેશન માટે કારણભૂત બની હતી. એ તસવીર ભલે પેરિસમાં ઝડપાયેલી, પરંતુ મિની સ્કર્ટની માસ્ટરમાઈન્ડ ‘સર્જક’ બની બ્રિટિશ ફેશન ડિઝાઈનર મેરી ક્વાંટ.

૧૯૫૫ની આસપાસ મેરીએ ૨૧ વર્ષની વયે એના અમીર પરિવારના બોયફ્રેન્ડ એલેક્ઝાન્ડર ગ્રીન સાથે લંડનમાં એક ફેશન ‘બુટિક બાઝાર’ શરૂ કર્યું. નાનપણનો એનો ફ્રેન્ડ એલેક્ઝાન્ડર અને મેરી એ જમાનામાં બિન્ધાસ્ત વિચારધારા ધરાવતા. શરૂઆતમાં વગર પરણે સાથે રહેતાં અને પાછળથી એકેમેક્ને પરણી ગયાં પછી એ બન્ને ફેશનના નામે અનેક ચિત્ર-વિચિત્ર પ્રયોગ કરતાં રહેતાં. જાતભાતના કાપડ ખરીદી લાવીને એમાંથી ડ્રેસ ખુદ સીવીને તૈયાર કરતા.આ દરમિયાન, મેરીની કાતર એની ધુનકીમાં એવી ચાલી કે સ્કર્ટની લંબાઈ ઘટતી ગઈ એમાંથી સર્જાયું મિની સ્કર્ટ..

એને જોઈને પરંપરાગત ફેશનવાળા ટેલર -દરજી ચોંકી ઊઠ્યા- રૂઢિવાદી ગોરાઓએ ઊહાપોહ મચાવ્યો,પણ મેરીનાં આવાં બિન્ધાસ્ત ડિઝાઈનર્સ ડ્રેસ ત્યારની યુવા પેઢીમાં સુપરહીટ પુરવાર થયા. એમનું ‘બુટિક બાઝાર’ ફેશન સેન્ટર બની ગયું. નવી ફેશનનો ડ્રેસ માર્કેટમાં મુકાય એ પહેલાં મેરીના ‘બાઝાર’માં યોજાતી વાઈન -ચીઝ અને જાઝ મ્યુઝિકની પાર્ટીઓ ‘ટોક ઑફ ધ ટાઉન’ બની ગઈ ને જોતજોતાંમાં મેરી ક્વાંટનાં ડિઝાઈનર્સ ડ્રેસની સાથે ફેશનને લગતી અનેકવિધ ચીજ-વસ્તુઓ (accessory) ગ્લોબલ બ્રાન્ડ બની ગઈ.

સૌથી ટૂંકા સ્કર્ટ સરજીને ફેશનની વિશ્વબજારનો પ્રવાહ પલટાવી ૯૩ વર્ષની

(જુઓ પાનું ૬) ▶▶



**મેલ મૅટર્સ**
અંકિત દેસાઈ
feedback.ladki@bombaysamachar.com

# ચેટિંગના આ સમયમાં ચેન્ટિંગનું મહત્ત્વ કેટલું?

એક બહુ સરસ વાક્ય વાંચવા મળ્યું: સ્ટોપ ચેટિંગ... સ્ટાર્ટ ચેન્ટિંગ! ’

પહેલી નજરે અત્યંત સાદું લાગતું આ વાક્ય એકથી વધુ બહુ ઊંડા અર્થ ધરાવે છે. માત્ર અર્થ જ નહીં, આ નાનકડું વાક્ય આજની અનેક સમસ્યાઓનો ઉકેલ પણ છે, કારણ કે આપણે આજકાલ અત્યંત ડિપ્રેસ્ડ છીએ- અત્યંત ઉચાટમાં છીએ અને હવે આપણને કશુંય રોમાંચક નથી લાગતું અને આ બધું થવા પાછળનું કારણ એક જ છે કે આપણે હવે રિઅલ વર્લ્ડમાં ઓછા અને વર્ચ્યુઅલ વર્લ્ડમાં વધુ જીવીએ છીએ. વળી, આ વર્ચ્યુઅલ વર્લ્ડ- આભાસી દુનિયામાં પણ આપણે એ જ કરતા હોઈએ છીએ, જે આપણે નથી કરવાનું હોતું એટલે કે આપણે ક્યાં તો નકામી રિલ્સ અને નકામા સ્ટેટ્સ જોતા રહેતા હોઈએ છીએ અથવા તો આપણે નકામું, કારણ વિનાનું ચેટિંગ કરતા રહીએ છીએ. આ બધું કરતી વખતે આપણને પાછું એમ લાગતું હોય છે કે આપણે માહિતી એકત્રિત કરી રહ્યા છીએ અથવા તો નેટવર્કિંગ કરી રહ્યા છીએ, પરંતુ જો મોબાઈલ કે સોશિયલ મીડિયા પરના આપણા કુલ સમયનો સરવાળો કરીશું તો આપણને ખ્યાલ આવશે કે આપણે મોટાભાગનો સમય બરબાદ કર્યો છે. સમય બરબાદ કર્યો એ તો સમજ્યા, પરંતુ એ સમય દરમિયાન આપણે આપણી વિચારપ્રક્રિયાને આપણી લાગણી પર અત્યંત ખરાબ અસર કરતા હોઈએ છીએ. આને રોકવા -અટકાવવા આપણે જો કોઈ પોઝિટિવ ચેન્ટિંગ -સકારાત્મક રટ પકડીએ તો ઘણો ફરક પડી જાય.

આજે આપણા જીવનમાં જે કોઈ ઉચાટ છે, જે કોઈ નિરાશા છે કે જે કોઈ ઉશ્કેરાટ છે એનું કારણ આપણો વધુ પડતો સોશિયલ મીડિયાનો ઉપયોગ જ છે, કારણ કે સોશિયલ મીડિયા આપણને જેટલું બહારના જગત કે બહારના ઘોંઘાટ સાથે જોડે છે એટલું જ એ આપણને આપણી જાતથી દૂર પણ લઈ જાય છે. આમ જાતથી દૂર થયેલો માણસ ક્યારેય સુખી, સંતુષ્ટ કે શાંત રહી શકતો નથી. એ આપણે સમજી જવું પડશે કે આપણને એવું લાગે છે કે નેટવર્કિંગ કે સોશિયલ મીડિયા અત્યંત મહત્ત્વનું છે, પરંતુ મહત્ત્વનો તો માત્ર તેનો જરૂર પૂરતો ઉપયોગ છે. એ સિવાય આપણે જે કંઈ વધારાનું કરીએ છીએ એ આપણી જાતથી વિમુખ થવાની વત્તા દુ:ખી થવાની પ્રક્રિયા છે.

એની સામે ઈશ્વરનું સ્મરણ અથવા તો ગ્રેસ્ટિટ્યુડ-કૃતજ્ઞતાનો ભાવ હંમેશાં આપણને આપણી જાત સાથે જોડેલા રાખે છે. જો કોઈ ઈશ્વરમાં ન પણ માનતું હોય તો એ પોતાની જાત સાથે જોડેલા રાખે છે અને જે જાત સાથે જોડાયેલો રહે છે એના પગ અને ખાસ કરીને એનું મન હંમેશાં જમીન પર રહે છે, જેને કારણે એ કારણ વિનાના વિચારોથી કે કારણ વિનાના ભયથી દૂર રહે છે અને એ વાસ્તવિકતા સાથે અત્યંત સરળતાથી કામ પાર પાડી શકે છે.

(જુઓ પાનું ૬) ▶▶

**સ્પોર્ટ્સમેન**
અજય મોતીવાલા
feedback@bombaysamachar.com

# ડી. ગુકેશ... ભારતનો નવો ચેસ-નરેશ

**વિશ્વનાથન આનંદ પછી ચેન્નઈએ ચેસ જગતને ડી. ગુકેશના રૂપમાં શતરંજનો નવો બેતાજ બાદશાહ આપ્યો: વિક્રમો સાથે કેન્ડિડેટ્સ ટૂર્નામેન્ટ જીતનાર આ ૧૭ વર્ષીય ટીનેજરને ટાઇટલ સાથે ઇનામમાં એક કરોડ રૂપિયા મળ્યા**



રવિવાર, સાતમી એપ્રિલે નોર્વેના ભૂતપૂર્વ ચેસ વર્લ્ડ ચૅમ્પિયન મૅગ્નસ કાર્લસને સ્પષ્ટ શબ્દોમાં આગાહી કરી હતી કે ‘ટૉરન્ટો (કૅનેડા)માં કૅન્ડિડેટ્સ ટૂર્નામેન્ટ નામની જે ચેસ જગતની જે મોટી સ્પર્ધા રમાવાની છે એમાં ગ્રૅન્ડમાસ્ટર ડી. ગુકેશ સહિત ભારતનો ત્રણમાંથી એક પણ ખેલાડી ચૅમ્પિયન નહીં બને. એમાં પણ ખાસ કરીને ગુકેશ માંડ બે-ત્રણ ગેમ જીતશે.’

જોકે સોમવાર, બાવીસમી એપ્રિલે ગુકેશે એ ટૂર્નામેન્ટ જીતીને કાર્લસનને બે જ અઠવાડિયામાં ખોટો સાબિત કરી દીધો. ૧૭ વર્ષના ગુકેશે એક ઇન્ટરવ્યૂમાં કહ્યું, ‘કાર્લસને કૅન્ડિડેટ્સ સ્પર્ધા પહેલાં મારા વિશે જે આગાહી કરી હતી એને મેં ધ્યાનમાં જ નહોતી લીધી અને તેના મંતવ્યની મારા પર કોઈ વિપરીત અસર પણ નહોતી થઈ. હા, તેની સાથે મેં જે થોડી મિનિટો સુધી વાતચીત કરી હતી એમાંથી મને થોડીઘણી મદદ જરૂર મળી હતી. હું ચૅમ્પિયન બનવાના એકમાત્ર ઇરાદાથી જ ટૉરન્ટો આવ્યો હતો અને આત્મવિશ્વાસ જાળવી રાખીને છેવટે મેં ટાઇટલ જીતી લીધું.’

ખુદ કાર્લસને પણ ટીનેજર ગુકેશ વિશે બોલવામાં ઉતાવળ કર્યા પછી હવે કહેવું પડ્યું છે કે ‘ગુકેશ તો હું અને બીજા કેટલાક ચેસ નિષ્ણાતો ધારતા હતા એના કરતાં વધુ સ્ટ્રૉન્ગ નીકળ્યો. ક્યારેક એવું લાગે કે તેને હરાવી શકાય છે, ક્યારેક એવું લાગે કે તે ચેસ રમવામાં તે જોઈએ એટલો ઝડપી નથી. જોકે આ બે બાબતોને જ ધ્યાનમાં રાખનાર કોઈ પણ વ્યક્તિ ગુકેશ વિશે ખોટું અવલોકન કરી બેસવાની ભૂલ કરે. બીજા યુવા ચેસ ખેલાડીઓ જેવો તે હાઈ-પ્રોફાઇલ પણ નથી એ પણ તેના વિશેની એક મોટી મૂંઝવણ છે. જોકે તેણે આ ટૂર્નામેન્ટમાં સાબિત કર્યું છે કે તે કેટલો બધો સ્ટ્રૉન્ગ છે.’

ચેન્નઈમાં રહેતો ગુકેશ વિશ્વ ચૅમ્પિયન બનવા માટેનો પડકાર આપનાર વિશ્વનો સૌથી યુવાન ચેસ ખેલાડી છે. તેણે રશિયાના ચેસ-લેજન્ડ ગૅરી કાસ્પારોવનો ૪૦ વર્ષ જૂનો વિક્રમ તોડ્યો છે. કાસ્પારોવે ૧૯૮૪માં વર્લ્ડ ચૅમ્પિયન બનવા માટે આનાતોલી કાર્પોવને પડકાર્યા ત્યારે તેઓ (કાસ્પારોવ) બાવીસ વર્ષના હતા, જ્યારે ગુકેશ માત્ર ૧૭ વર્ષનો છે. ગુકેશે બે દિવસ પહેલાં કૅનેડાના ટૉરન્ટોમાં કૅન્ડિડેટ્સ ચેસ ટૂર્નામેન્ટ જીતી લીધી હતી. આ ટૂર્નામેન્ટ જીતનાર તે સૌથી યુવાન ખેલાડી પણ છે. સામાન્ય રીતે આ ચૅમ્પિયન ખેલાડી વર્તમાન વર્લ્ડ ચૅમ્પિયનને ચેસ બોર્ડ પર આવવા પડકારે છે અને આ વખતે ગુકેશ ચીનના વર્તમાન વિશ્વવિજેતા ડિન્ગ લિરેનને ચૅલેન્જ આપશે. એ મુકાબલો આ વર્ષના છેવટના મહિનાઓ દરમ્યાન થશે.

કુલ આઠ ખેલાડીઓની કૅન્ડિડેટ્સ ટૂર્નામેન્ટમાં ભારતના કુલ ત્રણ ખેલાડીઓનું ‘આક્રમણ’ થયું હતું. આર. પ્રજ્ઞાનાનંદ અને વિદિત ગુજરાતી ટાઇટલ જીતવામાં નિષ્ફળ રહ્યા, પરંતુ ગુકેશ મેદાન મારી ગયો. વર્લ્ડ નંબર-ટૂ ફૅબિયાનો કૅરુઆના અને નંબર-થ્રી હિકારુ નાકામુરા આ ટાઇટલ જીતવા માટે ફેવરિટ હતા, પરંતુ ગુકેશે સંભવિત ૧૪માંથી સૌથી વધુ ૯ પૉઇન્ટ મેળવ્યા અને ટાઇટલ પર કબજો કરી લીધો. આ બહુમૂલ્ય ટ્રોફી સાથે તેને ૧,૧૧,૦૦૦ યુરો (લગભગ એક કરોડ રૂપિયા)નું પ્રથમ ઇનામ પણ મળ્યું છે. નાકામુરા અને નેપૉમ્નિયાચી ૮.૫ પૉઇન્ટ સાથે બીજા ક્રમે રહી ગયા હતા.

ગુકેશનો જન્મ ૨૦૦૬ની ૨૯મી મેએ ચેન્નઈમાં તેલુગુ પરિવારમાં થયો હતો. તેના મમ્મી-પપ્પા મૂળ આંધ્ર પ્રદેશના ગોદાવરી ડેલ્ટા રિજનના છે. તેના પપ્પા ડૉ. રજનીકાંત ઇએનટી (કાન, નાક, ગળાનાં) સર્જન છે. ગુકેશનાં મમ્મી પદ્મા પણ ડૉક્ટર છે અને તેઓ માઇક્રોબાયોલૉજિસ્ટ છે. ગુકેશે સાત વર્ષની ઉંમરે ચેસ રમવાનું શરૂ કર્યું હતું. તે ચેન્નઈમાં વેલામ્મલ વિદ્યાલયમાં ભણે છે. ગુકેશ નાનપણમાં નાની-મોટી સ્પર્ધા જીત્યો અને એ સાથે દેશ-વિદેશમાં ચેસની રમતમાં લોકપ્રિય થતો ગયો તેમ જ હરીફ ખેલાડીઓ માટે પડકારરૂપ થતો ગયો. જાન્યુઆરી, ૨૦૧૯માં તે ૧૨ વર્ષ, સાત મહિના, સાત દિવસની ઉંમરે ચેસજગતનો સેકન્ડ-યંગેસ્ટ ગ્રૅન્ડમાસ્ટર બન્યો હતો. રશિયાનો સર્ગેઇ કાર્યાકિન એ રેકૉર્ડ-બુકમાં તેનાથી માત્ર ૧૭ દિવસ આગળ હતો. જોકે અમેરિકામાં રહેતો ભારતીય મૂળનો અભિમન્યુ મિશ્રા ૧૨ વર્ષ, ચાર મહિનાની ઉંમરે ગ્રૅન્ડમાસ્ટર બન્યો એ સાથે હવે તે સેકન્ડ-યંગેસ્ટ અને ગુકેશ થર્ડ-યંગેસ્ટ છે.

ગુકેશે કેનેડામાં કૅન્ડિડેટ્સ ટાઇટલ જીત્યા પછી તેના મમ્મી પદ્માને ફોન પર કહ્યું, ‘અમ્મા, આય ગૉટ ધ ટાઇટલ.’ એ વિશે

(જુઓ પાનું ૬) ▶▶

**મૅન્સ-ફેશન**
ખ્યાતિ ઠક્કર
feedback@bombaysamachar.com

# પુરુષો માટે મસ્ટ હેવ

*એક મહિલા ફેશનને લઈને જેટલી સજાગ હોય છે તેટલો જ એક પુરુષ પણ હોય છે. ઈન ફેક્ટ એમ કહી શકાય કે થોડો વધારે સજાગ હશે. પુરુષો પોતાના લુકને લઈને બહુ પર્ટિક્યુલર હોય છે. માત્ર બોટમ અને શર્ટ અથવા ટી-શર્ટમાં તેમને બેસ્ટ લાગવાનું હોય છે. પુરુષો ખુબ જ ચોક્કસ હોય છે. લિમીટેડ એક્સેસરીઝ જેમકે રીસ્ટ વોચ અને અલગ અલગ જાતના શૂઝ પેહેરવાના શોખીન પુરુષો પાસે અમુક ચોક્કસ બોટ્ટમ તો હોવા જ જોઈએ. ચાલો જાણીયે પુરુષો પાસે કયું મસ્ટ હેવ કલેક્શન હોવું જ જોઈએ.*





### શોટ્ર્સ

શોટ્ર્સ તો મોટે ભાગે પુરુષો પાસે હોય જ છે, પરંતુ ની લેન્થ (ઘુંટણ સુધી) કે થ્રિ ફોર્થ લેન્થ કોટન શોટ્ર્સ હોવી જ જોઈએ જે તમે હોલીડે પર પહેરી શકો. ની લેન્થ(ઘુંટણ સુધી) કે થ્રિ-ફોર્થ લેન્થ શોટ્ર્સ પ્લેન લેવી કે પ્રિન્ટેડ એ તમારી પર્સનલ ચોઈસ છે. આ શોટ્ર્સ સાથે તમે પ્રિન્ટેડ શોટ્ર્સ પહેરી એક પરફેક્ટ હોલીડે લુક ક્રિએટ કરી શકો. આ લુક સાથે તમે લોફર્સ અથવા સ્લીપર્સ પહેરી શકો.

### ડેનિમ

દરેક પુરુષ પાસે પોતાને ગમતા કલરનું એક વેલ ફિટટેડ ડેનિમ હોવું જ જોઈએ. જે તમે કેઝ્યુઅલી પહેરી શકો. આમ તો ડેનિમ બધા જ પર્પઝ સોલ્વ કરી શકે. જેમકે ડેનિમ સાથે ટી શર્ટ અને સ્પોટ્ર્સ શૂઝ તમને એક કેઝ્યુઅલ લુક આપશે તો ડેનિમ સાથે ફોર્મલ શર્ટ અને ફોર્મલ શૂઝ એક સેમી ફોર્મલ લુક આપી શકે.



### કાર્ગોસ

કાર્ગોસ એટલે ૬ પોકેટ કોટન પેન્ટ્સ કે જે મોટા ભાગે ખાખી અને ઓલિવ ગ્રીન કલરમાં વધારે સારા લાગે છે. જો તમારે કાર્ગોસ સાથે બ્લેક ટી-શર્ટ કે શર્ટ પહેરો તો તમે ક્લબિંગ માટે પહેરી શકો. કાર્ગોસ સાથે વાઈટ શર્ટ એક ડિસન્ટ લુક આપશે. કાર્ગોસ સાથે તમે સ્પોટ્ર્સ શૂઝ, કેનવાઝ શૂઝ કે લોફર્સ પહેરી શકો.

### જોગર્સ

જોગર્સ એટલે આમ તો પજામા જે તમે વિકએન્ડમાં રિલેક્સ થવા માટે પહેરી શકો. જોગર્સ સાથે કોઈ પણ ટી-શર્ટ મિક્સ એન્ડ મેચ કરી શકાય. તમે ફેન્સી બનિયાન પણ પહેરી શકો. જોગર્સ મોટે ભાગે બ્લેક કે બ્લૂમાં જ લેવા જેથી કરી કોઈ પણ કલરનું ટી-શર્ટ મિક્સ એન્ડ મેચ કરી શકાય. વિકએન્ડમાં જો અચાનક ઘરની બહાર જવાનું થાય તો જોગર્સ સાથે તમે સ્લીપર પહેરી શકો.

(જુઓ પાનું ૬) ▶▶

# રનસંગ્રામ IPL-2024

## ચાર દિવસમાં આ ત્રણ ખેલાડીની ૧૦૦મી આઈપીએલ-મૅચ

નવી દિલ્હીઃ ભારતનો મહાન પેસ બોલર ઝહીર ખાને બરાબર ૧૦૦મી મૅચ રમીને આઇપીએલમાંથી એક્ઝિટ કરી હતી. મૂળ સાણંદનો પેસ બોલર હર્ષલ પટેલ ૨૧મી એપ્રિલે ૧૦૦મી મૅચ રમ્યો. આઇપીએલમાં અનેક ખેલાડીઓ ૧૦૦થી વધુ મૅચ રમી ચૂક્યા છે અને એ બધામાં એમએસ ધોની ૨૫૮ મૅચ સાથે પહેલા નંબરે છે. જોકે ૧૦૦મી મૅચની સિદ્ધિની વાત નીકળી છે તો ખાસ કહેવાનું કે ચાર દિવસમાં વધુ ત્રણ ખેલાડી ૧૦૦મી આઇપીએલ-મૅચ પોતાના નામે કરશે.


(ડાબેથી) શુભમન ગિલ, ઉનડકટ અને ઇશાન કિશન. (iplt20.com)

ગુજરાત ટાઇટન્સના શુભમન ગિલની ગઈકાલે ૧૦૦મી મૅચ હતી. આ મૅચ દિલ્હીમાં દિલ્હી કૅપિટલ્સ સામે રમાઈ હતી. ૨૪ વર્ષના ગિલે આઇસીસી અન્ડર-૧૯ વર્લ્ડ કપ પછી ૨૦૧૮માં કોલકાતા નાઇટ રાઇડર્સ વતી રમીને આઇપીએલમાં ડેબ્યૂ કર્યું હતું. ૨૦૨૨માં ગુજરાત ટાઇટન્સ ટીમે ડેબ્યૂ કર્યું ત્યારથી તે એ ટીમમાં છે અને વર્તમાન સીઝનની શરૂઆત પહેલાં હાર્દિક પંડ્યા મુંબઈ ઇન્ડિયન્સમાં પાછો આવતો રહ્યો એને પગલે ગિલને ગુજરાતની ટીમનો કૅપ્ટન બનાવાયો હતો.

ગિલે આઇપીએલની ૯૯ મૅચમાં કુલ ૩,૦૮૮ રન બનાવ્યા છે, ૧૨૯ રન તેનો સર્વોચ્ચ સ્કોર છે, તેના નામે ત્રણ સેન્ચુરી તથા ૨૦ હાફ સેન્ચુરી છે, ૩૮.૧૨ તેની બૅટિંગ-ઍવરેજ છે, ૧૩૫.૨૦ તેનો સ્ટ્રાઇક-રેટ છે, તેના નામે ૮૯ સિક્સર અને ૨૯૯ ફોર છે.

ગુરુવાર, પચીસમી એપ્રિલે બેન્ગલૂરુ સામે હૈદરાબાદની મૅચ છે અને હૈદરાબાદની ટીમનો લેફ્ટ-હૅન્ડ પેસ બોલર જયદેવ ઉનડકટ ૧૦૦મી આઇપીએલ-મૅચ રમશે. આ સીઝનમાં તે ખાસ કંઈ સફળ નથી રહ્યો એટલે બની શકે કે ગુરુવારે તેને રમવાનો મોકો ન પણ મળે. જોકે ૧૦૦મી મૅચ ગુરુવારે જ રમવા મળશે તો તે એ સિદ્ધિના ઉત્સાહમાં કદાચ પોતાના બેસ્ટ પર્ફોર્મન્સ સાથે વિકેટો લેવામાં સફળ થાય પણ ખરો. તેણે ૯૯ મૅચમાં ૯૫ વિકેટ લીધી છે. તેણે ૨૦૧૦માં આઇપીએલમાં ડેબ્યૂ કર્યું હતું. તે દિલ્હી, કોલકાતા, મુંબઈ, લખનઊ, બેન્ગલૂરુ, પુણે અને રાજસ્થાન ટીમ વતી પણ રમી ચૂક્યો છે. પચીસ રનમાં પાંચ વિકેટ તેનો બેસ્ટ પર્ફોર્મન્સ છે, બે વખત પાંચ વિકેટ લીધી છે અને ૩૨.૨૬ તેની બોલિંગ-ઍવરેજ છે.

મુંબઈ ઇન્ડિયન્સનો ઓપનર-વિકેટકીપર ઇશાન કિશન શનિવારે ૧૦૦મી મૅચ રમશે. અગાઉ ગુજરાત લાયન્સ વતી રમી ચૂકેલા કિશને ૯૯ મૅચમાં ૨,૫૧૬ રન બનાવ્યા છે જેમાં ૯૯ રન તેનો હાઈએસ્ટ સ્કોર છે અને ૨૮.૯૧ તેની બૅટિંગ-ઍવરેજ છે. તેણે સ્ટમ્પ્સની પાછળથી ૪૮ કૅચ પકડ્યા છે અને પાંચ સફળ સ્ટમ્પિંગ કરી છે. તેના નામે ૧૬ હાફ સેન્ચુરી છે, જ્યારે આઠ વાર તે ઝીરોમાં વિકેટ ગુમાવી ચૂક્યો છે. તેના નામે ૧૧૬ સિક્સર અને ૨૩૯ ફોર છે. ૧૩૬.૩૬ તેનો સ્ટ્રાઇક-રેટ છે. ■

## પંતે બતાવ્યો પરચો, વર્લ્ડ કપ માટે ફિક્સ જ થઈ ગયો સમજો

### આઠ સિક્સર, પાંચ ફોર સાથે બનાવ્યા અણનમ ૮૮, છેલ્લી ઓવરમાં દિલ્હીનો 31 રનનો વિક્રમ, મોહિત ૭3 રન સાથે સૌથી મોંઘો

નવી દિલ્હીઃ પહેલી આઠમાંથી પાંચ મૅચ હારી જવાને કારણે પૉઇન્ટ્સ-ટેબલમાં હંમેશાં છેલ્લા ત્રણ સ્થાનમાં જ રહેનાર દિલ્હી કૅપિટલ્સની ટીમે હોમ-ગ્રાઉન્ડ પર ગુજરાત ટાઇટન્સ સામે અલગ જ અંદાજમાં પર્ફોર્મ કર્યું હતું. બૅટિંગ મળ્યા પછી આ ટીમે ૨૦ ઓવરમાં ચાર વિકેટે ૨૨૪ રન બનાવીને આ વખતના રનોત્સવમાં અન્ય ઘણી ટીમોની માફક પોતે પણ ૨૨૦-પ્લસનું ટોટલ બતાવ્યું, ખુદ કૅપ્ટન રિષભ પંત (૮૮ અણનમ, ૪૩ બૉલ, આઠ સિક્સર, પાંચ ફોર) અસલ મિજાજમાં રમ્યો. તેણે આ ફટકાબાજીથી સિલેક્ટર્સને જાણે સંકેત આપી દીધો છે કે જૂનના ટી-૨૦ વર્લ્ડ કપમાં જો મને નહીં સિલેક્ટ કરો તો એ તમારી ભૂલ કહેવાશે.

વનડાઉનમાં અક્ષર પટેલ (૬૬ રન, ૪૩ બૉલ, ચાર સિક્સર, પાંચ ફોર)ને મોકલવામાં આવ્યો અને તેણે પણ બૅટિંગમાં તાકાત બતાવી દીધી.

આ હતી દિલ્હીની દમદાર બૅટિંગનું પરિણામ જેમાં ગુજરાત ટાઇટન્સને ૨૨૫ રનનો પડકારરૂપ ટાર્ગેટ મળ્યો હતો. ગુજરાતના પેસ બોલર મોહિત શર્માની ૨૦મી ઓવરમાં દિલ્હીએ ઉપરાઉપરી ધમાકા કર્યા હતા. રિષભ પંત જાણે ગાંડો થઈ ગયો હતો. એ ઓવરમાં આ મુજબ રન બન્યા હતાઃ ૨, ૧ (વાઇડ), ૬, ૪, ૬, ૬, ૬.

પૃથ્વી શો (૧૧ રન) ફરી સારું રમવામાં નિષ્ફળ ગયો, પણ જેક ફ્રેઝર-મૅકગર્ક (૨૩ રન, ૧૪ બૉલ, બે સિક્સર, બે ફોર) ફરી અસરદાર ઝલક બતાવી. ટ્રિસ્ટેન સ્ટબ્સ (૨૬ અણનમ, સાત બૉલ, બે સિક્સર, ત્રણ ફોર)એ પાંચમી વિકેટ માટે પંત સાથે ૬૭ રનની અતૂટ ભાગીદારી કરી હતી. મોહિત શર્મા (૪-૦-૭૩-૦) આઇપીએલના ઇતિહાસમાં સૌથી મોંઘો બોલર સાબિત થયો. ■

## ટીમ ઇન્ડિયા માટેની રેસઃ શિવમ સામે હાર્દિક કેવી રીતે રેસ જીતી શકે?

મુંબઈ/ચેન્નઈઃ આઇપીએલની ૧૭મી સીઝન પછી તરત જ અમેરિકા અને વેસ્ટ ઇન્ડિઝમાં ટી-૨૦નો વર્લ્ડ કપ રમાશે એટલે એમાં સ્થાન મેળવવા માટેની હરીફાઈ આઇપીએલમાં જોવા મળી રહી છે.

વિશ્વકપ માટે ટીમ ઇન્ડિયાની સ્ક્વૉડ નક્કી કરવા સંબંધમાં રોહિત શર્મા, વિરાટ કોહલી, સૂર્યકુમાર યાદવ, જસપ્રીત બુમરાહ, રવીન્દ્ર જાડેજા સહિત મોટા ભાગના પ્લેયર્સનું સિલેક્શન લગભગ નક્કી જ છે, પણ કેટલાકે એમાં સ્થાન મેળવવા આઇપીએલમાં હજી ઘણું પુરવાર કરવાનું બાકી છે.

ખાસ કરીને ઑલરાઉન્ડર્સે કપરી કસોટી આપવાની છે. લગભગ શિવમ દુબે અને હાર્દિક પંડ્યામાંથી કોઈ એકને જ વર્લ્ડ કપની ટિકિટ મળી શકશે. તો આવો જાણીએ તેમની વચ્ચે કેવી હરીફાઈ થઈ રહી છે!





આઇપીએલની આ સીઝનનો ફર્સ્ટ-હાફ પૂરો થઈ ગયો છે. કેટલાક ક્રિકેટ-નિષ્ણાતોએ તો અત્યારથી જ હાર્દિકનો છેદ ઉડાડી દીધો છે.

ભૂતપૂર્વ ક્રિકેટર મનોજ તિવારીએ કહ્યું છે કે 'લેફ્ટ-હૅન્ડ બૅટર શિવમ દુબેને બૅટિંગના જોરે વર્લ્ડ કપમાં રમવા મળી શકે એમ છે.

જોકે તેનું જો સિલેક્શન નહીં થાય તો એ માટે સીએસકેનું ટીમ-મૅનેજમેન્ટ જવાબદાર ગણાશે, કારણકે તે બહુ સારો પેસ બોલર હોવા છતાં તેને આઇપીએલમાં બોલિંગ જ નથી અપાઈ.'

શિવમે આઇપીએલની વર્તમાન સીઝનમાં અત્યાર સુધીમાં આઠ મૅચમાં ૩૧૧ રન બનાવ્યા છે અને તમામ બૅટર્સમાં છઠ્ઠા-સાતમા નંબરે છે, ૬૬ અણનમ તેનો ટૉપ-સ્કોર છે, તેના નામે ત્રણ હાફ સેન્ચુરી છે, ૧૬૯.૯૪ તેનો સ્ટ્રાઇક-રેટ છે, ૫૧.૮૩ તેની બૅટિંગ-ઍવરેજ છે, તેણે બાવીસ સિક્સર અને ત્રેવીસ ફોર ફટકારી છે.

બીજી તરફ, મુંબઈની ટીમના કૅપ્ટન અને રાઇટ-હૅન્ડ બૅટર હાર્દિક પંડ્યાએ આઠ મૅચમાં માત્ર ૧૫૧ રન બનાવ્યા છે, પરંતુ તેણે પોતે ચર્ચાસ્પદ ફિટનેસ વચ્ચે થોડી-ઘણી બોલિંગ કરી છે અને ચાર વિકેટ લીધી છે જેને કારણે કદાચ તે શિવમને વર્લ્ડ કપ માટેની રેસમાં પાછળ રાખી શકે.

હાર્દિકનો સ્ટ્રાઇક-રેટ ૧૪૨.૪૫, બૅટિંગ-ઍવરેજ માત્ર ૨૧.૫૭ છે અને તેના નામે માત્ર સાત સિક્સર તથા બાર ફોર છે. ■

## સ્ટોઇનિસે જિતાડ્યા, ઋતુરાજની સદી પાણીમાં

ચેન્નઈઃ લખનઊ સુપર જાયન્ટ્સે મંગળવારે રાત્રે ચેપોકમાં ૨૧૧ રનનો તોતિંગ ટાર્ગેટ મેળવીને ચેન્નઈ સુપર કિંગ્સને આ સીઝનમાં સતત બીજો પરાજય ચખાડ્યો હતો. રાહુલની ટીમે ૧૯.૩ ઓવરમાં ચાર વિકેટે ૨૧૩ રન બનાવીને ઋતુરાજ ગાયકવાડ (૧૦૮ અણનમ, ૬૦ બોલ, ત્રણ સિક્સર, બાર ફોર)ની ટીમને એના જ ગઢમાં પરાસ્ત કરી અને ગાયકવાડની સદી ઝાંખી પાડી હતી.

માર્કસ સ્ટોઈનિસ (૧૨૪ અણનમ, ૬૩ બોલ, છ સિક્સર, તેર ફોર) મંગળવારે સુપર હીરો બની ગયો હતો. સ્ટોઈનિસ આઈપીએલના હાઈએસ્ટ રન-ચેઝમાં હવે ટોપ સ્કોરર છે. આઈપીએલમાં સ્ટોઈનિસની આ પહેલી સેન્ચુરી હતી અને એ ધમાકેદાર, દમદાર અને મેચ-વિનિંગ બની. ■

## 'નૉટઆઉટ' ધોનીને વર્લ્ડ કપમાં વાઇલ્ડ-કાર્ડ એન્ટ્રી? સેહવાગ-ઇરફાન શું કહે છે?

નવી દિલ્હીઃ મહેન્દ્રસિંહ ધોની આઇપીએલની વર્તમાન સીઝનમાં હરહંમેશની જેમ કમાલનું વિકેટકીપિંગ કરવા ઉપરાંત બૅટિંગમાં પણ સારું પર્ફોર્મ કરી રહ્યો છે. અમુક મૅચોમાં છેલ્લી ઓવર્સમાં અને છેલ્લા કેટલાક બૉલમાં ચોક્કા-છગ્ગાની જે રીતે રમઝટ બોલાવી રહ્યો છે એ જોતાં કહી શકાય કે હરીફ ટીમોના બોલર્સનું ધોની સામે કંઈ જ નથી ચાલતું.

જુઓને, આ વખતે ધોની ભલે દર વખત કરતાં બહુ ઓછા બૉલ રમ્યો છે, પણ જે છ મૅચમાં તેણે બૅટિંગ કરી છે એ તમામ છ મૅચમાં તેને કોઈ આઉટ નથી કરી શક્યું.

બેન્ગલૂરુ અને ગુજરાત સામેની પહેલી બે મૅચમાં ધોનીની બૅટિંગ નહોતી આવી, પણ ત્યાર પછી ૨૩મી એપ્રિલ (મંગળવાર) સુધીમાં જે છ મૅચમાં તેણે બૅટિંગ કરી એમાં તેના સ્કોર્સ આ મુજબ હતાઃ ૩૭*, ૧*, ૧*, ૨૦*, ૨૮* અને ૪*

માહીએ આ વખતે કુલ મળીને ૩૫ બૉલમાં ૯૧ રન બનાવ્યા છે અને અણનમ રહ્યો છે. છ ઇનિંગ્સમાં તેણે આઠ સિક્સર અને આઠ ફોર ફટકારી છે.

તેના કેટલાક ફૅન્સનું એવું કહેવું છે કે ૨૦૨૩માં પાંચમી વાર આઇપીએલનું ટાઇટલ જીત્યા પછી ઘૂંટણનું ઑપરેશન કરાવ્યા પછી તે સીધો આ વખતની આઇપીએલમાં રમ્યો છે એટલે ચાહકોને લાગી રહ્યું છે કે તે હજી ઇન્ટરનૅશનલમાં પણ થોડું રમી શકે એમ છે. ફૅન્સ બીજી રીતે કહે છે કે ધોની જો જૂનના ટી-૨૦ વર્લ્ડ કપમાં રમે તો મજા પડી જાય.

વીરેન્દર સેહવાગ, ઇરફાન પઠાણ અને વરુણ આરૉન માને છે કે ધોનીને જૂનના ટી-૨૦ વર્લ્ડ કપમાં વાઇલ્ડ-કાર્ડ એન્ટ્રી મળવી જોઈએ.

ઇરફાન કહે છે, 'જો ધોની વિશ્વકપમાં રમવા માગશે તો તેને કદાચ કોઈ મનાઈ નહીં કરે.'

સેહવાગનું કહેવું છે કે 'આઇપીએલની આ સીઝનમાં માહી ૨૫૦-પ્લસના સ્ટ્રાઇક-રેટથી રન બનાવે છે અને હજી કોઈ તેને આઉટ નથી કરી શક્યું. બીજું, વર્લ્ડ કપમાં તેનાથી સારો વિકેટકીપર બીજો કોણ હોઈ શકે!' ■

## સચિન પાસે છે ૧,૪૧૦ કરોડ રૂપિયાની સંપત્તિ

મુંબઈઃ ૫૧મી વરસગાંઠ ઉજવનાર સચિન તેન્ડુલકરે ૨૪ વર્ષની ઇન્ટરનૅશનલ કરીઅરમાં કંઈ કેટલાયે વિક્રમો સ્થાપિત કર્યા અને એના આંકડા જેટલી માયાજાળ ઊભી કરે છે એટલા જ આંકડા તેની નેટવર્થના છે જે વાંચીને કોઈને પણ ચક્કર આવી જાય.

માસ્ટર બ્લાસ્ટરે નિવૃત્તિ લીધી એને એક દશકાથી પણ વધુ સમય થઈ ગયો એમ છતાં તેના અનેક વિક્રમો હજી આજે પણ અતૂટ છે. બૅટિંગના બાદશાહ સચિને બુધવાર, ૨૪મી એપ્રિલે જિંદગીના ૫૧ વર્ષ પૂરા કર્યા. ૧૯૮૯માં પાકિસ્તાનમાં ૧૬ વર્ષની ઉંમરે આંતરરાષ્ટ્રીય કારકિર્દી શરૂ કરનાર લિટલ ચૅમ્પિયન ૨૦૧૩ સુધી દરેક મૅચમાં અને પ્રત્યેક સિરીઝ કે દરેક ટૂર્નામેન્ટમાં પોતાની આગવી છાપ છોડતો હતો. ખુદ બૅટિંગના શહેનશાહ સર ડૉન બ્રેડમૅન પણ સચિનને પોતાની સમકક્ષ માનતા હતા.

આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં ૩૪,૦૦૦થી પણ વધુ રન બનાવનાર સચિન પાસે એક અહેવાલ મુજબ કુલ ૧૭૦ મિલ્યન ડૉલર (અંદાજે ૧,૪૧૦ કરોડ રૂપિયા)ની નેટવર્થ (સંપત્તિ) છે.

ક્રિકેટમાંથી સંન્યાસ લીધા પછી પણ સચિન અત્યંત લોકપ્રિય છે અને જાહેરખબરોમાં ચમકીને કરોડો રૂપિયા કમાઈ રહ્યો છે.

બીજી રીતે કહીએ તો સચિન મોટી-મોટી કંપનીઓની ઍડવર્ટાઇઝમેન્ટમાં 'ચોક્કા-છગ્ગા' મારી રહ્યો છે.

તમે નહીં માનો, પણ સચિન હવે રમતો ન હોવા છતાં રોજના ચાર કરોડ રૂપિયા કમાય છે. તે વર્ષે પંચાવન કરોડ રૂપિયાથી પણ વધુ કમાણી કરે છે. તેની પાસે અનેક જાણીતી બ્રૅન્ડ્સ છે જેના મૉડેલ તરીકે ટીવી પર અને થિયેટરોમાં ફિલ્મની પહેલાં તેમ જ ઇન્ટરવલ દરમ્યાન ચમકતો જોવા મળે છે. એટલું જ નહીં, જાહેર સ્થળે લગાવાતા સત્તાવાર બૅનરમાં પણ તે મૉડેલ તરીકે જોવા મળે છે.

મુંબઈ અને બેન્ગલૂરુમાં સચિનની બે રેસ્ટોરાં છે. તેની નેટવર્થ એમએસ ધોની તેમ જ વિરાટ કોહલીથી પણ વધુ છે. એવું મનાય છે કે સચિને વિવિધ જગ્યાએ જે ઇન્વેસ્ટમેન્ટ કર્યું છે એના દ્વારા વર્ષે ૧૦ કરોડ રૂપિયાની કમાણી કરે છે. મુંબઈ અને કેરળમાં તેની પાસે આલીશાન બંગલો છે. બાંદરા (પશ્ચિમ)માં સચિન જે વિશાળ બંગલામાં રહે છે એની કિંમત ૧૦૦ કરોડ રૂપિયા છે. તેણે ૨૦૦૭માં અંદાજે ૪૦ કરોડ રૂપિયામાં એ બંગલો ખરીદ્યો હતો. બાંદરા-કુર્લા કૉમ્પ્લેક્સમાં તેની પાસે એક લક્ઝુરિયસ ફ્લૅટ પણ છે.

સચિન પાસે અનેક જાણીતા મૉડેલની કારનો વિશાળ કાફલો છે. ■



**લેજન્ડને લાખો સલામઃ** મુંબઈમાં ગઈ કાલે એક ઈમારત પર સચિનનું તોતિંગ ભીંતચિત્ર લગાવીને તેને ૫૧મા બર્થ-ડેની અનોખી શુભેચ્છા આપી હતી. વિદેશોમાં સામાન્ય રીતે લિયોનેલ મેસી, ક્રિસ્ટિયાનો રોનાલ્ડોને તેના ચાહકો આ રીતે સન્માન આપતા હોય છે. (પીટીઆઇ)

## એકવાર વિવ રિચર્ડ્સે પણ સચિનને બૅટિંગના 'ભગવાન' તરીકે ઓળખાવ્યો હતો!

મુંબઈઃ ક્રિકેટજગતના ગ્રેટેસ્ટ-એવર બૅટર અને માસ્ટર બ્લાસ્ટર તરીકે જાણીતા સચિન તેન્ડુલકરે જિંદગીના ૫૧ વર્ષ પૂરા કર્યા એ પ્રસંગે તેને અંગત રીતે, ફોન પર તેમ જ સોશિયલ મીડિયા મારફત અસંખ્ય લોકોની શુભેચ્છા મળી રહી છે ત્યારે તેને ભગવાન માનવાની બાબતમાં ઘણું રસપ્રદ જાણવા જેવું જે આજે તેના બર્થ-ડે નિમિત્તે જાણી જ લઈએ.

અસંખ્ય ચાહકો માટે સચિન ક્રિકેટનો ભગવાન છે. એટલું જ નહીં, વર્તમાન ક્રિકેટનો બેસ્ટ બૅટર વિરાટ કોહલી પણ સચિનને ભગવાન માને છે અને તાજેતરમાં એક મૅચ વખતે કોહલીએ સચિનનો જ એક વિક્રમ તોડ્યા પછી સ્ટેડિયમમાં બેઠેલા તેન્ડુલકર તરફ ઝૂકીને તેને નમન કર્યું હતું.

વેસ્ટ ઇન્ડિઝના ક્રિકેટ-લેજન્ડ વિવ રિચર્ડ્સ એક સમયને વિશ્વના સર્વશ્રેષ્ઠ બૅટર તરીકે ઓળખાતા હતા. તેમના જેવા વિસ્ફોટક બૅટર આજ સુધી નથી જોવા મળ્યા. ખુદ રિચર્ડ્સે એક વાર સચિનને બૅટિંગના 'ગૉડ' તરીકે ઓળખાવ્યો હતો. બની શકે કે તેમણે લિટલ



ચૅમ્પિયનની બૅટિંગની અદ્ભુત ટૅલન્ટ ઉપરાંત તેની જે અપ્રતિમ લોકપ્રિયતા છે તેમ જ ક્રિકેટજગતમાં તેની જે કદર થાય છે એને પણ ધ્યાનમાં લીધી જ હશે.

રિચર્ડ્સે ૨૦૧૧ના વન-ડે વર્લ્ડ કપ પહેલાં એક મુલાકાતમાં કહ્યું હતું, 'ભારતીય ટીમે ભાવનાત્મક કારણસર પણ આ ટ્રોફી જીતી લેવી જોઈએ. એમાં ખાસ કરીને સચિન તેન્ડુલકરના સન્માન માટે આ ટ્રોફી જીતી લેવી જોઈએ.'

રિચર્ડ્સે ઇન્ટરવ્યૂમાં સર ડૉન બ્રેડમૅન અને સચિન વિશે પૂછાતાં જવાબમાં કહ્યું, '૨૦૧૧નો વર્લ્ડ કપ ભારત કેમ જીતવું જોઈએ એ વિશે મેં મારી લાગણીઓ વ્યક્ત કરી દીધી હતી. ઘણા લોકો મને પૂછતા હોય છે કે તમે ઘણા બૅટર્સને જોયા છે અને એ બધામાં તમે કોને બેસ્ટ માનો છો? હું જવાબમાં કહેતો હોઉં છું કે મેં બ્રેડમૅન વિશે ઘણું સાંભળ્યું છે અને તેમના વિશે ઘણા ક્રિકેટ-પંડિતોનો જે મત છે એનું હું સન્માન કરું છું. જોકે જ્યારે મને સચિન વિશે કોઈ પૂછે ત્યારે હું તેમને કહું કે મેં સચિનને રમતો જોયો છે એટલે હું તો મારી દૃષ્ટિ પર વિશ્વાસ કરીને કહી દઉં છું કે સચિન બૅટિંગનો ભગવાન છે. સચિને બૅટિંગની બાબતમાં ભારતીય ટીમ માટે એક પ્રકારનો પાયો નાખી આપ્યો છે. (૨૦૧૧નો વર્લ્ડ કપ) સચિનનો છેલ્લો વર્લ્ડ કપ હોઈ શકે એટલે હું ભાવનાત્મક રીતે ઇચ્છું છું કે ભારત જ આ ટ્રોફી જીતવું જોઈએ.'

વિવ રિચર્ડ્સ ત્યારે ભારતને એટલું બધુ ફેવરિટ માનતા હતા કે પોતાના દેશ વેસ્ટ ઇન્ડિઝને પણ ફાઇનલમાં હરાવવાનો સમય આવે તો એમાં પણ ભારતની તરફેણમાં હતા. ■

## સચિન સાથે ૧૪ વર્ષ સુધી બૅટિંગ કરવાનું મને ગૌરવ મળેલુંઃ વીરુ

### તેન્ડુલકર પર ૫૧મી વરસગાંઠ બદલ યુવરાજ, જય શાહ સહિત અનેકના અભિનંદન અને શુભેચ્છા

મુંબઈઃ સચિન તેન્ડુલકરની બુધવારે ૫૧મી વરસગાંઠ નિમિત્તે તેને અસંખ્ય ક્રિકેટર્સ, અનેક ચાહકો અને બીસીસીઆઇ સહિતની સંસ્થાઓ તરફથી અંગત રીતે તેમ જ સોશિયલ મીડિયામાં અભિનંદન અને શુભેચ્છાના સંદેશ મળ્યા હતા. તેના ભૂતપૂર્વ સાથી-ઓપનર વીરેન્દર સેહવાગે એક્સ (ટ્વિટર) પર ભાવનાત્મક સંદેશામાં લખ્યું, 'મારા સહિત અનેકને આશા આપનાર, 'વી કૅન ડુ ઇટ' શીખવનાર તેમ જ સમગ્ર યુવા વર્ગ માટેના પરફેક્ટ રોલ-મૉડેલને ૫૧મા બર્થ-ડેના પ્રસંગે ખૂબ-ખૂબ શુભેચ્છા. સચિન પાજી, જેમની સાથે ૧૪ વર્ષ સુધી બૅટિંગ કરવાનું મને ગૌરવ મળ્યું હતું. ઈશ્વર આપ કો અચ્છી સેહત ઔર ખુશાલી હંમેશાં દે.'

યુવરાજ સિંહે સંદેશમાં લખ્યું, 'હૅપી બર્થ-ડે ટુ પાજી! મેદાન પર બોલર્સની બોલિંગમાં ફટકાબાજી કરવાની હોય કે જીવનમાં ધ્યેયો



વિરાટ કોહલી તાજેતરમાં સચિનનો જ એક રેકૉર્ડ તોડીને સ્ટેડિયમમાં બેઠેલા સચિન સામે ઝૂકીને (ભગવાનને નમન કરવામાં આવે એ રીતે) તેનું સન્માન કર્યું હતું. એ ઘટનાનો વીડિયો મીડિયામાં વાઇરલ થયો છે.

સિદ્ધ કરવાના હોય, હું તમારી પાસેથી જ શીખ્યો છું. જન્મદિન નિમિત્તે આશા રાખું છું કે તમને પુષ્કળ પ્રેમ મળતો રહે, તમારું આરોગ્ય જળવાઈ રહે અને તમે હરહંમેશ આનંદમાં રહો.'

ગૌતમ ગંભીર તેમ જ સુરેશ રૈનાએ પણ શુભેચ્છા પાઠવી હતી. બીસીસીઆઇના સેક્રેટરી જય શાહે લખ્યું, 'ક્રિકેટના લેજન્ડ સચિનને ૫૧મી વરસગાંઠ નિમિત્તે ખૂબ શુભેચ્છા. તે બૅટથી દમદાર પર્ફોર્મ કરીને તેમ જ મેદાન પર તથા મેદાન બહારના પ્રભાવશાળી વ્યક્તિત્વથી વિશ્વભરમાં કરોડો માટે પ્રેરણારૂપ બન્યો છે. માસ્ટર બ્લાસ્ટરને હૃદયપૂર્વકની શુભેચ્છા.' ■

# સેન્સેક્સ ૭૪,૦૦૦ પાર કરીને પાછો ફર્યો, રોકાણકારોની સંપત્તિમાં ચાર દિવસમાં ₹ ૮.૪૮ લાખ કરોડ ઉમેરાયા

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ વિશ્વબજારના સકારાત્મક સંકેત સાથે લેવાલીનો ટેકો જળવાઇ રહેતા શેરબજારમાં બુધવારે સતત ચોથા સત્રમાં સેન્સેક્સ અને નિફ્ટીએ આગેકૂચ નોંધાવી હતી. સેન્સેક્સ આ સત્રમાં ૭૪,૦૦૦ પાર કરી પાછો ફર્યો હતો. પાછલા ચાર સત્રની એકધારી આગેકૂચમાં રોકાણકારોની સંપત્તિમાં રૂ. ૮.૪૮ લાખ કરોડનો ઉમેરો થયો છે.

બીએસઇની માર્કેટ કેપ ફરી એકવાર રૂ.૪૦૦ લાખ કરોડને પાર કરી ગઇ છે. સેન્સેક્સ ૧૧૪.૪૯ પોઇન્ટ અથવા તો ૦.૧૬ ટકાના સુધારા સાથે ૭૩,૮૫૨.૯૪ પોઇન્ટની સપાટીએ સ્થિર થયો હતો. સત્ર દરમિયાન સેન્સેક્સ ૩૮૩.૧૬ પોઇન્ટ અથવા તો ૦.૫૧ ટકાના સુધારા સાથે ૭૪,૧૨૧.૬૧ પોઇન્ટ સુધી આગળ વધ્યો હતો. નિફ્ટી ૩૪.૪૦ પોઇન્ટ અથવા તો ૦.૧૫ ટકાના સુધારા સાથે ૨૨,૪૦૨.૪૦ પોઇન્ટની સપાટીએ સ્થિર થયો હતો.

બુધવારના સત્રમાં ખાસ કરીને કોમોડિટી અને મેટલ શેરોમાં જોવા મળેલી સારી લેવાલીએ બેન્ચમાર્કને આગળ વધવામાં સહાય કરી હતી, પરંતુ ટેલિકોમ, આઇટી અને ટેકનોલોજી શેરોમાં જોવા મળેલી તીવ્ર વેચવાલીએ આગેકૂચને મર્યાદિત બનાવી હતી.

સેન્સેક્સના શેરોમાં જેએસડબલ્યુ સ્ટીલ, ટાટા સ્ટીલ, પાવર ગ્રીડ, કોટક મહિન્દ્રા બેન્ક, અલ્ટ્રાટેક સિમેન્ટ, એનટીપીસી અને બજાજ ફાઇનાન્સ ટોપ ગેઇનરમાં સામેલ હતા. જ્યારે ટાટા કન્સલ્ટન્સી સર્વિસિસ, ટેક મહિન્દ્રા, મારુતિ સુઝુકી, રિલાયનસ ઇન્ડસ્ટ્રીઝ અને ટાઇટન ટોપ લુઝર્સ શેરોમાં સમાવિષ્ટ હતા.

સેન્સેક્સમાં જેએસડબ્લ્યુ સ્ટીલ ૩.૭૨ ટકા, ટાટા સ્ટીલ ૨.૭૩ ટકા, પાવર ગ્રીડ ૧.૭૫ ટકા, કોટક મહિન્દ્રા બેન્ક ૧.૬૪ ટકા અને અલ્ટ્રાટેક સિમેન્ટ ૧.૪૮ ટકા વધ્યા હતા જ્યારે ટેક મહિન્દ્રા ૧.૧૭ ટકા, ટીસીએસ ૧.૧૧ ટકા, મારુતિ ૦.૭૨ ટકા, ઈન્ફોસીસ ૦.૬૮ ટકા અને રિલાયન્સ ૦.૬૧ ટકા ઘટ્યા હતા. કુલ ટ્રેડેડ શેરોમાં આઠ કંપનીના શેરોને ઉપલી અને બે કંપનીના શેરોને નીચલી સર્કીટ લાગી હતી.

એશિયાઇ બજારોમાં સિઓલ, ટોકિઓ, શાંઘાઇ અને હોંગકોંગ શેરબજારોમાં પીછેહઠ જોવા મળી હતી. વોલ સ્ટ્રીટ સુધારા સાથે બંધ થયું હતું અને યુરોપના મોટાભાગના શેરબજારોમાં ખૂલતા સત્રમાં સુધારો રહ્યો હોવાનો અહેવાલ હતો. ક્રૂડ ઓઇલનો ગ્લોબલ બેન્ચમાર્ક બ્રેન્ટ ક્રૂડનો ભાવ ૦.૩૫ ટકા ગબડીને બેરલદીઠ ૮૮.૧૧ ડોલર બોલાયો હતો. અમેરિકન બોન્ડની યિલ્ડ ૧૦ વર્ષની ઊંચી સપાટીએ પહોંચી હોવાથી એફઆઇઆઇની વેચવાલી ચાલુ રહી છે, જોકે વિદેશી ફંડોએ સોમવારે રૂ. ૨,૯૧૫ કરોડની વેચવાલી કરી હતી તેની સામે સ્થાનિક સંસ્થાકીય રોકાણકારોએ રૂ. ૨૫૦૦ કરોડની લેવાલી નોંધાવીને નિરિક્ષકોને પણ ચોંકાવી દીધા હતા. પાછલા સત્રમાં એફઆઇઆઇએ રૂ. ૩૦૪૪.૫૪ કરોડની વેચવાલી નોંધાવી છે, જ્યારે ડીઆઇઆઇએ રૂ. ૨,૯૧૮.૯૪ કરોડના શેર ખરીદ્યા છે. પાછલા અઠવાડિયે એફઆઈઆઈએ કેશ સેગમેન્ટમાં રૂ. ૧૧,૮૬૭ કરોડના સ્ટોકનું વેચાણ કર્યું હતું, જે એપ્રિલમાં અત્યાર સુધીમાં કુલ માસિક આઉટફ્લો લગભગ રૂ. ૨૪,૦૦૦ કરોડ સુધી પહોંચ્યો છે, જ્યારે ડીઆઈઆઈએ સપ્તાહ દરમિયાન રૂ. ૧૨,૨૩૩ કરોડના શેરો અને મહિના દરમિયાન રૂ. ૨૪,૫૦૦ કરોડના શેરો ખરીદ્યા હતા. આ દર્શાવે છે કે વિદેશી સંસ્થાકીય રોકાણકારોના આઉટફ્લોની ભરપાઈ સ્થાનિક સંસ્થાકીય રોકાણકારોએ કરવાનું ચાલુ રાખ્યું છે. બજારના સાધનોએ જણાવ્યું હતું કે, વોલેટિલિટી ઇન્ડેક્સમાં નોંધાઇ રહેલો ઘટાડો દર્શાવે છે કે સહભાગીઓ નજીકના ગાળાના બજારના ગતિ સકારાત્મક રહેવાનો વિશ્વાસ ધરાવે છે. ફિયર ગેજ ઈન્ડિયા વીઆઇએક્સના સંકેત દર્શાવે છે કે આગામી ૩૦ દિવસમાં નિફ્ટી ૫૦ ઈન્ડેક્સમાં કેટલોક ફેરફાર થવાની ધારણા છે. ઈન્ડિયા વીઆઇએક્સનું નીચું સ્તર એવો સંકેત આપે છે કે, બજાર સ્થિર અને અનુમાનિત છે.




બજારના સાધનો અનુસાર ઇરાન અને ઇઝરાયલ હવે શાંત થઇ જતાં ભૌગોલિક રાજકીય તણાવ અને યુએસ ફેડરલ રિઝર્વ દ્વારા વ્યાજદરમાં ઘટાડો વહેલો થવાની ધૂંધળી સંભાવનાઓ અંગેની ચિંતાઓ હવે પાછળ રહી ગઈ છે, બજારના સહભાગીઓ ગુણવત્તાયુક્ત શેરો પર દાવ લગાવવા માટે કોર્પોરેટ કમાણીનું નજીકથી અવલોકન કરી રહ્યા છે.

મિડ અને સ્મોલકેપ સૂચકાંકોએ બેન્ચમાર્ક કરતાં વધુ સારો દેખાવ કર્યો છે. એનએસઇનો સ્મોલ કેપ ઇન્ડેક્સ ઓલટાઇમ હાઇ સપાટીએ પહોંચ્યો હતો. રોકાણકારોની નજર સતત મધ્યપૂર્વની આગામી ઘટનાઓ પર અને તે ઉપરાંત કોર્પોરેટ ક્ષેત્રના નાણાકીય પરિણામ, યુએસ જીડીપીના વૃદ્ધિ અંદાજો પર ધ્યાન છે. રોકાણકારો યુએસ અને ભારતના મેન્યુફેક્ચરિંગ અને સર્વિસ પીએમઆઈ ડેટા, યુએસ જીડીપી ડેટા અને જાપાનના (નાણાકીય) નીતિ નિવેદન જેવા આર્થિક ડેટા પોઇન્ટ્સને પણ ટ્રેક કરશે.

# નાણાકીય વર્ષ ૨૦૨૪નાં ૧૧ મહિનામાં કૃષિ નિકાસ નવ ટકા ઘટી

નવી દિલ્હીઃ ગત નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪માં ખાસ કરીને રાતા સમુદ્રની કટોકટી, રશિયા-યુક્રેન યુદ્ધ અને સ્થાનિકમાં ખાસ કરીને ચોખા, ઘઉં, કાંદા અને ખાંડની નિકાસ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યા હોવાથી એપ્રિલથી ફેબ્રુઆરી સુધીનાં ૧૧ મહિનાના સમયગાળામાં દેશની કૃષિ નિકાસ આગલા વર્ષના સમાનગાળાના ૪૭.૯ અબજ ડૉલર સામે ૮.૮ ટકા ઘટીને ૪૩.૭ અબજ ડૉલરની સપાટીએ રહી હોવાનું વાણિજ્ય મંત્રાલયે આંકડાકીય માહિતીમાં જણાવ્યું છે. વધુમાં સમીક્ષા હેઠળના સમયગાળામાં દેશનો કૃષિ જીડીપી વૃદ્ધિદર જે આગલા વર્ષના સમાનગાળામાં ૪.૭ ટકા હતો તે ઘટીને માત્ર ૦.૭ ટકા રહ્યો હોવાનું મંત્રાલયે આંકડાકીય માહિતીમાં જણાવતાં ઉમેર્યું હતું કે અપેડા (એગ્રિકલ્ચરલ ઍન્ડ પ્રોસેસ્ડ ફૂડ પ્રોડક્ટ એક્સપોર્ટ ડેવલોપ્પમેન્ટ ઑથોરિટી)નાં બાસ્કેટમાં રહેલા ૭૧૯ શિડ્યુલ્ડ કૃષિ ઉત્પાદનોની નિકાસ આગલા વર્ષના સમાનગાળાના ૨૪ અબજ ડૉલર સામે ૬.૮૫ ટકા ઘટીને ૨૨.૪ અબજ ડૉલરની સપાટીએ રહી હતી.

ગત સાલ ખાસ કરીને ચોખા, ઘઉં, ખાંડ અને કાંદા જેવી ચીજો પર નિકાસ પ્રતિબંધ મૂકવામાં આવ્યો હોવાથી નિકાસમાં અંદાજે પાંચથી છ અબજ ડૉલરનો ઘટાડો થયો છે. જોકે, અપેડાના બાસ્કેટ હેઠળની મુખ્ય ૨૪ ચીજો પૈકી ૧૭ ચીજોની નિકાસમાં સકારાત્મક વૃદ્ધિદર જોવા મળ્યો છે, જેમાં તાજા ફળો, ભેંસનું માસ, પ્રોસેસ્ડ શાકભાજી, બાસમતી ચોખા અને કેળાનો સમાવેશ થાય છે. આ સમયગાળામાં બાસમતી ચોખાની નિકાસ ૨૨ ટકા વધીને ૫.૨ અબજ ડૉલર (૪.૨ અબજ ડૉલર)ની સપાટીએ રહી હોવાનું એક અધિકારીએ જણાવ્યું હતું. વધુમાં તેમણે ઉમેર્યું હતું કે ઈરાન-ઈઝરાયલ વચ્ચેનાં તણાવની કૃષિ નિકાસ પર ખાસ અસર નથી જણાતી તેમ છતાં અમે પરિસ્થિતિ પર બારીકાઈથી ધ્યાન રાખી રહ્યા છીએ.

# ઘટ્યા મથાળેથી સોનામાં ₹ ૨૨૮નો અને ચાંદીમાં ₹ ૬૮૦નો સુધારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ અમેરિકાનાં આર્થિક ડેટાઓની જાહેરાત પૂર્વે આજે લંડન ખાતે સત્રના આરંભે રોકાણકારોના સાવચેતીના અભિગમ વચ્ચે સોનાના હાજર તેમ જ વાયદાના ભાવમાં તેમ જ ચાંદીના ભાવમાં ઘટાડાતરફી વલણ રહ્યું હોવાના નિરુત્સાહી અહેવાલ છતાં સ્થાનિક ઝવેરી બજારમાં બન્ને કિંમતી ધાતુઓના ભાવમાં ઘટ્યા મથાળેથી ધીમો સુધારો જોવા મળ્યો હતો.

આજે હાજરમાં સત્રના અંતે સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૨૨૭થી ૨૨૮ વધી આવ્યા હતા, જ્યારે ચાંદીના ભાવ કિલોદીઠ રૂ. ૬૮૦ વધી આવ્યા હતા.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે ખાસ કરીને .૯૯૯ ટચ ચાંદીમાં વૈશ્વિક નિરુત્સાહી અહેવાલ છતાં સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી ઉપરાંત ઔદ્યોગિક વપરાશકારો તથા જ્વેલરી ઉત્પાદકોની માગને ટેકે ભાવ કિલોદીઠ રૂ. ૬૮૦ની તેજી સાથે રૂ. ૮૦,૬૮૭ના મથાળે રહ્યા હતા. તે જ પ્રમાણે સોનામાં સાર્વત્રિક સ્તરેથી માગ ખપપૂરતી રહેતા ૯૯.૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના




ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૨૨૭ વધીને રૂ. ૭૧,૫૩૮ અને ૯૯.૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૨૨૮ વધીને રૂ. ૭૧,૮૨૬ના મથાળે રહ્યા હતા. તાજેતરમાં સોનાના ભાવમાં ઘટાડો જોવા મળ્યો હોવા છતાં હાલની સપાટી પણ ઊંચી હોવાથી બજારમાં રિટેલ સ્તરની અપેક્ષિત માગનો વસવસો જણાઈ રહ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

આજે લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં સોનાના ભાવ ગઈકાલના બંધ સામે ૦.૩ ટકા ઘટીને ઔંસદીઠ ૨૩૧૪.૯૫ ડૉલર અને વાયદામાં ભાવ ૦.૬ ટકા ઘટીને ૨૩૨૮.૪૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે ચાંદીના ભાવ ગઈકાલના બંધ સામે ૦.૫ ટકા ઘટીને ઔંસદીઠ ૨૭.૧૩ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

રૉઈટર્સના વિશ્લેષકોના મતાનુસાર આગામી ટૂંકા સમયગાળા દરમિયાન વૈશ્વિક સોના માટે ઔંસદીઠ ૨૩૩૬ ડૉલરની સપાટી મહત્ત્વની પ્રતિકારક સપાટી અને ૨૩૧૧ ડૉલરની સપાટી મહત્ત્વની ટેકાની સપાટી પુરવાર થાય તેવી શક્યતા છે.

એકંદરે હાલમાં રોકાણકારોની નજર ફુગાવાનાં ડેટા અને બૅન્ક ઑફ જાપાનની નીતિવિષયક બેઠક પર હોવાથી આગામી ટૂંકા સમયગાળા દરમિયાન વૈશ્વિક સોનાના ભાવ ઔંસદીઠ ૨૩૦૦થી ૨૩૫૦ ડૉલરની રેન્જમાં અથડાતા રહે તેવી શક્યતા સિટી ઈન્ડેક્સનાં એનાલિસ્ટ મેટ્ટ સિમ્પસને જણાવ્યું હતું.

નોંધનીય બાબત એ છે કે આવતીકાલે ગુરુવારે અમેરિકાનાં જીડીપીના ડેટાની તથા શુક્રવારે પર્સનલ કન્ઝમ્પશન એક્સપેન્ડિચરના ડેટાની જાહેરાત થવાની છે. ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં કપાતની શરૂઆત ક્યારથી કરશે તેનો આધાર આ ડેટા પર હોવાથી રોકાણકારો મીટ માંડીને બેઠા છે.

હાલમાં ખાણોમાં ચાંદીનાં ઉત્પાદનમાં ઘટાડો અને ઔદ્યોગિક ક્ષેત્રની માગ મજબૂત હોવાથી આગામી દિવસોમાં સોના કરતાં ચાંદીમાં વધુ મજબૂત વલણ રહે તેવી શક્યતા એએનઝેડનાં વિશ્લેષકો વ્યક્ત કરી રહ્યા છે.

# ડૉલર સામે રૂપિયો મામૂલી એક પૈસો સુધર્યો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ આંતરરાષ્ટ્રીય બજારમાં આજે ડૉલર ઈન્ડેક્સમાં સુધારાતરફી વલણ રહ્યું હોવાના અહેવાલ તેમ જ સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં વેચવાલીનું દબાણ જળવાઈ રહ્યું હોવા છતાં સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં આજે સુધારાતરફી વલણ રહેતાં સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં આજે ડૉલર સામે રૂપિયો સાંકડી વધઘટે અથડાઈને ગઈકાલનાં બંધ સામે મામૂલી એક પૈસાના સુધારા સાથે ૮૩.૩૦ના મથાળે બંધ રહ્યો હતો.

આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૮૩.૩૧ના બંધ સામે સાધારણ સુધારા સાથે ૮૩.૨૯ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૮૩.૩૩ અને ઉપરમાં ૮૩.૨૬ની રેન્જમાં અથડાઈને અંતે ગઈકાલના બંધ સામે એક પૈસાના સુધારા સાથે ૮૩.૩૦ની સપાટીએ બંધ રહ્યો હતો. ફોરેક્સ ટ્રેડરોનાં મતાનુસાર તાજેતરમાં મધ્યપૂર્વના દેશોમાં તણાવ હળવું થયું હોવાથી અને જોખમોમાં ઘટાડો થવાથી આગામી ટૂંકા સમયગાળામાં ડૉલર સામે રૂપિયામાં સુધારાતરફી વલણ જોવા મળે તેવી શક્યતા છે. માત્ર શરત એટલી છે કે મધ્યપૂર્વનાં દેશોમાં રાજકીય-ભૌગોલિક તણાવમાં વધારો ન થવો જોઈએ.

જોકે, બીએનપી પારિબાસનાં વિશ્લેષક મોહમ્મદ ઈમરાને જણાવ્યું હતું કે મધ્યપૂર્વનાં દેશોમાં રાજકીય-ભૌગોલિક જોખમ અને ઈરાન પર ક્રૂડતેલ અંગેનાં પ્રતિબંધો લાદવાની વાતચીતોને ધ્યાનમાં લેતાં રૂપિયો વધુ દબાણ હેઠળ આવે તેવી શક્યતા નકારી ન શકાય, પરંતુ રૂપિયો ૮૫ સુધીની સપાટી જાળવી રાખશે. દરમિયાન આજે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં અનુક્રમે ૧૧૪.૪૯ પૉઈન્ટનો અને ૩૪.૪૦ પૉઈન્ટનો સુધારો આવ્યો હતો તેમ જ વિશ્વ બજારમાં બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે ૦.૩૪ ટકા ઘટીને બેરલદીઠ ૮૮.૧૨ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હોવાથી રૂપિયામાં સુધારો જોવા મળ્યો હતો.

જોકે આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ ગઈકાલના બંધ સામે ૦.૧૬ ટકા વધીને ૧૦૫.૮૪ આસપાસ ક્વૉટ થઈ રહ્યો હતો અને ગઈકાલે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં વિદેશી સંસ્થાકીય રોકાણકારોની રૂ. ૩૦૪૪.૫૪ કરોડની ચોખ્ખી વેચવાલી રહી હોવાના અહેવાલે સુધારો મર્યાદિત રહ્યો હતો.

# નાણાકીય વર્ષ ૨૦૨૪માં ફાર્મા નિકાસ ૧૦ ટકા વધી

નવી દિલ્હીઃ ગત નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪માં દેશની કુલ નિકાસમાં ઘટાડો થયો હોવા છતાં દવાઓ અને ફાર્માસ્યુટિકલ્સની નિકાસ આગલા નાણાકીય વર્ષનાં ૨૫.૪ અબજ ડૉલર સામે ૯.૬૭ ટકા વધીને ૨૭.૯ અબજ ડૉલરની સપાટીએ રહી હોવાનું વાણિજ્ય મંત્રાલયે આંકડાકીય માહિતીમાં જણાવ્યું છે.

મંત્રાલયની આંકડાકીય માહિતી અનુસાર ગત માર્ચ મહિનામાં ફાર્માની નિકાસ આગલા માર્ચ મહિનાની સરખામણીમાં ૧૨.૭૩ ટકા વધીને ૨.૮ અબજ ડૉલરનાં સ્તરે રહી હતી.

ગત નાણાકીય વર્ષમાં ફાર્મા ક્ષેત્રે થયેલી નિકાસમાં મુખ્ય બજારોમાં અમેરિકા, યુકે, નેધર્લેન્ડ્સ, દક્ષિણ આફ્રિકા અને બ્રાઝિલનો સમાવેશ થાય છે. તેમ જ ભારતની કુલ નિકાસમાં અમેરિકાનો હિસ્સો સૌથી વધુ ૩૧ ટકાનો રહ્યો હતો ત્યાર બાદ યુકે અને નેધર્લેન્ડ્સ અનુક્રમે ત્રણ ટકાના હિસ્સા સાથે બીજા ક્રમાંકે રહ્યા હતા. વધુમાં ગત નાણાકીય વર્ષમાં મોન્ટેન્ગ્રો, દક્ષિણ સુદાન, ચૅડ (મધ્ય આફ્રિકન દેશ), કોમોરોઝ, બ્રુનેઈ, લેટિવિયા, આયર્લેન્ડ, સ્વીડન, હૈતી અને ઈથિઓપિયા જેવી નવી બજારો પણ ખોળવામાં આવી હતી.

ઉદ્યોગનાં નિષ્ણાતે જણાવ્યું હતું કે બજારમાં તક વધવાની સાથે અમેરિકાની માગ મજબૂત રહેતાં માસાનુમાસ ધોરણે નિકાસમાં મક્કમ વૃદ્ધિ જોવા મળી હતી.

વધુમાં બજારમાં વધી રહેલી તકો અને દરિયાપારની માગ વધતાં નિષ્ણાતો આગામી વર્ષ ૨૦૩૦ સુધીમાં દેશનો ફાર્માસ્યુટિકલ બિઝનૅસ વધીને ૧૩૦ અબજ ડૉલર સુધી પહોંચે તેવી શક્યતા વ્યક્ત કરી રહ્યા છે. નોંધનીય બાબત એ છે કે વર્ષ ૨૦૨૨-૨૩માં બિઝનૅસ ૫૦ અબજ ડૉલર આસપાસ રહ્યો હતો.

પ્રાપ્ત આંકડાકીય માહિતી અનુસાર દેશમાં મહિને સરેરાશ બેથી ત્રણ અબજ ડૉલરના મૂલ્યનાં ફાર્માસ્યુટિકલ્સની નિકાસ થઈ રહી છે. અત્રે ઉલ્લેખનીય બાબત એ છે કે વૉલ્યુમની દૃષ્ટિએ ભારતીય ફાર્મા ઉદ્યોગ ૧૩મો ક્રમાંક ધરાવે છે અને વર્ષે ૬૦,૦૦૦થી વધુ માત્રમાં જેનેરિક દવા અને ૬૦ થેરાપ્યુટિક શ્રેણીની દવાઓનું ઉત્પાદન થાય છે. વધુમાં સરકારે સ્થાનિકમાં મુખ્ય ફાર્માસ્યુટિકલ ઈનગ્રેડિયન્ટ્સ અને જેનેરિક દવાઓનાં ઉત્પાદનને પ્રોત્સાહન આપવા ઉત્પાદન આધારિત પ્રોત્સાહનોની બે સ્કીમ અમલી બનાવી છે.

# કોપર સહિતની ચોક્કસ ધાતુઓમાં ઘટ્યા મથાળેથી સુધારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં આજે મુખ્યત્વે કોપર અને બ્રાસની અમુક વેરાઈટીઓ, નિકલ, લીડ ઈન્ગોટ્સ અને ઝિન્ક સ્લેબમાં ઘટ્યા મથાળેથી કિલોદીઠ રૂ. ચારથી ૧૭નો સુધારો જોવા મળ્યો હતો, જ્યારે ટીન અને એલ્યુમિનિયમ ઈન્ગોટ્સમાં સ્ટોકિસ્ટોની વેચવાલી જળવાઈ રહેતાં ભાવમાં અનુક્રમે કિલોદીઠ રૂ. ૨૦નો અને રૂ. બેનો ઘટાડો આવ્યો હતો, જ્યારે અન્ય ધાતુઓમાં ટકેલું વલણ રહ્યું હતું. આમ એકંદરે આજે બજારમાં સ્ટોકિસ્ટોની લે-વેચ તથા વપરાશકાર ઉદ્યોગની માગ અનુસાર ભાવમાં મિશ્ર વલણ જોવા મળ્યું હતું. આજે સ્થાનિકમાં મુખ્યત્વે નિકલ, કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપ અને કોપર વાયરબારમાં સ્ટોકિસ્ટોની ઘટ્યા મથાળેથી નીકળેલી લેવાલી ઉપરાંત વપરાશકાર ઉદ્યોગ તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૧૩ વધીને રૂ. ૧૬૨૫, રૂ. ૧૦ વધીને રૂ. ૭૭૦ અને રૂ. નવ વધીને રૂ. ૮૭૪ના મથાળે રહ્યા હતા. આ સિવાય અન્ય ધાતુઓ જેમાં સ્ટોકિસ્ટોની લેવાલી ઉપરાંત સાર્વત્રિક સ્તરેથી છૂટીછવાઈ માગને ટેકે ભાવમાં સુધારાતરફી વલણ જોવા મળ્યું હતું તેમાં કોપર કેબલ સ્ક્રેપ અને લીડ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. પાંચ વધીને અનુક્રમે રૂ. ૮૪૩ અને રૂ. ૧૯૫, ઝિન્ક સ્લેબના ભાવ કિલોદીઠ રૂ. ચાર વધીને રૂ. ૨૫૨ અને બ્રાસ શીટ કટિંગ્સના ભાવ કિલોદીઠ રૂ. ચાર વધીને રૂ. ૨૫૨ના મથાળે રહ્યા હતા.

જોકે, આજે ટીન અને એલ્યુમિનિયમ ઈન્ગોટ્સમાં સતત બીજા સત્રમાં સ્ટોકિસ્ટોની વેચવાલીનું દબાણ રહેતાં ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૨૦ ઘટીને રૂ. ૩૦૮૩ અને રૂ. બે ઘટીને રૂ. ૨૪૮ના મથાળે રહ્યા હતા. આ સિવાયની અન્ય તમામ ધાતુઓમાં છૂટીછવાઈ ખપપૂરતી માગને ટેકે ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું.

# મલયેશિયા પાછળ આયાતી તેલમાં પીછેહઠ, વેપાર નિરસ



(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ શિકાગો ખાતે સોયાતેલના વાયદામાં ગઈકાલે ૨૭ સેન્ટનો સુધારો આવ્યો હોવાના અહેવાલ છતાં આજે આ અહેવાલ લખાઈ રહ્યો છે ત્યારે વાયદાના પ્રોજેક્શનમાં ૨૩ પૉઈન્ટનો ઘટાડો દર્શાવાઈ રહ્યો હોવાથી તેમ જ આજે મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે ક્રૂડ પામતેલના વાયદામાં ૨૮ રિંગિટ ઘટી આવ્યાના અહેવાલ હતા. આમ વૈશ્વિક નિરુત્સાહી અહેવાલે સ્થાનિક ખાદ્યતેલ બજારમાં ખાસ કરીને આયાતી તેલના ભાવમાં પીછેહઠ જોવા મળી હતી, જેમાં ૧૦ કિલોદીઠ ક્રૂડ પામતેલમાં રૂ. ૧૦, આરબીડી પામોલિનમાં રૂ. આઠ અને સોયા રિફાઈન્ડ તથા સન રિફાઈન્ડમાં રૂ. પાંચ ઘટી આવ્યા હતા.

એકંદરે આજે ભાવમાં ઘટાડાતરફી વલણ રહ્યું હોવા છતાં સ્થાનિકમાં માત્ર સેલરિસેલ ધોરણે માત્ર બે-ચાર ટ્રક આરબીડી પામોલિનના છૂટાછવાયા વેપાર ૧૦ કિલોદીઠ રૂ. ૯૨૭થી ૯૨૮માં થયા હતા. આ સિવાય હાજર અને ડાયરેક્ટ ડિલિવરી શરતે વેપારનો અભાવ હતો. જોકે આજે ડાયરેક્ટ ડિલિવરી શરતે ૧૦ કિલોદીઠ રૂચીના આરબીડી પામોલિનના રૂ. ૯૩૫ અને સોયા તથા સન રિફાઈન્ડના રૂ. ૯૫૦ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે ગોલ્ડન એગ્રીના આરબીડી પામોલિનના જેએનપીટી, કંડલા અને મેંગ્લોરથી ડિલિવરી શરતે અનુક્રમે રૂ. ૯૩૫, રૂ. ૯૩૦ અને રૂ. ૯૨૦ ક્વૉટ થઈ રહ્યા હતા. આ સિવાય અન્ય કોઈ રિફાઈનરોએ ભાવ નહોતા ક્વૉટ કર્યા

આજે હાજરમાં વિવિધ દેશી-આયાતી ખાદ્યતેલના ૧૦ કિલોદીઠ ભાવમાં આરબીડી પામોલિનના રૂ. ૯૨૫થી ૯૨૭, ક્રૂડ પામતેલના રૂ. ૮૯૦, સોયા રિફાઈન્ડના રૂ. ૯૩૦, સોયા ડિગમના રૂ. ૮૯૦, સન રિફાઈન્ડના રૂ. ૯૩૦, સન ક્રૂડના રૂ. ૮૭૦, સિંગતેલના રૂ. ૧૫૨૦, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૯૯૫ અને સરસવના રૂ. ૧૦૨૦ના મથાળે રહ્યા હતા. વધુમાં આજે ગુજરાતનાં મથકો પર ૧૦ કિલોદીઠ કપાસિયા રિફાઈન્ડ અને સિંગતેલના વેપાર અનુક્રમે ૧૦ કિલોદીઠ રૂ. ૯૩૦થી ૯૩૫માં અને રૂ. ૧૪૭૫માં તથા સિંગતેલના તેલિયા ટીનના ૧૫ કિલોદીઠ રૂ. ૨૩૬૦માં થયાના અહેવાલ હતા.

આજે મધ્ય પ્રદેશનાં મથકો પર અંદાજે ૧.૨૦ લાખ ગૂણી સોયાસીડની આવક સામે મંડીમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૪૪૫૦થી ૪૬૫૦માં અને પ્લાન્ટ ડિલિવરી શરતે રૂ. ૪૭૦૦થી ૪૮૦૦માં થયા હતા, જ્યારે ઈન્દોર ખાતે હાજરમાં સોયા રિફાઈન્ડના વેપાર ૧૦ કિલોદીઠ રૂ. ૯૪૦થી ૯૪૫માં થયા હતા. વધુમાં આજે રાજસ્થાન ખાતે ૪.૨૫ લાખ ગૂણી સરસવની આવક સામે જયપુરની મંડીમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૫૪૦૦થી ૫૪૨૫માં થયા હતા, જ્યારે એક્સ્પેલરના વેપાર ૧૦ કિલોદીઠ રૂ. ૧૦૦૭થી ૧૦૦૮માં, કચ્ચી ઘાણીના રૂ. ૧૦૧૭થી ૧૦૧૮માં અને સરસવ ખોળના વેપાર ક્વિન્ટલે રૂ. ૨૫૨૦થી ૨૫૨૫માં થયાના અહેવાલ હતા.

# વ્યાપક બજારમાં ફરી આકર્ષણઃ મિડ કેપ અને સ્મોલ કેપ ઇન્ડેક્સમાં સેન્સેક્સ અને નિફ્ટી કરતા વધુ ઉછાળો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ વ્યાપક બજારમાં ફરી આકર્ષણ જામવા લાગ્યું છે. મિડ કેપ અને સ્મોલ કેપ ઇન્ડેક્સમાં સેન્સેક્સ અને નિફ્ટી કરતા વધુ ઉછાળો જોવા મળ્યો છે. બુધવારે બીએસઈ મિડ કેપ ઇન્ડેક્સ ૦.૯૨ ટકા અને બીએસઈ સ્મોલ કેપ ઇન્ડેક્સ ૦.૭૯ ટકા આગળ વધ્યો હતો.

બીએસઈ સેન્સેક્સ બુધવારે આગલા ૭૩,૭૩૮.૪૫ના બંધથી ૧૧૪.૪૯ પોઈન્ટ્સ (૦.૧૬ ટકા) વધ્યો હતો. સેન્સેક્સ ૭૩,૯૫૭.૫૭ ખૂલી ઉપરમાં ૭૪,૧૨૧.૬૧ સુધી અને નીચામાં ૭૩,૭૮૮.૬૧ સુધી જઈને અંતે ૭૩,૮૫૨.૯૪ પર બંધ રહ્યો હતો. આ સાથે જ સતત ચોથા સેશનમાં સેન્સેક્સ વધીને બંધ રહ્યો હતો. બજારનો ટોન મક્કમ રહ્યો હતો અને સેન્સેક્સની ૧૭ કંપનીઓ વધી અને ૧૩ કંપનીઓ ઘટી હતી. માર્કેટ કેપ રૂ. ૪૦૧.૩૭ લાખ કરોડના સ્તરે પહોંચ્યું હતું. બીએસઈ આઈપીઓ ઈન્ડેક્સ ૦.૪૧ ટકા અને બીએસઈ એસએમઈ આઈપીઓ ૧.૯૨ ટકા વધ્યા હતા.

બ્રોડ બેઝ્ડ ઈન્ડાયસીસમાં એસએન્ડપી બીએસઈ સેન્સેક્સ ૫૦ ઈન્ડેક્સ ૦.૧૬ ટકા, બીએસઈ ૧૦૦ ઈન્ડેક્સ ૦.૨૦ ટકા, બીએસઈ ૨૦૦ ઈન્ડેક્સ ૦.૩૪ ટકા, બીએસઈ ૫૦૦ ઈન્ડેક્સ ૦.૩૯ ટકા, બીએસઈ ઓલ કેપ ૦.૪૦ ટકા અને બીએસઈ લાર્જકેપ ૦.૧૯ ટકા વધ્યા હતા.સેક્ટરલ ઈન્ડાયસીસમાં ટેલિકોમ્યુનિકેશન ૧.૪૦ ટકા, ટેક ૦.૮૨ ટકા અને આઈટી ૦.૬૨ ટકા ઘટ્યા હતા જ્યારે મેટલ ૨.૮૩ ટકા, કોમોડિટીઝ ૧.૬૨ ટકા, ઈન્ડસ્ટ્રિયલ્સ ૧.૧૩ ટકા, હેલ્થકેર ૧.૦૩ ટકા, ઓઈલ એન્ડ ગેસ ૦.૯૬ ટકા, કેપિટલ ગુડ્સ ૦.૯૦ ટકા, રિયલ્ટી ૦.૮૧ ટકા, સર્વિસિસ ૦.૭૯ ટકા, એનર્જી ૦.૬૯ ટકા, પાવર ૦.૫૪ ટકા, બેન્કેક્સ ૦.૫૩ ટકા, યુટિલિટીઝ ૦.૪૯ ટકા, કંઝ્યુમર ડ્યુરેબલ્સ ૦.૪૯ ટકા, ફાઈનાન્સિયલ સર્વિસિસ ૦.૩૭ ટકા, કન્ઝ્યુમર ડિસ્ક્રિશનરી ૦.૧૬ ટકા, એફએમસીજી ૦.૦૮ ટકા અને ઓટો ૦.૦૬ ટકા વધ્યા હતા.





**રાજકોટમાં ક્ષત્રિય આંદોલન પાર્ટ-રનો પ્રારંભઃ** રાજકોટ લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર પુરુષોત્તમ રૂપાલા સામે ચાલી રહેલાં ક્ષત્રિય સમાજના આંદોલનના બીજા ભાગનો પ્રારંભ થયો છે. રાજકોટમાં આશાપુરા માતાના મંદિર ખાતેથી રૂપાલાના વિરોધને ગામે ગામ પહોંચાડવાના ભાગ રૂપે ધર્મ રથનું પ્રસ્થાન થયું હતું. આ રથ રાજકોટ લોકસભા બેઠક હેઠળ આવતાં વિસ્તારોમાં ફરશે અને ભાજપને જાકારો આપવાની લોકોને અપીલ કરશે.

# ક્ષત્રિય નારી અસ્મિતા ધર્મ રથનું કચ્છના માતાના મઢથી પ્રસ્થાન કરાયું

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ:કેન્દ્રીય પ્રધાન અને રાજકોટ લોકસભા બેઠકના ભારતીય જનતા પક્ષના ઉમેદવાર પુરૂષોતમ રૂપાલાએ એક જાહેર કાર્યક્રમ દરમ્યાન ક્ષત્રિય સમાજ અને રાજવી પરિવારોની ગરિમાને લાંછન લાગે તેવા કરેલા અપમાનજનક વાણી વિલાસ બાદ તેમની ઉમેદવારી રદ ન થતાં ભાજપના આ દિગ્ગજ નેતાનો ચારેકોર વિરોધ થઇ રહ્યો છે.

ભાજપના ગઢ ગણાતા સરહદી જિલ્લા કચ્છમાં રાજપૂત ક્ષત્રિય સમાજ તેમજ કરણી સેના દ્વારા ઠેર-ઠેર વિરોધ પ્રદર્શનો યોજાઈ રહ્યાં છે અને રૂપાલાની ટિકિટને રદ કરી દેવાની માગ વધુ વધુ તેજ બની રહી છે તેમજ ચૂંટણી પ્રચારે ઢોલ-નગારાં સાથે નીકળતાં ભાજપના ઉમેદવારોનો સમગ્ર રાજ્યની સાથે-સાથે કચ્છમાં પણ ઉગ્ર વિરોધ થઈ રહ્યો છે ત્યારે રાજ્યની સાથે સીમાવર્તી કચ્છમાં પણ ક્ષત્રિય નારી અસ્મિતા રથનું આયોજન કરવામાં આવ્યું છે.

અંગ દઝાડતા તાપ વચ્ચે આજે બુધવારે આ અસ્મિતા રથને પ્રસિદ્ધ યાત્રાધામ માતાના મઢ ખાતેથી પ્રસ્થાન કરાવાયું હતું. ક્ષત્રિય સમાજ અને કરણી સેનાના આયોજન હેઠળ અસ્મિતા રથ દ્વારા કચ્છનાં ગામોમાં ફરી સરકાર સામે ધર્મની જીતનો સંદેશ ફેલાવવામાં આવશે.

આ પહેલા ક્ષત્રિય સમાજ અને અન્ય સમાજના લોકો માતાના મઢ ખાતેની ક્ષત્રિય સમાજવાડી ખાતે એકત્ર થયા હતા અને રેલી સ્વરૂપે માં આશાપુરા મંદિરે પહોંચી માતાજીના દર્શન બાદ અસ્મિતા ધર્મ રથને પ્રસ્થાન કરાવાયું હતું.

આ અંગે કરણી સેનાના પ્રદેશ પ્રમુખ વિરભદ્રસિંહ જાડેજાએ જણાવ્યું હતું કે, અસ્મિતા રથ લખપત, અબડાસા, ભુજ સહિતના તમામ તાલુકાનાં ગામોમાં ફરી સરકારના અહંકાર સામે રોષ દર્શાવવા અને અધર્મ સામે ધર્મનો વિજય થાય છે એવો સંદેશ ફેલાવશે. સરકાર ભલે આ મામલે રૂપાલાનો બચાવ અને મત મેળવવા ડેમેજ કંટ્રોલના પ્રયાસો કરતી હોય પણ છેક સુધી લડાઈ લડશું એમ તેમણે ઉમેર્યું હતું.

ક્ષત્રિય સમાજના જયદેવસિંહ વાઘેલાએ કહ્યું હતું કે, મોદી સરકારની તાનાશાહી સામે ક્ષત્રિય સમાજની આ લડાઈ છે. સમાજની નારીની અસ્મિતા માટે દરેક સમાજમાં જન જાગૃતિ ફેલાવવાના ઉદ્દેશ્ય સાથે ધર્મ રથનું રાજ્યની સાથે કચ્છમાંથી પણ આયોજન કરવામાં આવ્યું છે.

દરેક સમાજના લોકોનો સાથ સહકાર મળી રહ્યો છે. આ ધર્મ રથ આગામી તા.૩૦ સુધી સમગ્ર કચ્છમાં ફરશે.

દરમિયાન ક્ષત્રિય નારી અસ્મિતા ધર્મ રથના પ્રસ્થાન કરાવાયા બાદ સમાજના લોકોની જાહેર સભા યોજાઈ હતી જેમાં મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા. ■

# ભાજપ નેતા ભાયાણી અને કુંભાણી પર કૉંગ્રેસના નેતા દુધાતના આકરા પ્રહાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અમરેલીમાં કોંગ્રેસના મધ્યસ્થ કાર્યાલયના ઉદ્‌ઘાટન સમયે પ્રતાપ દુધાતએ ભાજપના નેતા ભૂપત ભાયાણી અને કોંગ્રેસના ઉમેદવાર નિલેશ કુંભાણી પર પ્રહાર કર્યા હતા. ભૂપત ભાયાણીએ રાહુલ ગાંધીને લઈ વિવાદાસ્પદ ટિપ્પણી કરી હતી, જેનો જવાબ આપતા પૂર્વ ધારાસભ્ય પ્રતાપ દુધાતે ભૂપત ભાયાણીને આડે હાથ લીધા હતા. જો કે આ સમયે પ્રતાપ દુધાતની પણ જીભ લાપસી હતી અને પોતાના ભાષણમાં ભાજપને ન કહેવાનું કહી બેઠા હતા.

ભાજપ નેતા ભૂપત ભાયાણીએ એક જાહેર સભામાં કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીને નપુસંક કહ્યા હતા. જે બાદ કોંગ્રેસ ભાજપ વચ્ચે શાબ્દિક યુદ્ધ શરુ થઇ ગયું હતું. ભાજપના લોકો ભાન ભૂલીને વાણીવિલાસ કરતા હોવાની લઈ પ્રતાપ દુધાતે ભૂપત ભાયાણી સહિત ભાજપના નેતાઓને આડેહાથ લીધા.

અમરેલી કોંગ્રેસ કાર્યાલયના ઉદ્‌ઘાટન દરમિયાન કોંગ્રેસ નેતા પ્રતાપ દુધાતે પોતાના ભાષણમાં કહ્યું હતું કે, ભૂપત ભાયાણી તમને કઈ રીતે ખબર પડી કે રાહુલ ગાંધીમાં ખામી છે?

પ્રમુખ પ્રતાપ દૂધાતે કહ્યું હતુ કે પ્રતાપ દૂધાત સ્મશાને જશે ત્યાં સુધી સુરતના રણબંકાએ જે આપણી સાથે ગદ્દારી કરી છે તેની રાખ થઈ જશે તો પણ સ્મશાનમાંથી મૂકવાનો નથી. હું પણ વ્યક્તિગત રીતે આ લડાઈ લડવાનો છું. તેણે પ્રજાની પીઠમાં ખંજર માર્યું છે અને કોંગ્રેસ પાર્ટીને નુકસાન કર્યું છે. આ મામલે પ્રતાપ દુધાતે હાઈ કોર્ટમાં જવાની ચીમકી પણ ઉચ્ચારી હતી.

દૂધાતે વધુમાં કહ્યું હતું કે કોંગ્રેસના ઉમેદવાર અને તેના ત્રણ ટેકેદાર જ્યાં ભાજપની આડમાં સંતાવું હોય ત્યાં સંતાઈ જજો. સીઆર પાટીલના ઘરમાં રહેવા જવું હોય તો જતા રહેજો. ૭મી તારીખ પછી મારી લડાઈ શરૂ થશે. સુરતમાં કાં તમે રહેશો કાં પ્રતાપ દૂધાત રહેશે. તમને બતાવીશ કે કોંગ્રેસ સાથે ગદ્દારી કરવાથી પરિણામ શું આવે છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, મૂળ સૌરાષ્ટ્રવાસી અમરેલી જિલ્લાના એવા નીલેશ કુંભાણી પર પસંદગીનો કળશ ઢોળ્યો હતો. નીલેશ કુંભાણી જૂના કોંગ્રેસી છે. તેઓ પાટીદાર આંદોલનમાં ખૂબ જ સક્રિય હતા અને એ વખતે તેમની ઓફિસ અગત્યનું સેન્ટર બની ગઈ હતી, સાથે સાથે તેઓ ૨૦૧૫થી ૨૦૨૦ સુધીના સમયગાળા દરમિયાન ભાજપના કોર્પોરેટરોના ઉમેદવારોને હરાવી કોંગ્રેસમાંથી કોર્પોરેટર પણ બન્યા હતા.

વિધાનસભાની ચૂંટણીમાં કામરેજ બેઠક પરથી તેમનો પરાજય થયો હતો. બે ચૂંટણી હાર્યા બાદ પણ નીલેશ કુંભાણી ખાસ કરીને વરાછા રોડ, કતારગામ વિસ્તારમાં જાણીતું નામ અને પાટીદાર સમાજમાંથી આવતા હોઈ, કોંગ્રેસે આ વખતે તેમની પર પસંદગી ઉતારી હતી. ■

# રાજકોટમાં વધુ ૧૦૮ લોકો પાસેથી પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટ મહાનગરપાલિકા દ્વારા પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટ (એમેન્ડમેન્ટ) રૂલ્સ-૨૦૨૧ અન્વયે તારીખ ૨૩/૦૪/૨૦૨૪ના રોજ ત્રણેય ઝોન વિસ્તારમાં અલગ અલગ મુખ્ય માર્ગો પર સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગની ટીમ દ્વારા પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરવાની તથા ગંદકી કરતા આસામી પાસેથી દંડ વસૂલ કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. કુલ ૧૦૮ આસામીઓ પાસેથી ૪.૫૨ કિ.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ. ૨૬૦૦૦નો વહીવટી ચાર્જ વસૂલ કરવામાં આવ્યો હતો.

સેન્ટ્રલ ઝોનના વિવિધ મુખ્ય માર્ગો પર ઝુંબેશરૂપે પ્રતિબંધિત પ્લાસ્ટિકનું વેચાણ કરતા ૪૬ આસામીઓ પાસેથી ૧.૪૨ કિ.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ.૧૦૮૦૦નો વહીવટી ચાર્જ વસૂલવામાં આવેલો છે. વેસ્ટ ઝોનના વિવિધ મુખ્ય માર્ગો પર ઝુંબેશરૂપે પ્રતિબંધિત પ્લાસ્ટિકનું વેચાણ કરતા ૩૯ આસામીઓ પાસેથી ૨.૪ કિ.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ.૯૨૫૦નો વહીવટી ચાર્જ વસૂલવામાં આવ્યો હતો.

ઈસ્ટ ઝોનના વિવિધ મુખ્ય માર્ગો પર ઝુંબેશરૂપે પ્રતિબંધિત પ્લાસ્ટિકનું વેચાણ કરતા ૨૩ આસામીઓ પાસેથી ૦.૭ કિ.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ.૫૯૫૦નો વહીવટી ચાર્જ વસૂલવામાં આવ્યો હતો. ■

# જોખમી એલઈડી લાઈટ ધરાવતા વાહનો સામે રાજકોટ આરટીઓની ઝુંબેશ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજયના વાહનવ્યવહાર કમિશનર દ્વારા હાઇવે તથા રાજમાર્ગો ઉપર દોડતા ફોર વ્હિલર સહિતના વાહનોમાં જોખમી એલઇડી લાઇટ લગાવી ફરતા વાહનધારકો સામે કડક પગલાં લેવા અને દંડાત્મક કાર્યવાહી કરવા માટે રાજકોટ સહિત રાજયના દરેક આરટીઓ અધિકારીઓને ખાસ પરિપત્ર પાઠવ્યો છે. આ પરિપત્ર અનુસંધાને જુદા જુદા જિલ્લાઓમાં આરટીઓ તંત્રની ટીમો દ્વારા હાઇવે તથા રાજમાર્ગો ઉપર કડક ચેકિંગ ઝુંબેશ શરૂ કરી દેવામાં આવી છે.

આ ઝુંબેશ અંતર્ગત રાજકોટ આરટીઓ અધિકારીઓ દ્વારા પણ રાજકોટ જિલ્લામાં એલઇડી લાઇટો લગાવી ફરતા વાહનધારકો સામે કડક પગલાંની ઝુંબેશ શરૂ કરી દેવામાં આવી છે અને આ ઝુંબેશના ભાગરૂપે આરટીઓ તંત્ર દ્વારા જુદા જુદા વાહનધારકો કે જેઓએ એલઇડી લાઇટો લગાવી હોય તેઓની સામે દંડાત્મક કાર્યવાહી હાથ ધરી છે.

આ અંગેની આરટીઓ તંત્રના સૂત્રોમાંથી મળતી વધુ વિગતો મુજબ તાજેતરમાં રાજકોટ શહેર અને જિલ્લામાં કરવામાં આવેલા ચેકિંગ દરમ્યાન આરટીઓ તંત્રએ એલઇડી લાઇટ લગાવેલા ૯ વાહનધારકોને ઝડપી લીધા હતા અને તેઓની સામે દંડાત્મક કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

વધુમાં આરટીઓ તંત્રના સૂત્રોમાંથી મળતી વિગતો મુજબ આરટીઓ કચેરીઓની ટીમો દ્વારા છેલ્લા એક સપ્તાહ દરમ્યાન હાથ ધરવામાં આવેલી ચેકિંગ ડ્રાઇવ અંતર્ગત એલઇડી ઉપરાંત ઓવરસ્પીડ વાહનો અંગે પણ કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

આરટીઓ તંત્ર દ્વારા હાઇવે ઉપર કરવામાં આવેલા ચેકિંગ દરમ્યાન ઓવરસ્પીડના ૧૫૯ કેસો છેલ્લા એક સપ્તાહ દરમ્યાન કરવામાં આવેલા હતા અને ઓવરસ્પીડ તથા એલઇડી લાઇટ અંગેની કાર્યવાહી અંતર્ગત કુલ રૂ.૩.૦૯ લાખનો દંડ વસૂલવામાં આવ્યો હતો. ■

# બાંટવાના થાપલા ગામે પ્લાસ્ટરના છાંટા ઊડવા બાબતે કુહાડી-પાઈપથી હુમલો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ જૂનાગઢ જીલ્લાના બાંટવાના થાપલા ગામે રહેતા બે પડોશીઓ વચ્ચે મકાનના પ્લાસ્ટરના છાંટા ઉડવા બાબતે માથાકૂટ કરી સામસામે કુહાડી, લોખંડના પાઈપ માર્યાની ફરિયાદ નોંધાતા બાંટવા પોલીસે તપાસ હાથ ધરી છે. થાપલા રહેતા સાગરભાઈ વાલાભાઈ સોલંકી (ઉં.૨૯)ના મકાનના પ્લાસ્ટરનું કામ ચાલુ હોય આરોપી શાંતી જેરામ કવાએ કહ્યું કે પ્લાસ્ટરના છાંટા ન ઊડવા જોઈએ એટલે સાગરે જણાવેલું કે છાંટા ન ઊડે માટે બુંગણ બાંધેલું છે છતાં ઊડશે તો સાફ કરી દઈશ તેમ કહેતા આરોપી શાંતિ કવાએ કુહાડીના ઘા સાથળમાં માર્યા હતા.

શાંતિલાલ જેરામભાઈ કવા (ઉં.૫૭)એ આરોપી સાગર પાલા સોલંકી સામે ફરિયાદ નોંધાવી હતી કે પ્લાસ્ટરના મામલે લોખંડના પાઈપ આંગળીઓમાં મારી માર માર્યાની ફરિયાદ નોંધાવતા પીએસઆઈએ તપાસ હાથ ધરી છે. તેમજ મેંદરડાથી ૧૪ કિ.મી. દૂર માલણકા ગામે રહેતો શિવરાજ રાવત કરપડા (ઉં.૩૫) પાસે હથિયાર હોવાની બાતમીના આધારે માલણકાની સીમ વિસ્તાર નારાયણ ઉપવન વાડી વિસ્તારમાંથી એસઓજી પોલીસે દેશી પિસ્તોલ કિંમત રૂ.૨૦,૦૦૦ સાથે દબોચી લીધો હતો. ■

# ભુજની વિવાદાસ્પદ જમીનના પ્રકરણમાં લંડન રહેતી કચ્છી મહિલા વિરુદ્ધ ઠગાઈની ફરિયાદ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ શહેરના રેવન્યૂ સર્વે નંબર ૧૮૬ની ૬ હેક્ટરની વિવાદાસ્પદ જમીન સામે વારસદારો દ્વારા વાંધો લેવામાં આવ્યો હોવા છતાં કચ્છના કલેક્ટરે રહેણાક હેતુ 'નો ઓબ્જેક્શન' સર્ટિફિકેટ આપ્યા બાદ, આ જમીનને ખરીદી, એનએ કરાવી પ્લોટ પાડનાર ભુજની હોટલ અંજલિ પેલેસના માલિક જગદીશ ઠક્કરે આ મામલે મૂળ મીરજાપર, હાલે બ્રિટન સ્થાયી થયેલી વેલબાઈ ખીમજીભાઈ હિરાણી નામની મહિલા વિરુદ્ધ ભુજ શહેર એ ડિવિઝન પોલીસ મથકે ફોજદારી ફરિયાદ નોંધાવી છે. હોટેલ સાથે જમીનોના ધંધા સાથે સંકળાયેલાં જગદીશે એનઆરઆઈ મહિલા સામે નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું છે કે, ગત ૨૯-૦૪-૨૦૧૯ના રોજ તેમણે વેલબાઈના ભત્રીજા ઘનશ્યામ કુંવરજી હિરાણી અને ધનજી માવજી વરસાણી પાસેથી ૭૦ લાખમાં દેવિકા પરસોત્તમ વ્યાસ સાથે સંયુક્ત માલિકીમાં આ જમીન ખરીદી હતી, જેની સામે વેલબાઈના પાવરદાર ધર્મેન્દ્રસિંહ યુ. ઝાલાએ આ જમીન વાદગ્રસ્ત હોઈ કોઈએ ખરીદવી નહીં તેવી જાહેર નોટિસ અખબારોમાં છપાવી હતી.જગદીશ અને દેવિકાએ નોટિસ છપાયાનાં એક જ મહિનામાં આ જમીનને ગત ૧૦-૦૧-૨૦૨૦ના રોજ કલેક્ટરના હુકમથી રહેણાક હેતુ બિનખેતી કરાવી પ્લોટો પાડવાનું શરૂ કરી દીધું હતું.

પાવરદાર ધર્મેન્દ્રએ એનએ થઈ તે સમયે વાંધો ના લીધો પરંતુ ૨૬-૦૮-૨૦૨૦ના રોજ હાઈ કોર્ટમાં દાખલ કરેલી રીવ્યૂ પિટિશનને પાછળથી ૦૫-૦૩-૨૦૨૪ના પરત ખેંચી લીધી હતી. જમીન મામલે ધર્મેન્દ્રએ મહેસૂલ વિભાગના વિવાદ સચિવ સમક્ષ આપેલી અરજીને ૨૧-૦૩-૨૦૨૪ના રોજ સચિવે નામંજૂર કરી એ મામલે ભુજ કોર્ટમાં કરેલો કેસ હજુ પેન્ડિંગ છે. ઘનશ્યામે તેમના ફઈ એવા વેલબાઈને આ જમીન વેચાણમાંથી ઊપજેલી રકમમાંથી વેલબાઈને ૦૧-૦૫-૨૦૧૯ના રોજ ૧૧ લાખ રૂપિયાનો ચેક માનબાઈ ધનજી હિરાણી વતી ચૂકવી આપ્યો હતો. જે અંગે ભુજના ભગિરથ રાણા નામના નોટરી પાસે કાગળિયા લખાણ કરાવાયાં હતાં, છતાં વધુ આર્થિક લાભ મેળવવા તથા ઠગાઈના હેતુથી વેલબાઈ આ રીતે ખોટાં પાવરનામા કરી, ખોટી નોટિસ પાઠવનારી વેલબાઈના પાવરનામામાં સરનામું પણ સાચું ન હોવાનું જગદીશે ફરિયાદમાં જણાવ્યું છે.

સિવિલ પ્રકારના આ કેસનો ચુકાદો આવવાનો બાકી છે એ વચ્ચે પોલીસે આરોપી વિરુદ્ધ ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. ■

# નારાયણ સરોવર નજીક સતવારી બેટ પરથી અફઘાની ચરસના બે પેકેટ મળી આવ્યાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ:નાપાક હરકતો માટે સોફ્ટ પેસેજ સમા બની ચૂકેલા સીમાવર્તી જિલ્લા કચ્છના સમુદ્ર કાંઠાઓ પર લોકસભાની ચૂંટણીના ઉપલક્ષમાં દેશની વિવિધ સુરક્ષા એજન્સીઓએ વધારેલા પેટ્રોલિંગ દરમ્યાન કેફી પદાર્થોના બિનવારસુ પડીકાઓના ઢગલા મળી આવવાના સિલસિલાની શરૂઆત થઇ રહી હોય તેમ પશ્ચિમ કાંઠાના નારાયણ સરોવર વિસ્તારના અત્યંત સંવેદનશીલ એવા સતવારી બેટ પરથી સરહદી સલામતી દળના જવાનોને ગત મોડી સાંજે પેટ્રોલિંગ દરમ્યાન માટીમાં ખૂંપેલા માદક પદાર્થ અફઘાની ચરસના બે પેકેટ મળી આવ્યા હતા.




(તસવીર: ઉત્સવ વૈદ્ય)

નારાયણ સરોવર પોલીસ મથકેથી જાણવા મળેલી વિગતો મુજબ, ખાસ પ્રકારની સ્પીડ બોટ મારફતે સીમા સુરક્ષા દળના જવાનો અફાટ સમુદ્રમાં પેટ્રોલિંગ કરી રહ્યા હતા એ દરમ્યાન સતવારી બેટના વિસ્તારમાં જવાનોએ દરિયાઇ માટીથી ખરડાયેલા ચરસના એક-એક કિલોના પ્લેટિનમ કોફી લખેલા બે પેકેટ ખોળી કાઢ્યા હતા. હાલ ચરસના પડીકાઓને પૃથક્કરણ અર્થે મોકલવાની તજવીજ હાથ ધરી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, વિશ્વભરમાં દાયકાઓથી માદક દ્રવ્યના એપિસેન્ટર તરીકે ઓળખાતાં અફઘાનિસ્તાનમાં તાલિબાનના રાજ પછી ઊભી થયેલી આર્થિક તંગીને કારણે અફઘાની અને તાલિબાની ડ્રગ્સ માફિયાઓ દ્વારા પંજસીર ખીણમાંથી સસ્તા ભાવે ચરસના જથ્થાને પાકિસ્તાન વાટે ગુજરાતના સમુદ્રકાંઠેથી ભારતમાં ઘુસાડવામાં આવી રહ્યું હોય તેવું હાલ સતત મળી આવેલા ચરસના પેકેટો પરથી સ્પષ્ટ થઇ રહ્યું છે.

આ પ્રકારના પડીકાં કચ્છના જુદા જુદા સાગરકાંઠાઓ પાસેથી મળવાની શરૂઆત પાંચ વર્ષ અગાઉ થઇ હતી અને અત્યાર સુધી ૨૦૦૦થી વધારે ડ્રગ્સના બિનવારસુ પડીકાં મળી ચુક્યાં છે તેમજ કચ્છનાં બંદરો પરથી પણ મિસડિકલેરેશન થકી ઘુસાડવામાં આવેલા કરોડોની કિંમતના ડ્રગ્સના કન્સાઇન્મેન્ટ મળી ચૂક્યાં છે. ■

# ભુજના મિલિટરી સ્ટેશને યુદ્ધ સ્મારકનું લોકાર્પણ

## પાકિસ્તાન સાથેના યુદ્ધના અહેવાલોનું નકશીકામ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ શહેરના માધાપર માર્ગ પરના લશ્કરી મથક ખાતે બાલ્ડ ઇગલ બ્રિગેડ દ્વારા યોજાયેલા એક કાર્યક્રમ દરમિયાન વર્ષ ૧૯૬૫ અને ૧૯૭૧માં પાકિસ્તાન સામે લડવામાં આવેલા યુદ્ધમાં સેવા આપનારા નિવૃત્ત સૈનિકો અને સ્થાનિક નાયકોની હાજરીમાં એનસીસીના ડી.જી. લેફ્ટનન્ટ જનરલ ગુરબીરપાલસિંઘે નવીનીકરણ કરવામાં આવેલાં યુદ્ધ સ્મારકને ખુલ્લું મૂક્યું હતું

'શ્રદ્ધાંજલિ પાર્ક' નામના આ યુદ્ધ સ્મારકની મધ્ય ગુંબજની બંને બાજુએ બે નવી તકતીઓ સ્થાપવામાં આવી છે, જેના પર કચ્છનાં અફાટ રણમાં બિઅર બેટ, પોઇન્ટ ૮૪ અને અન્ય સ્થળોએ લડાયેલા ભીષણ યુદ્ધના ઐતિહાસિક અહેવાલોને નકશીકામ દ્વારા આલેખિત કરાયા છે.



(તસવીર: ઉત્સવ વૈદ્ય)

૧૯૬૫ની લડાઈમાં દેશની રક્ષા માટે જીવની આહુતિ આપનારા શહીદોના શૌર્ય અને બલિદાનને શ્રદ્ધાંજલિ આપતા આ પ્રસંગે પુષ્પાંજલિ અર્પણ કાર્યક્રમનું આયોજન કરાયું હતું.રણ ક્ષેત્રમાં ૧૯૬૫ના ભારત-પાકિસ્તાન વચ્ચેના યુદ્ધમાં લડેલા ત્રણ પેરા (કુમાઉ) અને બે સિખિલ બટાલિયનનાં યુદ્ધ નિવૃત્ત સૈનિકો તેમની વૃદ્ધાવસ્થા અને વ્યક્તિગત પ્રતિબદ્ધતાઓ હોવા છતાં લુધિયાણા અને જયપુરથી આ કાર્યક્રમમાં

ભાગ લેવા આવ્યા હતા. યુદ્ધ સ્મારકના લોકાર્પણ પ્રસંગે ૧૯૭૧માં પાકિસ્તાનના બોમ્બમારામાં ક્ષતિગ્રસ્ત થયેલા ભુજની હવાઇપટ્ટીનું જાનના જોખમે સમારકામ કરી,ભારતીય સશસ્ત્ર દળોને મદદ કરનારી માધાપર ગામની ચૌદ વીરાંગનાઓ પણ ખાસ ઉપસ્થિત રહી હતી. ■

# ગુજરાતમાં ૧૩,૬૦૦થી વધુ બૂથ સંવેદનશીલ વિશેષ બંદોબસ્ત ગોઠવાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ લોકસભાની ચૂંટણીને હવે ગણતરીના દિવસો જ બાકી રહ્યા છે. ગુજરાતમાં લોકસભાની ચૂંટણીનું મતદાન ૭ મેના રોજ થશે. જેના પગલે ગુજરાતમાં ૫૦,૭૮૭ બૂથ તૈયાર કરવામાં આવ્યા છે જે પૈકી ૧૩,૬૦૦થી વધુ સંવેદનશીલ બૂથ તૈયાર કરવામાં આવ્યા છે. સંવેદનશીલ બૂથો પર ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. ૨૭ ટકા સંવેદનશીલ બૂથ પર ચાર એસઆરપી જવાનો હાજર રહેશે. એસઆરપીની કુલ ૧૧૨ પૈકી ૧૦ કંપનીના સશસ્ત્ર જવાનોને મતદાન મથકની સુરક્ષાનો હવાલો આપવામાં આવ્યો છે. ૨૦૧૯ની લોકસભા ચૂંટણીની સરખામણીમાં ૨૦૨૪માં ૪૫૦ ક્રિટિકલ મથકો ઘટ્યા છે. રાજ્ય ચૂંટણીપંચે ગુજરાતના સંવેદનશીલ બૂથોની સંપૂર્ણ વિગતો કેન્દ્રિય ચૂંટણીપંચને આપેલી છે અને મતદાનના દિવસે કોઈ જ ઘટના ન ઘટે તે માટે કવાયત શરૂ કરાઈ છે. ■

# અમરેલીમાં સર્પદંશથી સિંહનું મોત, ખેતરમાંથી મૃતદેહ મળી આવ્યો હતો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અમરેલી જિલ્લાના ખાંભા તાલુકાના મુંજીયાસર ગામમાં ખેડૂતની વાડીમાં એક મૃત હાલતમાં સિંહ જોવા મળ્યો હતો. ઘટનાની જાણ વન વિભાગને કરતા વન વિભાગેના કર્મચારીઓ ઘટના સ્થળે દોડી આવી મૃતદેહને પીએમ માટે ખસેડી વધુ તપાસ હાથ ધરી હતી. પોસ્ટ મોર્ટમના રિપોર્ટમાં સિંહનું મોત સર્પદંશથી થયું હોવાનું બહાર આવ્યું હતું.

પ્રાપ્ત માહિતી અનુસાર ખાંભા તાલુકાના મુંજીયાસર ગામમાં ખેડૂતની વાડીની અંદર આવેલ ઝૂંપડીમાં ખેડૂતને એક મૃત હાલતમાં સિંહ જોવા મળ્યો હતો. ખેડૂતે વન વિભાગને ઘટનાની જાણ કરી હતી. વન વિભાગનો કાફલો ઘટના સ્થળે દોડી આવ્યો હતો. અને વન વિભાગના કર્મચારીએ સિંહના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડી વધુ તપાસ હાથ ધરી હતી. પ્રાથમિક તપાસમાં ખાંભા તુલસીશ્યામ રેંજના આરએફઓ અને ફોરેસ્ટ ગાર્ડ સહિતનો સ્ટાફ સિંહના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે લઇ ગયા હતા. પોસ્ટ મોર્ટમના રિપોર્ટમાં સિંહનું મોત સર્પદંશથી થયું હોવાનું બહાર આવ્યું હતું. ■